પૂરા પરિવારનું
સર્વલક્ષી
સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક • રવિશંકર મ. રાવળ


તંત્રી
ધીરુ પરીખ

ડિસેમ્બર ઈ.૧૯૯૭
વર્ષ સિત્તેરમું
સળંગ અંક ૮૩૯



ઍન્ડીઝનો મુકુટ

ઈ.સ. ૧૫૮૮માં કોલંબિઆમાં મરકી ફાટી નીકળતાં ત્યાંની પોપાયન નગરીની પ્રજાએ માતા મેરિને અર્પણ કરવા બનાવડાવેલો રાજમુકુટ. આ માટે પ્રજાએ સુવર્ણનું દાન કરેલું. તાજની ટોચે ધર્મચિહ્ન રૂપ ક્રૉસ છે. સુંદર કોતરણીયુક્ત આ તાજ આ સદીના આરંભે એક અનાથાલય ઊભું કરવા લિલામ કરવામાં આવ્યો હતો.



ગ્રામગૃહના અંદરના ખંડનું ચિત્રાત્મક સંયોજન દર્શાવતી આ છબી તેના છબીકાર અરજણ પટેલની સૂજસમજ સૂચવે છે. ઉપર વળીઓનું છાપરું, પતરાની પેટીઓ પર મૂકેલી બે ઉતરડ, પાછળ દીવાલ પર શોભતો ચાકળો, તેની નીચેની બેઠક પર શીશી, બૅટરીના સેલ, કૅરબો તેમજ ડાબી ભીંતે લટકાવેલાં રસોઈઘરનાં સાધનો, વળી તેની ઉપરની છાજલીમાં ગોઠવેલાં થોડાં વાસણો સુન્દર માહોલ રચી આપે છે.

ડિસેમ્બર ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ

પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)

પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩.૦૦

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૦મું — અંક ૧૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

વાચકો લખે છે

સ્વાતંત્ર્યની સુવર્ણજયન્તી (ઑગસ્ટ, ૧૯૯૭) અંકનું મુખપૃષ્ઠ એટલું આકર્ષક ન થયું. 'કુમાર' અક્ષરો સારા ન હતા. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતનો કલાપ્રવાહ (નટુ પરીખ) લેખ આમ થોડો માહિતી-પ્રધાન છે. ઘણા ચિત્રકારોનાં નામો આપ્યાં છે અને ફોટા પણ આપ્યા છે. શ્રી નટુભાઈ એક મૂળ બાબત ભૂલી ગયા છે અથવા કદાચ જ્ઞાત ન હોય. અંગ્રેજોએ જે ચાર કલાશાળાઓ સ્થાપી (૧૮૫૭) એમાં મુંબઈની સર જે. જે સ્કૂલ ઓફ આર્ટ્સનું સ્થાન મહત્ત્વનું હતું. ૧૯૬૦ સુધી ગુજરાત અને મહારાષ્ટ્ર એક જ સ્ટેટ હતા. એટલે આપણા ઘણા પ્રતિભા-સંપન્ન અને ખ્યાતનામ ગુજરાતી કલાકારોને શિક્ષાદીક્ષા આ સંસ્થામાં અપાઈ હતી. વડોદરાની M. S. Faculty of Fine Artsનું અસ્તિત્વ ૧૯૫૦ પછી આવ્યું ત્યાર પહેલાં કલાભવન નામે કલાશાળા ચાલતી હતી.

મુંબઈમાં સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાં વરસોથી અવિરત અને ભારતીય કળાક્ષેત્રે સેવા આપનાર ખ્યાતનામ કલાકાર શ્રી જગન્નાથ મુરલીધર અહિવાસી હતા. મૂળ ઉ.પ્ર.ના ગોકુળ-વ્રજના હતા, પરંતુ બાળપણથી એમના પિતા સાથે પોરબંદરમાં રહ્યા. એમના પિતાજી પોરબંદરની વૈષ્ણવ હવેલીમાં કીર્તનકાર હતા. એમનું યુવાજીવન પોરબંદરમાં વીત્યું. એઓ સ્કૂલ ઓફ આર્ટ્સમાં અભ્યાસ-અર્થે ગયા અને ત્યાં જ શિક્ષક નિમાયા. એ સમયના પ્રિન્સિપાલ સોલૉમને એમનામાં ભારતીય કલાની ઉચ્ચ કોટીના સંસ્કાર તથા પરંપરાની પ્રણાલી જોયાં. સ્કૂલ ઓફ આર્ટ્સમાં પાશ્ચિમાત્ય શિક્ષણપદ્ધતિ પ્રમાણે શિક્ષા અપાતી હતી. પરંતુ ભારતમાં પુનરુત્થાનકાળની શરૂઆત બંગાળના શ્રી અવનિબાબુના નેજા હેઠળ થઈ. આ સંદર્ભ જોતાં સોલૉમને શ્રી અહિવાસીને ભારતીય કળાનો એક વિશેષ વર્ગ ખોલી આપ્યો અને એમને આ વર્ગનું સંચાલન સોંપ્યું. સ્કૂલ ઓફ આર્ટ્સમાં નવાં મંડાણ મંડાયાં અને ઘણા અગ્રગણ્ય કલાકારો દેશને મળ્યા એમાં ગુજરાતી કલાકારોનું સ્થાન વિશેષ હતું. આનો યશ શ્રી અહિવાસીને ફાળે જાય છે. હું તો એટલે સુધી કરું છું કે પશ્ચિમ ભારતમાં આધુનિક કલાના એઓ પુરોધા હતા, કારણ કે આ પ્રવૃત્તિની શરૂઆત મુંબઈથી થઈ હતી. એટલે એમનું પ્રદાન ઘણું છે એ ગુજરાતે ભૂલવું જોઈએ નહિ. હું એમની સાથે ત્રીસ વરસથી એમના અંતરંગ સાથી અને વિદ્યાર્થી તરીકે રહ્યો છું. ગુજરાત શ્રી અહિવાસીને ભૂલતું આવ્યું છે એ ભૂલ સુધારે. લગભગ ૧૯૬૦માં એઓ નિવૃત્ત થયા. ૨૫-૩૦ વરસની એમની સેવા કલાક્ષેત્રે એક વિશેષ સ્થાન ધરાવે છે. એઓ ઉચ્ચ કોટીના કલાકાર, વ્રજ ભાષાના સાહિત્યકાર, સંગીતના ઊંડા જ્ઞાતા અને સંગીતકાર, સૂક્ષ્મ ભાવોથી સંપન્ન વૈષ્ણવ, નાટ્યકાર, સુંદર વ્યાખ્યાતા અને ભારતીય વસ્ત્રપરિધાનની મૂર્તિ સમા હતા. સુરતની સાહિત્ય પરિષદમાં એમને સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. એટલું ગુજરાતના કલાકારોના સંસ્કાર-સર્જનમાં એમનું પ્રદાન વિશેષ છે જ્યારે અમદાવાદમાં પણ ભારતીય કલાની હવા ન હતી.

'કુમાર'ના દીપોત્સવી અંકનું પૂઠું સરસ થયું છે.

– વાસુદેવ સ્માર્ત (સુરત)

*

'કુમાર'નો દીપોત્સવી અંક-૧૯૯૭ ખૂબ ખૂબ ગમ્યો. અંકમાંનાં જુદાં જુદાં ચિત્રો આકર્ષક રહ્યાં. કાવ્યો, વાર્તા, લઘુકથા, ધ્યાનકથા પણ ગમ્યાં. લેખોમાં ખાસ કરીને 'પસ્તીનાં પાનાં'માં મજા પડી.

ચરિત્ર-સંસ્મરણમાં 'મધર-ટેરીઝા'નો લેખ સેવાનો સચિત્ર ખ્યાલ આપે છે. 'કુમાર'ના અંકો સંદર્ભ-સાહિત્ય તરીકે ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. 'કુમાર'પરિવારને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવું છું. અર્ધા લવાજમે 'કુમાર'ની યોજના અભિનંદનીય છે. આ યોજનાનો વિદ્યાર્થીઓ, અધ્યાપકો, લાઈબ્રેરીઓ, શાળાઓ અને કૉલેજોએ અવશ્ય લાભ લેવો જોઈએ.

– મહેશ ઠક્કર (મુંદ્રા)

*

'કુમાર'નો ઑક્ટોબર-'૯૭નો આકર્ષક મુખપૃષ્ઠ સાથેનો દીપોત્સવી અંક ઘણો જ માહિતીસભર રહ્યો. અંકમાં કમલા પરીખ લિખિત મધર ટેરીઝાનો લેખ ખૂબ જ ગમ્યો. તેમાંથી ઘણું જાણવા મળ્યું. ઉપરાંત પાથ-ફાઈન્ડર અને દ્વારકા વિશેના લેખો પણ ઉપયોગી હતા. કાવ્યો, લઘુકથા તેમજ વિવિધ લેખો રસપ્રદ હોય છે. સુંદર દીપોત્સવી અંક આપવા બદલ હાર્દિક અભિનંદન.

– ડી. એન. કલ્યાણી (જસદણ)

*

જયભારત સાથે જણાવવાનું કે ઓગસ્ટનો અંક ખૂબ જ રસપ્રદ લાગ્યો. શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટની 'ફોતરાં' લઘુકથા ખૂબ જ સ્પર્શી. સંવેદન ને સરસ ઘાટ મળ્યો છે ને તેમાં ખૂબ જ ઊંડાણ હોય એમ લાગે છે.

– કે. કે. આચાર્ય (અમદાવાદ)

*

'કુમાર'ના અમે ગ્રાહક છીએ – આમ તો વર્ષોથી, અર્ધી સદી જ કહોને ! 'કુમાર'નું જન્મસ્થળ પણ એક રીતે આ 'મધુવન' જ કહી શકો – ડૉ. અનંત પંડ્યા / ઉપેન્દ્ર ભટ્ટ 'કુમાર'ના આદ્ય પ્રણેતા. ત્યાર પછી સ્વ. મુ. રવિભાઈએ વ્યાપારી

ધોરણે અપનાવ્યું-વિકસાવ્યું અને દેશ-વિદેશના ખૂણેખાંચરે પ્રસાર્યું ! આ સદ્‌ગતોનાં સંકલ્પો પણ કેટલા ઉચ્ચપવિત્ર અને દૃઢ હશે કે 'કુમાર'ની મધુરી સુવાસ હજી પણ લેશમાત્ર ઓછી થઈ નથી લાગતી ! હું તો 'કુમાર'નો નિત્ય વાચક - ચાહક રહેતો આવ્યો છું. ખરેખર તો અમારું આખું કુટુંબ પણ. શ્રી બચુભાઈ રાવત પછી - વચ્ચે થોડો 'વિશ્રામ' બાદ કરતાં - તે સતત જીવંત રહ્યું છે - અને આપના જેવા યોગ્ય સાહિત્યકારના સુકાન હેઠળ અત્યારે હિલોળા ખાતું રહ્યું છે ! 'ધન્યવાદ' શબ્દ પણ વામણો લાગે છે. એક જ વિચાર આવે છે કે આ 'કુમાર' સદાય કુમાર-અવસ્થામાં રહેવા પામે - અને તેને ઉંમરનો છાંટો પણ ન વરતાય કે ઘરડાય!

સ્વાતંત્ર્યની સુવર્ણજયંતીનો ખાસ અંક સરસ અને દળદાર થયો છે. તમારું 'ઉદ્‌બોધન' જે સમજે તેને માટે ઘણું જ સંવેદનશીલ છે. એક દ્રવિત હૃદયનું જ ઉદ્‌બોધન!

- એન. કુમાર (ભાવનગર)

•

જુલાઈ ('૯૭)ના અંકમાં પં. ઓંમકારનાથ ઠાકુર વિષે શ્રી હસુ યાજ્ઞિકની કલમે લખાયેલ રસપ્રદ લેખ વાંચી ઘણો આનંદ થયો. આ ઉનેવાળ, અમારા પૂર્વજો, બ્રાહ્મણ હોવા છતાં જૂનાગઢ જિલ્લામાં આવેલા ઉના ગામમાં રાજ કરતા હતા. તેમના અનુજ એવા પંડિતજી આ ૨૦મી સદીમાં અને હવે પછીની સદીઓમાં પણ સંગીતજ્ઞ અને સંગીતરસિકોનાં મન-મસ્તક-હૃદયમાં બીરાજેલા રહેશે. પૂ. પંડિતજીનો પ્રત્યક્ષ મેળાપ મને મારા વિદ્યાર્થીકાળમાં થયેલો. રાજકોટમાં તેમના આગમન સમયે અમારી ઉનેવાળ જ્ઞાતિ તરફથી તેમનો જાહેર સત્કાર-સમારંભ રાખી માનપત્ર એનાયત કરેલું. સમારંભના અંતે તેમણે તેમની લાક્ષણિક શૈલીમાં 'વંદે માતરમ્' ગીત ગાઈ શ્રોતાઓને રસતરબોળ કરી દીધેલા. તેમની સાથે સંગીતજ્ઞ માસ્ટર વસંત અમૃત પણ આવેલા. લેખમાં 'વસંત' પદ પછી અલ્પવિરામ છે તે ના જોઈએ.

'કુમાર'ના વાચક વધારે છે કે ચાહક વધારે છે એ સવાલનો જવાબ મેળવવો એ અમારા માટે મીઠી મૂંઝવણ છે. 'કુમાર' પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને ગ્રાહક તરીકે લવાજમ ભરનાર ઘણા છે. પણ એક જ સરકારી ખાતાના એક પછી એક એમ ઉત્તરોત્તર ખાતાના વડા તરીકેના ત્રણ અધિકારી અને તે પણ ખાતાના વડા પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢી લવાજમ ભરે તે અમારે માટે આનંદ સાથે આશ્ચર્યનો પ્રસંગ છે. વાત છે ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ તેમ જ અન્ય ખાતાંના વડાની. - કિશોરભાઈ દવે (ગાંધીનગર)

પ્રત્યેક દિવાળીએ 'કુમાર'ના વાચકો-ચાહકો તરફથી શુભેચ્છાના અનેકાનેક પત્રો આવે છે. તે સહુનો અત્રે આભાર વ્યક્ત કરીએ છીએ. કેટલાક કલાકાર મિત્રો પૂરા પ્રેમભાવથી તૈયાર કરેલાં ચિત્રો પણ મોકલાવે છે. અહીં તેમાંથી પસંદ કરીને થોડાં અભિનંદન પત્રોમાંનાં ચિત્રો રજૂ કર્યાં છે. અનુક્રમે વાસુદેવ સ્માર્ત (સુરત), નિર્મલ કાપડિયા (મુંબઈ), હરિભાઈ ટંડેલ (નવસારી) અને ચોથું (?)



૨





૩

૪



વાર્ધક્યે / જશવંત લ. દેસાઈ

(વસંત • મૃદંગ-સૉનેટ)

તું યે હતી, પ્રિય ! કશી રૂપથી ભરીભરી !
તારે કપોલ ઝરતી મધમીઠી ગંધ,
તારું સદા મરકતું મુખ મંદમંદ,
તું સ્વર્ગથી ઊતરી ભૂમિ પરે અહીં પરી.

તે આજ તું શિશિર આગમને યથા કો
કાસાર-પદ્મ મૃદુ મૂક ઊંડે વિલાય
ને નેત્ર એ નીરખી હેત થકી ભીંજાય,
આવું સમીપ, ઘડી તો પ્રિય, આમ જો...જો.

હું ઉષ્ણ ભાલ તુજ ચંદન-લેપ લેપું
ને લેઈ હસ્ત કરમાં મુજ હાર્દ કેરું
અર્પું અમોઘ રૂડું ઔષધ સાન્ત્વનાનું
ત્યાં તો અહો ! પ્રગટ તેજ હળુ ઉષાનું !

હૈયે ઊઠી સળવળી સ્મૃતિ સ્નેહભીની
અગ્નિ સમીપ તુજ હસ્ત ગ્રહેલ તેની.

નરમ નરમ આકાશ / ચન્દા રાવળ

(ગાન)

આ નરમ નરમ આકાશ નયનમાં આવી ઝૂકે,
ને ઝરમર ઝરમર હાસ હૃદયમાં ઝાઝું રૂકે.

ભીની ભીની મદીલ ચ'લે
પવન વહે હરખાતો,
ખીલી કલિકાઓ ચૂમીને
પરત વળે શરમાતો.

આ મહક પલળતી જાય ! વાદળો મમતા મૂકે.
આ ઝરમર ઝરમર હાસ હૃદયમાં ઝાઝું રૂકે.

ફોરેફોરું હસતું રમતું
દડબડતું આ ચાલ્યું,
નજરોની બાધામાં છલકે
મહેરામણનું પ્યાલું !

આ કવન ભીંજતું જાય ! ગગનમાં વીજ ઝબૂકે.
આ ઝરમર ઝરમર હાસ હૃદયમાં ઝાઝું રૂકે.

ફૂટી ગયો પરપોટો / લાલજી કાનપરિયા

(ગાન)

દંતકથાની જેવો પળમાં ફૂટી ગયો પરપોટો રે,
અણિયાળી પીડા થૈ જળમાં ફૂટી ગયો પરપોટો રે.

કોણે જીવતર દીધું ? પાછું છીનવું લીધું પળમાં રે,
જળની ઉપર ઝૂલી છેવટ મળી જવાનું જળમાં રે.

આમતેમ ભટકી વમળોમાં ફૂટી ગયો પરપોટો રે,
દંતકથાની જેવો પળમાં ફૂટી ગયો પરપોટો રે.

ચાંદો સૂરજ તારા - સઘળું ઊગે નિયમ પ્રમાણે,
વીતી ગયેલા દિવસો પાછા કોઈ ફરી ના આણે.

ધીમેથી સરકંત અતળમાં ફૂટી ગયો પરપોટો રે,
દંતકથાની જેવો પળમાં ફૂટી ગયો પરપોટો રે.

ક્યાં પરપોટો ? ક્યાં છે ફૂટવું ? જળ એકલડું ઝૂલે છે,
અગમનિગમના અગણિત ભેદો પલકમાત્રમાં ખૂલે છે !

જળની સાથે જળ સકળમાં ફૂટી ગયો પરપોટો રે,
દંતકથાની જેવો પળમાં ફૂટી ગયો પરપોટો રે.

નથી પુષ્કળ મહીં / ધૂની માંડલિયા

(ગઝલ)

તું સત્ય શોધે ને મળે, આવે મજા અટકળ મહીં,
રોમાંચ સામે હોય છે, બીડેલ હર કાગળ મહીં.

પનઘટ, નદી, સાગર, સરોવર, પાણિયારી ને પરબ,
પરિવાર કેવો સંપથી સાથે રહે, વાદળ મહીં.

ભીંતો થશો તો માનજો બંદી થવાનું પણ બને,
ફળિયાને, બંદી કરવાની, ત્રેવડ નથી સાંકળ મહીં.

તારા પ્રખર પેટાળ પર, ગુમાન સૂરજ રાખ ના,
ઊગ્યા વગરના કૈંક સૂરજ હોય છે ઝાકળ મહીં.

આ તેજને દોરી જતું ક્યારેક અંધારું અને–
ક્યારેક અંધારું વળી અટવાય છે ઝળહળ મહીં.

એકાદ ખોબો જળ ગનીમત, ભીંજવી જઈશું તને,
આનંદ આમે અલ્પમાં છે, તે નથી પુષ્કળ મહીં.



જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે અને
જે નારીશક્તિનો ઉજ્જવળ વિનીત આવિષ્કાર
હતાં તે ગરવાં ગુજરાતી સ્ત્રીરત્ન

હંસા મહેતા

— શ્રદ્ધા ત્રિવેદી —

આજથી બરાબર સો વર્ષ પહેલાંની વાત. તા. ૩-૭-૧૮૯૭ના દિવસે સૂરતના નાગર પરિવારનાં હર્ષદકુમારી અને વડોદરા તથા બિકાનેરના દીવાનપદને શોભાવનાર મનુભાઈ મહેતાને ત્યાં એક દીકરી જન્મી; જેણે ગુજરાતને પ્રથમ ઐતિહાસિક નવલકથા 'કરણઘેલો' (૧૮૬૬) આપનાર દાદા નંદશંકર તુળજાશંકર મહેતાના સાહિત્યવારસાને સાચવ્યો, પિતાની તીવ્ર બુદ્ધિ અને સ્મરણશક્તિનો વારસો દીપાવ્યો અને પોતાની સૂઝ-સમજ અને વિનય-વિવેકની શક્તિથી પોતાના પિયર પક્ષને અને પછીથી શ્વસુર પક્ષને પણ ઉજાળ્યો. ઈશ્વરદત્ત શક્તિ-પ્રતિભા અને કુટુંબીજનોએ આપેલી અનુકૂળતા-



ડૉ. જીવરાજ મહેતા

મોકળાશનો પૂરેપૂરો લાભ લઈ આ નારીએ સામાજિક, રાજકીય અને સાહિત્યક્ષેત્રે અનેક પડકારો સફળતાથી ઝીલ્યા અને સિદ્ધિનાં સોપાનો એવાં તો સર કર્યાં કે તે સર્વની કદર રૂપે ૧૯૫૮માં ભારત સરકાર તરફથી તેમને 'પદ્મભૂષણ'ના સન્માન માટે પસંદ કરાયાં. ગુજરાત સમસ્ત માટે - ગુજરાતના નારીજગત માટે આ એક અતિ ગૌરવની ઘટના-ઘડી હતી. 'અબળા' લેખાતી નારીમાં છૂપી રહેલી અસીમ શક્તિને પ્રગટ થવા માટે જો થોડીક પણ અનુકૂળતા મળે તો તે કેટલી 'સ-બળા' છે તેનું ઉત્તમ ઉદાહરણ આ નારીએ સમાજને પૂરું પાડ્યું, નારીના પુરુષાર્થપૂર્ણ જીવનનો એક નમૂનો તેણે પૂરો પાડ્યો. નિષ્ઠા, કર્તવ્યશીલતા અને આડંબરવિહોણા જ્ઞાનનો સુભગ સમન્વય એટલે જ આ હંસા મહેતા.

હંસાબહેનને દાદા તરફથી વારસામાં સાહિત્ય-સંસ્કાર સાથે ગણિતભૂમિતિનું જ્ઞાન પણ મળેલું. તેથી તો શાળામાં ગણિતના શિક્ષક ક્યારેક જો ગૂંચાય તો હંસા ફટ કરતીકને ઊભી થઈ, એમની ગૂંચ ઉકેલી નાખતી! નાનપણમાં જ માતા ગુમાવેલી તેથી પિતાની સીધી દેખરેખ નીચે તેઓ ઊછર્યાં! પિતા તેમને અનેક વાર્તાઓ-કથાઓ કહેતા અને એમ સાહિત્યસર્જનનું બીજ પણ એમના ચિત્તમાં રોપાયું. તેમની સ્મરણશક્તિ અગાઉ સૂચવ્યું તેમ, પિતા જેવી જ તેજસ્વી. હંસાબહેન ત્યારે માંડ ચાર-પાંચ વર્ષનાં. પિતા ચિત્રોવાળી ચોપડી બતાવે - બધું સમજાવે. થોડા દિ .સ પછી ફરી એ ચોપડી પાછી બતાવે ને ફરી જ્યારે પૂછે તો નાનકડી હંસા બધાં ચિત્રો પૂરી વિગતે ઓળખી બતાવે! જોનાર તો હેબતાઈ જ જાય! 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એમ કહેવાય છે, એ ન્યાયે હંસાબહેનની અનન્યતા પણ નાનપણથી જ છતી થઈ ગઈ હતી. બીજી છોકરીઓ જ્યારે ઘર-ઘર રમતી ત્યારે આ એનાથી અળગી જ રહેતી. મનુભાઈનું કુટુંબ ઉદારમતવાદી અને વ્યાપક ભાવનાદૃષ્ટિ ધરાવનારું હતું. તેથી દીકરીને તેમણે મોકળાશથી ઊછરવા દીધી. રૂઢિચુસ્તતાના એ જમાનામાં હંસાબહેનને સાઇકલ-સવારી તો ઠીક પણ ઘોડેસવારી કરતાંયે શીખવવામાં આવ્યું અને હંસાબહેન એવી તો ઘોડેસવારી કરતાં કે જોનારાંઓ 'ઝાંસીની રાણી' કહીને ઓળખાવતાં!



હંસાબહેન - સ્નાતક થયાં ત્યારે

એમનું આવું તેજસ્વીપણું માત્ર બાલ્યાવસ્થામાં જ નહીં, આખી જિંદગી પર્યંત રહ્યું.

તીવ્ર સ્મરણશક્તિનો લાભ અભ્યાસમાંયે થયો. ૧૯૧૩માં મેટ્રિકની પરીક્ષામાં બહેનોમાં તેઓ પ્રથમ આવ્યાં. તે સમયે યુનિવર્સિટીનું સન્માનનીય લેખાતું 'ચેટફિલ્ડ પ્રાઈઝ' અને 'નારાયણ પરમાણંદ ઈનામ' પણ તેમને મળ્યું. કૉલેજકાળે તેમનામાં રહેલી નેતૃત્વશક્તિને વ્યક્ત કરવાની મોટી પીઠિકા પૂરી પાડી. વૃત્તિ અને શક્તિને અનુરૂપ જે કાર્યક્ષેત્રો મળતાં ગયાં તે સ્વીકારતાં ગયાં. 'બોમ્બે પ્રેસિડન્સી સ્ટુડન્ટ્સ ફેડરેશન'ની વડોદરા ખાતેની શાખાનાં તેઓ પ્રમુખ વરાયાં.

તે સમયે સ્વાતંત્ર્યની ભાવનાનાં એવાં ઘોડાપૂર વહેતાં હતાં કે કોઈ સામાન્ય માણસ પણ તેમાં ખેંચાયા વગર ન રહી શકે ! તો આ તો અસામાન્ય શક્તિવાળાં હતાં ! તેમણે આગળ પડીને વિદ્યાર્થી-સમાજની સ્થાપના કરી. સમૂહની શક્તિ કેવી અજેય હોય છે તેની તેમને પ્રતીતિ હતી. તે ગાળામાં નીડરતા અને આત્મવિશ્વાસથી ભર્યાંભર્યાં હંસાબહેન એવાં તો વક્તવ્યો આપતાં કે એક વિદ્વાન નેતા તરીકે તેમને સૌ સ્વીકારતાં ગયાં.

એક બાજુ આવી સામાજિક-રાજકીય પ્રવૃત્તિથી તેમનું જીવન ભર્યું ભર્યું હતું તો સાથે સાથે અભ્યાસમાં પણ તેઓ આગળ જ રહ્યાં. અંગ્રેજી અને સંસ્કૃત બંને ભાષામાં લેખન-વાચનનો રસ. ઈ.સ. ૧૯૧૬માં 'ગંગાબાઈ ભટ્ટ સ્કોલરશિપ' મેળવી તે ઇન્ટર પાસ થયાં. ૧૯૧૮માં ફિલોસોફી (વિથ ઓનર્સ) સાથે બી.એ. થયાં. તેમના તત્ત્વજ્ઞાનના અભ્યાસે તેમને જીવનના અનુભવોને ઊંડાણથી જોતાં-મૂલવતાં શીખવ્યું. ફળની આશા રાખ્યા વગર કાર્ય કરતા રહેવાનો ગીતાસંદેશ તેમણે



હંસાબહેન - વિદ્યાર્થિની તરીકે ન્યૂ યોર્કમાં
(બીજી હરોળમાં જમણેથી બીજાં)

જીવનમાં ઉતાર્યો. આ પછી પિતા તરફથી જરૂરી વ્યવસ્થા થતાં તેઓ વધુ અભ્યાસ-અર્થે ૧૯૧૯માં ઇંગ્લન્ડ ગયાં. ત્યાં તેમનો મેળાપ સરોજિની નાયડુ અને રાજકુમારી અમૃત કૌર સાથે થયો. ૧૯૨૦માં જિનિવા ખાતેના આંતરરાષ્ટ્રિય મહિલા અધિવેશનમાં સરોજિની સાથે તેઓ હિન્દનાં પ્રતિનિધિ તરીકે હાજર રહ્યાં. આમ, આ મેળાપથી એક સુંદર ઘટના એ ઘટી કે નાના ફલક પરથી તેઓ વૈશ્વિક ફલક પર પહોંચી શક્યાં. જે હંસાબહેન કિશોરાવસ્થામાં ઘરઆંગણે વિદ્યાર્થિનેતા હતાં તેઓ આ રીતે વૈશ્વિક ભૂમિકાએ સ્ત્રીઓની લડતનાં અગ્રણી બની રહ્યાં. ઈ.સ. ૧૯૨૩માં સાનફ્રાન્સિસ્કોમાં યોજાયેલ પ્રથમ વિશ્વ કેળવણી પરિષદમાં હિંદમાંના અક્ષરજ્ઞાનની ઊણપ માટે અંગ્રેજો જવાબદાર છે તેવી તારસ્વરે ફરિયાદ તેમણે કરી ને પછી તો ઠેર ઠેર જ્યાં તક મળી ત્યાં હિન્દ વિશેની ગેરસમજો દૂર કરવાનો સિલસિલો તેમણે ચાલુ રાખ્યો. એ અરસામાં પોર્ટલૅન્ડમાં ભરાયેલી વિશ્વની વિદ્યાપીઠોની પરિષદમાં ભારતીય અસ્મિતા પ્રત્યે વિશ્વનું ધ્યાન દોરી ભારતના વિદ્યાર્થીને પણ સ્કોલરશિપ મળવી જોઈએ એ વાતની રજૂઆત કરી સૌને વિચારતાં કરી દીધાં.

તેમની વિદેશયાત્રામાં એક મુકામ ૧૯૨૩માં જાપાનમાં - ટોકિયોમાં હતો. ત્યારે ત્યાં એક ભયંકર ધરતીકંપ થયો, જેમાં તેઓ પંડે બચી તો જાય છે, પણ એમાં અન્ય અનેકને ભારે હાનિ થઈ તે જોઈ તેઓ ખૂબ વ્યથિત થાય છે ને મુંબઈ આવી તે વેદનાને શબ્દોમાં ઢાલવી શકે છે ત્યારે જ કંઈક હળવાશ અનુભવી શકે છે.

આમ, વિશ્વસ્તરે મહિલા સેવિકા તરીકે મહત્ત્વની ભૂમિકા અદા કરી યુવાન હંસાબહેન મુંબઈ પાછાં આવે છે ત્યારે સ્વાભાવિક રીતે જ તેમની આગળ લગ્નનો પ્રસ્તાવ આવે છે. તેઓ આ અંગે પણ પૂરાં સ્પષ્ટ અને સતર્ક હતાં; તેથી જ 'તે સંબંધમાં હું કોઈ ને કોઈ નિર્ણય પર આવી જઈશ' - એમ આપ્તજનોને જણાવે છે. સમજુ પિતા પ્રતાપી દીકરીને લગ્ન બાબતે તેની માન્યતા મુજબ કરવાની છૂટ આપે છે. જીવનમાં માણસે ઘણુંબધું કરવાનું હોય છે એમ માનતાં અને પરંપરા કે પ્રથાને જડ રીતે જરાય

ન વળગી રહેવાય એમ માનનારાં હંસાબહેન સમાજની ટીકાઓની પરવા કર્યા વગર તેમના સરખી તેજસ્વી પ્રતિભા ધરાવતા ને જાણે પોતાના માટે જ સર્જાયા હોય તેવા કપોળ વણિક જ્ઞાતિના ડૉ. જીવરાજ સાથે તા. ૩-૧-૧૯૨૪ના રોજ લગ્નગ્રંથિથી જોડાય છે. આકસ્મિક યોગે તેય 'મહેતા' હોઈ, લગ્ન પછીયે તેઓ અવટંકે 'મહેતા' જ રહ્યાં! આ લગ્ન પર એક બાજુ નાગરજ્ઞાતિએ ટીકાનો વરસાદ વરસાવ્યો તો બીજી બાજુ સુધારાવાદીઓએ તેને ઉમળકાથી આવકાર આપ્યો. સામાજિક ક્ષેત્રે આમ લગ્ન દ્વારા એક મોટું સુધારક પગલું તેમણે ભર્યું. આજ સુધી તેઓ એકલાં જ કાર્ય કરતાં હતાં - હવે પતિનો ઉમદા સાથ પણ તેમને સાંપડ્યો. ડૉ. જીવરાજ મહેતા પણ તેજસ્વી કારકિર્દી ધરાવતા હતા. તેમણે ફાઈનલ એમ.બી.બી.એસ.માં આઠમાંથી સાત વિષયમાં ઇનામો મેળવેલાં! વળી, રાષ્ટ્રિય ચળવળમાંય તેઓ સક્રિય હતા. ૧૯૬૦માં તેઓ ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બનેલા. આવા, પોતાના જીવનમાં સાચા 'સખા' બની રહે તેવા જીવરાજ મહેતા સાથે હંસાબહેન જોડાયાં તેથી સોનામાં સુગંધ ભળ્યા જેવું થયું. હંસાબહેનનું કાર્યક્ષેત્ર હવે વિશાળ બન્યું. લગ્ન બાદ ૧૯૨૫માં તેઓ મુંબઈ જાય છે.

મુંબઈ ગયા બાદ સ્ત્રી-ઉદ્ધારની તેમની પ્રવૃત્તિ વધુ સઘન-ઉત્કટ રૂપ લે છે. અનેક સંસ્થાઓ સાથે તેઓ જોડાય છે. સ્ત્રીવિકાસ અને કેળવણી - એ બે ક્ષેત્રે તેઓ વધુ સક્રિય બને છે. તેમની કાર્યદક્ષતા જોઈ લેડી દોરાબ તાતા તેમને 'ધ નેશનલ કાઉન્સિલ ઓફ વિમેન ઇન ઇન્ડિયા'નાં મંત્રી તરીકે કાર્ય કરવા નિમંત્રે છે. પોતે ગમે ત્યારે કોન્ગ્રેસ દ્વારા ચાલતી સ્વાતંત્ર્ય-લડતમાં ઝુકાવે તો તે માટે છૂટ મળવી જોઈએ એ શરતે તેઓ તેમના પ્રસ્તાવનો સ્વીકાર કરે છે. ચોથો-પાંચમો દાયકો તો તેમનો કેટલો બધો પ્રવૃત્તિમય ગયો હશે તેનો તો તે વર્ષો દરમ્યાન તેઓ કેટલી સંસ્થાઓ સાથે કેવી રીતે જોડાયેલાં તે જોઈએ ત્યારે જ સમજાય. ૧૯૨૬માં મુંબઈ મ્યુનિસિપાલિટીની સ્કૂલ્સ કમિટિમાં સભ્ય તરીકે તેઓ ચૂંટાયાં ને એ પદેથી નોંધપાત્ર સેવા કરી. ૧૯૩૧થી ૧૯૪૬ દરમ્યાન મુંબઈ યુનિવર્સિટીમાં ફેલો (અધ્યેતા), ૧૯૩૭થી ૧૯૩૯ સુધી મુંબઈની કાઉન્સિલનાં સભ્ય, ૧૯૩૯થી ૧૯૪૨માં મુંબઈ પ્રાંતિક પ્રાથમિક કેળવણીનાં પ્રમુખ, ૧૯૪૫માં અખિલ હિંદ મહિલા પરિષદની ઉપલી સંસ્થાના પ્રમુખ, ૧૯૪૬માં મુંબઈ સરકારની આર્ટ એજ્યુકેશન સમિતિનાં પ્રમુખ, માધ્યમિક શિક્ષણની તપાસ માટે ભારત સરકારે નીમેલા કમિશનનાં સભ્ય, સેકન્ડરી એજ્યુકેશનલ કાઉન્સિલનાં સભ્ય, ૧૯૪૮માં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની સેનેટનાં અને તેની સિન્ડિકેટનાં સભ્ય અને ૧૯૪૬થી ૧૯૪૮ દરમિયાન ઉપર્યુક્ત સંસ્થાનાં વાઈસ-ચાન્સેલર પણ હતાં. આ ઉપરાંત ભારતની નવી દિલ્હી ખાતેની ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટીનાં તેઓ ઉપપ્રમુખ પણ થયેલાં. આમ, પ્રાથમિકથી માંડી ઉચ્ચ કેળવણી સુધીના વિવિધ તબક્કાઓ સાથે તે જવાબદારીપૂર્વક સંકળાયેલાં. વળી, તેઓ કલાનાં અનુરાગી પણ ખરાં, તેથી જીવનમાં - ઘરમાં ને સમાજમાં - ખાસ તો કેળવણીની સંસ્થાઓમાં પણ તેમનું કલાગત દૃષ્ટિબિંદુ તો વરતાય જ!

ગુજરાતમાં કેળવણી-વિષયક વિચારણામાં તેમનું પ્રદાન અનેક રીતે ઉલ્લેખનીય છે. કેળવણીની અનેક સંસ્થાઓનાં સભ્ય કે પ્રમુખ તરીકેની તેમની સક્રિયતાને કારણે જ તેમને અનન્ય ગણાય તેવું બહુમાન પણ મળ્યું. ભારતમાં એ પહેલી ઘટના હતી કે કોઈ એક મહિલા વિશ્વવિદ્યાલયની ઉપકુલપતિ હોય! વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનાં તેઓ પ્રથમ વાઈસ ચાન્સેલર બને છે અને ૧૯૪૯થી ૧૯૫૮ સુધી નવ વર્ષ ત્યાં ગાળે છે. મહિલા કેળવણી વિકાસનાં સંદર્ભમાં જોઈએ તો

રાધાકૃષ્ણન સાથે (યુનેસ્કો) પેરિસમાં (૧૯૫૮)



યુનિવર્સિટી ગ્રાન્ટ કમિટીના સભ્ય તરીકે ત્યારના શિક્ષણપ્રધાન મૌલાના આઝાદ સાથે (૧૯૪૮)





(અનુક્રમે) ડૉ. જીવરાજ મહેતા, નવાનગરના જામસાહેબ અને હંસાબહેન મહેતા

વડોદરા યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાનની શાખાની સ્થાપના તેમણે કરાવી અને એ રીતે પછી દિલ્હીમાં પણ લેડી ઇરવિન હોમ સાયન્સ કૉલેજની સ્થાપનામાં પણ તેમણે અગત્યનો ભાગ ભજવ્યો.

આમ, ભારતીય યુવતીઓને માટે વૈજ્ઞાનિક ઉપકરણોની મદદથી ગૃહવિજ્ઞાનની કેળવણી સુલભ કરી આપવામાં તેમણે પહેલ કરી. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીને અનેક દૃષ્ટિએ તેમણે વિકસાવી. તેમની દૂરંદેશીનો લાભ આ સંસ્થાને ખૂબ મળ્યો. તેથી આ સંસ્થા કેવળ કારકુન ઉત્પન્ન કરતી ઉપાધિઓ આપનારી સંસ્થા ન રહેતાં સમાજને જ્ઞાન-વિજ્ઞાન અને કલાના સાચા કાર્યકરો તૈયાર કરી આપનારી સંસ્થા બની શકી. અહીં અનેક કલાઓ, માનવવિદ્યાઓ તથા પ્રાકૃતિક વિજ્ઞાનના વિષયો-અભ્યાસક્રમો તેમણે શરૂ કરાવ્યા. એક અર્થમાં એમ પણ કહી શકાય કે આ સંસ્થાનાં તેઓ બ્રહ્મા અને વિષ્ણુ બંનેય બની રહ્યાં. વડોદરાને વિદ્યાનગરી તરીકે કીર્તિ અપાવતી આ વિદ્યાપીઠની સ્થાપના અને વિકાસમાં ડૉ. જીવરાજ મહેતાનો તેમને હૂંફાળો સાથ મળેલો એ પણ નોંધવું ઘટે.

તેમની નીડરતા અને કાર્યશક્તિ ગાંધીજી જેવા ઝવેરીથી પરખાયાં વગર રહે ? અસહકારની ચળવળમાં તેમને દારૂ, તાડી અને વિદેશી કાપડનાં પિકેટિંગની જવાબદારી ગાંધીજીએ સોંપી અને બહેનોની ટુકડી સાથે રહી તેમણે તે જવાબદારી બહુ જ જુસ્સાથી નિભાવેલી. સ્વાતંત્ર્યની ચળવળ વખતે અનેક સરઘસોમાં તેમણે આગેવાની પણ લીધેલી અને જેલવાસ પણ ભોગવેલો. પાછળથી મુંબઈ શહેર યુદ્ધસમિતિનાં તેઓ પ્રમુખ થયેલાં. જેલનિવાસનો ઉપયોગ તેમણે જ્યોતિષનું જ્ઞાન મેળવવામાં કરેલો ! ૧૯૪૧ના સત્યાગ્રહમાં યરવડા જેલમાં સરોજિની નાયડુ સાથે પાંચ માસની સજા ભોગવેલી. આમ, તેઓ રાજકીય ક્ષેત્રે



મ.સ. યુનિવર્સિટીનાં કુલપતિ

પણ સતત કાર્યરત રહેલાં. તેઓ ભારતીય રાષ્ટ્રિય કૉન્ગ્રેસનાં સક્રિય સભ્ય હતાં. ઈ.સ. ૧૯૪૭ની મધ્યરાત્રિએ જે ઐતિહાસિક ઘટના ભારતના ઇતિહાસમાં બની તે સત્તાના હસ્તાંતરની. શ્રી નેહરુના હાથમાં ભારતીય રાષ્ટ્રધ્વજ આપવાનો વિધિ સરોજિની નાયડુની અનુપસ્થિતિને લીધે શ્રીમતી હંસાબહેનના શુભ હસ્તે થયેલો. સ્વાતંત્ર્ય બાદ પણ તેમણે જાહેરજીવનમાં કેટલીક મહત્ત્વની જવાબદારીઓ નિભાવેલી. લેક-સકસેસમાં ભરાયેલી યુનોની માનવ અધિકાર સમિતિની છઠ્ઠી બેઠકમાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી અને માનવહક્ક માટેના કાનૂન અંગેનો મુસદ્દો ઘડવામાં ભાગ લીધો હતો. યુનેસ્કોની કાર્યવાહક સમિતિનાં પણ તેઓ સભ્ય હતાં. હિંદનાં પ્રતિનિધિ તરીકે માનવહક્કો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સ્ત્રીઓના દરજ્જાને લગતા પ્રશ્નો વગેરે અંગે તેમણે સારી સક્રિયતા દાખવેલી. હંસાબહેન માનવ અધિકારના પ્રખર હિમાયતી હતાં.

રાજકીય-સામાજિક-શૈક્ષણિક ઉપરાંત તેમનું એક કાર્યક્ષેત્ર લેખનનું ગણાય. ૧૯૧૯માં લંડનમાં પત્રકારત્વનો જે અભ્યાસ કરેલો તેનો ઉપયોગ 'હિન્દુસ્તાન' સાપ્તાહિકનાં સહતંત્રી અને પછી મુંબઈની 'ભગિની સમાજ'ની પત્રિકાનાં માનદ્ મંત્રી બનીને કર્યો. 'ધ નેશનલ કાઉન્સિલ ઑફ વિમેન ઇન ઇન્ડિયા'ના બુલેટિનની પ્રારંભિક અવસ્થામાં તેમણે લેખનની કામગીરી કરીને સંભવતઃ ગુજરાતી સ્ત્રીપત્રકારોના ઇતિહાસમાં પ્રથમ પૃષ્ઠે પોતાનું નામ અંકિત કરાવ્યું છે.

સાહિત્યમાં તેમણે બાલકિશોરસાહિત્ય અને અનુવાદના ક્ષેત્રે ઉલ્લેખનીય સેવા બજાવી છે. નાનાં-મોટાં મળી લગભગ ૧૧ પુસ્તકો ગુજરાતીમાં અને ત્રણ અંગ્રેજીમાં તેમણે આપ્યાં છે. અલબત્ત, મૌલિક કરતાં રૂપાંતર-અનુવાદનું પ્રમાણ તેમાં વધારે છે. આમ છતાંયે જાહેર સેવાના ભરચક કાર્યક્રમમાંથી સમય કાઢીને પણ તેમને જે સારું-સુંદર લાગ્યું તે ગુજરાતનાં બાળકો અને સાહિત્યરસિકોને આપવાનું વલણ રાખ્યું છે તે જ પ્રશંસનીય છે. તેમની 'બાલવાર્તાવલિ'(ભાગ-૧, ૧૯૨૬, ભાગ-૨, ૧૯૨૯)માં તેમણે કેટલીક લોકકલાઓને અને સમાજમાં પ્રચલિત કેટલીક કથાઓને સંપાદિત કરી આપી છે, જે તેના મોટા

અક્ષરો અને સચિત્રતાને કારણે બાળકોને સવિશેષ અનુકૂળ આવે તેમ છે. બાળકની જિજ્ઞાસાને જાગ્રત કર્યા વગર કથા કહેવી જોઈએ નહીં - એ બાબતનું અહીં સંપૂર્ણ ધ્યાન અપાયું છે. 'અરુણનું અદ્ભુત સ્વપ્ન'(ઈ.સ. ૧૯૩૪) પરદેશની માહિતી રસિક રીતે આપતું કિશોરભોગ્ય પુસ્તક છે. 'ગોળીબારની મુસાફરી'(ઈ.સ. ૧૯૩૧)એ 'ગુલીવર્સ ટ્રાવેલ્સ'ના પ્રથમ બે ભાગનું ઉચિત ફેરફાર કરેલું બાલભોગ્ય રૂપાંતર છે. તેમની સૌથી વધુ બાલપ્રિય કૃતિ તો છે 'બાવલાનાં પરાક્રમો' (ઈ.સ. ૧૯૨૯). મૂળ ઈટાલિયન કથા 'પિનોચ્ચિયોનાં પરાક્રમો' (મૂ.લે. લોરેન્ઝિનિ, તખલ્લુસ : 'કોલોદી')ના અંગ્રેજી ભાષાંતરનું આ ભાષાંતર છે. બાવલો જ્યારે જ્યારે જૂઠું બોલે છે ત્યારે ત્યારે તેનું નાક વધે છે - એ કથાઘટક (મોટિફ)નો કરેલો ઉપયોગ અહીં ખાસ ઉલ્લેખનીય છે. આ ઉપરાંત 'હેમ્લેટ', 'વેનિસનો વેપારી' (લે. શેક્સ્પીઅર) અને મોલિયરનાં બે નાટકો જેવી અંગ્રેજી કૃતિઓનો તો 'રામાયણ'નો સમશ્લોકી અનુવાદ સર્વભોગ્ય થાય એ રીતે આપ્યા છે. 'સાવિત્રી' અને 'ત્રણ નાટકો' તેમની મૌલિક નાટ્યકૃતિઓ છે.

'Women under Hindu Law of Marriage & Succession.' Tract on Post war Educational Reconstruction & Civil Liberties' તથા 'Adventures of King Vikram'- તેમનાં અંગ્રેજી પુસ્તકો છે. આમ, હંસાબહેને માત્ર કેળવણીકાર તરીકે જ નહીં, સાહિત્યકાર તરીકેય કેટલીક પ્રશસ્ય કામગીરી અદા કરી છે. જાહેરજીવનમાં આટઆટલી પ્રવૃત્તિઓ સાથે તે એક નિષ્ઠાવાન પ્રેમાળ પત્ની અને માતા, કાર્યશીલ ગૃહિણી તરીકેય સતત જીવ્યાં હતાં. આવાં હંસાબહેનને ભારત સરકારે તો સન્માનેલાં પણ તેમને અનેક દેશી-પરદેશી વિદ્યાલયોએ પણ 'ડૉક્ટરેટ' (ડિ.લિટ્.)ની માનદ્ પદવી આપીને સન્માનેલાં. પહેલાં એકલાં અને લગ્ન પછી સજોડે તેમણે અનેક વાર પરદેશ-પ્રવાસ કરેલો ને વિદેશમાં પોતાના મિલનસાર સ્વભાવ, કાર્યનિષ્ઠા અને પ્રતિભાને કારણે ખ્યાતિ પણ પ્રાપ્ત કરેલી.

જે મુંબઈમાં તેમણે પોતાનો મોટાભાગનો સમય અતિ પ્રવૃત્તિમાં ગાળેલો, ત્યાં ઈ.સ. ૧૯૭૮માં શ્રી જીવરાજભાઈના અવસાન બાદ, ધીમે ધીમે કચ્છપવૃત્તિ ધારણ કરી જીવનનાં પાછલાં વર્ષો તેમણે શાંતિથી પસાર કર્યાં અને તા. ૪-૪-૧૯૯૫ના રોજ ૯૮ વર્ષની વયે તે પરમ ગતિ-શાંતિ પામ્યાં.

આમ, લગભગ ૫૪ વર્ષનું તેમનું દાંપત્યજીવન પણ સમાજ માટે અનુકરણીય બની રહ્યું. પતિ જતાં તે પોતાનાં સંતાનો પુત્રી અંજનીબહેન અને હર્ષરાજભાઈ સાથે આમરણ મુંબઈમાં રહ્યાં. આંખોની નબળાઈ અને શારીરિક અશક્તિને કારણે છેલ્લે થોડો સમય આ કાર્યરત નારીને પથારીમાં પણ રહેવું પડેલું. પણ યાદશક્તિ તો પૂર્વવત જ તીવ્ર !

હસતો નમ્ર ગોળ ચહેરો, વિશાળ ભાલપ્રદેશને શોભાવતો એવો જ ચાંદલો, કરુણાસભર નયનો, દૃઢ બિડાયેલા હોઠ ને સાડલાથી ઢંકાયેલું માથું ! ગરવી ગુજરાતણ તરીકેનું હંસાબહેનનું આ રૂપ સદાય નજર સમક્ષ તરવર્યા કરે તેવું છે. ઓછું પણ અર્થસભર અને વિચારપૂર્વકનું બોલનાર ! હંસાબહેન એક સંસ્કારી શક્તિશાળી આર્યનારી તરીકે સતત સૌને પ્રેરણા આપતાં રહેશે. ગુજરાતની સ્ત્રીઓ અને ગુજરાતનું સંસ્કાર-જગત તેમનાં કાર્યોને સદાય યાદ રાખશે. એક સ્ત્રી જ્યારે પોતાની સમસ્ત આંતરિક શક્તિ વડે સંસ્કારનું કાર્ય હાથમાં લે છે ત્યારે કેવો તો ચમત્કાર સર્જી શકે છે તેનું એક આહ્લાદક ઉદાહરણ એટલે હંસાબહેન મહેતા!

□

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૬)



— જયન્તીલાલ મહેતા

વીસમી સદીના પ્રથમ ચરણમાં ઇચ્છારામ સૂર્યરામ દેસાઈનું અઠવાડિક 'ગુજરાતી' મુંબઈના ગુજરાતીઓના સાહિત્યકારોનું લગભગ મુખપત્ર જેવું હતું. 'ગુજરાતી' આમ તો વીસચોવીસ પાનાનું ન્યૂસપ્રિન્ટ પર છપાતું ટૅબ્લૉઈડ - ચોપાનિયું હતું. પરંતુ પ્રત્યેક ભણેલગણેલ ગુજરાતી કુટુંબમાં નિયમિત વંચાતું. એટલે મુનશીએ પોતાની પ્રથમ નવલકથા 'વેરની વસૂલાત' તેમના પ્રિય માથેરાનમાં ૧૯૧૪માં હવાફેર માટે ગયા તે વખતે ભલે લખી, પરંતુ તે છપાઈ હપ્તાવાર 'ગુજરાતી'માં અને તેથી ત્રણ વિભાગનાં ૯૧ પ્રકરણોમાં પ્રસરેલી આ ધારાવાહિક પુસ્તકરૂપે પ્રથમ પ્રસિદ્ધ થઈ ઠેઠ ૧૯૧૯માં.

જગપ્રસિદ્ધ નવલકથાકાર ગ્રેહામ ગ્રીને તેમની વિખ્યાત નવલકથા 'ધ બર્ન આઉટ કેસ'ની પ્રસ્તાવનામાં એક જબરદસ્ત વિધાન કરેલ છે : 'એવ્રિ નોવેલ ઇઝ હાફ કન્ફેશનલ.' માત્ર ઑટોબાયોગ્રાફિકલ (આત્મકથનાત્મક) જ નહીં, પણ કન્ફેશનલ (કબૂલાતરૂપ), રોમન કૅથોલિક પાદરી સમક્ષ કરાતી કેફિયત જેવી 'વેરની વસૂલાત' છે. કારણ કે તેનો નાયક છદ્મવેષે કનૈયાલાલ મુનશી જ છે અને તેની અસ્સલ નાયિકા પણ મુનશીની બાળસખી અને પછી કલ્પનામૂર્તિ બનેલી 'દેવી' જ છે. મુનશીના પિતા રાવબહાદુર માણેકલાલ મુનશી સચીનના દેશી રાજ્યના દીવાન હતા. બાળમુનશી પર પડેલાં તેના સંસ્કારો અને ત્યારનાં સંચિત સંસ્મરણોમાં ઓગણીસમી સદીના અંતભાગમાં ગુજરાતનાં લાચાર દેશી રાજ્યો અને નપુંસક રાજાઓના ઇતિહાસની ભાતીગળ ગૂંથણીરૂપે જે ગાલીચો ગૂંથાણો તે છે 'વેરની વસૂલાત'. પ્રકરણે પ્રકરણે રાજ્ય ખટપટોને એમાં ખાટીમીઠી ચીતરવામાં આવી છે. તો બ્રિટિશ ઇન્ડિયાના પ્રતિનિધિ જેવું મુંબઈની આધુનિકતા અને આ આધુનિકતાના પ્રથમ પ્રહરીઓ જેવા પારસીઓનાં જીવન પણ તેમાં સામેલ છે. અરે, મુનશીને અતિ વહાલું માથેરાન પણ એમાં વાર્તાનાયકની મધુરજનીના મધુર હિલસ્ટેશન રૂપે તેમાં ગોઠવાઈ ગયું છે. આ વાતનો મુનશી પ્રસ્તાવનામાં આમ સ્વીકાર કરે છે : 'આ મારી પ્રથમ લાંબી વાર્તા છે. જ્યારે એ લખવા માંડી ત્યારે ગુજરાતી લખવાનો મારો મહાવરો માત્ર નામનો જ હતો. ત્યારે મને ખ્યાલ પણ ન હતો કે આ ઉપરાંત બીજી વાતો લખાશે. કેટલેક અંશે બાળપણથી મનમાં રમી રહેલાં કેટલાંક ચિત્રો, કેટલીક ભાવના અને કેટલીક પ્રતાપી વ્યક્તિઓને કાંઈ સ્પષ્ટ રૂપ આપવાની અવારનવાર ઉત્કંઠા થતાં આ વાર્તા લખવા માંડેલી...

મારા પ્રિય મિત્ર ચંદ્રકાન્ત બક્ષીએ કહ્યું છે : 'અમારા જેવા ઘણાય વાર્તાકારો કદાચ પચાસ-પોણોસો વર્ષો બાદ એટલા નહિ વંચાઈએ. પણ મુનશી જરૂર વંચાતા રહેશે...' કારણ શું ? મુનશી પાસે વાર્તા કહેવાની જે કળા છે તે અનન્ય છે અને તેનું મુખ્ય ગુણપાસું છે તેમનું અતિ આકર્ષક અને વાચકને જકડી રાખતું વસ્તુગૂંફન. બાલ્ઝાક અને ડુમાની જેમ મુનશી માસ્ટર ઑફ પ્લૉટ-કન્સ્ટ્રકશન છે. દરેક પ્રકરણના અંતે વાચકથી બોલી જવાય છે : હવે પછી શું ? અલબત્ત, જાસૂસી કથાઓમાં વાચકોનું આવું કુતૂહલ એકધારું જળવાઈ રહે તે સ્વાભાવિક છે. પરંતુ સામાજિક નવલકથાઓમાં આવું કુતૂહલ અક્ષુણ્ણપણે જેને સાચવતા અને સંવર્ધતા આવડે તે અદકેરો વાર્તાકાર ગણાય.

'વેરની વસૂલાત'માં આવા લોહચુંબકીય વસ્તુગૂંફન ઉપરાંત છે પાત્રાલેખનની તાકાત. વાર્તાનાયક જગતકિશોર જેટલો જીવંત અને જબરો જણ ચિતરાયો છે તેટલા જ જબરદસ્ત ચરિત્રો સ્વામી અનંતાનંદ તથા રત્નગઢના દીવાન થવા આજીવન ખટપટોમાં રાચતા મહાશઠ રઘુભાઈનાં પણ છે. તો મુનશીની પ્રિય સખી 'દેવી' આમાં તનમન નામે એટલી બધી ભારતીય નારીત્વની અદ્ભુત મૂર્તિ રૂપે કંડારાઈ છે કે તે આબાલવૃદ્ધ સહુ વાચકોનાં દિલની રાણી બની જાય છે. આનો બોલકો કિસ્સો મુનશીએ આત્મકથામાં રમૂજી શૈલીમાં વર્ણવ્યો છે, જેમાં તેમના હિતેચ્છુ સોલિસિટર મુરબ્બી જમિયતરામકાકા મુનશી એ જ 'ઘનશ્યામ'ના ઉપનામે લખતા 'વેરની વસૂલાત'ના લેખક એમ જાણતા. તેમની ધંધાકીય ભૂલો માફ કરી દે છે અને જમિયતરામકાકા જેવા વૃદ્ધ પાક્કા વ્યવહારુ સોલિસિટર પણ 'તનમન'ના ચરિત્રથી એટલા બધા પ્રભાવિત થયેલા કે મુનશી તેમને વધુ વહાલા બની જાય છે.

મુનશી પ્રસ્તાવનામાં ભલે કબૂલે કે 'ગુજરાતી લખવાનો મારો મહાવરો માત્ર નામનો જ હતો'... પણ 'વેરની વસૂલાત'નું ગુજરાતી કોઈ શિખાઉ નિશાળિયા જેવું કાચું નથી. મુનશીની અપૂર્વ કલ્પનાશીલતાને મ્હોરાવતી તેમાં કેટલીયે અવનવી ઉપમાઓ સમુચિત રીતે પ્રયોજાઈ છે અને તેટલી જ ક્ષમતાથી

પ્રયોજાયા છે અલંકારો. પરિણામે મુનશીના ગદ્યની છટાની ઝાંખી આ પ્રથમ નવલકથાથી થવા લાગે છે તેવી જ રીતે મુનશીની કથનકળાની શૈલી પણ આ પ્રથમ નવલકથાથી જ ધોધમાર પ્રવાહે રસળતી, રૂમઝૂમતી વહેવા માંડે છે અને પરિણામે મુનશી રાજસમારોહે ગુજરાતી નવલકથાક્ષેત્રે બા-કાયદા, બા-મુલાહિજા પ્રવેશે છે.

મુનશી ઇતિહાસના આદમી છે. એઓ ૧૮૯૦થી ૧૯૨૦ દરમ્યાનના ભારતની રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનું પારદર્શક ચિત્રણ કરતા રહી એક વાત વારંવાર દોહરાવે છે. કારણ સનાતનધર્મથી સંગોપાયેલી આર્યસંસ્કૃતિ તેમને હૈયે વળગી છે. એટલે તે હિંદુ સંસ્કૃતિનાં સીધાં ગુણગાન ગાવાં કરતાં તેમની કથામાં મુખ્ય પાત્રોનાં વાણી અને વર્તન દ્વારા આ સનાતન સંસ્કૃતિને વારંવાર વર્ણવતા રહે છે અને પોતાના દિલની વાત આમવાચકો સુધી રસિકતાપૂર્વક પહોંચાડતા રહે છે; અને આ રીતે તે જમાનાના ગુજરાતી વાચકોનાં દિલ સુધી પહોંચતા રહે છે. જગતસંસ્કૃતિઓના મહાચોકમાં આર્યસંસ્કૃતિની અદકેરી ઊંચાઈના મુનશી આજીવન ઉપાસક રહ્યા છે.

સાથોસાથ મુનશી હિંદુ સમાજજીવનમાં કેન્સરની જેમ પ્રવર્તતી કુરૂઢિઓ સામે એટલા જ આક્રોશથી બગાવત પણ પુકારતા રહ્યા છે. તે જમાનામાં હિંદુઓમાં બાળલગ્નો બધી જ કોમોમાં અતિ સામાન્ય હતાં અને પરિણામે બાળવિધવાઓ પણ થતી રહેતી અને આઠદસ વરસની કિશોરવયે થયેલી આવી અભાગણી બાલવિધવાઓ પાસે સમાજ પરાણે બ્રહ્મચર્ય પળાવતો અને ઘણાખરા કિસ્સાઓમાં સમાજના બડેખાંઓ તે બાળવિધવાઓ યુવાન બનતાં તેની પાસે છૂપી વેશ્યાગીરી કરાવતા અને પોતાની પાખંડલીલા પોષતા. ઈ.સ. ૧૯૧૫ની રજાઓમાં માથેરાનમાં બેસી મુનશી આવી એક બાળવિધવા મણિગૌરીની કરમકથની આલેખતી નવલકથા લખે છે : 'કોનો વાંક ?' અને તે મુંબઈમાં 'હિંદુસ્તાન' નામના સાપ્તાહિકમાં ધારાવાહીરૂપે તા. ૧૮-૬-૧૯૧૬થી તા. ૧૫-૭-૧૯૧૭ સુધી છપાતી રહી અને પછી તરત પુસ્તકરૂપે પ્રસિદ્ધ થઈ.

'કોનો વાંક?'નાં ૬૪ પ્રકરણોમાં કેટલાંક તો ત્રણ પાનાં જેટલાં ટૂંકાં છે અને ડિમાઈ કદનાં ૨૩૬ પૃષ્ઠોમાં સમાઈ જતી આ નવલકથા એકીબેઠકે વાંચવામાં આનંદ ઊપજે છે, કારણ તેમાં મુનશીની લેખનકળા વધુ પરિપક્વ થઈ છે. ટૂંકાં સૂત્રાત્મક વાક્યોથી શૈલી અત્યંત વેગવાન બને છે. ઘટનાઓ ઘટ્યા કરે છે અને છતાં તેનો કોઈ ભારેખમ ઘટાટોપ રચાઈ અકળાવતો નથી. વિવિધ પ્રકરણોમાં વાર્તાનો તન્તુ નાટકના વિવિધ પ્રવેશોની જેમ પલટા ખાતો પણ સતત જળવાઈ રહે છે અને ચિત્રવિચિત્ર પ્રસંગોના તાણાવાણામાંથી એક સુઘડ પટોળાની સુંદરતા સર્જાતી રહે છે. 'વેરની વસૂલાત'માં ક્યારેક ક્યારેક લેખક લખે છે : 'ચલો ત્યારે હવે તનમનની વાત મૂકી આપણે રત્નગઢના રઘુભાઈના ખબર લઈએ'. આમ, તે જમાનાના લેખકોની વચ્ચે કૂદી પડી રસભંગ કરવાની કુટેવથી મુનશી 'કોનો વાંક?'માં દૂર રહ્યા છે. વાર્તાની સરિતાને તેમણે આપમેળે, આપબળે વહેવા દીધી છે.

'કોનો વાંક ?'નું સૌથી સબળ પાસું છે વાર્તાનાયિકા મણિનું ચરિત્ર-આલેખન. ગામડાની મધ્યમવર્ગીય કુટુંબમાં જન્મેલી મણિ પોતાનાં માતાપિતા પોતાની કિશોરવયમાં જ ગુમાવે છે અને આઠ વરસે પરણાવી દીધેલ અબુધ મણિ દસમે વરસે તેનો બાળકપતિ ગુજરી જતાં બાળવિધવા બની સમાજમાં હડધૂત થાય છે. ઓશિયાળું જીવન જીવતાં તે જુવાનીમાં આવતાં માનવસહજ વૃત્તિઓનો ભોગ બને છે અને તેનો ગેરલાભ લેનાર રાવસાહેબ ગંભીરલાલ સગર્ભા મણિને તરછોડી હાંકી કાઢે છે. પરંતુ મણિ જુદી માટીની ઘડેલી એક વીરાંગના છે. તે આપઘાત કરતી નથી. એક જોઈતા ભગત જેવા અડીખમ ખેડૂતની દયાથી બચી જાય છે. બાળકી સુરેખાની મા બને છે. પણ સમાજના ખેરખાંઓ તેની પાછળ પડે છે. કારણ મણિ અત્યંત રૂપાળી અને તંદુરસ્ત યુવતી છે. તેને ભોગવવા કહેવાતા સમાજસુધારકોથી માંડી ભગવાધારી પાખંડી મહારાજો અને મુંબઈના મોટા શેઠિયાઓ કેટલાયે ધમપછાડા કરે છે. વખાની મારી મણિ વેશ્યાવાડામાં એક ગાયિકાને ત્યાં આશરો લે છે, કારણ તેની પાસે કોયલ જેવો કંઠ અને શાસ્ત્રીય સંગીતની કોઠાસૂઝ છે. શિયળ સાચવવા તે ત્યાંથી પણ ભાગે છે અને એક ભાવનાશીલ બ્રાહ્મણ ગ્રેજ્યુએટ મુચકુંદ નામના ક્લાર્કને ત્યાં તેને આખરે સાચો, શુદ્ધ આશરો સાંપડે છે. દુનિયા આખી જખ મારે છે કહી મુચકુંદ તેને સગી બહેનની જેમ સંઘરે છે. પણ મુચકુંદના કર્મકાંડી પિતા પ્રાણશંકર ઉર્ફે પાગુ પંડ્યા તેને તગેડી મૂકે છે. મુચકુંદને સાચા દિલથી ચાહતી હોવાથી મુચકુંદને સમાજમાંથી બહિષ્કૃત થતા બચાવવા તે ચાલી નીકળે છે. પરંતુ દુનિયા ગોળ છે. એટલે કેટલીક ઘટનાઓ બાદ મુચકુંદને મણિ મળે છે અને ફરી પાછો મુચકુંદ અથડાયા, કુટાયા બાદ હિંમતવાન બની મણિબહેનને સાથે જ રાખે છે. છ વરસો બાદ કાશી ટૂંકી માંદગીમાં મૃત્યુ પામે છે ત્યાર બાદ જ મણિ-મુચકુંદ પરણીને ગૃહસંસાર માંડે છે તેવો ઉપસંહાર કરતાં મુનશી આ વાર્તાને સુખાન્ત બનાવે છે ત્યારે પણ ગમેતેમ કરી કોઠું બેસાડતા હોય તેવી વિદગ્ધ વાચકને થોડીક અણખત પણ ઊપજે છે.

પરંતુ આ કૃત્રિમ અન્ત સિવાય વાર્તાના સમગ્ર કલેવરમાં ક્યાંય ખૂણોખચકો આવતો નથી. ભાષા સાવ સરળ અને ઘરગથ્થુ વપરાય છે. ઉપમાઓ પણ મુનશી તળપદી જ પ્રયોજે છે. છતાં

મુનશીની સર્જનકળાની વિલક્ષણ લાક્ષણિકતાવાળી ગદ્યછટાઓ અવારનવાર વિલસે છે અને કથનકળાને રસમય બનાવે છે.

વાર્તામાં ડઝન ઉપરાંત પાત્રો આવે છે અને થોડાંક જ વાક્ય-લસરકાઓથી તેમનાં પાત્રાલેખનો શોભે છે અને આ બધાં પાત્રો જાણે શીશમહેલના અસંખ્ય અરીસાઓ હોય અને તેની મધ્યમાં મણિ નામની એક બહાદૂર બેફામ યુવતી જીવનખેલ ખેલતી હોય તેટલો બધો રસ મણિના ચરિત્રાલેખનમાં લેખક ખીલવે છે. મણિ આજીવન લડે છે. લડતાં લડતાં ઘવાય છે. ક્યારેક થાકે છે. વચ્ચે ક્યારેક હિંમત પણ હારે છે. પડ છે, આખડે છે, લથડે છે. પણ પાછી ઊભી થાય છે. બેવડા બળથી પાછી સમાજ સામે એકલવીર બહારવટિયાની પેઠે જીવલેણ લડાઈઓ લડતી રહે છે અને આખરી યુદ્ધમાં વિજયી બની પોતાના પ્યારા અને એકમાત્ર સાચુકલા પુરુષની વરમાળા પહેરે છે ત્યારે વાચકથી અનાયાસ ઉચ્ચારાઈ જાય છે : સત્યમેવ જયતે. અને સત્યના આ અંતિમ વિજયમાં મુનશીની કિશોરકાળની સખી 'દેવી', જે 'વેરની વસૂલાત'માં તનમનરૂપે પ્રકટેલી તે 'કોનો વાંક ?'માં મણિરૂપે નવો અવતાર પામે છે અને મુનશીની આત્મકથનકળાનો એક અંશ બની જાય છે. 'મણિ'માં દેવી ઉર્ફે 'તનમન' નવા અવતાર રૂપે લીલાવતી મુનશી જેવા વધુ લાગે છે. કારણ તે સમયગાળામાં મુનશીએ લીલાવતી શેઠ નામની એક સાહિત્યરસિક સંસ્કાર-વ્યક્તિની વિશિષ્ટતાઓ મિત્રો ચંદ્રશંકર પંડ્યા તથા અન્યો પાસેથી સાંભળી છે અને મનોમન તેમનો પરિચય પામવાનો છૂપો તલસાટ તેમનામાં જાગ્યો છે.

'સીધાં ચઢાણ'માં મુનશી આમ લખે છે... 'ચંદ્રશંકર, માસ્તર અને કાંતિલાલ પંડ્યા ગુજરાતીમાં લખવા મને પ્રેર્યા કરતા હતા, પણ મારી હિંમત ચાલતી નહોતી. હું નિશાળમાં ગુજરાતી ભણ્યો નહોતો. નાનપણમાં 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ, નારાયણ હેમચંદ્રના કેટલાક અનુવાદો ને બીજી કેટલીક નવલકથાઓ મેં વાંચ્યાં હતાં. ૧૯૧૧માં 'કલાપીનો કેકારવ', ને કવિ નાનાલાલનું 'વસંતોત્સવ' ખૂબ રસથી વાંચ્યા હતાં. એ સિવાયનું ગુજરાતી સાહિત્ય મેં વાંચ્યુ નહોતું. ગુજરાતીમાં એક સારો પત્ર લખવાનું પણ મારાથી બની શકતું નહીં. છતાં ૧૯૧૧-૧૨થી મનુકાકા પર ગુજરાતીમાં કાગળો લખવાની મેં શરૂઆત કરી... ૧૯૧૨ના જૂન કે જુલાઈમાં મને એવો ઉદ્વેગ થયો, ત્યારે ગુજરાતીમાં એ વ્યક્ત થઈ શકશે કે કેમ તેનો પ્રયોગ કરવા મેં 'મારી કમલા' નામક ટૂંકી વાર્તા લખી કાઢી. ચંદ્રશંકરે એનાં વખાણ કર્યાં : 'આવું સુંદર ગુજરાતી લખવાથી તમે જે સફળતા મેળવી છે તે માટે હું તમને હાર્દિક અભિનંદન આપું છું. તમારી શૈલી તો તમારી જ છે... તમારામાં એકલી શૈલી જ નથી, વાર્તા કહેવાની તમારી કલા પણ અસાધારણ છે.

'...ગુજરાતમાં ત્યારે એક પ્રખર અને ચીવટવાળા સાહિત્યકાર હતા, જે ગુજરાતી સાહિત્યની રગેરગ પિછાણતા. એમણે સાહિત્યસેવામાં જ જીવનનું સાર્થક્ય ગણ્યું હતું. એમણે 'સ્ત્રીબોધ'માં છપાયેલી 'ઘનશ્યામ વ્યાસ' (મુનશીનું તખલ્લુસ)ની વાર્તા વાંચીને એ 'વ્યાસ'નો પીછો પકડ્યો. આ કોઈ નવો લખનાર છે કોણ? જૂનામાંથી આવું કોઈ લખે તેમ નથી. એમણે 'સ્ત્રીબોધ'માં તપાસ કરાવી ને ચંદ્રશંકરનો પત્તો મેળવ્યો. ચંદ્રશંકરને લઈને એ મારે ત્યાં આવ્યા... નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા મારી ઓરડીએ ! મેં આવકાર આપ્યો. એમણે મારી શૈલીની વિશિષ્ટતા પર ભાર મૂક્યો. મારી શૈલીનાં મુખ્ય અંગો અંગ્રેજી શૈલીકારોના અભ્યાસના પરિણામે ઉદ્‌ભવ્યાં છે એ એમની તીક્ષ્ણ નજરની બહાર નહોતું. આ અણધારી મુલાકાતથી મને ઘણી હિંમત આવી ને એક અણમોલ સ્નેહસંબંધનો આથી પાયો નંખાયો...'

૧૯૧૬માં મુનશીએ પોતે પોતાની સર્જનકળાના જે બીજા પ્રકારના દાખલારૂપે ગણાવી તે 'પાટણની પ્રભુતા' નામની ૨૦૦ પાનાં અને ૪૭ પ્રકરણોમાં તેમની પ્રથમ ઐતિહાસિક નવલકથા પ્રસિદ્ધ થઈ અને આ 'પાટણની પ્રભુતા' અગાઉની ઐતિહાસિક નવલકથાઓથી એટલી બધી ભિન્ન પ્રકારની શૈલીવાળી, વિવિધ વળાંકોથી શોભતી, ચિત્રવિચિત્ર વહેણોમાં વહેતી પ્રાચીન લુપ્ત સરિતા સરસ્વતી જેવી ધસમસતી કળાકૃતિ બની ગઈ. 'પાટણની પ્રભુતા' પોતે જ ગુજરાતી નવલકથાક્ષેત્રે એક અપૂર્વ ઐતિહાસિક ઘટના બની ગઈ.

એલેક્ઝાંડર ડુમાની પ્રથિતયશ નવલ કાઉન્ટ ઓ મોન્ટી ક્રિસ્ટો જેટલી રસવંતી અને પ્રવાહી વેગે વહેતી 'પાટણની પ્રભુતા'નાં પ્રકરણે પ્રકરણે મુનશીની સર્જકતા કોળી ઊઠી અને તેનાં પાત્રો મીનળદેવી અને મુંજાલ મહેતા, મંડળેશ્વર દેવપ્રસાદ અને હંસા, તેમનો પુત્ર ત્રિભુવનપાલ અને તેની પ્રેયસી પ્રસન્ન માત્ર કથાનાં પાત્રો મટી જીવંત મનુષ્યો બની વિદગ્ધ વાચકની મનોભૂમિ પર એકચક્રી શાસન ચલાવવા માંડ્યાં અને આ મહાગુજરાતીઓ જેને આપ્રાણ ચાહતા હતા, જેને માટે જીવન ન્યોછાવરી કરવા તત્પર હતા તે તેમની માતૃભૂમિ ગુજરાતની અસ્મિતાના પ્રતીકરૂપ રાજધાની અણહિલવાડ પાટણની પ્રભુતાના પયગંબરો બની બેઠા. ૧૯૧૬માં હજુ 'અસ્મિતા' શબ્દને મુનશીએ એટલી ઇજ્જત અર્પી નહોતી ત્યારે પણ તેમના અંતરતમમાં મારું ગુજરાત, હું ગુજરાતનો, ગુજરાતનું ગૌરવ અને મહત્તા એ જ મારું ગૌરવ અને મહત્તા, એ જ મારું જીવન, એ જ મારું સર્વસ્વ - આવું અપૂર્વ અંને અલૌકિક ગુજરાતીપણું આ નવલકથાના પાનેપાને ભરપૂર પ્રકટે છે અને ગુજરાતી

(અનુસંધાન પૃ. ૭૬૦ પર)

સંગીતશાસ્ત્ર-૧૧

હસુ યાજ્ઞિક

સ્વર અને રાગ કેવી રીતે જન્મ્યા ?

સ્વરની ચર્ચામાં આપણે આગળ જોઈ ગયા છીએ કે સ્વર એ નાદની એકથી બમણી બનતી ઊંચાઈના સ્થિત્યંતરો છે. આ ધ્વનિઓ માણસે હવાના સૂસવાટા, વાદળનો ગડગડાટ, વર્ષાની ઝડી; મોર, કોયલ, બપૈયા જેવા પક્ષીઓ; અશ્વ, શ્વાન, ગર્દભ, ઋષભ જેવા પાલતુ પ્રાણીઓ અને સિંહ-વાઘ જેવા હિંસક પ્રાણીઓની ત્રાડ અને ઘુરઘુરાટી જેવા ધ્વનિઓના અનુકરણે સિદ્ધ કર્યા. વાંસને અંદર પ્રવેશેલા જીવડાએ વર્તુળાકારે કોરી ખાધા હોય અને તે વાંસ સુકાય ને તેમાંથી વહેતી હવાને કારણે જાતજાતના નાદ સંભળાય, એમાંથી વાંસળી જેવાં સુષિર વાદ્યોનો જન્મ થયો. સંસ્કૃત મહાકાવ્યોનાં યુદ્ધવર્ણનોમાં ધનુષ્યટંકારના વિવિધ વર્ણનો મળે છે. એના ઘોષથી જ શત્રુઓ નાસે, એવાં આલેખનો અજાણ્યાં નથી. રૂ પીંજવા માટેની પિંજારાની તાંત પર આંગળીનો આઘાત કરી આંદોલિત કરતાં વિવિધ ધ્વનિઓ જન્મે છે, તે જૂની પેઢીના ને હાલ ગ્રામ-તાલુકામાં વસનાર સહુ કોઈને સુપરિચિત છે. આમ, સૂકવેલા આંતરડાનું કે અન્ય કોઈ તંતુ બે છેડેથી ચુસ્ત બાંધેલું હોય ત્યારે તે તંતુને ધ્રુજાવતા વિવિધ નાદ જન્મે છે અને ટર્ર્ ટર્ર્ એવો ધ્વનિ જન્મે છે. સૌરાષ્ટ્રમાં 'ટઈડ પિંજારો' એવો શબ્દ પ્રચલિત છે. જે પોતાનું કામ કરતાં ટરડ ટરડ કે ટઈડ ટઈડ એવો ધ્વનિ કરે છે એવો રૂ પીંજવાવાળો - એવો એનો અર્થ થાય છે. ધનુષ્યમાં પણ બાણ છોડવા માટે તૈયારી કરતાં એની તાંતના એક છેડાને ધનુષ્યની કાઠી વળી જાય એટલી હદે ખેંચીને આંટા લેવામાં આવે છે. આવી તાંત પર આંગળીના સ્પર્શે નાદ જન્મે છે. યોદ્ધાઓ આ રીતે ધનુષ્યની તાંત વગાડે તે ધનુષ્ય-ટંકાર કર્યો કહેવાય. કાળક્રમે એ સમજાયું હશે કે એક આંગળીથી તાંત વગાડીએ છીએ અને ખુલ્લા તાંતનો જે અવાજ જન્મે છે તે અવાજ જો બીજા હાથની આંગળીથી તાંતને જુદા જુદા અંતરે દાબી રાખીએ છીએ તો આ નાદ બદલાય છે. આમાંથી એવું જ્ઞાન મળ્યું કે જેમ જેમ તાંતની લંબાઈ બીજી આંગળીથી નીચેની કે ઉપરની બાજુનો એનો છેડો દબાવીને ઘટાડીએ છીએ તેમ તેમ નાદ ઊંચો જાય છે. આમાંથી જેમ તારની લંબાઈ ઘટે તેમ નાદની આંદોલન-સંખ્યા વધે અને નાદ ઊંચો જાય, એ સિદ્ધાંતની જાણ થઈ. આ સિદ્ધાંતે જ અનેક તંતુવાદ્યો શોધ્યાં. હવે પ્રશ્ન રહ્યો તે નાદને ગુંજતો કરી તેનો અવાજ મોટો કરવાનો. આ માટે નાળિયેરની કાચલી અને તુંબડાનો પ્રયોગ થયો. સારંગી જેવાં વાદ્યોનો વિકાસ કેવી રીતે થયો, તે શ્રી બ્રારે Sarangi, the Stringed Instrument of Indiaમાં સવીગત સંશોધનનાત્મક શાસ્ત્રીય દૃષ્ટિએ દર્શાવ્યું છે, જેની સવીગત જરૂરી ચર્ચા મેં 'ગુજરાતનાં લોકવાદ્યો' (પ્રકાશક : એતદ્ પ્રકાશન)માં કરી છે. મારા 'ગુજરાતી લોકસાહિત્ય' (પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર)માં પણ એ જ વીગતો છે. ધનુષ્યના ટંકારને વાદ્ય રૂપે પ્રયોજવા નીચે મોટું પાત્ર રાખવાની યુક્તિ શોધાઈ. આંગળીથી ટકોરા કરવાને બદલે નાની કાંડીને ગજ જેમ વગાડી ધનુષ્યમાંથી જ વાદ્ય નિષ્પન્ન થયું. શ્રી બ્રારે આપેલી વિગતો અને સંશોધન પ્રમાણે હાલ પણ ભારતની કેટલીક આદિવાસી જાતિઓમાં આવું ધનુષ્યવાદ્ય પ્રચારમાં પણ છે. ધનુષ્યટંકાર અને વાદનના વિવિધ ઉલ્લેખો, એના શિલ્પ-સ્થાપત્યોમાં મળતાં સ્વરૂપો અને તેને આધારે એના આગમનના સમયની પૂર્વસીમા ડૉ. હ. ચુ. ભાયાણી તથા ડૉ. ઢાંકી જેવા વિદ્વાનોએ કરી છે, હજુ વિશેષ સંશોધનો પણ થશે, ત્યારે વિશેષ પ્રકાશ પડશે. બેસવા માટેનાં આસનોનાં નામકરણ તે આસનોનાં લાંછનોને આધારે સિંહાસન, મયૂરાસન થયા તે રીતે 'સારંગી' ઇત્યાદિ વાદ્યનામો તે તે વાદ્ય પર તે તે પશુપક્ષીનાં મહોરાંને કારણે અપાયાં, એ ડૉ. ભાયાણીએ દર્શાવ્યું છે. રાવણહથ્થા - હકીકતે શબ્દના મૂળમાં તો આલંબિત-હસ્ત છે. જે વાદ્ય હાથના આધારે વગાડાય છે તે. જે રીતે રામણદીવો. જે દીવો હાથમાં પકડીને લઈ જઈ શકાય છે તે દીવો. આલંબિત એટલે કે આધારવાળાં, ટેકવેલાં. એમ વાદ્યનું મૂળ નામ તો 'રામણહથ્થો' સંભવે છે, જેના 'રામણ'નું 'રાવણ' થયું અને શિવને પ્રસન્ન કરવા રાવણે પોતાનાં આંતરડાં કાપીને વાદ્ય બનાવ્યું તે રાવણહથ્થો- રાવણનો હાથ, એવી કથામાં પરિણમ્યું. આ કથાના મૂળ પણ કેટલાં જૂનાં છે તે ડૉ. ભાયાણીએ દર્શાવ્યું છે.

આમ, સ્વરોનો અને તે સ્વરો નિષ્પન્ન કરતા ગળાની અવેજીના વાદ્યોનો ઇતિહાસ મળે છે; પરંતુ આ સ્વરોને આધારે વિવિધ રાગો કેવી રીતે રચાયા, ક્યારે રચાયા, 'રાગ' એવા પર્યાયનો પ્રયોગ ક્યારથી શરૂ થયો - આ બધી બાબતો વિશે સંશોધનને અવકાશ છે. નિશ્ચિત સ્વરસમૂહના કુળ માટે આપણે ત્યાં 'મેળ' એવો શબ્દ મળે છે. પછીના તબક્કે થાટ/ઠાટ એવો શબ્દ મળે છે અને મેળ અને થાટ/ઠાટમાંથી વિવિધ રાગો જન્મ્યા છે, એ નિશ્ચિત છે. અથવા તો કેટલાક સામ્યમૂલક રાગોના સ્વરોનું સપ્તક આંશિક રીતે સમાન હોય છે તે રાગોના જૂથને અમુક મેળનો રાગ અથવા અમુક થાટનો રાગ એમ કહી શકીએ.

આમ, મેળ અને થાટ એટલે સ્વરકુળ. જે રાગોના પ્રધાન સ્વરો સમાન હોય તેવા રાગોનું તે પિયર એમ કહેવાય. School, કુળ, વર્ગ, પ્રકાર વગેરેથી આપણને વર્ગીકરણ પદ્ધતિમાં જે અભિપ્રેત છે તે જ મેળ અને થાટનો સામાન્ય અર્થ છે. કોઈક રાગોનું જૂથ એવું છે જેમાં પ્રયોજાતા બધા જ સ્વરો શુદ્ધ છે, તો તે એવો એક વર્ગ થયો, મેળ થયો કે થાટ થયો. કેટલાક રાગો એવા છે જેમાં રે અને ધ કોમળ છે - ભૈરવી-ભૈરવ વગેરે તો બીજો થાટ થયો. ક્યાંક ગ-નિ કોમળ છે, તો એવા રાગોનું કુળ થયું. એ રીતે 'રે' કોમળ 'મા' તીવ્ર અને 'ધ' શુદ્ધ મારવાકુળના રાગો કે 'રે' કોમળ, 'મા' તીવ્ર અને 'ધ' કોમળ પૂર્વીકુળના રાગો થયા.

સામાન્ય રીતે એવું કહેવાય છે કે થાટમાંથી કે મેળમાંથી રાગ જન્મ્યા. એક રીતે તે સાચું છે, પરંતુ એથી જો એમ માનીએ કે એવા મેળ/થાટનું મૂળ અસ્તિત્વ અને તેમાંથી જ એ કુળના રાગોનો જન્મ. તો તાત્ત્વિક રીતે એ ખોટું છે. પ્રતિનિધિનો જન્મ પ્રથમ હોય છે, અને એવા પ્રતિનિધિત્વની સમાનતાનો પ્રકાર તેના સામ્યમાંથી જન્મે છે. ભાષામાં જે પ્રકારનાં પ્રયોગો થતા હોય, એ પ્રકારોનાં સમાન લક્ષણોને આધારે નિયમ તારવી શકાય, કંઈ નિયમ પહેલા જન્મે ને તેને અનુસરીને વાક્યપ્રયોગો થતા નથી. આ વાત પણ એવી જ છે.

હા, મેળની કલ્પના મૂળભૂત અને ગાણિતિક છે. કાળક્રમે એ સમજાયું કે રાગ બાર સ્વરોના જ વિવિધ પ્રકારના સંમિશ્રણો છે. એ પરથી સંગીતશાસ્ત્રીઓએ ગણિતને કામે લગાડ્યું. પૂર્વાર્ધમાં સા, રે, રે, ગ, ગ અને મ એ છ અને ઉત્તરાર્ધમાં મા, પ, ધ, ધ, નિ, નિ એ છ એમ ૧૨ સ્વરોના પરમ્યુટેશન-કૉમ્બિનેશન વિચાર્યાં, અમુક ૨ રે રહે અમુક બાદ થાય તો પૂર્વાર્ધના ૬ × ૬ = ૩૬, અને ઉત્તરાર્ધના ૬ × ૬ = ૩૬ અને પૂર્વાર્ધ-ઉત્તરાર્ધના થઈને ૩૬ + ૩૬ = ૭૨ મેળ દર્શાવ્યા. દક્ષિણી સંગીત-પદ્ધતિના વિદ્વાન પં. વ્યંકટમખીએ આવા ૭૨ મેળ આપ્યા. સત્તરમી સદીમાં સંગીત-પારિજાત, રાગ-વિબોધ જેવા ગ્રન્થોએ જેમાં પાંચ સ્વર, છ સ્વર અને સાત સ્વર અર્થાત્ ઓડવ, ષાડવ અને સંપૂર્ણ સ્વર પ્રયોજાય છે તેવા થાટની ચર્ચા કરી. આ ઠાઠ/થાટ શબ્દ ગુજરાતીને અપરિચિત નથી. ડૉ. ભાયાણીએ સ્પષ્ટ કર્યું છે કે 'હકડેઠઠ ગરદી' જેવા શબ્દ પ્રયોગમાં ઠાઠ/થાટ છે તે સમૂહવાચક અપભ્રંશ શબ્દ છે. ઠાઠા/થાટ એટલે સમૂહ. અપભ્રંશમાં હાથીના સમૂહ માટે કે એવા કોઈ સમૂહ માટે થાટ/થટ્ટ/ઠઠ્ઠ પ્રયોજાય છે. આમ થાટ એટલે સ્વરસમૂહ.

રાગ ઠાટ/થાટમાંથી જન્મે છે, એમ કહેવું સમજાવવા માટે સાચું છે પરંતુ હકીકતે તો એવા સામ્યમૂલક સ્વરસમૂહ ધરાવતા વિવિધ રાગો અસ્તિત્વમાં આવ્યા એ પછી જ એના સ્વરસમૂહની સમાનતા પકડાઈ અને એના વર્ગ પડ્યા. ફરી કહેવાનું કે પ્રકાર પહેલા હોય પછી એનો વર્ગ આવે. હા, વર્ગ બની ગયા પછી અનુષંગે બીજા પ્રકારો એમાં જન્મે. અમુક પ્રયોગોને આધારે કોઈ વ્યાકરણ-નિયમ ઘડાય, ને પછી એ નિયમાનુસાર પ્રયોગો થતા જાય, નવા નવા પ્રયોજાતા-જન્મતા જાય એવું આ પણ છે.

રાગ અને કુળ જેવા મેળ અને થાટ કરતાં પણ પ્રાચીન સંગીત-પર્યાય ગ્રામ અને મૂર્ચ્છના છે. એની વીગતે વિચાર યથાસ્થાને. અત્રે એટલું જ કહેવાનું કે ભરતમુનીએ નાટ્યશાસ્ત્રમાં ગ્રામની ચર્ચા કરી છે.'આથી એ સમયે રાગનો વિભાવ જ ન હતો, એમ માની ન શકાય. પરંતુ બમણા બનતા અવાજના બાર સ્થિત્યંતરોને જો ક્રમશઃ ષડજ માનીને સપ્તક રચાય તો એ સ્વરનું તે ગ્રામ બને. ષડજગ્રામ, ગાંધારગ્રામ અને મધ્યમગ્રામ મુખ્ય મનાયા. વેદકાળમાં ચાર સ્વર છે એમ સ્વીકારાયેલું. તાત્ત્વિક રીતે એ પણ સાચું છે. સા, રે, ગ, મ એ શુદ્ધ મુખ્ય ચાર સ્વરો જ છે. એ પછી ઉત્તરાર્ધના જે પ, ધ, નિ, છે તે આ ચારના જ દોઢ ગણા અને 'સાં' પર પહોંચતા તે મૂળ 'સા'નું બમણું ઊંચું એવાં સ્થાનો છે. હજુ પણ જો 'ટોન'ના નાના એકમને ધ્યાનમાં રાખો તો પાયાના સ્વરો તો ત્રણ જ છે સા, રે અને રે. એટલે કે એક નિશ્ચિત ઊંચાઈનો નાદ, એના પછીનો સેમિટોન અને ટોન. આમ, સા અને રે મુખ્ય સ્વર માનો. રે ને સા માની સેમિ અને ટોન ગ અને ગ આવશે. એમ જે બાર સ્વરો છે તેનું નાનામાં નાનું એક મૂળ નાદ, એનો સેમિટોન અને ટોન એમ ત્રણ છે, જે ક્રમશઃ ઉપર ચડે છે, નીચે ઊતરે છે અને એનું જે સપ્તક રચાય છે તેના પરમ્યુટેશન-કૉમ્બિનેશને, એમાં કેટલાકના સ્વીકારે ને કેટલાકના ત્યાગે ધ્વનિનું નવું જ સ્વરૂપ મળે છે. આવું ધ્વનિનું રંજક રૂપ તે રાગ.

તો પ્રશ્ન એ થશે કે આ રાગો કેવી રીતે જન્મ્યા ? આનો જવાબ છે સમાન એવાં ગીતોના આધારભૂત એવા ઢાળમાંથી. છેક આજ સુધીનું આપણું વલણ કે આપણી લોકવૃત્તિ અને પરંપરા સ્પષ્ટ કરે છે કે કોઈ નવું કર્ણમધુર ગીત અસ્તિત્વમાં આવે છે અને લોકપ્રિય બને છે ત્યારે તે ગીતના ઢાળમાં બીજી અનેક રચનાઓ ગવાતી થાય છે. આવું બને છે ત્યારે મુખ્ય ગીત એ ઢાળનો નિર્દેશ કરે છે : 'મેરા મન ડોલે - એ ઢાળ.' મધ્યકાલીન રાસ-આખ્યાનમાં આવા અસંખ્ય ઢાળો છે અને તે ઢાળના રાગના નિર્દેશો પણ છે. જ્યારે કોઈ ગીત કે તેમાં આવતો ખંડ, એનો કેટલાંક સ્વરજૂથ મધુર લાગે છે ત્યારે એ મ્યૂઝિક-મોટિફ બને છે. એની પરંપરા ચાલે છે. આવાં અનેક ગીતો એમાં ગવાતાં જાય છે. યત્કિંચિત ફેરફારો થાય, વધારા-ઘટાડા થાય પરંતુ મૂળ માળખું જળવાય. આમ થતાં સંગીતશાસ્ત્રીના ધ્યાનમાં આવે કે આ પ્રકારના ઢાળમાં આટલા સ્વરો છે, તે સ્વરોના લાક્ષણિક એવા આટલાં સ્વરજૂથો છે અને તેના સ્વરોના લગાવમાં અમુક લાક્ષણિકતા છે, તેમાં કોઈક સ્વરનું પ્રાધાન્ય છે, એ વારંવાર આવે છે, પ્રયોજાય છે, તેમાં અમુક સ્વરો

તો આવતા જ નથી, આવે તો એ ઢાળનું મૂળ સ્વરૂપ બદલાય છે, અમુક સ્વરો અલ્પ છે અને ક્વચિત્ અમુક રીતે જ પ્રયોજાય છે - આ પ્રકારના પૃથક્કરણે ગીતનો ઢાળ એક રાગ વિશેષ બને છે અને તેનાં લક્ષણો નિશ્ચિત થાય છે. આમ, મોટા ભાગના જે રાગો છે તે કાળક્રમે આવી જ લોકપ્રિય બનેલી લોકધૂનોમાંથી પ્રગટ્યા છે અને આવી લોકધૂનોને, એની પ્રાદેશિક એવી કેટલીક લાક્ષણિકતા હોય છે. રાગના નામમાં ક્યાંક મારુ (મારુબિહાગ) ક્યાં ગુર્જર (ગૂજરી તોડી) ક્યાંક ગૌડ-બંગાળ (ગૌડસારંગ) એવાં પ્રાદેશિક નામો જોવા મળે છે તે આનું ઉદાહરણ છે.

ક્યારેક વ્યક્તિગત પ્રતિભા પ્રચલિત એવા સ્વરજૂથમાં થોડા ફેરફાર કરીને એને નવું રૂપ આપે છે. તોડી, સારંગ, મલ્હાર વગેરેના કેટકેટલા પ્રકારો છે? તેમાં આવા પ્રાદેશિક ગાનની ભિન્નતા છે તો ક્યાંક કોઈ વ્યક્તિનું જ નવું અર્પણ. મિયાંમલ્હાર એ રીતે મલ્હારમાંથી તાનસેને બનાવ્યો. સતત રિયાઝ કરતાં, ગાતાં-વગાડાતાં કોઈ નવાં જ કૉમ્બિનેશન થાય, કર્ણમધુર લાગે, એવા સ્વરને વિસ્તરવાની અને નવો સ્વતન્ત્ર રાગ બનવાની ક્ષમતા હોય ત્યારે કોઈ સંગીતકાર એમાંથી નવો રાગ પણ સિદ્ધ કરે.

આમ, રાગ લોકસંપત્તિનું પરિણામ છે. વ્યક્તિગત પ્રતિભાના સંસ્પર્શે પણ એ જન્મે છે. પ્રદેશે-પ્રદેશે વિસ્તરતા, 'બાર ગઉએ બદલાતી બોલી-ની જેમ એના સ્વરૂપમાં પણ કેટલાક ફેરફાર થતા જાય છે. કુળ, પરંપરા કે ઘરાણા પ્રમાણે એમાં પરિવર્તનો આવે છે. જેમ બોલીમાંથી જ ભાષા જન્મી છે તેમ આવા બૃહદ્ વિશિષ્ટ અર્થના લોકગીતના ઢાળમાંથી જ શાસ્ત્રીય રાગો જન્મ્યા છે અને પછીની ભૂમિકાએ આવા નિશ્ચિત બનેલા રાગનાં સ્વરૂપોમાંથી લોકગીતોએ પણ પ્રેરણા લીધી છે. જે રીતે કંઠપરંપરા અને લિખિત પરંપરા પરસ્પરાવલંબી છે, તેવું જ રાગ પરત્વે લોકગીત અને શાસ્ત્રીય રાગનો સંબંધ છે. પુરૂરવા-ઉર્વશી જેવા માનવ-અપ્સરા કે દુષ્યંત-શકુંતલા જેવા રાજવી અને આશ્રમકન્યાની પ્રેમકથાથી માંડીને તે કૃષ્ણકથા, પાંડવકથા અને રામકથા જેવી મહાકથાઓની તો પહેલાં કંઠપરંપરા જ ચાલી અને ભિન્નભિન્ન કંઠપરંપરાઓના આકલન-સંકલન દ્વારા તે તે કથાઓનું નિશ્ચિત માળખું કૃતિરૂપે કોઈ સર્જક કે સંપાદક દ્વારા સંસિદ્ધ થયું અને આ દ્વૈતીયિક ભૂમિકાની કૃતિએ એ પછી મૂળસ્રોત જેવી કંઠપરંપરાને પણ પોષણ આપ્યું એવું જ લોકગીતના ઢાળ અને તજ્જન્ય રાગ વિશે પણ બન્યું છે. પ્રચલિત એવા લોકઢાળોના પૃથક્કરણે રાગનાં સ્વરૂપલક્ષણો નિશ્ચિત કર્યાં, પ્રદેશે-પ્રદેશે, તે પ્રદેશના ઘરાણે-ઘરાણે એની પરંપરા ચાલી અને એ રાગની અસર વિવિધ પ્રદેશનાં લોકગીતોના વિવિધ ઢાળો પર પણ પડી. વિવિધ એવા આછા-પાતળા પ્રવાહોનો સંમિશ્રિત મુખ્ય પ્રવાહ થાય અને તે ક્યાંક નિચાણવાળી ભૂમિમાં સરોવરનું રૂપ ધરે, ને આ સ્થિર કે બંધિયાર સરોવરનું પાણી જ વહેતા સ્રોતને પણ જરૂર પડ્યે પૂરક જળરાશિ આપે એવો જ કંઠપરંપરા અને લિખિત પરંપરા, લોકસાહિત્ય અને સાહિત્યની પરંપરા, બોલી અને ભાષા તથા લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતનો પારસ્પરિક પૂરક-ઉપકારક સંબંધ છે. એક નિશ્ચિત ભૂમિકાએ આ સંબંધ જન્ય-જનક હોય છે, પરંતુ પછી એનું પારસ્પરિક પ્રદાન એવું સૂક્ષ્મ-સંકુલ હોય છે કે એમાં જનક કયું અને જન્ય કયું, એ સમજવું, તારવવું શક્ય ન બને. પરંતુ એટલું તો નિશ્ચિત છે જ કે ગીતોનાં મધુર એવાં સ્વરજૂથોએ જ મ્યૂઝિક-મોટિફ જન્માવ્યાં અને એમાંથી વિવિધ રાગ-રાગિણી જન્મ્યાં. રાગ-રાગિણીનાં મોટાં ફળ જેવા ગ્રામ, મૂર્ચ્છના, મેળ, થાટ, રાગ અને તેનાં સ્વરૂપલક્ષણો, સમયચક્ર, ઋતુસંબંધ વગેરે વિશે હવે વિગતે આગામી હપ્તાઓમાં જાણીશું. (ક્રમશઃ)

અનુસંધાન] જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી [પૃ. ૭૫૭થી


વાચકને પણ ગૌરવ ને મહત્તાનો પૂજારી બનાવી દે છે. કેટલાકનાં હૈયામાં મુંજાલ મહેતા બનવાની મહત્ત્વાકાંક્ષા જગાડે છે, તો અન્યને હૃદયમાં પ્રસન્નમુખી બનવાની પ્રેરણા જાગે છે. કોઈકને ડુંગર નાયક બનવાનું સૂઝે છે, તો કોઈના કંઠમાં શામળ બારોટની બુલંદ રણહાકો ગાજી ઊઠે છે. ગુજરાતી માત્ર માઈકાંગલા હિસાબખોર 'વાણિયા' મટી વટદાર 'ક્ષત્રિય' બની જાય છે. મુનશીની કલમનો જાદુ મડદાંમાંથી મરદ-માટી ઊભા કરે છે.

આ નવલકથામાં વીરરસના ફુવારાઓ છે. તો સાથોસાથ ભયાનકરસના ભેંકારા પણ ભડકે છે. વચ્ચે વચ્ચે તેની નાટ્યાત્મકતાને રસાળ બનાવતા શૃંગારના રસથાળ પિરસાય છે અને સાથોસાથ હાસ્યરસના હલકારા પણ સુણાય છે. પણ સમગ્ર કૃતિનો પ્રધાન રસ છે રહસ્યરસ. 'હવે શું થશે? આની પછી શું બનશે? એ તો વાંચ્યા વગર આ ચોપડી હાથમાંથી કેમ હેઠે મુકાય?' આવા પ્રશ્નોદ્ગારો રસિક વાચક પાને પાને કરતો જ રહે છે અને આખી રાતનો ઉજાગરો વેઠીને પણ નવલકથાનું અંતિમ વાક્યો : 'તામ્રચૂડધ્વજ સિદ્ધરાજ જયસિંહના મહાન સામ્રાજ્યની શરૂઆત થઈ. સ્વાર્થમાં ઘસડાતા ભિન્ન ભિન્ન નરોનું ધ્યેય માત્ર એક જ થઈ રહ્યું... એ ધ્યેય, એ મંત્ર તે - જય સોમનાથ! જય ગુજરાત!!'નું રટણ કરતો કરતો મહાગુજરાતનાં સ્વપ્નો સેવતો સુખેથી નિદ્રાધીન થાય છે. પંડિતયુગના કેટલાક પુરાણપ્રિય ચોખલિયાઓ સિવાય ગુજરાતી પ્રજા આ પૂર્વાકાશે પ્રગટતા નવોદિત અરુણને વધાવે છે અને તેમની કલમમાંથી ઉષાનાં નવકિરણો જેવી સંતર્પક કૃતિઓ પ્રકટતી રહે તેની રાહ જોવા માંડે છે. □

આઝાદીની સુવર્ણ જયંતી પ્રસંગે
આપણા વિજ્ઞાનીઓ તરફથી અણમોલ ભેટ

ભારતીય રિમોટ સેન્સિંગ ઉપગ્રહો

— પ્રા. સુરેશ ર. શાહ —



રિમોટ સેન્સિંગ એક એવી આધુનિક ટેક્નીક છે કે જેની મદદથી પૃથ્વીની ભૂગર્ભ-સંપત્તિ, વનસંપત્તિ, કૃષિ-ઉત્પાદનો ઇત્યાદિનું સર્વેક્ષણ કરીને તે અંગેની જાણકારી ઝડપથી મેળવી શકાય છે.

ઈ.સ. ૧૮૫૮માં સૌપ્રથમ વાર જી. એફ. તૂર્નશોન નામના એક ફ્રેન્ચ સાહસિકે મોટા ફુગ્ગાની સહાયથી પેરિસ શહેર ઉપર ઉડ્ડયન કર્યું હતું અને શહેરના કેટલાક હવાઈ ફોટોગ્રાફ લીધા હતા. ત્યાર પછી ૧૮૬૨માં અમેરિકાના આંતરવિગ્રહ દરમિયાન લશ્કરી જાણકારી માટે આવા ફુગ્ગાઓ દ્વારા હવાઈ ફોટાઓ લેવાયા હતા. વિશ્વયુદ્ધ દરમિયાન છબીકલાઓનો ઉપયોગ વધતો ચાલ્યો. બીજા વિશ્વયુદ્ધ વેળાએ ઇન્ફ્રારેડ - પારરક્ત - ફોટોગ્રાફીનો પણ ઉપયોગ થયો હતો.

રિમોટ સેન્સિંગ શબ્દનો સૌપ્રથમ પ્રયોગ ૧૯૬૧માં અમેરિકી નૌ-સેનાએ કર્યો હતો. એ પહેલાં તેને હવાઈ ફોટોગ્રાફીનો અભ્યાસ કહેવામાં આવતું હતું. શરૂઆતમાં આવી છબીકલા વિમાનો મારફતે અને પછી કૃત્રિમ ઉપગ્રહો મારફતે કરવામાં આવે છે.

ભારતમાં રિમોટ સેન્સિંગ

બીજા વિશ્વયુદ્ધ બાદ અને શાંતિના સમયમાં આ ટેક્નીક ઝડપથી વિકાસ પામી રહી છે. ખેતીવાડી, હવામાનની જાણકારી - મોસમ, વિજ્ઞાન, વનસંપત્તિ, જળવિજ્ઞાન, ભૂસંપત્તિ સંશોધન જેવાં અનેકવિધ ક્ષેત્રમાં આ નવી ટેક્નીક અતિઉપયોગી માલૂમ પડી છે.

રિમોટ સેન્સિંગને દૂર સંવેદન તરીકે પણ ઓળખાવી શકાય. મહાભારતના યુદ્ધ વેળાએ યુદ્ધભૂમિથી દૂર મહેલમાં બેઠેલા અંધ રાજા ધૃતરાષ્ટ્રને સંજય આ યુદ્ધમાં શું થઈ રહ્યું છે તેનું આબેહૂબ વર્ણન કરતા હતા, કારણ કે સંજય પાસે આ માટેની વિશિષ્ટ દૃષ્ટિ હતી. આપણે રિમોટ સેન્સિંગને 'સંજય દૃષ્ટિ' પણ કહી શકીએ.

અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીનાં સન્માનનીય - ઇમેરિટસ - પ્રોફેસર ડૉ. પી. આર. પિશારોટીને ભારતમાં રિમોટ સેન્સિંગના પિતામહ ગણવામાં આવે છે. અમેરિકાના ઉપગ્રહો દ્વારા લેવાયેલા ભારતના ફોટાઓનો તેમણે અભ્યાસ કર્યો અને આ નવી ટેક્નીકનો તેમણે આપણા દેશમાં ઉપયોગ કર્યો. આવી છબીઓ ઉપરથી કેરાલા રાજ્યમાં થતી નાળિયેરી ને કેળાંની ખેતીના પાકમાં થતો રોગ પારખી શકાયો. તેમણે અને તેમના સાથીઓએ આવી અનેક છબીઓનું અર્થઘટન કર્યું હતું. શરૂઆતમાં અમેરિકન ઉપગ્રહો મારફતે ભારતના વિવિધ વિસ્તારોની છબીઓનો અભ્યાસ અને અર્થઘટન કરાતાં હતાં. હવે તો આપણા પોતાના આવા રિમોટ સેન્સિંગ ઉપગ્રહો અંતરિક્ષમાં ભ્રમણ કરી રહ્યા છે. સતત છબીઓ લઈ તેની જાણકારી ભૂમિ-કેન્દ્રોને પહોંચાડાતી હોય છે. આપણે દૃશ્યમાન પ્રકાશ ઉપરાંત અદૃશ્ય પ્રકાશમાં નજીકના પારરક્ત-ઇન્ફ્રારેડ - વિકિરણો માટેના ઊંચા પ્રકારના કેમેરા અને તે માટેની વિશિષ્ટ ફોટો ફિલ્મો પણ વિકસાવી છે. આપણા સ્વનિર્મિત ઉપગ્રહો અને તે માટેના જરૂરી પેલોડ એટલે કે તેમાં ગોઠવવાના પ્રયોગો અને તે માટેની સામગ્રી વિકસાવી છે. ઉપગ્રહોને અંતરિક્ષમાં તરતા મૂકવા માટેનાં રોકેટો પણ વિકસાવ્યાં છે.





પ્રો. પિશારોટી, PRLના તત્કાલીન અધ્યક્ષ સાથે

શરૂઆતમાં ઓછા વજનના નાના ઉપગ્રહોને અંતરિક્ષમાં મોકલવા માટે સેટેલાઈટના લૉન્ચ વીઈકલ-એસ.એલ.વી.-૩ વિકસાવ્યાં. તેની મારફતે નાના રોહિણ શ્રેણીના ઉપગ્રહો જુલાઈ ૧૯૮૦માં તરતા મૂક્યા હતા.

જોકે વૈજ્ઞાનિક સંશોધનો માટે ભારતમાંથી પીઆરએલના વિજ્ઞાનીઓ મારફતે સૌપ્રથમ રૉકેટ નવેમ્બર ૨૧, ૧૯૬૩ની સાંજે દક્ષિણ ભારતમાં ત્રિવેન્દ્રમ નજીક આવેલા થુમ્બા પરથી છોડવામાં આવ્યું હતું. તેમાં સોડિયમ બાષ્પ મુક્ત થતી હતી. આ પ્રયોગ મારફતે ધરતીથી ૧૦ કિલોમીટર ઊંચાઈ પરના પવનો અને તેનાં તોફાનો અંગેનો અભ્યાસ કરાયો હતો. ત્યાર પછી તો અહીં થુમ્બા ખાતે રૉકેટ પ્રક્ષેપણ કેન્દ્ર વિકસાવાયું અને હવે તેને આંતરરાષ્ટ્રિય રોકેટ પ્રક્ષેપણ કેન્દ્ર તરીકે સમર્પણ કરવામાં આવ્યું છે. હવે બીજાં રાષ્ટ્રો પણ આ કેન્દ્ર ઉપરથી પોતાનાં સંશોધન કાર્યો માટે રોકેટો પ્રક્ષેપિત કરી શકે છે.

રૉકેટ-નિર્માણમાં પ્રગતિ

એસએલવી-૩ રૉકેટ લોન્ચરોમાં અનેકવિધ સુધારાઓ કરાયા અને પરિણામે ઈન્ડિયન પોલર સેટેલાઈટ લૉન્ચ વીઈકલ - ભારતીય પીએસએલવી રૉકેટો તૈયાર કરાયાં છે. જોકે આના પહેલાં રોકેટ પીએસએલવી ડી-૧ મારફતે સપ્ટેમ્બર ૨૦, ૧૯૯૩ના રોજ એક રિમોટ સેન્સિંગ ઉપગ્રહ છોડવામાં આવ્યો હતો પણ તેનું પ્રક્ષેપણ નિષ્ફળ નીવડ્યું હતું. તેની નિષ્ફળતાનાં કારણોના અભ્યાસ ઉપરથી આપણને ઘણું શીખવાનું મળ્યું હતું. ત્યાર પછી સપ્ટેમ્બર '૯૪માં અને માર્ચ '૯૬માં આ શ્રેણીના ડી-૨ અને ડી-૩ પ્રક્ષેપણયાનો સફળતાપૂર્વક છોડવામાં આવ્યાં હતાં. આમ, વિજ્ઞાનીઓએ નિષ્ફળતાને સફળતાના સોપાનમાં પલટાવી નાખી હતી.

ખાસ રિમોટ સેન્સિંગ માટે જ તૈયાર કરાયેલા આઈઆર-એસ શ્રેણીના આપણે કુલ ચાર ઉપગ્રહોને અંતરિક્ષમાં મોકલ્યા છે. માર્ચ ૧૯૮૮માં રશિયાના પ્રક્ષેપણ કેન્દ્ર ઉપરથી રશિયન રૉકેટ લૉન્ચર મારફતે આઈઆરએસ-૧-એ મોકલ્યો હતો. ત્યારબાદ આઈઆરએસ ૧-બી ઑગસ્ટ ૧૯૯૧માં અને આઈ-સી ડિસેમ્બર ૧૯૯૫માં રશિયાના લૉન્ચર મારફતે રશિયામાંથી જ અંતરિક્ષમાં ગોઠવાયા હતા. હાલમાં આ બંને રિમોટ સેન્સિંગ ઉપગ્રહો સુસ્પષ્ટ ચિત્રો અને ભરપૂર જરૂરી માહિતી મોકલે છે. આ ઉપગ્રહો મારફતે આપણે આપણી ભૂસંપત્તિ, વનસંપત્તિ, જળસંપત્તિ, ખેતીવાડી વગેરે અંગે જરૂરી માહિતી તો મેળવીએ છીએ જ, ઉપરાંત બીજા દેશો માટે વેપારી ધોરણે તેમને જરૂરી સર્વેક્ષણ કરી આપીએ છીએ અને એ રીતે કિંમતી વિદેશી હૂંડિયામણ કમાઈએ છીએ. વચ્ચે થોડા સમય માટે અમેરિકાના આવા ઉપગ્રહમાં ત્રૂટી ઊભી થઈ હતી અને તેમને જરૂરી જાણકારી મળતી નહોતી તેવી વેળાએ તેમને આપણે વેપારી ધોરણે જરૂરી માહિતી બારોબાર ત્યાં જ મળે તેવી વ્યવસ્થા કરી આપી હતી. આ આપણા રિમોટ સેન્સિંગ ઉપગ્રહોની વિશ્વસનીયતા દર્શાવે છે.

અદ્ભુત સિદ્ધિ

ચાલુ વર્ષે સપ્ટેમ્બર ૨૯, ૧૯૯૭ના રોજ ભારતે પોતાની ભૂમિ ઉપરથી સંપૂર્ણ સ્વદેશી બનાવટના પીએસએલવી સી-૧ રૉકેટ મારફતે પોતાનો સ્વનિર્મિત સ્વદેશી રિમોટ સેન્સિંગ ઉપગ્રહ આઈઆરએસ ૧-ડીને પૂર્વનિર્ધારિત સમયે સફળતાપૂર્વક અંતરિક્ષમાં મોકલી આપ્યો અને એ રીતે સ્વતંત્રતાની આ સુવર્ણજયંતીના વર્ષમાં પોતાની યશકલગીમાં એક વધુ સુંદર પીછું ગોઠવ્યું છે.

'શાર' - Sharના ટૂંકાક્ષરી નામથી ઓળખાતા શ્રી હરિકોટા અંતરિક્ષ પ્રક્ષેપણ મથકેથી ૪૫ મીટર ઊંચા અને અંદાજી ૨૫૦ ટન વજનનાં તથા ચાર તબક્કાના આપણા પીએસએલવી-સી-૧ રૉકેટ દ્વારા ૧૨૦૦ કિલોગ્રામ વજનના આ ઉપગ્રહને પૂર્વ-નિર્ધારિત સમયે સવારે ૧૦ કલાક ૧૭ મિનિટે અંતરિક્ષમાં છોડવામાં આવ્યો હતો. માત્ર ૧૮ મિનિટમાં જ તે પૃથ્વીથી ૮૧૭ કિલોમીટરની ઊંચાઈએ ધ્રુવીય પરિભ્રમણ કક્ષામાં મુકાઈ ગયો હતો અને ગણતરીના કલાકોમાં તે કાર્યરત બન્યો હતો.

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા ઇસરોના બૅંગલોર સ્થિત જનસંપર્ક વિભાગના નિયામકશ્રીએ એક અખબારી મુલાકાતમાં જણાવ્યા પ્રમાણે આ અંતરિક્ષ મિશનનો કુલ ખર્ચ રૂ. ૧૨૦ કરોડ જેટલો છે. તેમાંથી અડધો ખર્ચ રૉકેટ પાછળ અને બીજો અડધો ખર્ચ ઉપગ્રહ પાછળ થશે. આ ઉપગ્રહનું આયુ ૩ વર્ષનું અંદાજવામાં આવ્યું છે, પણ એથી પણ વધુ પાંચ વર્ષ કે તેથી અધિક સમય સુધી તે કાર્યરત રહે તેવી પૂરી શક્યતા છે. આવા ઉપગ્રહમાં મુકાયેલા કેમેરા સતત પૃથ્વી તરફ નજર રાખે તેમ ગોઠવાયેલા હોય છે. ઉપગ્રહ તેના ગતિપથથી જરા પણ આઘોપાછો જાય તો તેને નિયત સ્થાને લાવવા માટે તેમાં અગિયાર જેટલાં નાનાં રોકેટો-થ્રસ્ટર્સ-રાખવામાં આવ્યાં છે. તેને નીચેના ભૂમિકેન્દ્ર ઉપરથી ચાલુ કરતાં તે ઉપગ્રહને હળવા ધક્કા મારીને તેને સુયોગ્ય સ્થાને લાવી શકે છે.

અને વિજ્ઞાનીઓ ઝૂમી ઊઠ્યા

રોકેટના એક પછી એક તબક્કા છૂટા પડતા ગયા અને અંતે ચોથો તબક્કો ફૂટ્યો અને ઉપગ્રહ રૉકેટથી છૂટો પડી તેના નિર્ધારિત ગતિપથ ઉપર આગળ વધતો હતો. આ વેળાએ ઇસરોના અધ્યક્ષ ડૉ. કસ્તુરીરંગન અને તેમના સાથી વિજ્ઞાનીઓ ખુશાલીમાં ઝૂમી ઊઠ્યા હતા. ત્યારના આપણા વડાપ્રધાન શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલ જેઓ આ પ્રસંગે પ્રત્યક્ષ હાજરી આપવા આવ્યા હતા તેમણે ડૉ. કસ્તુરીરંગનને અને તેમના સાથીદારોને ખૂબ ખૂબ

શુભેચ્છાઓ પાઠવી હતી અને પ્રોત્સાહિત કર્યા હતા. દૂરદર્શન તરફથી આ અંતરિક્ષ ઉડ્ડયનનું જીવંત પ્રસારણ કરાયું હતું તેથી દેશભરનાં દર્શકો પણ આ ખુશાલીમાં ભાગીદાર બન્યાં હતાં. સૌએ રાષ્ટ્રની આ સિદ્ધિ માણી હતી અને સૌ ખુશખુશાલ હતાં.

પ્રારંભિક મુશ્કેલીઓ અને તેનું નિવારણ

જોકે અહીં પણ થોડી પ્રારંભિક મુશ્કેલીઓ ઊભી થઈ હતી. વિજ્ઞાનીઓના જીવ તાળવે ચોંટ્યા હતા. પણ તેનુંય નિવારણ કરવામાં આવ્યું હતું. સૂર્યની સમક્રમિક ધ્રુવીય ભ્રમણકક્ષામાં આ ઉપગ્રહે ભ્રમણ કરવાનું હતું. પૃથ્વીથી ૮૧૭ કિલોમીટરના અંતરે રહીને તેણે વર્તુલાકાર કક્ષામાં પ્રદક્ષિણા કરવાની હતી. તેને બદલે તેણે દીર્ઘ વર્તુળાકાર કક્ષામાં ભ્રમણ શરૂ કર્યું. આ વેળા તેનું પૃથ્વીથી લઘુતમ અંતર ૩૦૦ કિલોમીટર અને મહત્તમ અંતર ૮૧૭ કિલોમીટર રહેતું. હકીકતમાં તે પૃથ્વીથી એકસરખા ૮૧૭ કિલોમીટરના અંતરે રહેનાર હતો. તેના બદલે તેનું અંતર બદલાતું હતું. બૅંગલોરથી ૧૫૦ કિલોમીટર દૂર હસન ખાતે આવેલા માસ્ટર કંટ્રોલ ફેસિલિટિમાંથી ઇસરોના ઇજનેરોએ તેની ૧૭મી પ્રદક્ષિણા દરમિયાન પાંચ મિનિટ માટે ઉપગ્રહ ઉપર રખાયેલાં થ્રસ્ટર રૉકેટો ચાલુ કર્યાં અને તેની કક્ષાની નાની ત્રિજ્યા ૩૦૦ ને બદલે હવે ૩૬૫ કિલોમીટર કરાઈ. ત્યાર પછી ફરી વાર આવાં થ્રસ્ટર રૉકેટો ચાલુ કરી તેને ધીરે ધીરે વર્તુળાકાર ભ્રમણકક્ષામાં ઘૂમતો કર્યો. હકીકતમાં રૉકેટના ચોથા તબક્કામાં જ્યારે આ ઉપગ્રહ રૉકેટથી છૂટો પડ્યો ત્યારે તેનો વેગ પ્રતિ સેકન્ડે ૭૪૪૦ મીટરનો હોવો જોઈતો હતો તેના બદલે તે ૧૩૦ મીટર ઓછો હતો. આથી તેની ભ્રમણ કક્ષા ગણતરી કરતાં થોડી નીચી રહી હતી, જેને પાછળથી આવી રીતે સુધારીને તેને યોગ્ય કક્ષામાં ઘૂમતો કરાયો હતો.

આ ઉપગ્રહની વિશિષ્ટતાઓ

આ ઉપગ્રહમાં ત્રણ કૅમેરા ગોઠવ્યા છે, જે ધરતી ઉપરનાં વિમાનઘરોમાં પડેલાં વિમાનોનાં સ્પષ્ટ ચિત્રો લેવાને શક્તિમાન છે. આ કૅમેરાઓની ડિઝાઈન અને રચના અમદાવાદ-સ્થિત અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર SACમાં તૈયાર કરવામાં આવી છે. વિશ્વભરમાં સારા ઉપગ્રહોમાં આવા જ કૅમેરા વપરાય છે અને આપણા બનાવેલા આ કૅમેરા પણ 'વર્લ્ડ ક્લાસ' કક્ષાના છે. તેનાથી મેળવાતી છબીઓ અતિસૂક્ષ્મ તેમજ અતિવિરાટ આયોજનમાં ઉપયોગી થાય તેવી સુસ્પષ્ટ છે. આ ઉપરાંત તેમાં મળતા ડેટાના ઇલેક્ટ્રિકલ સંકેતોને કમ્પ્યૂટર ટેપ-પટ્ટીઓમાં અને છબીઓમાં ઉપગ્રહમાં જ રૂપાંતર કરવાની વ્યવસ્થા કરાઈ છે. આ પણ અત્રેના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્રમાં ૧૬ મહિનાના અથાગ પ્રયોગોને અંતે વિકસાવાઈ છે.

તેના કૅમેરા આટલે ઊંચેથી જે છબીઓ લે છે તેમાં ધરતી ઉપર ૫.૮ મીટર દૂર પડેલી કોઈ બે વસ્તુઓ પણ છૂટી પાડી ભિન્ન દર્શાવી શકે છે. પ્રત્યેક છબીમાં ૮૧૦ કિલોમીટર વિસ્તાર આવરી લેવાય છે અને આ રીતે ૫ દિવસમાં ભારતના દ્વારિકાથી અગરતલા અને કાશ્મીરથી કેરાલાના સમગ્ર વિસ્તારોને આવરી લેવાય છે. ૧૦૧.૩૫ મિનિટમાં તે પૃથ્વીનું એક પરિભ્રમણ પૂર્ણ કરે છે અને આવી રીતે ૨૫ દિવસોમાં ૩૪૧ પરિભ્રમણો પૂર્ણ કરીને પૃથ્વીના સમગ્ર વિસ્તારોને આવરી લેશે. અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર, અમદાવાદમાં ઉપગ્રહ માટેના ત્રણ કૅમેરા વિકસાવ્યા છે એટલું જ નહિ, પણ તેના દ્વારા મળનાર અવલોકનોનું સુયોગ્ય અર્થઘટન કરવાની પદ્ધતિ પણ અહીં વિકસાવી છે.

હવે પછીનું આયોજન

આજની આ સિદ્ધિ પછી ભારતે વિશ્વના ઉચ્ચ ટેકનોલોજિ ધરાવતા દેશોમાં પોતાનું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. ભારતે આગામી વર્ષે દક્ષિણ કોરિયા માટે તેનો ૧૧૦ કિલોગ્રામનો ઉપગ્રહ અંતરિક્ષમાં ગોઠવી આપવાનો કરાર પણ કર્યો છે અને એ રીતે ઉપગ્રહ-બજારમાં પ્રવેશ કર્યો છે. ભારતનો અંતરિક્ષ બજારનો આ સૌપ્રથમ વેપારી કરાર છે. આમ, વૈશ્વિક બજારમાં અન્ય પ્રગતિશીલ રાષ્ટ્રોની હારોળમાં ભારત આવી ગયું છે. એક હેવાલ પ્રમાણે ભારતે ૪૦૦ થી ૫૦૦ કિલોગ્રામના ઉપગ્રહને અંતરિક્ષમાં તરતો મૂકી આપવા માટે અન્ય દેશો પાસે ૧ થી ૧.૫ કરોડ ડૉલરની કિંમતની જાહેરાત કરી છે.

વળી, હવે ભારતના ચાર રિમોટ સેન્સિંગ ઉપગ્રહો અંતરિક્ષમાં સ્થિત થતા તેને ચોવીસે કલાક હવામાન, ભૂગર્ભ-સંપત્તિ, જળસંપત્તિ, વનસંપત્તિ, ખેતીવાડી અને કૃષિ-ઉત્પાદનો અંગેની જાણકારી તથા દુશ્મનોની હિલચાલ અંગે માહિતી મળતી રહે છે. આ ઉપરાંત ઇસરોના વ્યાપારી વિભાગ - અંતરિક્ષ કૉર્પોરેશન અમેરિકા સ્થિત ઇઓસેટ (EOSAT) સાથે કરાર કર્યા છે, જે મુજબ ભારતીય રિમોટ સેન્સિંગ ઉપગ્રહોની જાણકારી વિશ્વબજારમાં વેચી આપશે અને તેના ગ્રાહકો મેળવી આપશે. આ પહેલાંએ એશિયાના કેટલાયે વિસ્તારો માટે જરૂરી વિવિધ સર્વેક્ષણ કાર્યો વેપારી ધોરણે કર્યાં છે અને તે માટે ત્યાં સ્થાનિક માણસોને તાલિમ પણ આપી છે.

ખર્ચની દૃષ્ટિએ ભારત અમેરિકા, ફ્રાંસ કે રશિયા કરતાં વધારે સાનુકૂળ હોવાથી બહુરાષ્ટ્રિય કૉર્પોરેશનો હવે આવાં કામ માટે ભારતને પસંદ કરે તેવી શક્યતા રહેલી છે. થાઈલૅન્ડ, તાઈવાન, કોરિયા, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા વગેરે રિમોટ સેન્સિંગ ઉપગ્રહોના સંભવિત ગ્રાહકો મનાય છે.

અમેરિકાના અંતરિક્ષ વિજ્ઞાન અંગેના એક સામયિકે ભારતની આ સિદ્ધિઓને બિરદાવતાં તેને 'જ્યૂઅલ ઇન ધ ક્રાઉન' મુગટમાંના મણિ સાથે સરખાવી છે. □

ગુણવંતી

— અમૃત પટેલ —

'સાંજની ગાડી આવવાને હજી કેટલી વાર છે?' ગળામાંથી કફ કાઢવાની ચેષ્ટા કરતો ભૂપત બોલ્યો.

'જો સમયસર હશે તો પંદર મિનિટમાં જ આવી પહોંચશે.' પત્ની બોલ્યાં.

'અને હા, રમણ પાછો ગાડું લઈને નીકળી ગયો છે ને... નહીંતર સ્ટેશનથી સામાન સાથે આવવાની તકલીફ ઊભી થશે.' ભૂપતને દીકરીની ચિંતા થઈ આવી.

'હા, રમણભાઈ તો ક્યારનાય નીકળી ગયા છે.'

ભૂપતના ચહેરા ઉપર આજ તેજ વર્તાતું હતું. વરસોની વિખૂટી પડેલી દીકરીના મિલાપનું તે કારણ હતું.

કેટલાંય વરસો બાદ આજ ગુણવંતી એ ધરતી ઉપર આવી રહી હતી જેનાં રજકણ હજી પણ એના સ્મૃતિપટ ઉપર તાજાં જ હતાં. ગુણવંતીના મનમાં કંઈ કેટલાં વમળો ઊમટી પડ્યાં હતાં... કેવું લાગતું હશે એ ગામ જ્યાં તે પા... પા... પગલી ભરીને મોટી થઈ હતી, યુવાનીના સોનેરી દિવસો પસાર કર્યા હતા...

મીટર ગેજવાળી નાની રેલગાડીમાં ગુણવંતી તેના નાના એવા પરિવાર સાથે આવી રહી હતી. આ પરિવાર એટલે એનો એકનો એક પુત્ર હર્ષ!

ગુણવંતીને તેનું નાનકડી ટેકરીની બાજુવાળું ઘર સાંભરી રહ્યું હતું. ગાડી એકસરખી ગતિથી આગળ ધપી રહી હતી. ગુણવંતી તેમાં દીકરા હર્ષ સાથે બારી નજીક બેઠી હતી.

ગુણવંતીની નજર બારી બહાર દૂર એક ટેકરીનાં લીલાંછમ વૃક્ષો ઉપર પડી. આ વૃક્ષોને કારણે તે આખી ટેકરીએ જાણે મહેંદી મૂકી હોય તેવી હરિયાળી હરિયાળી લાગતી હતી! ચાલતી ગાડીની ગતિને કારણે દૂરનું એ દશ્ય ગુણવંતીની આંખમાં સ્થિર બની રહી ગયું. ટેકરીની ઉપર એક નાની સરખી વાદળીનો પડછાયો ધીમે ધીમે પેલાં હરિત વૃક્ષો સાથે જાણે સંતાકૂકડી રમતો હોય તેમ અલપ-ઝલપ સરકી રહ્યો હતો. ગુણવંતીએ જેવું એ દશ્ય જોયું કે તરત જ એને તે શીતળ વાદળીની છાયા જેવો સ્નેહ વરસાવતા પિતા યાદ આવી ગયા...

અત્યારે તેઓ કેવા હશે...? શું કરતા હશે...? આ વિચારે ગુણવંતીના માનસ ઉપર બાલ્યાવસ્થાનાં સંસ્મરણો તરી આવ્યાં.

આ વાદળીની જેમ જ તે એના પિતાના બાગમાં નાનકડી વાદળી બનીને ઊછળતી-કૂદતી ઊછરી રહી હતી.

ગાડી નાના ગામના સ્ટેશને આવી ઊભી રહી. રમણકાકાએ માલસામાન ગાડામાં ગોઠવ્યો. ગુણવંતી અને હર્ષને લઈ ગાડું ગામ તરફ હંકારી દીધું.

બળદના ગળામાં બાંધેલા ઘૂઘરાના મધુર અવાજે ગાડું ઊપડ્યું. હર્ષ ગામડે પહેલી વાર આવ્યો હતો. તે ગામડાનાં અવનવાં કુદરતી દશ્યો જોવામાં મશગૂલ બની ગયો હતો.

દૂર દૂર ક્ષિતિજમાં એકલદોકલ વિહંગો વિહરી રહ્યાં હતાં. આકાશ પણ કેટલું સ્વચ્છ! સાંજ જાણે ગુણવંતીના પાલવ જેવી ગુલાબી રંગે રંગાયેલી હતી. ગગનમાં ક્યાંક કેસરી તો ક્યાંક ગુલાબી, ક્યાંક ખુલ્લું આશમાની આકાશ અને તે સાથે ડૂબતો સૂરજ.

તળેટીના કિનારેથી ગાડું પસાર થઈ રહ્યું હતું. પશ્ચિમમાં ડૂબતો સૂરજ જુદી જુદી આકૃતિ રચી રહ્યો હતો. ક્યારેક તે સિંદૂરી ગોળામાં એકાદ નાની વાદળી ભરાઈ જતી અને આગળપાછળ સંતાકૂકડીની રમત રમતી નજરે પડતી. તે ડૂબતા સૂરજની શોભામાં વૃદ્ધિ કરી રહી હતી. હર્ષ માટે આ પહેલી વારનો લહાવો હતો. તે મન મૂકી માણી રહ્યો હતો.

ગુણવંતી રમણકાકા સાથે ગામની વાત કરી રહી હતી. ગુણવંતી નાની હતી તે સમયથી રમણકાકા ભૂપતને ત્યાં ખેતીનું કામકાજ સંભાળતા હતા. એટલે ગુણવંતીએ રમણકાકા પાસેથી બાલ્યાવસ્થાનાં કંઈ કેટલાંય સંસ્મરણો તાજાં કર્યાં.

બળદગાડું તળેટી વટાવીને ગામ તરફ આગળ વધી રહ્યું હતું. ત્યાં ગુણવંતીની નજર એ ખીણ પર પડી. ખીણના કિનારે પડેલો એક શિવલિંગ આકારનો મોટો પથ્થર હજી પણ એ જ સ્થિતિમાં પડ્યો હતો. પથ્થરની ફરતે ભૂખરા રંગની વેલ વળગી રહી હતી. ગુણવંતી તે નિહાળી રહી.

યુવા વયે પહોંચેલ ગુણવંતી તે દિવસે આ રીતે જ શિવલિંગની આકૃતિવાળા પથ્થરની બાજુમાં બેઠી હતી. આજે ગાડામાંથી તે પથ્થરને નિહાળી રહી હતી.

ગુણવંતીને તે દિવસ સાંભરી રહ્યો હતો. પહેલી વાર આ તળેટી ઉપર જ તે વિનયને એક ઢળતી સાંજે મળી હતી. આગંતુક બનીને આવેલ ઊંચો અને મજબૂત બાંધાનો ગોરો યુવાન એના જીવનનો સાથી બની ગયો...

આ તરફ ભૂપત માટે એક એક ક્ષણ જાણે એક એક વરસ જેવી બની ગઈ હતી. ગુણવંતીને જોવા તેની વૃદ્ધ આંખ કેટલાં વરસોથી તરસી રહી હતી! કેવી દેખાતી હશે? ઇંગ્લૅંડની હવામાં તો મારી દીકરી મેમસા'બ જેવી બની ગઈ હશે! ભૂપતના ચહેરા પર હાસ્યની હળવી લહેર દોડી આવી.

ભૂપત આજે ઉંમરના કારણે પથારીવશ થઈ ગયો હતો. સહારા વિના ઊભા થઈ શકાતું ન હતું. તેમ છતાં વારંવાર ઊભા થવાની ચેષ્ટા કરી રહ્યો હતો.

આટલાં વરસે ભૂપત પત્ર દ્વારા દીકરીનાં ખબર-અંતર જાણી લેતો, પરંતુ પ્રત્યક્ષ મળ્યાને તો આજ સત્તર વરસ વહી ગયાં હતાં!

ભૂપતની તબિયત એકાએક લથડી જતાં અંતિમ દિવસોમાં ગુણવંતીને મળવાની ઇચ્છા થઈ આવતાં એક ખાસ સંદેશો પાઠવીને ગુણવંતીને બોલાવી હતી. પિતાની અંતિમ ઇચ્છાને ગુણવંતી ટાળી શકે તેમ ન હતી, અને આ વાત ભૂપત બરાબર જાણતો હતો.

ભૂપત ઉચાટભર્યા મને ખાટ ઉપર પડ્યો પડ્યો ગુણવંતીની રાહ જોઈ રહ્યો હતો. તે સાથે ઘરના આંગણામાં હસતીરમતી નાની ગુણવંતી ભૂપતના માનસપટ ઉપર તરવરી રહી.

એક સાંજે ભૂપત તે ટેકરીએ પ્રકૃતિના ખોળે લટાર મારવા માટે નીકળ્યો હતો. ભૂપત તેની નવરાશની પળો પ્રકૃતિનાં સુંદર મઝાનાં દશ્યો નિહાળવામાં જ વિતાવતો હતો.

લગ્નને કેટલાંય વરસો પસાર થયાં છતાં ઘરમાં કોઈ સંતાન ન હતું. તેથી આ પ્રકૃતિના ખોળે અવનવાં દશ્યો દેખી તેમાં સંતાન શોધી રહ્યો હતો !

નિત્યક્રમ મુજબ ભૂપત એક સાંજે નિર્ધારિત જગ્યાએ જઈ ડૂબતા સૂરજને તથા માળામાં પાછાં ફરતાં પંખીઓની કતારને જોઈ રહ્યો હતો. આ બધામાં રોજ તે કાંઈક ને કાંઈક નવીન શોધવાનો પ્રયત્ન કરતો. શિવલિંગ આકારના વિશાળ પથ્થર પાસે બેઠા બેઠા દૂર-સુદૂર ક્ષિતિજમાં ડૂબતા સૂરજના અવનવા આકારો જોઈ એ આકાશના અવનવા બદલાતા રંગોથી એની ભાવપીંછી વડે માનસપટ ઉપર એક ચિત્ર અંકિત કરી રહ્યો હતો. ત્યાં એક નવજાત બાળનો રડવાનો અવાજ વાતાવરણમાં ગુંજ્યો! પહેલાં તો તેને આ અવાજનો આભાસ થતો લાગ્યો. પ્રકૃતિના ખોળામાંથી સંતાન શોધવાની તેની અભિલાષાને કારણે આ મતિભ્રમ થતો જણાયો. તેથી અવાજની દિશામાં ખાસ લક્ષ્ય આપ્યું નહીં અને પેલાં અવનવાં રંગીન દશ્યોમાંથી કંઈ કેટલીયે આકૃતિ રચવામાં ફરી પાછો પ્રવૃત્ત બની ગયો. સૂરજ ડૂબી રહ્યો હતો. હવે પેલા નવજાતનો રડવાનો અવાજ થોડો ઊંચો ગયો. એટલે ભૂપત જ્યાં બેઠો હતો ત્યાંથી ઊભો થઈ અવાજની દિશામાં ગયો. મોટા શિવલિંગ આકારના પથ્થરની બાજુની બખોલમાં સફેદ કપડામાં વીંટળાયેલું એક તાજું જન્મેલું બાળક નજરે પડ્યું. રક્તના ડાઘ હજી પણ તેની ફરતે દેખાતા હતા!

ભૂપતે આજુબાજુ જોયું. કોઈ નજરે ચડતું ન હતું. થોડી ક્ષણ માટે ભૂપત મૂંઝાયો. ત્યાં વેદનાગ્રસ્ત બાળકે ફરી રડવાનું શરૂ કર્યું. કુદરતપ્રેમી ભૂપત આ વેદનાભર્યું રુદન સહન ન કરી શક્યો. તેણે બાળકને ઉઠાવી લીધું...

નવજાત બાળકને લઈ ક્યાં જવું તે ભૂપતને કાંઈ સૂઝતું ન હતું. ગામ નાનું એટલે વાત પવનવેગે વહી જાય તે ભૂપત જાણતો હતો. ગામની પોલીસ ચોકીમાં આ બાળકને પોલીસના હવાલે કરવાનો એક વિચાર મનમાં આવ્યો અને તરત બીજી જ ક્ષણે તે કંપી ઊઠ્યો... 'ના... ના... આ બાળકને ચોકીમાં આજે ભૂખ્યું-તરસ્યું રાખશે અને કાલ સવારે શહેરમાં અનાથ આશ્રમમાં મોકલી આપશે.'

ભૂપત મનોબળ એકઠું કરી એક નિર્ણયભર્યું પગલું લઈ ઘર તરફ ચાલી નીકળ્યો. નમતી સાંજે પશુ-પંખીઓનો કલરવ વાતાવરણમાં ગુંજી રહ્યો હતો. ભૂપતના મનમાં અનેક પ્રશ્નો ઊઠતા અને શમી જતા. કોણ હશે આ નવજાતનાં માતાપિતા? કેટલાં નિષ્ઠુર બનીને આ ફૂલને આ રીતે આમ...!!

વિચારમાં ને વિચારમાં ભૂપત ઘરના દરવાજા પાસે ક્યારે પહોંચી ગયો તેની પણ તેને ખબર રહી નહીં.

તાજા જન્મેલા બાળકને ઘરના ખાટલામાં મૂકતાંવેંત અચાનક જ એકલતાનો ભય અનુભવતું હોય તેમ ઊંઆ... ઊંઆ... આ...ના અવાજથી શાંતિનો ભંગ થયો. રસોડામાંથી ભૂપતનાં પત્ની દોડતાં બહાર આવ્યાં ને આ ફૂલને જોઈ ચકિત બની ગયાં !!

ભૂપતે માંડીને વાત કરી. પત્નીએ નવજાતને નવશેકા પાણીના કપડાથી સાફ કરી નવા કપડામાં ઢબૂરી દીધું ! રમણભાઈએ દૂધની વ્યવસ્થા કરી અને કેટલાય સમયના ભૂખ્યા આ બાળને અમૃત મળતાં તૃપ્ત બની નિદ્રાધીન બની ગયું. ભૂપત અને તેનાં પત્ની હસતે ચહેરે એકબીજાંને જોઈ રહ્યાં.

દિવસો અને રાત્રી ત્યાર પછી વીતતાં ગયાં. બીજમાંથી અંકુર અંકુરમાંથી છોડની જેમ વધતાં આજે ગુણવંતી એક સોહામણી ફૂલવેલ બની ગઈ હતી. ગુણવંતી કોઈ પરાઈ કન્યા છે, કુળ કે ઘરબાર વગરની માતાપિતાથી ત્યજાયેલ કન્યા છે, તે વાત સમયવિલીન સ્મૃતિ સરખી થઈ ગઈ હતી. આજ ગુણવંતીના દેહ પર વસંત મહેકી ઊઠી હતી.

અને એક દિવસ તે પણ આવીને ઊભો રહ્યો. લગ્નનો સમય થયો. દિવસો જેના વીત્યા વીતતા નહોતા એ સાંજ તે દિવસે જલદી પડી. લગ્નની વિધિ પૂરી થઈ. નવદંપતી પિતાને પગે લાગ્યાં. માતા-પિતાની આંખમાંથી ગરમ આંસુની ધાર છૂટી. ભૂપત ભારે હૃદયે એટલું બોલ્યો; 'સુખી થાઓ, બેટા.'

અને ગુણવંતી ઘરનાં પગથિયાં ઊતરી ગઈ. નવદંપતીને પતિ-પત્ની દુઃખી હૃદયે જોઈ રહ્યાં.

નાનકડા ગામમાં રિસર્ચ માટે આવેલ વિનય, ગુણવંતી

સાથે લગ્ન કરીને થોડા જ મહિના બાદ ગુણવંતી સાથે ઇંગ્લંડની એક મોટી કંપનીની ઑફર મળતાં ત્યાં સ્થિર થયો. ગુણવંતીને પિતાથી અલગ થયાની વેદના વારે વારે થઈ આવતી, પરંતુ વિનયના ઉજ્જવળ ભાવિને લીધે પતિ સાથે તે ઇંગ્લંડ ચાલી ગઈ.

ગુણવંતી અવારનવાર ત્યાંથી પિતાને પત્ર મારફતે મળી લેતી. આજે ફરી ભૂપતને ગુણવંતીના પત્રો સાંભરી આવ્યા. બાજુમાં પડેલી ડાયરીને ધ્રૂજતા હાથે ઉપાડી ડાયરીમાંથી એક પત્ર લઈ વૃદ્ધ આંખ ફેરવી રહ્યો હતો. પત્ર ગુણવંતીના પુત્રના જન્મ અંગેની જાણ કરતો હતો...

"પરમ પૂજ્ય પિતાજી તેમજ બા,

પત્ર પાઠવતાં હર્ષ અનુભવી રહી છું. ઘેર તમે સૌ કુશળ હશો એવી અંતરની અભિલાષા. રમણકાકાને મારાં ખાસ સંભારણાં.

પિતાજી, અહીં અમારાં બે વચ્ચે એક નાનકડા મહેમાનનું આગમન થયું છે. તમારા દૌહિત્રનો જન્મ થયો છે. તબિયત સારી છે. વિનયે તમને સૌને યાદ પાઠવી છે. પિતાજી એ શબ્દ આજે પણ મારા કાને ગુંજી રહ્યા છે, જે દિવસે મારા જન્મ અંગેની સઘળી કથા તમે મને હૃદય પર પથ્થર રાખીને જણાવી હતી. જ્યારે હું સાવ ભાંગી પડી હતી ત્યારે તમે મને કહ્યું હતું : 'ગુણવંતી બેટા, છોડ ક્યાં ઊગ્યો છે, કોણે તેની માવજત કરી છે, એનું મહત્ત્વ નથી. ફૂલની ઓળખ એની સુગંધ. તું જ્યાં જશે ત્યાં મહેકી ઊઠશે.' અને તમારાં એ વાક્યોથી આજ સુધી હું મારા જીવનને મહેકાવી રહી છું. વિનય પણ મારાથી ખૂબ જ ખુશ છે.

અને છેલ્લે છેલ્લે લખું છું. પિતાજી, હું તો એ તળેટીની ભેખડમાંથી ખરી પડેલ બરફનો ટુકડો હતી, જે આકાર વગર જ ઓગળી રહ્યો હતો. પરંતુ તમે મને આકાર આપ્યો છે. પિતાજી, આ આકૃતિ નીચે તમારું જ નામ રહેશે.

- તમારી લાડલી ગુણવંતી"

પત્ર વાંચતાં જ વૃદ્ધ ભૂપતની આંખ આછાં આંસુથી ધૂંધળી બની ગઈ. અને તે સાથે ગુણવંતીને જોવાની તાલાવેલી વધી ગઈ. ઉંમરના કારણે હાંફ વધી રહી હતી. સમગ્ર પ્રાણવાયુ એકસાથે બહાર આવી જશે તો ગુણવંતીને જોવાની આશા ઠગારી નીવડશે એ ભીતિથી ભૂપત વારંવાર છાતી ઉપર હાથ રાખીને પ્રાણ-પંખેરુંને ગુણવંતીના આગમન સુધી રોકવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

ગાડું ઘરના આંગણે આવીને ઊભું રહ્યું. ગાડામાંથી ભારે શરીરવાળી ગોરી-ગોરી બે વ્યક્તિઓ નીચે ઊતરી.

ગુણવંતીએ ઘરના આંગણામાં પગ મૂક્યો કે તરત જ એનાં અંગેઅંગમાં નવો સંચાર ઉભરાઈ ઊઠ્યો. તે ઝડપી પગલે પિતાના ખાટલા પાસે પહોંચી. કેટલાય સમયથી ગુણવંતીના આગમનની રાહ જોઈ રહેલા ભૂપતના દેહમાં ગુણવંતીના આગમનથી નવચેતન પુરાયું ! દીકરીને ગળે વળગાડવા ઊભા થવાનો અફળ પ્રયત્ન કર્યો. ગુણવંતીએ પિતાનું માથું એની ગોદમાં લઈ લીધું. હર્ષના આંસુ સાથે પિતા તરફ જોઈ રહી તે સાથે તેની આંખોમાંથી હર્ષનાં મોતી ટપકીને પિતાના ગાલ ઉપર પડ્યાં! વરસોનાં વિરહ બાદ મિલનનો આનંદ અનેરો હોય છે. તે આનંદ આજ આંખો વડે ટપકી રહ્યો હતો!

વરસોની વિખૂટી પડેલી દીકરીને જોઈને ભૂપતનું હૈયું ઉભરાઈ ગયું. તે સાથે હૃદયના ધબકાર વધવા માંડ્યા. ત્યાં પેલું ક્યારનુંય ઊડુઊડુ કરી રહેલું પ્રાણપંખેરું ગુણવંતીના આગમન રૂપી પ્રભાત થયે ખુલ્લા આકાશની સફરે નીકળી પડ્યું ! એક નિશ્ચેષ્ટ દેહ ગુણવંતીના ખોળામાં ઠંડો થઈ પડી રહ્યો હતો !! □

અનુસંધાન] હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર [પૃ. ૭૮૦થી

વેદના માટે આ.આ.નો ઉપયોગ લાભકર્તા છે.

ચામડીનાં ફોડકી, ફોલ્લા, ગૂમડાં જેવા દર્દોમાં સખત બળતરા થતી હોય અને ગરમ પાણીથી ધોવાથી અથવા ગરમ શેક કરવાથી રાહત રહેતી હોય તો આ.આ. અવશ્ય લેવી જોઈએ. (ઠંડું પાણી લગાડવાથી રાહત મળતી હોય તો આ.આ.ને બદલે 'એપીસ' લેવી જોઈએ).

તમાકુના સેવનથી થયેલી ખરાબ અસર દૂર કરવા, દરિયાના પાણીમાં નહાવાથી આવેલી બીમારીને દૂર કરવા, નિયમિત અંતરે (દા.ત. દર ત્રીજે દિવસે કે દર સાતમે દિવસે) આવતા તાવ માટે આ.આ. ઘણી સારી રાહત આપે છે.

દર્દીનું શરીર મડદાની જેમ ગંધાતું હોય, મૂત્રાશયમાં સોજો રહેતો હોય, વારંવાર પેશાબ કરવો પડતો હોય તેવા સંજોગોમાં આ.આ. સારી કામગીરી બજાવે છે.

ઘણી વાર દર્દીને કયું દર્દ છે તે અનેક ડૉક્ટરોને બતાવવા છતાં કોઈ કહી શકતું ન હોય, દરેક ટેસ્ટ રિપોર્ટ સારો આવતો હોય પણ દર્દ ચાલુ રહેતું હોય ત્યારે ઘણા અનુભવી ડૉક્ટરો આર્સેનિક આલ્બનો એક ડોઝ આપી તેનાં પરિણામો જોઈ દર્દને ઓળખવાનું કાર્ય કરે છે. આ પ્રમાણે ઝેરમાંથી બનેલું આ ઔષધ પરીક્ષણ માટે તથા રોગની પહેચાન અંગે તાળો મેળવવામાં પણ ઘણું ઉપયોગી છે.

આર્સેનિક આલ્બ સિવિલ આર્સેનિક' પૂર્વગ્ ધરાવતાં લગભગ છ થી સાત ઔષધો છેઃ દા.ત. આર્સેનિક આયોડેટમ, પરંતુ આ બધાં ઔષધોમાં 'આર્સેનિક આલ્બમ' મુખ્ય છે. □

ઊભી સાબુદાની

રવીન્દ્ર યાદવ

નહાવાનો કે કપડાં ધોવાનો સાબુ સાબુદાનીમાં રાખવામાં આવે છે. પ્રવર્તમાન સાબુદાની વિવિધ આકાર અને ઘાટમાં પ્લાસ્ટિક ધાતુ કે ચિનાઈ માટીમાંથી બનાવાય છે. પરંતુ આવી બધી સાબુદાનીના ઘાટ મુજબ તે આડી, જમીનની સમાંતર (Horizontal) મૂકવામાં આવે છે અને ફરસની થોડીક જગ્યા પણ રોકે છે. પ્રવર્તમાન સાબુદાનીમાં મુખ્યત્વે નીચે મુજબની ખામીઓ હોય છે :

૧. સાબુ સુકાય તે માટે સાબુદાનીનું તળિયું કાણાંવાળું કે જાળીવાળું રાખવામાં આવે છે. પરિણામે વાપરેલ ભીનો સાબુ ચીકણો અને પોચો હોઈને આવી જાળી કે કાણાંમાં ચોંટી જાય છે, અને આ પ્રક્રિયા રોજ ચાલે છે. પરિણામે ૧૦ ટકા સાબુ તેમાં નકામો જાય છે.

૨. સાબુદાનીમાં ચીકણો સાબુ ચોંટીને સખત થઈ જાય છે અને સાબુદાની ગંદી થાય છે અને સાફ કરવાનું પણ મુશ્કેલ બને છે.

૩. સાબુનો ચીકણો પદાર્થ સાબુદાનીમાં ચોંટી જવાથી સાબુદાનીનાં કાણાંમાંથી હવાની અવરજવર થતી નથી. પરિણામે સાબુ જલદી કોરો થતો નથી કે સુકાતો નથી. આથી તે વધુ વપરાવા ઉપરાંત ચિકાસને લઈને વાપરવામાં સુવિધા રહેતી નથી. જ્યાં ત્યાં તેનો ચીકણો માવો ચોંટે છે.


૪. સાબુદાની બાથરૂમ કે ચોકડી વગેરેમાં જગ્યા રોકે છે. સાબુ સામાન્ય રીતે બારીના તળિયામાં રાખવાની લોકોને ટેવ હોય છે, જેથી બારીનું તળિયું ગંદું થવા ઉપરાંત ત્યાં અડચણરૂપ થાય છે.

૫. વળી, સાબુદાની નહાતી વખતે બાથરૂમની ફરસ પર મૂકવામાં આવે છે ત્યારે ફરસ ચીકણી અને લપસણી થાય છે, જેના કારણે બાથરૂમમાં પડવાના અકસ્માતો મોટે ભાગે સર્જાય છે. આવી સાબુદાનીની આ એક મોટી ખામી ગણી શકાય.

૬. ચિનાઈ માટીની સાબુદાની બે પ્રકારની હોય છે : એક પ્રકાર અન્ય સાબુદાની જેવી છૂટી હોય છે. જ્યારે બીજા પ્રકારની સાબુદાની બાથરૂમની દીવાલના ડેલામાં જડાય છે. બાથરૂમમાં આવી સાબુદાની માટે દીવાલમાં ચારથી પાંચ ઈંચનો ઊંડો ખાંચો કરીને પછી તેમાં લાદી ચોડતી વખતે લગાવાય છે. આ કામગીરી ખર્ચાળ છે અને તેમાં માત્ર એક જ સાબુ રહી શકે છે.

સાબુ રાખવાની પ્રવર્તમાન પદ્ધતિ અને સાબુદાનીઓમાં રહેલી ઉપરોક્ત ખામીઓના સંદર્ભમાં આ લેખ લખનારે નવા પ્રકારની સાબુદાનીનો આવિષ્કાર સાકાર કર્યો છે જેને માટે પેટન્ટ (Patent) લેવાની અરજી કરી છે.

પ્રવર્તમાન સાબુદાની આડી ફરસને સમાન્તર રાખવામાં આવે છે. આવિષ્કાર અનુસારની સાબુદાનીમાં સીધી ઊંચી દીવાલની સમાન્તર (Vertical) લટકાવવાની કે દીવાલમાં ચોડવાની રહે છે. સાબુદાનીનો આકાર ચોરસ કે લંબચોરસ



સુચવાયેલ છે. તેની અંદર એક કે બે નાની ખીંટીઓ રાખવામાં આવેલ છે, જેમાં એક કે બે સાબુઓ લટકાવી શકાય છે. લટકાવવા માટે નવા સાબુમાં સાનુકૂળ જગ્યાએ ખીલી વડે કાણું પાડીને સાબુદાનીની ખીંટીમાં સાબુ લટકાવી શકાય છે. આવિષ્કાર અનુસારની સાબુદાનીનો ખ્યાલ નીચેની આકૃતિઓમાંથી આવી શકશે.

ઉપરની આકૃતિ જોતાં જણાશે કે સૂચિત સાબુદાનીમાં સાબુ રાખવા માટે ઊભી રચના (Vertical) કરવામાં આવેલ છે. પરિણામે પરંપરાગત સાબુદાનીમાં ફરસ પર જે જગ્યા રોકાય છે તે જગ્યા રોકાતી નથી. રચનામાં જે બે ખીંટીઓ દર્શાવી છે તે, સાબુમાં કાણાં પાડી લટકાવવા માટે છે. ખીંટીની નીચેના ભાગમાં ઉપસાવેલ ટોચકું આપેલ છે, જે ભીના સાબુને સાબુદાનીની દીવાલથી દૂર રાખે છે અને તેનાથી હવાની અવરજવર રહે છે, સાબુ જલદી કોરો થાય છે. નીચેના ભાગમાં ભીના સાબુનું પાણી જવા માટે ચિરાડ આપેલ છે.

ઊભી ઓઠવણીવાળી ઉક્ત સાબુદાનીની રચના જોતાં પરંપરાગત સાબુદાનીમાંની લગભગ બધી જ ખામીઓ દૂર થાય છે અને નહાતી વખતે કે નહાયા પછી સાબુ રાખવાની સરળ અને કાર્યક્ષમ સવલત મળે છે, જેના ફાયદા નીચે મુજબ છે :

૧. સાબુદાનીની ઊભી રચના (Vertical) હોઈને બાથરૂમની જગ્યા રોકાતી નથી.

૨. બાથરૂમની ફરસ ગંદી, ચીકણી કે લપસણી થતી નથી. પરિણામે બાથરૂમમાં લપસીને પડવાના અકસ્માતો મહદ્ અંશે નિવારી શકાય છે.

૩. બાથરૂમની દીવાલમાં યોગ્ય જગ્યાએ અને અંતરે ઉક્ત સાબુદાની જડવામાં આવે તો નહાતી વખતે સાબુ નીચે મૂકવાની જરૂર રહેતી નથી. સાબુ સીધો સાબુદાનીમાં લટકાવી શકાય છે.

૪. સાબુદાનીમાં લટકાવાતો સાબુ ચારે બાજુ ખુલ્લી જગ્યા હોઈને હવાની અવરજવરથી સત્વરે કોરો થઈ જાય છે અને પરિણામે સાબુ સાબુદાનીમાં ચોંટીને નકામો જતો નથી. વળી, સાબુ ચારે બાજુ કોરો રહેતો હોઈને તે વાપરવામાં સરળતા રહે છે. આથી સાબુની ૧૦ ટકા જેટલી બચત થાય છે.

૫. ઉક્ત ચિનાઈ માટીની સાબુદાની જડવા માટે દીવાલમાં ચારેક ઇંચ જેટલો ખાંચો કરવાની જરૂર નથી. માત્ર દીવાલના પ્લાસ્ટરમાં તે જડી શકાય છે, જે તેનો મહત્તમ ફાયદો છે તેમજ બાથરૂમની સુંદરતામાં વધારો કરે છે.

ઉક્ત સાબુદાની ચિનાઈ માટી તેમજ પ્લાસ્ટિક કે ધાતુમાંથી બની શકે છે. પ્લાસ્ટિક કે ધાતુની સાબુદાની ઉપર બે નાકાં આપીને બાથરૂમમાં યોગ્ય જગ્યાએ લટકાવી શકાય છે.

ઉક્ત સાબુદાનીને માટે ઢાંકણાની પણ રચના થઈ શકે છે, સાબુદાનીમાં અપાયેલ ખીંટી અથવા તો ખાંચામાં ઢાંકણાને ટાઈટ-ફીટ કરવાની રચના કરી શકાય.

[ઉપરોક્ત આવિષ્કારમાં સુચવાયેલ સાબુદાની બનાવવામાં અને તે બજારમાં આવતાં સમય થાય તે સ્વાભાવિક છે, તેથી 'કુમાર'ના વાચક મિત્રોને આ સાબુદાનીમાં સૂચવાયેલ વ્યવસ્થા ગમી જાય તો હાલ તરત બાથરૂમમાં કામચલાઉ રીતે ત્રણ કે ચાર ટાઈલ્સના જોડાણ-બિંદુની જગ્યાએ શારડીથી કાણું કરીને માથા વગરની ખીલી ખોડીને તેની ખીંટી બનાવીને તેમાં સાબુ લટકાવવાની વ્યવસ્થા કરી શકાશે. આવી સુવિધા કરવા માટે આવિષ્કારક લેખકને કંઈ વાંધો નથી. આ સુવિધા લોકોપયોગ માટે જ છે. તેમ છતાં ઉદ્યોગપતિ કે વેપારી આવી સાબુદાનીનું વેપારી ધોરણે ઉત્પાદન કે માર્કેટિંગ કરવા ઇચ્છે તો તેઓએ લેખકની મંજૂરી લેવી આવશ્યક છે. તે માટે નીચેના સરનામે સંપર્ક કરવો. - **રવીન્દ્ર આર. યાદવ,** પ્લોટ નં. ૭૨૩/૧એ, રવિવિલા, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર ૩૮૨ ૦૨૧ (ફોન : ૨૪૩૪૬)] □

બહુરૂપી

પ્રા. મુકુંદ દે. ભટ્ટ

બાબુ અમારી વચ્ચેથી આમ સાવ અણધારી વિદાય લેશે તેવી કલ્પનાય ક્યાંથી હોય ?? કો'ક દિ દસમાથાળા રાવણનું રૂપ લે, તો વળી કો'ક દિ બજરંગી બને ! ક્યારેક ભરથરીનો ભેખ તો કદીક ભામાશા બની નીકળી પડે !! બાબુ હતો કોઠાસૂઝ કલાકાર... હૈયા-ઉકલત ભારે... અમે તેનું નાનું-મોટું કામ હોય... ઉદ્ઘાટનનો પ્રસંગ હોય કે અવ્વલમંઝિલનો... બાબુની હાજરી ન હોય તેવું ક્યારેય બન્યું ન હતું.

એકલ જીવ. ક્યારેક કહેતો પણ ખરો કે, 'આવેલા એકલા ને જાશું પણ...' પોતાની જાત પર પણ મજાક કરતાં અચકાય તો એ બાબુ શાનો ? એક દિ' બોલી ઉઠેલો... 'નામ-ધંધે બહુરૂપી, પણ બહુ રૂપિયા તો જલમ ધરીને ક્યારેય સપનામાં પણ...' તે થોડુંઘણું ભણતર ભણેલો પણ ખરો. નમતી સાંજે ભાડાની ઓરડીની બહાર બેસી કોઈએ આપેલી જૂની ડાયરીમાં એકતાર બની ટપકાવતો. લખતાં લખતાં ક્યારેક ઊંચું માથું કરી પસાર થનારની સામે જોઈ સ્વગત બોલી ઉઠલો, 'આમ તો આપણે સૌ સરખા જ કે'વાઈએ...' પરંતુ આ અલગારી વેણનો મર્મ કોઈ પકડી શક્યું ન હતું.

તેની અંતિમક્રિયા પતાવી ઓરડી સોંપવાની વેળા આવી પહોંચી ત્યારે બે-ચાર મિત્રોએ તાળું ઉઘાડ્યું. એક ખૂણામાં ટીનની બે-ચાર નાની તપેલીઓ, પાણીની માટલી અને માટીના ચૂલા પાસે આટાનો ડબ્બો પંડ્યાં હતાં. જ્યારે વળગણી પર જૂનાં કિનખાવી કપડાં, મુગટ અને મ્હોરાં બાબુ વગર ઝૂરતાં હતાં. ટૂટ-મૂટ ખાટલી પર તેની ગાભાગોદડી અને ઓછાડ જેમનાં તેમ પડ્યાં હતાં.

ઓરડીમાં થોડો વધુ પ્રકાશ આવે તે માટે અમે ઓરડીની એકમાત્ર બારી ખોલી અને પ્રકાશ સાથે પવનની લ્હેરખી દોડી આવી. પવનને કારણે થોડો ફરફરાટ થયો અને એક ડાયરીનાં ફરફરતાં પાનાંઓએ મારું ધ્યાન ખેંચ્યું. કૂતુહલવશ મેં ડાયરી ઉપાડી લીધી. અલપ-ઝલપ કહી શકાય તેવાં ટાંચણ પર નજર દોડતી રહી...

'હું તો ભૂંડા પેટની ભૂખ ભાંગવા જુદા જુદા વેશ લઉં અને તે પણ ટેમ્પરવારી... આ ઓલ્યા શાન્તુભાઈ સખાવતી, દયાળજી ડાક્ટર અને મકવાણા માસ્તરને શું કે'વું? આવા તો કેટકેટલાને નોંધું ? રાત આખી દારૂની ભઠ્ઠી ધખાવી, પૈસા ઘરભેગા કરી લે અને તેમાંથી થોડા વેરે અને કે'વડાવે સખાવતી !! નામ દયાળજી ને ધંધો ડોક્ટરનો, પણ વેતરી નાખે વિઝિટમાં, વાતે વાતે બાટલા ચઢાવી દે અને ખંખેરી લે !! ને... મકવાણો... રાતે મટકાની બુકી અને દિ ઊગે માસ્તરનું મ્હોરું પે'રી લે માસ્તરનું... આ બધું બહુ...'

હું આગળ વાંચવાની હિમ્મત ખોઈ બેઠો હતો. ઘણા સમય પહેલાં તેનાથી અવારનવાર બોલાતા પેલા વિધાનનો છેક આજે તાળો મળી ચૂક્યો હતો. □

પ્રણય-પરાજય

—— કાકા કાલેલકર ——

પ્રણય સાહિત્ય આજકાલ ગાડાં ભરીભરીને તૈયાર થાય છે. સંયમ અને સદ્‌ભિરુચિની મર્યાદા ઓળંગવામાં અહમહમિકા ચાલી રહી છે. ભોગ અને આનંદ વચ્ચેનો ભેદ જાણે ભૂંસાઈ ગયો છે.

માણસનો પુરુષાર્થ શો હોવો જોઈએ, એ વિશે શાસ્ત્રોએ ગમે તેટલો પોકાર કર્યો હોય, તો પણ સનાતનકાળથી માણસે રમણી-હૃદયનું સ્વામિત્વ મેળવી ઐહિક અદ્વૈત સાધવામાં જ ઘણી વાર પુરુષાર્થ માનેલો છે. વિશ્વવિધાતાની આદ્યપ્રેરણા ફરીફરી દરેક હૃદયમાં પ્રગટે છે અને નવીનવી રીતે સફળ થાય છે. એ પ્રેરણાનું સ્મરણ કરવું, ચિંતન કરવું, એ માનવી-ચિત્તનો એક આહ્‌લાદજનક વ્યાપાર થઈ પડ્યો છે. તેથી જ સર્વ દેશોમાં અને સર્વ કાળે સમર્થ અને અસમર્થ કવિઓએ આ વિષય પર તેમની શક્તિ અજમાવી છે.

નરનારીનું આકર્ષણ હંમેશનું છે. પણ લજ્જાનું પાવિત્ર્ય પણ તેની સાથે હોય જ છે. આત્મગૌરવનો ખ્યાલ કોરે મૂકી પુષ્પધન્વાના શરથી અભિભૂત થયાનો એકરાર પ્રથમ કોણ કરે ? એ પ્રણયશાસ્ત્રમાં એક મહત્ત્વનો સવાલ હોય છે.

યુરોપિયન આદર્શ કહે છે : 'સ્ત્રી તો માનિની જ હોય. હંમેશાં આત્મસ્થિત હોય. તે ભાન ભૂલે તો તેની પ્રતિષ્ઠા ક્યાં રહી? પુરુષ જ પ્રથમ તેનો અનુનય કરે. શરીરે અબળા, જીવને આશ્રિત, હૃદયે કોમળ એવી સ્ત્રીજાતિએ પોતાનું લજ્જાનું કવચ અંત લગી સાચવી જ રાખવું જોઈએ. ભક્તની જેમ પુરુષ તેની આરાધના કર્યા જ કરે. અંતે ભક્તિથી સંતુષ્ટ થઈ એ પ્રણયદાન કરે, તો તે પ્રસાદરૂપે જ. એમાં જ નરનારીની પ્રતિષ્ઠા રહેલી છે. આપણો આદર્શ પણ નારીપ્રતિષ્ઠા પર જ રચાયેલો છે.

પ્રેમ અને પ્રણય વચ્ચેનો ભેદ સમજાવો જોઈએ. પ્રેમ અનંત છે, પ્રણય પરિમિત છે. પ્રેમની પરિણતિ ઇન્દ્રિયતૃપ્તિ અને ગ્લાનિમાં છે. પ્રણયની પેઠે પ્રેમ પુરુષાર્થને હણે નહીં, યશને મલિન કરે નહીં. પ્રેમ 'વજ્રાદપિ કઠોરાણિ' થઈ શકે છે અને 'કુસુમાદપિ મૃદુ' પણ બની શકે છે. પ્રેમમાં નિત્યગૌરવ છે. પ્રણય મોહક છે, વ્યાપક છે, પણ તારક કે પોષક તો નથી જ.

આજકાલ પ્રેમને નામે પ્રણયનો જ પ્રચાર સર્વત્ર થતો દેખાય છે. ધર્મની મર્યાદા અંતે પ્રણયનું રૂપાંતર પ્રેમમાં કરવામાં મદદગાર હોય છે, એટલું પણ કેટલાક લોકો તો ધ્યાનમાં રાખતા નથી. એવા લોકો પ્રેમના દ્રોહી તો છે જ, પણ પ્રણયના પણ દ્રોહી હોય છે અને મનુષ્યજીવનને પશુજીવન કરતાંયે નીરસ અને નીર્વીર્ય કરી મૂકવામાં સફળતા મેળવે છે. પ્રણય પુરુષાર્થને હણવા જાય છે, યશને ઉતારી પાડે છે, રમણી આગળ વિદ્યાને તુચ્છ ગણે છે.

આપણા સાહિત્યમાં સ્ત્રીઓના અનેક આદર્શો ચીતરેલા છે. સતીથી માંડીને વસંતસેના સુધીના ત્રણે સપ્તકના સૂર સંભળાય છે. સીતા જુદી, સાવિત્રી જુદી, દ્રૌપદી જુદી, ઊર્મિલા જુદી, ગાંધારી જુદી, હરિશ્ચંદ્રની તારામતી જુદી, મદાલસા જુદી. સંન્યાસી પિતા પાસે વારસો માગવા પોતાના દીકરાને મોકલનાર યશોદા જુદી. મંદોદરી, વિદુલા અને નજીકના જમાનામાં આવીએ તો મીરાં, મુક્તાબાઈ અને અહલ્યાબાઈ - ગમે તેટલા સ્વતંત્ર અવનવા આદર્શો આપણે ત્યાં પડેલા છે.

રવીન્દ્રનાથે 'મહાભારત'માંથી ચિત્રાંગદાનો ઉદ્ધાર કરી, એક ગૌરવાન્વિત તેમજ રસિકપ્રિય એવો આદર્શ આપણી આગળ ઊભો કર્યો છે. પ્રભંજનના વંશમાં ચિત્રાંગદા પ્રથમ કન્યા જન્મી. પિતાએ નાનપણથી તેને પુરુષવેશ આપ્યો, ક્ષાત્રોચિત કેળવણી આપી. કવિએ ચિત્રાંગદાને એક નિસર્ગમૂર્તિ રમણી કલ્પેલી છે. તે નથી જાણતી લજ્જા કે ભય. નથી જાણતી હાવભાવ કે વિલાસચાતુરી. પુરુષવેશે વિહરે છે, રાજકાજ કરે છે, ધનુર્વિદ્યા શીખી છે. માત્ર શીખી નથી નયનકોણથી મદનનું પુષ્પધનુ ખેંચતાં તે માનતી : 'પોતાના જ ભુજબળે અર્જુનની કીર્તિ ઝાંખી કરીશ, પુરુષના કપટવેશમાં અર્જુન પાસે યુદ્ધ માગી તેમને મારા વીરત્વનો પરિચય આપીશ.'

ગાઢ વનમાં તે અર્જુનનું દર્શન કરે છે. અર્જુનની અચલ આત્મસ્થિતિ મૂર્તિ જોતાં તેને ભાન થાય છે કે એક પુરુષ સામે એક સ્ત્રી ઊભી છે. વીર નર સામે વીર રમણી. તે અર્જુન આગળ નિસર્ગસહજ વાત કરે છે. અર્જુન વિરક્ત દશામાં છે. તેણે બ્રહ્મચર્યનું વ્રત લીધું છે. વૈરાગ્યને કામ ચળાવી ન શકે.

અભિમાની ચિત્રાંગદા ખંડિતા થઈને કહે છે : 'આટલા દિવસે મને જણાયું કે સ્ત્રી થઈ પુરુષનું મન ન જીતી શકી, તો બધી વિદ્યા વૃથા છે. અબળાના મૃણાલ-શા કોમળ બાહુ આ કઠિન સબળ બાહુના કરતાં શતગણા બળવાન છે. ધન્ય છે તે મુગ્ધ, ક્ષીણ તનુલતાને, જે બીજાને અવલંબીને રહે છે ! ધન્ય છે તે લજ્જાળુ અવનતાંગી સામાન્ય લલનાને, જેના ભીરુ નેત્રપાત આગળ સમસ્ત વીર્યબળ અને કંઈ કંઈ તપસ્યાનાં તેજ પરાભવ માને છે !'

મદન અને વસંતની મદદથી રૂપરાશિ બનીને રંભા નારાયણને લલચાવવા જાય, ભીલડી મહાદેવને લલચાવવા જાય, મેનકા વિશ્વામિત્રને લલચાવવા જાય, તેમ આ પર્વતકન્યા અર્જુન આગળ જાય છે. અર્જુન પડે છે.

પણ કલ્પના તૃપ્ત ન થાય ત્યાં સુધી જ તે મીઠી લાગે

છે. ચિત્રાંગદા પસ્તાય છે અને શુદ્ધ પ્રેમથી અર્જુનને ચેતવે છે કે, 'મિથ્યાની ન કરો ઉપાસના. તમારું શૌર્ય, વીર્ય, મહત્ત્વ મિથ્યા વસ્તુને પદે ન ધરો.' પણ રૂપહુતાશન ભભૂકી ઊઠે છે, બળે છે અને બાળે છે. અર્જુન તો મોહાન્ધ છે, પણ ચિત્રાંગદા જુએ છે કે આ બધું શાપરૂપ છે અને તેણે રમણી હૃદયનો પવિત્ર વિજય મેળવવાનો નવો સંકલ્પ કર્યો. અર્જુનને તે સમજાવે છે કે 'સૌંદર્યપુષ્પ નામ, દેહ, મન, વાચા જેવાં સહસ્ર માનવબંધનોમાં બંધાય એમ નથી. તે કેવળ મેઘની સુવર્ણપ્રભારૂપ, કુસુમની ગંધરૂપ, તરંગની લીલારૂપ હોય છે.' તેમાં સત્ય ન હોય.

આખરે અર્જુન જ્યારે ચિત્રાંગદા પાસે તેનું શુદ્ધ સત્ય માગે છે ત્યારે તે કહે છે : 'હું ચિત્રાંગદા છું. નથી હું દેવી, કે નથી કોઈ સામાન્યા. પૂજા કરી માથે ધરી રાખો તેવીયે હું નથી, તેમ અવગણના કરી પછી માત્ર તેનું ભરણપોષણ કર્યા કરો તેમાંનીયે હું નથી. સંકટના પંથમાં મને આપની પાસે રાખો. આપના કઠિન વ્રતમાં સહાય થવા મને અનુમતિ આપો. આપનાં સુખદુઃખની મને સાથી બનાવો.'

આવી રીતે એક અત્યંત નાનકડી વસ્તુમાંથી કવિએ પોતાની પ્રતિભાને બળે બે કાર્યો સાધ્યાં છે : પ્રેમ-વિકાસના ક્રમનો સુંદર નમૂનો બતાવવાનું એક, બીજું સ્ત્રી-સ્વાતંત્ર્યરૂપ અને સ્ત્રીગૌરવનો એક નૂતન પણ આર્ય આદર્શ નિર્માણ કરવાનું. 'મોહમય હોઈ જે પ્રેમ અકૃતાર્થ છે, તે જ પ્રેમ મંગલમય થઈ કૃતાર્થ બને છે. સૌંદર્યને સંયત રાખનાર કૃતાર્થ ધર્મભાવના જ અચળ છે અને પ્રેમનું શાંત, સંયત, કલ્યાણરૂપ જ શ્રેષ્ઠ રૂપ છે. સંયમમાં જ સૌંદર્યની યથાર્થ શ્રી છે, અને ઉચ્છૃંખલતામાં તેની વિકૃતિ થાય છે. પ્રેમ એ જ પ્રેમનું અંતિમ સાર્થક્ય નથી. મંગલ જ પ્રેમનું પરમ લક્ષ્ય છે. પ્રેમ જો વંધ્ય હોય, પોતામાં જ પર્યાપ્ત થઈ રહે, અને કલ્યાણને જન્મ ન દે, તથા સંસારમાં સૌભાગ્યરૂપે વ્યાપ્ત ન થાય, તો તે સુંદર નથી, સ્થાયી નથી.'

રવીન્દ્રનાથે ચિત્રાંગદાને ચીતરી એ પણ બતાવ્યું છે કે સ્ત્રી કુટુંબની કે સમાજની ચિંતાઓ માથે લે, પુરુષાર્થમાં પોતાનો ભાગ માગી લે, તોપણ સ્ત્રીનું હૃદય સ્ત્રીહૃદય જ રહેવાનું, બલકે વધારે ઉન્નત અને રમણીય થવાનું. સ્ત્રીસ્વાતંત્ર્યથી સ્ત્રીની કોમળતા, ભાવપરાયણતા અને પવિત્રતા ઓછી થવાને બદલે સત્ય અને સંપૂર્ણ થવાની.

પ્રણયના આવા પ્રસંગો આપણા સાહિત્યમાં પાર વગરના છે અને દરેક ઠેકાણે ધર્મબુદ્ધિ, પ્રણયશક્તિ તથા નિયતિ - આ ત્રણેનું સંમિશ્રણ જુદી જુદી રીતે ફળીભૂત થયું છે. આમાં કેટલાયે પ્રકાર છે. એક છેડે રાવણ સીતાનો અનુનય કરે છે, જ્યારે બીજે છેડે દુષ્યંત શકુંતલાને પોતાની કરે છે. રાવણ જેટલો પણ સંયમ ન રાખી શકવાથી પાંડુ મોતને ભેટે છે. રંભા જેવી અપ્સરા સામે અજ્ઞાનતા પર રચાયેલી પવિત્રતા કેટલી અશિક્ષિત છે, તેનો દાખલો રુશ્યશૃંગ આપે છે. અર્જુન પોતાનું દ્વાદશવાર્ષિક વ્રત તોડીને ચિત્રાંગદાને વશ થાય છે, પણ ઉર્વશી આગળ ધર્મવીર રહે છે અને પાપના કરતાં વીરને અસહ્ય એવો શાપ જ પસંદ કરે છે. 'જગતઃ પિતરૌ' એવાં શિવ-પાર્વતીનો અથવા શ્રીકૃષ્ણ-રુક્મિણીનો પ્રણય પણ આપણા કવિઓએ અનેક રીતે ગાયો છે, અને તે રીતે પ્રણયમીમાંસા સમૃદ્ધ કરી છે. માદ્રી અને પાંડુનો પ્રસંગ જેટલો કરુણ છે, તેટલો જ યુદ્ધે ચઢતાં પહેલાં વિશય કરનાર ઉત્તરાપતિ અભિમન્યુનો પ્રસંગ પણ હૃદયભેદક છે.

પ્રણયનો મહિમા અપાર છે, તેની શક્તિ અદમ્ય છે, તેથી જ તેના પર વિજય મેળવનાર માણસ સર્વ દેશોમાં વીરોત્તમ ગણાયો છે.

['ચિત્રાંગદા અને વિદાય-અભિશાપ'ની પ્રસ્તાવનામાંથી, સંકલન : મહેન્દ્ર મેઘાણી]

પ્રસંગપરાગ

શિક્ષા અને શિક્ષણ

સદીની પહેલી પચીસીની વાત છે. નડીઆદની ગવર્મેન્ટ હાઈસ્કૂલના શિક્ષક પોપટલાલ ઝવેરીલાલ યાજ્ઞિક કડક પણ વત્સલ અને ઉત્તમ શિક્ષક તરીકે માન પામ્યા હતા. શાળાના ઉપલા વર્ગો ભાડાના મકાનમાં બેસતા. વર્ગખંડમાં લીંપણની ભોંય હતી. શહેરના જમીનદારોના એક-બે તોફાની નબીરાઓએ રમત કરતાં લીંપણના પોપડા ઉખાડી ગાબડું પાડ્યું. મકાન-માલિક બાઈએ ફરિયાદ કરી. કોઈ કબૂલ કરે નહિ. માસ્તર સાહેબે છેવટે કહ્યું, 'જાઓ, શિક્ષા નહિ કરું. પણ જેણે કર્યું હોય તેણે કબૂલ કરવું જ જોઈએ.' બે છોકરા ઊભા થયા, 'સાહેબ, ભૂલ થઈ ગઈ. હવે નહિ કરીએ.'

'હવે મેં કહ્યું છે એટલે શિક્ષા તો નહિ કરું. પણ ગરીબ બાઈનું નુકસાન કર્યું છે તે ભરપાઈ તો કરવું જોઈએ ને? ગાબડું પૂરી આપો!'

'હા, સાહેબ, કાલે જ કામવાળીને મોકલીને કરાવી દઈશું.'

'એમ કંઈ ચાલે? કામવાળીએ કંઈ પોપડા નહોતા ઉખાડ્યા. જેણે નુકસાન કર્યું તે જ ભરી આપે. તમારે જાતે જ ગાર-માટી લાવી લીંપી આપવું જોઈએ!'

'સાહેબ, તમે જ શિક્ષા કરવાની ના કહી હતી ને?'

'આ શિક્ષા ક્યાં છે? આ તો તમારે હાથે નિર્દોષને નુકસાન થયું તે જ સમું કરી આપવાનું છે!'

છૂટકો ન થયો. શ્રીમંતોના દીકરાઓએ જાતે ગાર-માટી લાવી ગાબડું પૂરી આપ્યું. ભોંઠપ ઘણી લાગી. પણ કસુરવારનું સ્વમાન જળવાયું નહિ તો વર્ગ વચ્ચે સોટીનો માર પડત. આ શિક્ષા નહોતી; શિક્ષણનો પાઠ હતો. - કુલીનચંદ્ર યાજ્ઞિક

પુરાતત્ત્વશાસ્ત્ર

——— સુરેન્દ્રનાથ નિફાડકર ———

યૂરોપીઅનો, ખાસ કરીને ઇંગ્લંડની પ્રજા તેમના ઇતિહાસ વિષે ઘણી જ જાગ્રત છે. આજે આપણે ત્યાં પદ્ધતિસરનું ઇતિહાસનું સંશોધન થાય છે, જેનો મૂળ પ્રેરણાસ્રોત ઇંગ્લંડ જ છે. ઇતિહાસનો મુખ્ય આધાર પુરાતત્ત્વશાસ્ત્ર છે અને તેનો જનક સુધ્ધાં યુરોપ ખંડ જ છે. કોઈ પ્રાચીન પથ્થર પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતો હશે તો ઇંગ્લંડની પ્રજા એ પથ્થર સુધ્ધાં સાચવી રાખશે. ગ્રીસ અને ઇટલીમાં સોળમી સદીથી જ પ્રાચીન અવશેષો શોધવાની શરૂઆત થઈ. એ દેશોમાં જતા પર્યટકો ત્યાંના પુરાતત્ત્વ અવશેષો જોઈને મંત્રમુગ્ધ થતા. ધર્મગુરુઓ તેમજ ધનિકો તો પ્રાચીન અવશેષોથી પોતાના મકાનના ખંડો સજાવવા લાગ્યા. એટલું જ નહીં, એવા અવશેષો ખૂટી જતાં ફરી ફરીથી ઉત્ખનન કરાવવા લાગ્યા. યુરોપમાં ઉત્ખનના 'શ્રીગણેશ' આ રીતે મંડાયા.

અઢારમી સદીમાં યુરોપ આખામાં પ્રાચીન અવશેષોના પ્રચંડ સંગ્રહસ્થાનું નિર્માણ થયું. આ ઉપરાંત વિકલમન નામના પુરાતત્ત્વરસિકે 'કલાનો ઇતિહાસ' નામનો એક ગ્રંથ લખ્યો. તેના કારણે પુરાતત્ત્વશાસ્ત્રની મૌલિકતા વધી. ઇંગ્લંડમાં પુરાતત્ત્વશાસ્ત્રનું વધુ સંશોધન અને અભ્યાસ કરાય તે માટે આઠમા હેન્રીએ જ્હોન લેલૅન્ડ નામના પુરાતત્ત્વશાસ્ત્રીએ અવશેષોનું જતન કરવા Society For The Preservation of Antiquities નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થાએ પુરાતત્ત્વશાસ્ત્રને સુંદર વેગ આપ્યો.

અઢારમી સદીના પૂર્વાર્ધમાં ઇટલીના પોમ્પાઈ અને તેની બાજુના જ હરક્યુલેનિઅમ નામનાં પ્રાચીન નગરોની અચાનક ભાળ લાગી. ત્યાં ખાનગી ઉત્ખનકો ઉત્ખનન કરતા. ૧૫-૨૦ મજૂરોની ટોળીએ સખત મહેનત લઈ ઉત્ખનિત કરેલા મહામૂલા અવશેષો અને દીવાલો પરનાં ચિત્રો રાત્રે ચોરાઈ જતાં. છેવટે અનેક વર્ષો સુધી થતી ચોરીઓ, ૧૯મી સદીમાં થયેલ નેપલ્સ નામના રાજાએ અંગત ધ્યાન આપી, મિશેલ આર્દિચી નામના પુરાતત્ત્વ-નિષ્ણાત પાસેથી યોજના કરાવી અટકાવી દીધી.

હરક્યુલેનિઅમ શહેરના ઉત્ખનનનું કાર્ય ૧૮મી સદીના પ્રથમ દસકમાં શરૂ થયું. ઉત્ખનનકાર્ય ખાનગી ઉત્ખનકો જ કરતા. ત્યારબાદ ૧૭૩૮માં સરકારે એ કાર્ય પોતાને હસ્તક લીધું. શરૂઆતની પ્રગતિ સારી હતી. પરંતુ ત્યારબાદ ઠંડા થયેલા જ્વાળામુખીની રાખના બનેલા પથ્થરોના એટલા બધાં પડ મળવાં લાગ્યાં કે ઉત્ખનનકાર્ય અશક્ય બન્યું. છેવટે સરકારે ૧૭૬૬માં આ કાર્ય બંધ કર્યું.

ગ્રીસમાં ઇટલી જેવી જ પરિસ્થિતિ હતી. ત્યાં મળી આવતાં અવશેષો રાતોરાત ચોરાઈ જતા. એ સમયે ઇટલી પર તુર્કસ્તાનનું શાસન હતું. ગ્રીક પ્રજાને પોતાના વૈભવી ઇતિહાસ પ્રત્યે કેટલું માન હતું તેનો ચિતાર આપતી એક ઘટના ઉદ્બોધક છે. ગ્રીસની મંદિરોની નગરી અથેંસના ઍક્રોપોલિસ મંદિરોનો કબજો મેળવી ત્યાં રહેતી તુર્કી ફોજને બહાર કાઢવા ગ્રીક સૈનિકોએ મંદિર સંકુલને ચારે બાજુથી ઘેરી લીધું. તુર્કી ફોજ પાસે બંદૂકોમાં ભરવા સીસાની ગોળીઓ ન હતી. હાજર તે હથિયાર એ ન્યાયે તેમણે મંદિરના સંકુલની લાદીઓમાં જડાવેલું સીસું ઉખાડી તેની ગોળીઓ બનાવવાની શરૂઆત કરી. ગ્રીક સેનાપતિને આ વાતનો ખ્યાલ આવતાં જ તેણે સીસાનો મોટો જથ્થો તુર્કી સૈનિકોને મોકલીને કહેવરાવ્યું કે, 'આ જથ્થો વાપરો. ખૂટે તો જણાવજો.' પરંતુ મંદિરોના સંકુલને નુકસાન ના પહોંચાડો એવો સંદેશો મોકલ્યો. તુર્કી સૈનિકોએ પોતાને મળેલ સીસાના જથ્થાની ગોળીઓ બનાવી હજારો ગ્રીકોને ઠાર કર્યા! આવા હતા સ્વદેશપ્રેમી ગ્રીકો!

ગ્રીસમાં પ્રાચીન મૂર્તિઓની લૂંટ કરવામાં લૉર્ડ એલ્જિન અગ્રેસર હતો. તેણે અથેન્સના ઍક્રોપૉલિસમાંથી સેંકડો સુંદર મૂર્તિઓ બ્રિટિશ મ્યૂઝીઅમને આપી. આ મ્યૂઝીઅમમાં એ મૂર્તિઓ જ્યાં મુકાઈ છે તે આજે 'એલ્જિન માર્બલ્સ' તરીકે વિખ્યાત છે!

અપવાદ રૂપે કેટલાક ગોરા પર્યટકો ગ્રીસના પુરાતત્ત્વને અભ્યાસી દૃષ્ટિકોણથી જોતાં તેમણે ગ્રીસનાં ભવ્ય મંદિરોના આલેખ અને મૂર્તિઓનાં સુંદર ચિત્રો દોરી દુનિયાને ગ્રીસની પ્રાચીન વૈભવશાળી સંસ્કૃતિનો પરિચય કરાવ્યો. ચાર્લ્સ ન્યૂટન ટોમસ જેવા બ્રિટિશ પર્યટકે તો નિડોસ ગામે ઉત્ખનન કરી ત્યાં દટાયેલાં અનેક મંદિરોના અવશેષ બહાર કાઢીને ગ્રીસ સરકારને હવાલે કર્યા.

'હેલન ઓફ ધ ટ્રૉય'ની વાર્તા લગભગ બધા જ જાણતાં હશે. એ ટ્રૉયનગરી ભૂગર્ભમાં દટાઈ ગઈ. હેન્રિક શ્લીમને તેનું ઉત્ખનન કર્યું ખરું, પણ તે પાછળ તેનો લૂંટનો જ ઉદ્દેશ હતો. તેમ છતાં શ્લીમને 'ટ્રૉયનગરી'નું ઉત્ખનન કરી ત્યાંના અવશેષો સાત કાળખંડમાં વિભાજિત કરી ટ્રૉયનગરીનો ભવ્ય ભૂતકાળ છતો કર્યો. આગળ જતાં તેના એક સહકારી ડોરફેલ્ટે ૧૮૭૨માં ટ્રૉયનું વધુ ઉત્ખનન કરી એ નગરીની સંસ્કૃતિને નવ કાળખંડોમાં વિભાજિત કરી. તેમાંથી છઠ્ઠો કાળખંડ સુપ્રસિદ્ધ કવિ હોમરના

વખતનો હતો એવું ડોરફોલ્ટે પ્રતિપાદિત કર્યું. ૧૯૩૨માં ટ્રોયનગરીનું હજી વધુ ઉત્ખનન કરાયું. તેને આધારે ડૉ. કાર્લ બ્લેગન નામના સંશોધકે ટ્રોયનગરીનો ઇ.સ. પૂર્વેનો ૩૫૦૦થી ૫૦૦૦ વર્ષ સુધીનો ઇતિહાસ સ્પષ્ટ કર્યો.

શ્લીમને ટાઈરિસ અને માઈસીને ખાતે ઉત્ખનન કરતાં ત્યાં ઈ.સ. પૂર્વેની ૧૬૦૦ વર્ષ જૂની ઝવેરાતયુક્ત કબર મળી આવી. માઈસીનેમાં પાંચ હજાર વર્ષ પૂર્વે માનવ વસાહત હોવાનું સિદ્ધ થયું.

ઈ.સ. ૧૮૭૫માં ઑલિંપિઆ ખાતે જર્મન પુરાતત્ત્વ તજ્જ્ઞોએ ઉત્ખનનની શરૂઆત કરી. ત્યારબાદ વચ્ચે વચ્ચે આવતા થોડાક વિક્ષેપો બાદ કરતાં આ ઉત્ખનન-કાર્ય હજુ પણ ચાલુ જ છે!

ગ્રીક સંસ્કૃતિ અતિપ્રાચીન હોવાના કેટલાક પુરાવા સર ઑર્થર ઇવેન્સ નામના સંશોધકને મળી આવ્યા. ક્રીટ ટાપુ પરના નૉસસ ગામે ઉત્ખનન કરતાં ત્યાં ઇવેન્સને ઈ.સ. પૂર્વેની સોળમી સદીના ભવ્ય મહેલના અને અન્ય અવશેષો મળી આવ્યા. મળેલ અવશેષોમાં કેટલીક ઈંટો પર લેખ કોતર્યા હતા. પરંતુ તેની લિપી ઊકલતી ન હતી. તે ઉકેલવા માટે તેના 'લિનિઅર એ' અને 'લિનિઅર બી' ભાગ પડ્યા. તેના આધારે તાજેતરમાં મિશેલ વેન્ટ્રિસ નામના અમેરિકન અને જેમ્સ ચેડવિક નામના બ્રિટિશ તજ્જ્ઞોએ 'લિનિઅર બી' ભાગની લિપી ઉકેલી. ઈંટો પર કોતરેલા લેખોમાં ક્રીટ ટાપુ પરના તે વખતની પાંચ નગરીઓનાં નામ ઉપરાંત ત્યાંની કેટલીક વ્યક્તિઓનાં નામ હતાં. તે સિવાય કેટલાક લેખોમાં ખાદ્યપદાર્થોની, આયુધોની અને અન્ય જીવનોપયોગી વસ્તુઓનાં નામોની યાદી હતી. કોતરેલી ભાષા ગ્રીકની અતિપ્રાચીન ભાષા હોવાનું વિદ્વાનો કહે છે.

તુર્કસ્તાનની ગણના યુરોપ ખંડમાં થતી હોવા છતાં એ દેશ પર મધ્યપૂર્વ એશિયાની ખૂબ અસર છે. એ દેશમાં મળી આવેલ પ્રાચીન અવશેષોના આધારે ત્યાં એક સમયે 'હિટાઈટ' નામની સંસ્કૃતિ હોવાનું સિદ્ધ થયેલ છે. ૧૯૦૬ થી ૧૯૦૮ દરમિયાન જર્મન અને તુર્કી પુરાતત્ત્વ તજ્જ્ઞોએ સંયુક્ત રીતે કરેલ ઉત્ખનનમાં ઇ.સ. પૂર્વેની ૧૪મી સદીના કેટલાક કોતરેલા લેખ મળી આવ્યા. આ લેખ હિટાઈટ લિપીમાં છે, જે હવે ઉકેલી શકાઈ છે. તુર્કી પ્રજા તેની પ્રાચીન સંસ્કૃતિ પર બેહદ ખુશ થઈ. થોડાંક વર્ષો પહેલાં જેમ્સ મેલાર્ટ નામના બ્રિટિશ સંશોધકે તુર્કસ્તાનના શટાલ યુહુક ગામે ઉત્ખનન કરતાં તેને આઠ હજાર વર્ષ પહેલાનું એક આખું શહેર ભગ્નાવશેષમાં મળી આવ્યું.

રશિયન પ્રજાના લોહીમાં પુરાવસ્તુઓનો સંગ્રહ કરવાનો શૉખ છે. પુરાતત્ત્વ સંશોધન અંગે ૧૫૨૯માં તે વખતના રાજાએ એક યોજના કાઢી પણ તેમાં કોઈ પ્રગતિ ન થઈ. ૧૭૧૮માં પિટર ધ ગ્રેટે જનતાને તેની પાસેના પ્રાચીન અવશેષો સરકારમાં જમા કરાવવાનો ફતવો કાઢ્યો. ૧૭૩૯માં તાતીશ્ચેવ નામના પુરાતત્ત્વ તજ્જ્ઞે ઉત્ખનન પર એક પુસ્તક લખ્યું. પરંતુ રશિયામાં પુરાતત્ત્વ સંશોધનની ખરી શરૂઆત થઈ ઈ. ૧૮૫૯થી. રશિયન રાજા ઝારે એ વર્ષમાં એક કમિશન સ્થાપી તેને હસ્તક ઉત્ખનનનું કામ સોંપ્યું. કમિશને દેશભરમાં સંશોધન કરી સેંકડો વૃત્તાંત પ્રસિદ્ધ કર્યા. ઉત્ખનનમાં મળેલ અવશેષો સાચવવા ૧૮૭૬માં મૉસ્કો ખાતે રશિયાનું પહેલું રાષ્ટ્રિય સંગ્રહાલય સ્થપાયું. પરંતુ તે પહેલાં પિટર ધ ગ્રેટે લેનિનગ્રાડમાં હર્મિટેજ નામના સંગ્રહાલયની સ્થાપના કરી હતી. આ સંગ્રહાલય પૂર્ણતઃ રાજાના હસ્તક હોવાથી તે રાષ્ટ્રિય ન ગણાય. ૧૯૧૯માં રશિયન ક્રાંતિ બાદ ત્યાં પુરાતત્ત્વ સંશોધનનું કાર્ય પૂરજોશમાં ખીલી ઊઠ્યું.

રશિયાનું ખૂબ જ મહત્ત્વનું અને શાસ્ત્રશુદ્ધ ઉત્ખનન પંપેલી નામના પુરાતત્ત્વ તજ્જ્ઞે ૧૯૦૨માં કર્યું. રશિનય ક્રાન્તિ બાદ કરાયેલા એક ઉત્ખનનમાં ઉઝબેકિસ્તાનના તેશિક-તાશ ગામે એક છોકરાનું શબ મળી આવ્યું. તેના માથા પર સાબરના શિંગડાનું ચક્ર હતું. કોસ્ટડી ખાતેના ઉત્ખનનમાં મકાનનાં અને લહાડિમીર પાસેના સુંગીર ગામનાં ઉત્ખનનમાં એક માણસના શબના અવશેષ મળી આવ્યા. શબ પર અતિપ્રાચીન સમયનું વસ્ત્ર સુધ્ધાં મળી આવ્યું. વસ્ત્ર હાથીદાંતના મણકાથી સુશોભિત હતું. થોડાંક વર્ષો પહેલાં કરાયેલા ઉત્ખનનમાં રશિયાની સાત હજાર વર્ષ જૂની ખેડૂતોની એક વસાહતના અવશેષ મળી આવ્યા. નમાઝગા ટેપે ગામ પાસે ઉત્ખનન કરતા ચાર હજાર વર્ષ પહેલાની રશિયાનો કાંસ્યયુગ દરમિયાન ભારતની સિંધુ સંસ્કૃતિ સાથે વાહનવ્યવહાર હતો તે સિદ્ધ થયેલ છે. રશિયાના સાઈબેરિયા પ્રાંતના અલ્લાઈ ભાગમાં ઉત્ખનન કરતાં કેટલાંક શબ મળી આવ્યાં. શબ સાથે કીમતી અલંકારો, ગાલિચા અને ચીની રેશમનાં વસ્ત્રો હતાં. ઈ.સ. પૂર્વેની પાંચમી સદીનાં આ શબ ઊંડા ખાડામાં દાટ્યાં હતાં. ચારે બાજુ લાકડાની મજબૂત પટ્ટીઓ ઠોકેલી હતી. આ ઉપરાંત કેટલાક ખાડામાં શબ સાથે રથ અને તેનાં અશ્વ સુધ્ધાં મળી આવ્યા. દક્ષિણ રશિયાનો પ્રાંત ઇ.સ.ની પહેલી અને (અથવા) બીજી સદીમાં ભારતના સમ્રાટ કુશાનના શાસન હેઠળ હતો તે ઉત્ખનનમાં મળી આવેલ બૌદ્ધધર્મના અવશેષો પરથી દૃષ્ટિગોચર થાય છે. (ક્રમશઃ)



માલગાડી નવા ક્લેવરે

કલાકના એંશી માઈલની એટલે કે અન્ય કોઈ માલગાડી કરતાં કલાકે પચ્ચીસ માઈલની વધારે ઝડપથી વીજળીવેગે સૂસવાટા ભેર દોડતી કોઈ એક માલગાડીનું કલ્પનાચિત્ર નજર સમક્ષ ખડું કરો. રેલમાર્ગને નિયંત્રિત કરતાં 'ઇલેક્ટ્રોનિક' યંત્રને ખાસ્સા અંતરે એકજ પાટા પર સામસામે દોડી રહેલી બે ટ્રેનો ટકરાશે એવો સંકેત મળતાની સાથે જ બેમાંની એકને આપમેળે જ તે ધીમી પાડી દે છે કે જેથી કરીને બન્ને ગાડીઓ એકજ પાટા પરથી એકમેકને ઓળંગે નહિ.

ઍલ્યુમિનિઅમ કે 'ફાઈબર ગ્લાસ' જેવી હલકા વજનની ધાતુમાંથી બનાવેલ આગગાડી પાટાને વધારે ઘસારો આપ્યા વિના વધુ માલનું પરિવહન કરી શકે છે. ગાડીને બન્ને છેડે જોડેલાં એન્જિનો ગાડીને ખેંચવાની અને ધકેલવાની બન્ને કામગીરી કરે છે. વ્યુત્ક્રમિક (alternating) વીજળી પ્રવાહ આ એન્જિનોને સીધા (direct) પ્રવાહથી દોડતાં તેના પૂર્વજ એન્જિનો કરતાં વધારે શક્તિ સંપન્ન બનાવે છે. 'ઇલેક્ટ્રોનિક-બ્રેક' એક સાથે જ દરેક ડબાને લાગે છે અને ક્ષણવારમાં જ આખીયે ગાડી થંભી જાય છે. વળી, ગાડીના કોઈ પણ ભાગનું સમારકામ કરવું હોય ત્યારે આ પદ્ધતિથી ગાડી આપમેળે જ પાટાની ફેરબદલી કરી શકે છે. માલગાડી ઉદ્યોગના યાંત્રિક ઉપકરણોએ હવે નવું કલેવર ધર્યું છે તેથી જ આવી બધી સ્વયંસંચાલિત પ્રક્રિયાઓ શક્ય બની છે. હાથવેંતના જ ભવિષ્યમાં આવી રહેલી આ પ્રકારની રેલગાડીનું સ્વાગત હો!

અમેરિકામાં ટ્રક માલિકોના ધસારાને આ નવી યંત્ર પદ્ધતિ મોટો ઘસારો પહોંચાડશે. રેલમાર્ગની સાધનસામગ્રીના ઉત્પાદકો માટે આના કરતાં બીજા વધારે આનંદના સમાચાર શા હોય? એન્જિન બનાવનાર 'જનરલ મોટર્સ' અને 'જનરલ ઇલેક્ટ્રિક' માલગાડીનું ઉત્પાદન કરતી 'ટ્રિનિટિ ઇન્ડસ્ટ્રીઝ' અને 'થ્રોલ કાર મૅન્યુફેક્ચરિંગ' (Thrall Car Manufectaring) તથા 'I.O. B.M.' અને 'રોકવેલ ઇન્ટર નેશનલ' (Rockwell imternaticnal) જેવી 'ઇલેક્ટ્રોનિક્સ' કંપનીઓ, ગ્રાહકોની માગ અનુસાર - ગતિમાં વધારો કરે, ખાતરીબંધ હોય, ગાડી ખેંચવાની ક્ષમતા ધરાવતા હોય તથા અન્ય સુધારાવધારા કરી શકે તે પ્રકારની યંત્રવિદ્યા તરફ હરણફાળ ભરી રહી છે.

'રેલ રોડ ઇક્વિપમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ ટ્રેડ એસોસીએશન'ની રેલવે પ્રોગ્રેસ ઇન્સ્ટિટ્યૂટના પ્રમુખ રોબર્ટ એ. મૅથ્યૂઝ.'ના મતે આધુનિક સમયમાં આગગાડીએ તેની સ્વગિતતા, પૈડાં અને પદ્ધતિ એમ દરેક ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી છે. રેલમાર્ગની સાધન-સામગ્રીના ઉત્પાદકોમાં ગણનાપાત્ર વધારો થયો છે. ઉત્પાદકો જે કાચા માલની ખરીદી નથી કરી શકતા તે ખરીદી જહાજના વેપારીઓ - Shippers - અને 'લીઝિંગ કંપનીઓ' કરી આપે છે. ૮૦ના દાયકા દરમિયાન માલગાડીઓ બનાવનાર વરસે ૫૦૦૦ ગાડીઓનું વેચાણ પણ ન કરી શકતા તેમણે છેલ્લાં બે વરસ દરમિયાન બાર લાખ માલગાડીઓનું વેચાણ કર્યું છે અને નજીકના ભવિષ્યમાં વરસ દહાડે ૪૫૦૦૦ ગાડીઓ વેચવાની તેમની ધારણા છે. રેલમાર્ગે વ્યુત્ક્રમિક વીજળિક પ્રવાહવાળા ૧૬૬૭ એન્જિનો વધાર્યાં છે અને સંભવતઃ આ વરસે સાતસો કે તેથી થોડાંક વધાર પણ ખરીદી શકે. એન્જિનોનું ઉત્પાદન કરનાર G.M.'S. Electro - Motive વિભાગના એક પ્રવક્તા રિચાર્ડ ફલેમિંગના કહેવા પ્રમાણે બજાર ખરેખર ઘણું જ ગરમ છે. નવી ગાડીઓ કાંઈ સસ્તી નથી.

તાપમાનાનુકુલિત ગાડીની કિંમત બે લાખ ડૉલર કરતાં પણ વધારે છે, જ્યારે નવી વધુ તાકાતવાળી ગાડીઓની કિંમત તો આશરે બે મિલ્યન ડૉલર જેટલી છે. આ કિંમત આમ તો ઘણી વધારે લાગે છે, પણ નવા રેલમાર્ગો બાંધવા અને ગ્રાહકોને આકર્ષવા પાછળ એટલું બધું તો ખરચ કરવું પડે છે કે

સાધનસામગ્રી પેટે ધીરાણ કરતી પેઢીઓને મુદ્દલ કે વ્યાજ ચૂકવવા માટે પણ ફાંફાં મારવાં પડે છે. આ સદીની વીસી અગાઉ રેલવે જેટલી ખરીદી કરતી તેટલી આજે કરતી નથી. પણ વચ્ચેની ખોટ તો 'લીઝીંગ' કંપનીઓ પૂરી કરે છે એવું વધારેમાં વધારે ગાડીઓ બનાવનાર 'ટ્રિનિટિ'ના પ્રમુખ વોલેસનું કહેવું છે. દા.ત., રાષ્ટ્રની ૨૩ ટકા જેટલી માલગાડીઓની માલિકી ધરાવતી 'ટીટીએક્સ' (TTX) નામની એક ધીરાણ પેઢીએ આ વરસે ૧૫૦ મિલ્યન ડૉલરની નવી ગાડીઓ ખરીદવાનું આયોજન કર્યું છે. ગયા વરસે જેની આવક નવસો મિલ્યન ડૉલર હતી એવી રેલવે હસ્તકની કંપનીના મુખ્ય કાર્યપાલક રેમન્ડ સી. બર્ટન તો એટલે સુધી કહે છે કે આ ક્ષેત્રે અગાઉ કદીયે તેઓ આટલા બધા આશાવાદી ન હતા. 'જીઈ કૅપિટલ રેલકાર સર્વિસીઝ' ખાતેનો ઉત્સાહ પણ અનેરો છે. '૫ વન બિલ્યન ડૉલર લીઝિંગ' કંપની પાસે એક લાખ ને બ્યાંસી હજાર જેટલી ગાડીઓ છે અને તેમાંની ૯૫ ટકા તો કાયમી વપરાશમાં હોય છે. સંકુલના પ્રમુખ 'રોબર્ટ ડબ્લ્યુ સ્પીટ્ઝેનના કહેવા પ્રમાણે આ એકમ ૨૦૦૦ની સાલ સુધીમાં તો બે મિલ્યન ડૉલર જેટલી કિંમતની માલગાડીઓ બનાવશે. રેલવેની દુનિયામાં જેઓ સક્રિય રીતે ફાળો આપી રહ્યા છે તેમને માટે આ સમય ઉજમાળો છે. છેલ્લાં બેએક વરસથી જહાજ-માલિકો, ધીરાણ કરતી પેઢીઓ અને રેલવેએ ખરીદી ક્ષેત્રે જાણે હોડ બકી છે અને તે ૧૯૭૯ના આંકને આંબે છે. પરિણામે ફૂલ્યા-ફાલ્યા વહાણ અને ખટારાના ધંધાને તે મરણતોલ ફટકારૂપ છે. દસ વર્ષ અગાઉ ૨૩ જેટલી કંપનીઓ રેલગાડીઓ બનાવતી, જ્યારે આજે તો તેની સંખ્યા ફક્ત સાતની જ છે. શિકાગોની 'ઇલેક-મોટિવ' એન્જિનના જુદા જુદા ભાગો જોડીને વરસ દહાડે આશરે ૧૪૦૦ જેટલા એન્જિનો બનાવતી તેણે એકાદ વરસ પહેલા તેના મુખ્ય કારખાનાને સંકેલી લઈને ભાગોના જોડાણની પ્રક્રિયા હવે કેનેડામાં શરૂ કરી છે. આ એકત્રીકરણે ૧૯૮૦માં મોટા રેલમાર્ગોની સંખ્યાને ૨૩થી ઘટાડીને માત્ર નવ જેટલી જ કરી છે. અમેરિકન રેલરોડ એસોશીએશનના મત પ્રમાણે ૧૯૮૦માં મોટી કંપનીઓએ રોજગારોની સંખ્યા ૪૫૮૦૦૦થી ઘટાડીને ૧૮૮૦૦૦ કરી નાખી છે. પણ બાકીના રોજગારોની ઉત્પાદકશક્તિ ત્રણ ગણી વધી છે.

એસોસીએશનના એક પ્રવક્તા ટોમસ સી. વ્હાઈટે જણાવ્યું કે એકીકરણે અને યંત્રવિદ્યાએ કારકૂનના ધાડાઓમાં ઘટાડો કરીને એકાદ-બે ટંડેલોના હાથે ગાડી દોડાવીને અને રેલમાર્ગની દુરસ્તીના દરમાં ઘટાડો કરીને - ખર્ચમાં કાપકૂપ કરી છે. તેમ છતાં ગાડીઓ દોડાવવાની અને સમયપાલનની બિનકુશળતાને કારણે ઉપલબ્ધ સાધનસામગ્રી વડે ઉત્તમ કાર્યક્ષમતા પૂરી પાડવાની આ ઉદ્યોગની શક્તિને મોટો ધક્કો પહોંચાડ્યો છે. હવે રેલમાર્ગો, વરસ દરમિયાનના કામના કલાકોમાં વધારો કરીને, ગાડીઓ સારી એવી આવક ઊભી કરી શકે એ રીતે માલનું પરિવાહન કરવાના કપરાં ચઢાણ ચઢી રહ્યા છે. તેમ છતાં આ કામ ધારીએ છીએ તેટલું સહેલું નથી. ધોરી માર્ગ પૂરગ્રસ્ત હોય ત્યારે ખટારો તરત જ બીજે માર્ગે ફંટાઈ શકે, જ્યારે રેલગાડીએ તો નિશ્ચિત પાટામાર્ગે જ દોડવું પડે અને આ માર્ગની જાળવણી અને વિસ્તૃતીકરણ પાછળ નાણાં ખરચવા પડે. વધારે રેલ ગાડીઓવાળા રેલમાર્ગ પર ભંગાણ થાય ત્યારે વધારે ખાના ખરાબીની શક્યતા. ભારવાહક જહાજને માલ ઉતારતાં ધાર્યા કરતાં વધારે વખત લાગે અને લાંબા અંતરની ગાડીને સરહદ બદલાતાં વહીવટી વિધિજાળમાં અટવાવું પડે. એકહથ્થુ માલિકી ધરાવતી કેન્દ્રીયકરણ પદ્ધતિએ રેલમાર્ગ-ઉદ્યોગને કંઈક અંશે મદદ કરી છે. તેમ છતાં હજી પણ કેટલીક રેલગાડીઓ એવી છે કે જેમાંની ૪૦ થી ૫૦ ટકા જેટલી તો અજગરની જેમ સુસ્ત પડી રહે છે. શ્રી વ્હાઈટ નોંધે છે કે કેટલાંક જૂની બોક્સ ગાડીઓ તો વરસમાં માત્ર બાર જેટલી જ ખેપ કરે છે. પોતાની અસ્કયામતોનો સારામાં સારો ઉપયોગ કરવાના ઉપાયો શોધવા માટે રેલમાર્ગો પડાપડી કરી રહ્યા છે. જુલાઈમાં ૫ બર્લિન્ગ્ટન નોર્ધન સાન્તા ફે કોર્પોરેશને આઈ.બી.એમ.ની સાથે મળીને ૩૫૦૦૦ માઈલ અંતરના પાટે દોડતાં ૪૬૦૦ એન્જિનો અને બે ડબાઓની દોટ અર્થની માર્ગયોજના શરૂ કરી. આ પરત્વે પ્રતિભાવ આપતાં 'બર્લિન્ગ્ટન નોર્ધન'ના પ્રવક્તા રિચાર્ડ રઝાકે કહ્યું કે સમયપાલનની ચુસ્તતા દાખવતી અને ટૂંકા માર્ગોને ખોજતી આ યોજના આપણા ધંધા માટે પ્રાણવાયુરૂપ છે. 'બર્લિન્ગ્ટન નોર્ધન' અને 'યુનિયન પૅસિફિક' અન્યોન્યના સહકારથી, ઉપગ્રહ અને 'ઇલેક્ટ્રોનિક' સંવેદનાથી આગગાડીઓને સામસામે ટકરાતી રોકે - એવી એક યોજનાની ચકાસણી કરી રહી છે. આ યોજના હૅરિસ-રેલવે ઇલેક્ટ્રોનિક્સે ઘડી છે. આ યોજના ટ્રાન્સપોર્ટેશન તથા હૅરિસ કોર્પોરેશનનું સહિયારું સાહસ છે. તેનુ અમલીકરણ કરતાં કરોડો ડૉલરનું ખરચ થાય તે મુદ્દા પરત્વે આંખમીંચામણ કરી શકાય નહિ. યંત્રવિદ્યા કૂદકે ને ભૂસકે મોંઘી બનતી જાય છે અને તેથી ઓછી ખર્ચાળ પદ્ધતિની જરૂરિયાત ઊભી થાય છે. આ બધી જ યોજનાઓ પાછળનું ખરચ કેમ ઘટે તે પરત્વે પ્રયોગશીલ બનવું જોઈએ. શ્રી લુસર તો દૃઢતાપૂર્વક માને છે તેમની યોજનાથી કૌશલ્ય એટલું બધું તો વધશે કે ફક્ત બે વરસમાં જ તેનું વળતર ખાધ પૂરી કરી શકશે. પણ અગાઉ આપવામાં આવેલી આવી બાંહેધારીઓ પોકળ નીવડી છે. રેલગાડીની દોટ અને તેના માર્ગની મરામત માટે અગાઉથી સંકેત મળે તેવી યોજના ૮૦ના દાયકાના

વચગાળામાં 'એડવાન્સ રેલરોડ ઇલેક્ટ્રોનિક સિસ્ટિમ 'રોકવેલે' રજૂ કરી પણ તેના ખરચનો અંદાજ હતો ૩૫૦ મિલ્યન ડૉલર. બે વરસમાં વળતર મળી રહેશે એવી 'હાવર્ડ બિઝનેસ સ્કૂલે - કરેલી મોજણી છતાં ખર્ચના મુદ્દે આ યોજના ખોરંભે પડી. 'ઇલેક્ટ્રોનિક' સાધનો સંદેશા વ્યવહારની યોજના અને તેને લગતા ભાગોનું 'રોકવેલ' છૂટક વેચાણ કરી રહ્યાં છે. કદાચ ફરીથી તે બધું જથ્થાબંધ બજારમાં મૂકે પણ ખરો. તે વધુમાં જણાવે છે કે માગને પહોંચી વળવા તે કામદારોની સંખ્યામાં વધારો કરી રહ્યો છે. જી.ઈ. કૅપિટલ, વહાણવટાના વેપારીઓને લગતી કોલસો, રસાયણો અનાજ અને ધીરાણ અંગેની સમસ્યાઓ પણ હલ કરાઈ રહી છે. તેના મહેનતાણા તરીકે તે વહાણોનો કાફલો નભાવશે અને યોગ્ય ગાડીઓ પૂરી પાડવાની ખાતરી આપશે. શ્રી સ્પીટ્ઝેન રેલમાર્ગોને પોતાની સેવાઓ આપવાની આશા રાખે છે. સાધનસામગ્રીના ઉત્પાદકોએ રેલમાર્ગની આવક અને વિશ્વસનીયતાને તાત્કાલિક ટેકો આપ્યો છે. 'મલ્ટિલેવલ' ગાડીઓએ નવા એન્જિનોના પરિવહનના ૭૦ ટકા જેટલા ધંધાને હસ્તગત કરવા માટે રેલવેને સક્ષમ બનાવી છે. માલભરેલા ટ્રક પૂંછડિયા - trailors - કે માલવાહક જહાજનું વહન કરી શકતી વધારે સારી 'ઇન્ટર મોડલ' ગાડીઓ - જે 'પિગિ બેક' ગાડીઓનું આધુનિક નામ છે - તેણે હવે તેમના પ્રતિસ્પર્ધી - ટ્રકમાલિકો સાથે સંગઠન સાધ્યું છે. માલગાડીને ખટારા પાછળ જોડી દેવામાં આવે છે. પછી 'પૂંછડિયા' (trailor)ને તેના બીજા નિશ્ચિત મથકે પહોંચાડવા માટે વહાણ પર ચઢાવવામાં આવે છે. કે જ્યાંથી ફરી એક વાર તેને ખટારા સાથે જોડી દેવાય છે. ઉત્પાદકો પણ યાંત્રિક પરિબળ વડે જૂની ગાડીઓ અને એન્જિનોને ખેંચી જાય છે. ટ્રાન્સપોર્ટેશન સિસ્ટિમના જનરલ મૅનેજર ડૅવિડ ટકરે જણાવ્યું કે તેની પાસે ૨૫ થી ૩૦ ડિઝાઈન એન્જિનીઅરો છે અને તેઓ અમારા એન્જિન-કાફલાને સારી રીતે વિકસાવવાનું જ માત્ર કામ કરે છે. આવકના પા ભાગનો યશ તેમને ફાળે જાય છે. 'ઍર-બ્રેક'નું સ્થાન હવે તો ઇલેક્ટ્રોનિક બ્રેકે લીધું છે. હૅરિસન રેડિયો દ્વારા સંકેતો મોકલવાની સંભાવના રજૂ કરે છે, જ્યારે રોકવેલ તારો દ્વારા સંકેત મોકલે છે. બન્ને પદ્ધતિ ખામીભરેલી છે. રેડિયો-સંકેતો અગત્યના સંકેતોને વિકૃતરૂપે રજૂ કરે છે તો તારપદ્ધતિમાં એક ડબાના તારનું જોડાણ તૂટતાં પાછળના બધા જ ડબા સાથેનું જોડાણ તૂટી જાય છે. પણ 'TTX'ના શ્રી બિર્ટનના મત પ્રમાણે બન્ને પદ્ધતિઓ થોભવાનું અંતર ૪૦ ટકા જેટલું ઘટાડે છે. મોટા ભાગની નવી સામગ્રીને સારો એવો પ્રતિસાદ મળ્યો છે અને મોટાભાગના ઉત્પાદકોનું કહેવું છે કે તેઓ તેમની ક્ષમતા પ્રમાણેનું કામ કરી રહ્યા છે. તેમ છતાં હજી કેટલાક ઉત્પાદકો નવા સંચાઓ ઊભા કરવાની લાલચ રોકી શકતા નથી. તેઓ કહે છે કે હજી વધારે ઝડપે તેઓ સાધનસામગ્રીનું ઉત્પાદન કરશે. પણ ૮૦ના દાયકાની પાયમાલી હજી તેમના મનમાં તાજી છે. G.M.ના ફ્લેમિંગ કહે છે કે અમે તો જૂના માર્ગો અખત્યાર કરીશું નહિ ને બજાર-શિખરો સર કરીશું નહિ.

- ધનુભાઈ મહેતા ('ન્યૂયૉર્ક ટાઈમ્સ'ને આધારે)

'કુમાર'ને

'સંસ્કાર' પારિતોષિક

વડોદરાની 'સંસ્કાર પરિવાર' સંસ્થા તરફથી 'કુમાર'ના ૧૯૯૭ના ઓગસ્ટ માસના 'સ્વાતંત્ર્યની સુવર્ણજયન્તી' વિશેષાંકને લક્ષમાં રાખીને શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તરફથી ઈ.સ. ૧૯૯૭-૯૮નું રૂ. ૨૫૦૧=૦૦નું ખાસ પારિતોષિક 'કુમાર'ને આપવામાં આવ્યું છે. સંસ્થાનો આ તકે અમે ઋણસ્વીકાર કરીએ છીએ.

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

કારણ વગરની પરિષદ

તા. ૨૮-૧૨-૮૬. ગયે અઠવાડિયે એક કારણ વગરની પરિષદમાં હું ફસાયો હતો. ભારતના ગણિત-શિક્ષકોના મંડળનું ૨૧મું અધિવેશન અમદાવાદમાં ભરાયું હતું. મંડળનું નામ મોટું, પણ ખરું જોતાં તો તે તામિલનાડુના અંગ્રેજી માધ્યમવાળી શાળાઓના શિક્ષકોનું મંડળ છે. પણ એ લોકો નવા જમાનાના જાહેરાતની કલાના નિષ્ણાત છે. તેઓ કેવા ઉસ્તાદ જાહેર ખબરી છે તે તો જુઓ. દક્ષિણ ભારતથી ૪૦ ડેલિગેટ આવ્યા હતા, અને પ્રેસ કૉન્ફરન્સમાં જાહેર કર્યું કે ગુજરાત બહારથી ૨૫૦ ડેલિગેટ આવ્યા છે. ગુજરાતમાં ગણિત મંડળની એક આબરૂ છે એટલે ગુજરાતમાંથી ૨૦૦ શિક્ષકો આવ્યા હતા એટલે કુલ ૨૫૦ ડેલિગેટ ખરા! વળી અંગ્રેજીમાં ચાલતી આ પરિષદમાં અંગ્રેજી છાપાંઓએ ખૂબ રસ લીધો અને એક છાપાએ તો ડેલિગેટની સંખ્યા 'more than a thousand' (એક હજારથી પણ વધુ) લખી હતી!

પરિષદમાં કર્યું શું? તો કહે, રેડીઓ અહેવાલ આવ્યો. ટી.વી.ના સમાચારમાં મારો ટોપીવાળો ફોટો આવ્યો. છાપાંમાં મોટા (છતાં ખોટા!) અહેવાલો આવ્યા, ફોટાઓ પડ્યા, ફૂલ-ગજરા લેવાયા-દેવાયા, જમ્યા, ચા પીધી, તાળીઓ પાડી એવું એવું ઘણું કર્યું... અને ત્રણ દિવસ એ કારણ વગરની પરિષદમાં ગયા.

અને આપણે ત્યાં આવું - કારણ વગરની પરિષદ જેવું - તો ઘણું ચાલે છે. હું એક અઠવાડિયું મહિસૂર ગયો હતો ત્યાં રિજિયોનલ કૉલેજ ઑફ એડ્યુકેશનમાં વિન્ટર સ્કૂલ (શિશિર વર્ગો)માં ભાષણ આપવાનાં હતાં. ભારત સરકાર આવી ચાર મોટી કૉલેજ ઑફ એડ્યુકેશન ચલાવે છે. તે કૉલેજના ભૌતિક-વિજ્ઞાન વિભાગમાં સાપેક્ષતા (રીલેટિવિટી) ઉપર આ શિબિર વર્ગો યોજાયા હતા. શિક્ષણની કૉલેજમાં સાપેક્ષતાના વર્ગો? પણ એમાં નવાઈ જેવું કદાચ ન લાગે પણ આ વિન્ટર સ્કૂલ કૉલેજના ટેક્નોલૉજી બ્લૉકમાં ચાલતી હતી. એડ્યુકેશન કૉલેજમાં ટેક્નોલૉજી બ્લૉક? મૂળ વાત એમ છે કે ૧૯૬૬ના શિક્ષણ માટેના કોઠારી કમિશને ભલામણ કરી હતી કે શાળાના ૮મા ધોરણથી વ્યવસાયલક્ષી શિક્ષણ દાખલ કરવું અને તેથી શાળામાં ઉદ્યોગ શીખવી શકે તેવા શિક્ષકો તૈયાર કરવા. એટલે મહિસૂરની એડ્યુકેશન કૉલેજમાં આવા શિક્ષકો તૈયાર કરવાનું નક્કી થયું. ૧૦૦ વિદ્યાર્થીઓને ચાર વર્ષમાં ઉદ્યોગ સાથે બી.એડ્.ની ડિગ્રી આપવાનું ઠરાવ્યું. ઉદ્યોગ માટે ટેક્નોલૉજી બ્લૉક બંધાયો. ત્રણ વર્કશૉપ (સિવિલ, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ) તૈયાર થયાં. એન્જિનિયરો પ્રોફેસર તરીકે નીમાયા અને ચાર વર્ષને અન્તે ૧૦૦ શિક્ષકો પાસ થઈને બહાર પડ્યા. પણ પેલું શાળામાં વ્યવસાયી શિક્ષણ દાખલ કરવાનું તો ગોઠવાયું જ નહીં! આ ૧૦૦ B.Ed.ને કોઈ નોકરી ન આપે. શાળાનો ચાલુ કોઈ વિષય શીખવી શકે નહીં અને એન્જિનિયર તરીકે કાંઈ આવડે નહીં! છેવટે એ કોર્સમાં વિદ્યાર્થી આવતા બંધ થઈ ગયા. અને આજે (એટલે કે ૧૯૮૬માં) હજુ ત્રણ વર્કશૉપ ઊભાં છે. તેમાંનાં મશિનો ધૂળ ખાય છે અને પેલા એન્જિનિયર પ્રોફેસરો દર પહેલી તારીખે પગાર લઈ જાય છે અને તે સિવાય તેમને કાંઈ કરવાનું નથી! દર વર્ષે લગભગ ૫૦ લાખ રૂપિયાનું ખર્ચ આ ખાતે થયા કરે છે અને વિદ્યાર્થી એકેય નહીં!!

એક તરફથી જે વિષયના છેલ્લાં પંદર વર્ષથી કોઈ વિદ્યાર્થી નથી તેનો સ્ટાફ પગાર ખાય છે ત્યારે શૈક્ષણિક ટી.વી. પ્રોગ્રામ બનાવવા માટે બધી જ મશિનરી આવી ગઈ છે પણ પ્રોડ્યુસર કે કેમેરામેન એવો સ્ટાફ નિમાયો નથી!

કેળવણીનો વ્યાપાર : મરાઠાવાડ અને ગુજરાત

તા. ૧૮-૧-૮૭. આજના અંગ્રેજી દૈનિકમાં B.Ed. Scandal (બી.એડ્. ગરબડ)ના શીર્ષકવાળો એક તંત્રી-લેખ છપાયો છે. તેમાં મહારાષ્ટ્રના મરાઠાવાડ પ્રદેશની વાત છે. ત્યાંની મરાઠાવાડા યુનિવર્સિટીએ કેટલીક એડ્યુકેશન કૉલેજોને જોડાણ આપવાની ના પાડી. પણ આજકાલ શિક્ષકના ધંધામાં પડવા માટે બી.એડ્. થવું જરૂરી છે એટલે બી.એડ્. કૉલેજોની માગ ઘણી છે. એટલે જ તો કેટલાક 'શેઠીઆઓ'એ વિચાર્યું કે નાણાં કમાવાનો આ સરસ મોકો છે. એમણે કેટલીયે બી.એડ્. કૉલેજો ખોલી અને મોટી મોટી ફી લઈ વિદ્યાર્થીઓને દાખલ કર્યા તથા યુનિવર્સિટીને જોડાણ માટે અરજી કરી. યુનિવર્સિટીએ જોડાણ ન આપ્યું. પણ આ કૉલેજ કાઢનારા તો રાજ્યના મુખ્યપ્રધાનના સગાવહાલા હતા! ને રાજકર્તાપક્ષમાં ઘણી લાગવગ ધરાવતા હતા તેથી તેમણે વિચાર્યું કે યુનિવર્સિટીની એસીતેસી. રાજકીય દબાણ લાવીને યુનિવર્સિટીને ફરજ પાડીશું કે અમારા વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ ડિગ્રી આપે. પણ યુનિવર્સિટીનો વાઈસ-ચાન્સેલર જરા માથાભારે નીકળ્યો અને યુનિવર્સિટીએ આવા ૫૦૦૦ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની ના પાડી! આ છે બી.એડ્. ગરબડ-ગોટાળો.

પણ આ મરાઠાવાડના કૉલેજ કાઢનારાઓને ગુજરાત

વિષે ખબર નહીં હોય. ખબર હોત તો તેમના વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા વગરના ન રહેત. મરાઠાવાડના ઔરંગાબાદમાંથી પેલું અંગ્રેજી દૈનિક નીકળતું નથી, પણ અમદાવાદમાંથી તો નીકળે છે. છતાં અમદાવાદના આવા જ સ્કેન્ડલની વાત વિષે તેમાં અગ્રલેખ આવ્યો નથી અને ગુજરાતીઓની એ વિશેષતા છે કે તેમણે પરિસ્થિતિ એવી બનાવી છે કે દૈનિકને અગ્રલેખ લખવો હોય તો યે ન લખી શકે. વાત આવી છે.

અહીં બી.એડ્.ની વાત નથી, પણ પ્રાથમિક શિક્ષક થવા માટેની લાયકાત માટેનાં અધ્યાપન-મંદિરોની વાત છે. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ ઘણો છે એટલે અધ્યાપન-મંદિરોમાં પ્રવેશ માટે ઘણો ધસારો રહે છે. માટે તો અહીંના ખેરખાંઓને બી.એડ્. કૉલેજોને બદલે અધ્યાપન-મંદિરો કાઢવાનું મન થયું, કારણ કે તેમાં ઘણી કમાણી છે. ગુજરાતના રાજકીય નેતાઓએ પોતાનાં સગાંવહાલાં મારફતે આવાં અધ્યાપન-મંદિરો ખોલાવ્યાં. પણ કેળવણી ખાતાના ધારાધોરણો સચવાય નહીં તો કેળવણી ખાતું તેમને માન્ય કેવી રીતે કરે? અને અમાન્ય સંસ્થાના વિદ્યાર્થીની સરકાર પરીક્ષા કેવી રીતે લે? બરાબર મરાઠાવાડ યુનિવર્સિટીના બી.એડ્. જેવો જ ઘાટ થયો. પણ ગુજરાતીઓનું કહેવું પડે!

અમાન્ય કૉલેજોના સંચાલકો ગુજરાત હાઈ કોર્ટમાં ગયા. એક વર્ષ ભણેલા વિદ્યાર્થીનો પરીક્ષામાં બેસવાનો મૂળભૂત અધિકાર છે એમ કહી એક વર્ષ પૂરતા પરીક્ષામાં બેસવા દેવાનો ચુકાદો લઈ આવ્યા! આ તો થઈ પાંચ વર્ષ પહેલાંની વાત. પછી દર વર્ષે સરકાર પરીક્ષા લેવાની ના પાડે, કૉલેજ હાઈ કોર્ટમાં જાય અને એક વર્ષ પૂરતું પરીક્ષામાં બેસવા દેવા તેવો ચુકાદો લઈ આવે... છે ને ગુજરાતીઓની ઉસ્તાદી!

મરાઠાવાડાવાળાને આ ન આવડે, એ તો સાબરમતીનાં પાણી પીધાં હોય તો ને? અને હાઈ કોર્ટ વચ્ચે આવે એટલે પેલું અંગ્રેજી દૈનિક અગ્રલેખ ક્યાંથી લખે!!

આ અમદાવાદ!

અહમદશાહ અને સરદાર પટેલનું આશ્ચર્ય

તા. ૪-૨-૮૭. અહમદશાહે બંધાવેલું અમદાવાદ ઝપાટાબંધ બદલાતું જાય છે. ૧૫મી સદીવાળો અહમદશાહ આજના અમદાવાદને ઓળખી ન શકે તે તો સમજાય તેવું છે પણ વીસમી સદીના અમદાવાદની સુધરાઈની કાયાપલટ કરનાર સરદાર વલ્લભભાઈ પણ આજે અમદાવાદ આવે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનાં પરિણામ જાણે તો ઘા ખાઈ જાય!

અહમદશાહના અમદાવાદમાં જે ફેરફાર થયા છે તેની સરસ નોંધ એક સ્થાનિક દૈનિકમાં વાંચી. તે જમાનામાં અસલાહ ફરોશ (હથિયાર વેચનારા) જે રસ્તા પર બેસતા તે અસલાહ ફરોશ રસ્તો તે હવે સલાપસ રોડ થઈ ગયો છે! જ્યાં આરબ લોકોએ વસવાટ શરૂ કર્યો તે કુચા-ઓ-આરબ આજે કોચરબ બની ગયું છે. સાબરમતી નદીમાંથી રેતી ભરીને ગધેડાંની થતી અવર-જવર આજે ચાલુ છે તેવી તે જમાનામાં પણ ચાલુ હતી અને આ ગધેડાંઓનો ચાલવાનો માર્ગ રાહેખર (ફારસીમાં ખર = ગધેડો) આજે રાયખડ થઈ ગયું છે! અને મૂંગા સંત ખામોશ શાહના નામ પરથી જે દરવાજો ઓળખાતો તે ખમાસા ગેટ થયો!!

હવે સરદારના આશ્ચર્યની વાત કરીએ. ગયે શનિવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનાં બધાં જ પરિણામ બહાર પડી ગયાં. ૧૨૭ બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટી (જૂનો જનસંઘ) ૬૪ + ૩ બેઠકો લઈ ગઈ. (આ + ૩ એ નવી માયા છે જે આગળ ઉપર જોઈશું.) બીજે નંબરે કૉંગ્રેસ ૨૯ + ૧. આમ કૉંગ્રેસે જબ્બર પછાડ ખાધી છે. શાહબાનું કેસ પછી મુસ્લિમ મુલ્લાંઓને ખુશ કરવા મુસ્લિમ ડિવોર્સ બિલ કૉંગ્રેસ સરકાર લઈ આવી ત્યારથી ભાજપનો પ્રચાર શરૂ થયો. તેમાં અમદાવાદનાં હુલ્લડો ભળ્યાં. પરિણામે શહેરના મધ્યમ વર્ગનો ટેકો કૉંગ્રેસે ખોયો.

પણ ગરબડ તો એ થઈ કે કૉંગ્રેસે મુસ્લિમોનો ટેકો પણ ખોયો. અમદાવાદમાં વાડીગામ-દરિયાપુરમાં ગેરકાયદે દારૂના અડ્ડા ચલાવતા અબ્દુલ લતીફને સરકારે જેલમાં પૂર્યો હતો. જેલમાં રહ્યે રહ્યે તેણે પાંચ જુદી જુદી બેઠકો પર ઉમેદવારી નોંધાવી. ઠેઠ ચૂંટણીની આગલી રાત્રે સુપ્રિમ કોર્ટના આદેશથી તેને પેરોલ પર છોડવો પડ્યો. અને તે અબ્દુલ લતીફ તેની પાંચે પાંચ બેઠકો ઉપર ચૂંટાઈ આવ્યો! મુસલમાનોએ ધાર્યું કે કૉંગ્રેસ કરતાં તો આ દારૂ વેચનારો ગુંડો વધુ સારો!! સરદાર પટેલ આવીને અમદાવાદમાં કૉંગ્રેસની આ સ્થિતિ જુએ તો ઘા જ ખાઈ જાય ને!

અમારા મ્યુનિસિપલ કોર્પોરેશનના એક્ટમાં એવી જોગવાઈ છે કે કોઈ ઉમેદવાર એકથી વધુ સીટો ઉપર ચૂંટાય તો તેણે એક સીટ પસંદ કરી બાકીની સીટો છોડી દેવી જોઈએ. અને તે સીટો ઉપર ચૂંટણીમાં પછીને નંબરે આવતો ઉમેદવાર ચૂંટાયેલો જાહેર થાય. આમ લતીફે ચાર સીટો છોડી દીધી, જેમાંની ૩ ભાજપને અને ૧ કૉંગ્રસને મળી. આ છે ૬૪ + ૩ અને ૨૯ + ૧ માં આવતા 'વત્તા'નો ભેદ! □

સ્થિર નદી, સરતાં નીર

ચારુ-વરવું, સારું-નરસું

પ્રીતિ સેનગુપ્તા

ગ્વાન્જોના વિમાનમથકે બેઠાં બેઠાં, આગળ જવા માટેના વિમાનની રાહ જોતાં જોતાં, મેં કેટલાંક નિરીક્ષણ કર્યાં. 'ચીની લોકો સાવ ખરાબ હોય છે,' મનની અકળામણ મારા વિચારોને દોરતી હતી. 'એ બધા તોછડા ને અવિવેકી હોય છે. ન્યૂ યૉર્કમાં ચીની રેસ્ટોરાંમાં વર્ષોથી જોયું છે કે હંમેશાં વેઈટરો ક્યાંતો અંદર અંદર ક્યાં તો જમવા આવેલાં ગ્રાહકો સાથે ઝગડા, દલીલો કે વાટાઘાટ કરવાના જ. ને ચીનમાં તો જોયું કે લોકો ધક્કા પણ મારે છે. વિમાનમાંની પરિચારિકાઓમાં પણ જોઈએ એવી આવડત ના જણાય. ને લોકો? એ તો ભારતીયોથી પણ ખરાબ. મને ચીનીઓ અને ભારતીયોના સમૂહ-માનસમાં ઘણું સરખાપણું લાગે છે - જેમ કે, વાહનના ચાલકો તરીકે એ બંને પ્રજા અધીરી છે, સતત હૉર્ન વગાડ્યા કરે છે, પાદચારીઓ માટે વાહન ધીરાં પાડતી નથી કે ઊભાં રાખતી નથી. બંને પ્રજા પોતપોતાના વારાની રાહ જોતી હરોળમાં ઊભી રહેતી નથી. કોઈ કાઉન્ટર પર બે જણ કામ પતાવતા ઊભા હોય એની વચ્ચે બંને પ્રજાના લોકો દોડી જવાના - એટલે કે ઘૂસ મારવાના. વળી, જાહેર જગ્યાઓએ પણ મોટે મોટેથી વાતો કરવાના. ને તોયે ચીનીઓ કદાચ વધારે ખરાબ હશે. ચાલક તરીકે પણ એમ જ. જેમ જેમ ટ્રાફિક વધતો જશે તેમ તેમ એમની કુટેવો પણ વધવાની. કોઈ પણ જાહેર પરિસ્થિતિમાં દરેક ચીની પોતાનો જ વિચાર કરવાનો - બીજાંને અન્યાય કરીને પણ.'

ખરેખર શહેરી ચીની આજે આવો થઈને રહેલો છે, અને એની અનાગરિકતા વધતી જ જવાની. અલબત્ત, શાંત ને ગરીબડા ચીની જોવા નથી જ મળતા - એવું નથી, પણ મોટે ભાગે ચીનની વિપુલ પ્રજા પર આધુનિક જીવનના સ્પર્ધા-ભાવનો રંગ ચડવા માંડ્યો છે.

બેઠાં બેઠાં મેં એક બીજી પણ નોંધ લીધી કે સિગારેટ પીવા માટે એક ખાસ જગ્યા બનાવાઈ હતી. ચીની પ્રજામાં ધૂમ્રપાનની ટેવ ખૂબ વધી ગઈ છે. આસપાસ બેઠેલાંની ગૂંગળામણનો વિચાર તો કોઈ શેનું જ કરે? અહીં ખુલ્લું એક આંગણ ધૂમ્રપાન માટે રખાયેલું. કુંડાંમાં ઊગાડેલાં છોડ પણ ત્યાં હતાં. એ આખું આયોજન બહુ સારું હતું. વિમાનમથકની પેલી બાજુના પર્વતો પણ એ ધૂમ્રપાન-કક્ષમાંથી દેખાતા.

છેવટે જ્યારે વિમાન ઊપડ્યું ત્યારે ચોતરફ મને લીલાં ખેતરો અને પાણીનાં ચોરસ આકારનાં નાનાં નાનાં તળાવો દેખાયાં. એક જગ્યાએ સરકસનો મોટો તંબુ બાંધેલો હતો, ને પાસે ખૂબ મોટું એક ચકડોળ હતું. મારા તરફની બારીમાંથી મને ગ્વાન્જો શહેરનો પ્રસ્તાર ના દેખાયો, પણ દષ્ટિગત થયેલો ભૂમિ-ભાગ સુંદર હતો.

વિમાન આખાની અંદર એક હું જ વિદેશી હતી. તો આખરે એવું પણ બન્યું ખરું! મારા મનમાં ખાસ્સી ચિંતા હતી કે કોણ જાણે બાકીના દિવસોમાં હજી શું તકલીફો પડવાની હશે! ઋતુનો સાથ પણ ક્યાં બહુ મળ્યો? ફક્ત વિમાનમાં હોઉં છું ત્યારે જ ભૂરું આકાશ જોવા પામું છું! જોકે એ ઘડીએ હું પોચા, સફેદ રૂનાં અખંડ ગાદલાંથી છવાયેલા નભમાં થઈને પસાર થઈ રહી હતી. ઉડ્ડયન સારું રહ્યું. નાસ્તા-પાણી અપાયાં. એમાંની નાની કેક સ્વાદિષ્ટ હતી. પિપરમીટના પૅકેટની ભેટ બધાંને મળી.

ચોન્ગ્ચિન્ગ નામક શહેરના વિમાન-મથકે ઊતરીને મેં મારા નામનું પાટિયું લઈને ઊભેલું કોઈ જોયું નહીં. પહેલાં તો એકદમ મને જરા બીક લાગી. પછી તરત મારું મગજ ઝડપથી વિચાર કરવા માંડ્યું કે સરકારી ગાઈડ લેવા નહીં આવે તો હું શું શું કરીશ. મારો સામાન આવતાં વાર ના થઈ. એ લઈને હું લેવા આવનારાંની ભીડ તરફ ગઈ ત્યાં જ એક યુવક મારી પાસે આવ્યો. એ જ મારો ચોન્ગ્ચિન્ગમાંનો ગાઈડ હતો, ને મને 'હાશ' થઈ. એનું નામ 'હુ શૂ' હતું - અથવા વિદેશીઓ માટે 'ક્લાર્ક.'

ઊંચે હવામાંથી તો દશ્યપટ અતિ સુંદર લાગેલો. ચારે દિશામાં ટેકરીઓ હતી - નીચી અને ઉપરથી સપાટ જેવી. એમનાં ઉપર સોપાન-ક્ષેત્રો બનાવાયાં હતાં. પાકના પક્વ હરિત તથા ધરતીના કથ્થઈ રંગોથી બનતી અટપટી રચના કળાત્મક અને નયનરમ્ય દેખાતી હતી. આમ તો આખું સિચુઆન પરગણું જ આવું હતું. વર્ષોથી એને વિષે સાંભળતી આવેલી, ને ત્યાંની તીખાશ પડતી ભોજન-શૈલી તરફ પક્ષપાત પણ પહેલેથી રહેલો. બસ, એનું દર્શન છેક હવે થયું. ક્લાર્કે કહ્યું કે વિમાન-મથક ગયા જ વર્ષે બાંધવામાં આવેલું. રસ્તો પણ નવો જ હતો. બંને બાજુ ટેકરીઓ, એમની ટોચે સુઘડ ઘરો, એમના ઢોળાવો પરથી છેક નીચે સુધી આવતાં ખેતરો. સંપૂર્ણતયા ચિત્તહર - બરાબર ઉત્તર ભારતમાંના ગઢવાલ ડિસ્ટ્રિક્ટની જેમ.

અચાનક ડ્રાઈવરે ગાડી એક તરફ લીધી, ને ઊભી રાખી. ત્યાં કેટલાક પોલીસ હતા. ઘણી મોટરો, બસો ને ટ્રકો અટકાવાતી હતી. ક્લાર્કે મને સમજાવ્યું કે વાહનો બહારથી ગંદાં છે કે સાફ, તે જોવા માટે પોલીસ બધાંને થોભાવતા હતા. જો વાહન ચોખ્ખું ના હોય - ઉપર ધૂળ કે કાદવ હોય - તો ચાલકને એને ધોવા લઈ જવાનો આદેશ અપાતો. ત્યાં બાજુમાં જ વાહન ધોવાની સગવડ હતી. ચાલકે એના પૈસા આપવા પડતા. આ રીતે, શહેરમાં ફરતાં બધાં વાહનો સરસ ને સાફ લાગે - એ ઉદ્દેશ

હતો. વાહ, કેવો સરસ નિયમ!

ચોન્ગત્ચિન્ગનો પરિસર ઝડપથી વિકસતો જતો હતો. મોટી ફેક્ટરીઓ, ઊંચાં મકાન, વિદેશી ભાગીદારી વગેરેને લીધે એ વેપાર-વણજનું અગત્યનું કેન્દ્ર બન્યું હતું. વસ્તી વધીને દોઢ કરોડની થઈ ગઈ હતી. યાન્ત્સે નદીને મળતી મોટી એક 'જ્યાં લિંગ' નામની નદીને કિનારે એ વસ્યું હતું. ટેકરિયાળા પરિસરને કારણે સાઈકલોનો વપરાશ ત્યાં પહેલેથી જ ઓછો હતો. લોકો ચાલીને કે બસમાં ફરતાં. હવે તો મોટરોનો મોટો મહિમા હતો. સાંકડા, ઢાળ પડતા રસ્તા અને અનેક વાહનો. 'છેલ્લાં બે વર્ષમાં ટ્રાફિક તદ્દન અવ્યવસ્થિત થઈ ગયો છે,' ક્લાર્કે કહ્યું. જોકે હજી મને એવું લાગ્યું નહોતું. પણ ત્યારે બપોરનો એક વાગેલો. ભોજનનો, વામકુક્ષીનો એ સમય હતો, તેથી પણ રસ્તા પર ટ્રાફિક ઓછો હતો. ઘણી ટેક્સીઓ તેમજ ટ્રામોના ચાલક તરીકે સ્ત્રીઓને જોઈ ત્યારે નવાઈ લાગેલી. 'વાહ, ભઈ', એમ થયેલું ! દરેક બસ-સ્ટૉપ પર લોકોનું ઝુંડ ઊભું રહેલું દેખાતું. રસ્તે રસ્તે, પ્રથાગત ચીની પોષાક પહેરેલી મહિલાઓની સાથે ફૅશનેબલ પાશ્ચાત્ય વસ્ત્રોમાં સજ્જ યુવતીઓ નજરે પડતી હતી. ખૂબ ઝડપથી પરિવર્તન પામી રહ્યું હતું ચીન - અનેકવિધ રીતે.

દ્વિતીય વિશ્વ-યુદ્ધના અરસામાં બંધાયેલા એક મકાનમાં હવે એક આહારગૃહ હતું. એના ત્રીજા માળે ક્લાર્ક મને લઈ ગયો. ઓરડો સાવ ઠંડો હતો. બહારની ઋતુથી ત્યાં બચાય એમ નહોતું. ચોન્ગત્ચિન્ગના પરિસરમાં ઉનાળો ખૂબ આકરો હોય છે. આગલે વર્ષે ઋતુમાન ૪૪° સેન્ટિગ્રેડ પર પહોંચ્યું હતું. પણ શિયાળા અને વસંત દરમ્યાન વાતાવરણ ધુમ્મસિયું રહે છે, ને સૂર્ય ભાગ્યે જ બહાર નીકળે છે.

રેસ્ટોરાં તો મને ના જ ગમી, પણ ત્યાંનું ખાવાનું પણ સારું નહોતું. ભાજીનાં પાંદડાં બરાબર ધોયાં નહોતાં, સૂપની અંદર ઇંડું નાખેલું, મશરૂમ સાવ પાણી-પોચાં હતાં. કર્મચારિકાઓ ઘાંટાઘાંટ કરતી હતી. એકબીજાં સાથે વાત કરવાની એમની એ રીત હતી. બહાર નીકળ્યા પછી મેં ક્લાર્કને સૂચન કર્યું કે રાતનું ખાણું મને હોટેલમાં જ લેવા દેવું. મને ખાતરી હતી કે એ આટલું મોંઘું નહીં હોય, અને ઘણું વધારે સંતોષકારક હશે. ક્લાર્કને એ વિચાર ફાવી ગયો, કારણ કે એમ કરતાં સાંજે એ વહેલો છૂટો થઈ શકવાનો.

પણ પહેલાં એ મને બે જગ્યા જોવા લઈ ગયો. 'પીપલ્સ હૉલ'નું મકાન અત્યંત વિશાળ હતું. બેજિન્ગમાંના 'સ્વર્ગીય મંદિર' જેવા ઘુમ્મટની અહીં નકલ થયેલી હતી. બહારથી, દૂરથી તો એ ભવ્ય લાગ્યું, પણ એનાં પહોળાં પગથિયાં વળાયાં નહોતાં. એમાંના ભવનમાં ખૂબ મોટો મંચ હતો, ને ચારેક હજાર લોકો સમાય એટલી બેઠકો હતી, પરન્તુ અનુષ્ઠાનો ભાગ્યે જ રજૂ થતાં હતાં. વર્ષમાં કદાચ બેએક વાર. ધ્યાન અને વ્યવસ્થાની ખામી સ્પષ્ટ વર્તાતી હતી. બહારની તરફ સરકારી દુકાન ને હોટેલ બનાવાયાં હતાં, પણ એ બધાં પર રખડી પડ્યાનો ભાવ હતો.

એ પછી શહેરની ગલીઓના ઢાળ ચડતાં અમે શહેરના સૌથી ઊંચા સ્થાને ગયાં. ત્યાં પૅગોડા જેવું, પણ નવું બનાવેલું એક સ્થાપત્ય હતું. ચોતરફ બાગ હતો. નીચે એક બાજુ જ્યાં લિંગ અને બીજી બાજુ યાન્ત્સે નદીઓ વહેતી હતી. વચ્ચેના ત્રિકોણ પર વસ્યું હતું ચોન્ગત્ચિન્ગ. વાતાવરણ ભૂખરું અને ધુમ્મસછાયું હતું. નદીઓનું પાણી માટી-મેલું લાગતું હતું.

ફ્રેન્ડશિપ સ્ટોરમાં જવાનું માંડી વાળી હું હવે હોટેલ પર ગઈ. નવા ઊભા કરાયેલા ઔદ્યોગિક ક્ષેત્રમાં અમેરિકન કંપનીએ બનાવેલી હોટેલ હતી. કામ વગરનાં કોઈ વાહન કે માણસો દેખાતા નહોતાં. પ્રવાસખાતા તરફથી મારે માટે સંદેશો આવી ગયેલો કે છેલ્લે હું ગ્વાન્ગ્જો પાછી ફરીશ ત્યારે રૂમના પૈસા મને મળી જશે. તકલીફ આપવા બદલ મારી માફી માગી હતી. આમ, એ બાબતે હું નિશ્ચિંત બની.

હોટેલની રેસ્ટોરાંમાં સ્પેગેટી ખાઈને સંતુષ્ટ થઈ, ને જરા ચાલવા બહાર નીકળી. પાછળ ખેતરોનાં થોડાં લીલાં ચોસલાં બચ્યાં હતાં. એક નાના બગીચામાં કેટલાંક બાળકો રમતાં હતાં, એક માણસ—તહેવાર વગરનો-પતંગ ચગાવતો હતો. નદીપાર શહેર શાંત થવા માંડ્યું હતું. રસ્તાઓ પર ક્યાંયે દીવાબત્તી નહોતાં. જોતજોતામાં ગાઢ અંધારું ઊતરી આવ્યું. □

હૉમિયોપથીનું ઔષધશાસ્ત્ર

આરસેનિક આલ્બ

હેમેન્દ્ર એ. શાહ

'ઝેરથી ઝેરનું મારણ' એ હૉમિયોપથી ઔષધશાસ્ત્રનો પાયાનો સિદ્ધાંત છે, જે વિષે મેં મારા શરૂઆતના લેખોમાં વર્ણવ્યું છે.

સુજ્ઞ વાચકો જાણતા હશે જ કે 'આરસેનિક' એક કાતિલ ઝેર છે. અનેક ડિટેક્ટિવ નવલકથાઓમાં આરસેનિકનો ઉપયોગ કરી ખૂન કરવામાં આવે છે તેનો ઉલ્લેખ-વિવરણ ઘણા લોકોએ વાંચ્યું હશે.

વ્હાઈટ ઓક્સાઈડ ઑફ મેટાલિક આરસેનિક (As_2O_3)માંથી બનાવવામાં આવતી 'આરસેનિકમ આલ્બમ' ઔષધથી વાચકો ગભરાશો નહીં. હૉમિયોપથી ઔષધશાસ્ત્રમાં તેના મૂળનો અત્યંત નાનો ભાગ વાપરવામાં આવે છે અને તે નાના ભાગમાંથી લાખ્ખો કે.જી. દવા બનાવવામાં આવે છે. આ દવાનો એક ડોઝ (પાંચથી છ ગોળી) દર પંદર-ત્રીસ દિવસે કે મહિને લેવાથી કોઈ નુકસાન થવાનો ભય હોતો નથી.

અગાઉ મેં કહ્યું હતું તે મુજબ ઔષધને શક્તિકૃત કરવામાં આવે છે અને ઉપયોગ કરવામાં આવેલો પદાર્થ (દા.ત. આર્નિકા બનાવવા પહાડી વનસ્પતિનાં મૂળિયાંનો અત્યંત નાનો ટૂકડો વાપરવામાં આવે છે) અત્યંત નાનો હોય છે જેમાંથી લાખ્ખો કે.જી. દવા બનાવવામાં આવે છે. આ શક્તિકૃત કરેલી દવાને સૌથી શક્તિશાળી માઈક્રોસ્કોપમાં મૂકવામાં આવે તો પણ તેનું સ્થૂળ સ્વરૂપ દેખાતું નથી. એ જ રીતે ઝેરી છોડનો રસ (દા.ત. કોનિઅમ મેકુલેટમ - હેમલોક નામના ઝેરી છોડમાંથી બનાવવામાં આવે છે પણ તેનું સ્થૂળ સ્વરૂપ જોવું અશક્ય છે) પણ આ ઔષધથી ઘણા રોગો મટાડે છે. તે પ્રમાણે આરસેનિક આલ્બ એક ઝેરમાંથી બનેલ હોવા છતાં તે અનેક રોગો મટાડે છે; પરંતુ તેનું સ્થૂળ અસ્તિત્વ દેખાતું નથી. તેથી આ ઔષધ ભૂલથી વધારે લેવાઈ જાય તો પણ તે ખતરનાક નીવડતું નથી. વાચકોને વિનંતી કે તેઓ 'આરસેનિક' શબ્દ સાંભળીને ગભરાઈ જાય નહીં અથવા મનમાં કોઈ પૂર્વગ્રહ બાંધે નહીં.

'આરસેનિક આલ્બ' ઘણા બધા રોગોનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. આજનો જમાનો ખાણી-પીણીનો, લગ્ન-સમારંભોનો, પાર્ટીઓનો, નાતના મેળાવડા અને ભોજન-સમારંભોનો જમાનો છે. રસોઈયાની બેદરકારી, વાસી ખાણીપાણી કે અન્ય આકસ્મિક કારણસર ફુડ પોઈઝનિંગના અનેક પ્રસંગો છાપામાં વાંચવા મળે છે.

ઝેરી થઈ ગયેલા દૂધ-પાકથી ઝાડા, ઊલટી તથા બેહોશીના અનેક પ્રસંગો બને છે. ખોરાકથી થયેલા ઝેરનું મારણ આરસેનિક આલ્બ છે. તે ઘણી ત્વરાથી દર્દીને રાહત આપે છે અને રોગને જલદ થતાં રોકે છે. ફુડ પોઈઝનિંગ અત્યંત તીવ્ર હોય તો દર્દીને મૃત્યુના મુખમાંથી બચાવી લે છે.

આ જ પ્રમાણે વાસી થઈ ગયેલો, ઠંડો ફળનો રસ, ખરાબ થઈ ગયેલો હલકા પ્રકારનો આઈસક્રીમ, હોટલો, રેસ્ટોરન્ટમાં અનેક દિવસ જૂનો ફ્રીજમાં સંગ્રહી રાખેલ ખાણી-પીણીનો ખોરાક લેવાથી આવતી માંદગીમાં આ આરસેનિક આલ્બ ઘણું સારું કામ આપે છે અને રોગને આગળ વધતો અટકાવે છે.

નવા તથા વર્ષોજૂના રીઢા થઈ ગયેલા દમના વ્યાધિમાં આ ઔષધે ઘણીવાર ચમત્કારિક કહી શકાય તેવાં પરિણામો આપ્યાં છે.

સુકાઈ ગયેલી ચામડીમાં થતી બળતરા, મોંમાં થતા ફોલ્લા, ચાંદાં, હરસ-મસામાં થતો અસહ્ય દુઃખાવો, શૂળ ભોંકાતું હોય તેવું લાગે ત્યારે આ ઔષધ લેવાથી ઘણી રાહત રહે છે અને દર્દને મટાડે છે.

મોઢું સુક્કું થઈ જતું હોય, વારંવાર તરસ લાગતી હોય, ભોજન પછી પેટ એકદમ ભારે થઈ જતું હોય, અથવા પેટનો દુઃખાવો રહેતો હોય તો આ ગોળી લેવી લાભકારક છે.

સતત માનસિક ચિંતા, મૃત્યુના વારંવાર વિચાર આવવા અને આવા વિચારથી સતત નિરાશા અને ગમગીની અનુભવવી તે લક્ષણો આ.આ.નો દર્દી છે તેમ સૂચવે છે. આ.આ.નો દર્દી લોભી, સારી વ્યવસ્થાનો આગ્રહી, સાફ, સફાઈ, સુઘડતા માટે વિશેષ ધ્યાન આપતો અને ઘણીવાર દુરાગ્રહ સેવતો હોય છે.

હૃદયરોગ, શ્વાસોચ્છ્વાસની તકલીફ, દમ ઘૂંટાય, શ્વાસની તકલીફમાં મૂંઝારો, હાંફ, સતત ચાલુ રહેતી જૂની શરદી, દમ અને છાતીમાં થતા દુઃખાવામાં દર્દીને જ્યારે આગળ વાંકા વળીને બેસવું પડે વગેરે સંજોગોમાં આ.આ. ઘણું સારું કામ આપે છે.

અડધી રાત્રે અથવા બપોરે ૧ કે બે વાગ્યા પછી નિયમિત રીતે તબિયત બગડતી હોય તે બાબત આ.આ. લેવાનું સૂચન કરે છે. આ.આ.ના દર્દીને તરસ ઘણી લાગે છે પણ તે એકસાથે પાણી પીવાને બદલે થોડું થોડું પાણી વારંવાર પીએ છે. ખોરાકની ગંધ, ખોરાકને જોવાથી જો તબિયત બગડતી હોય, તો આ.આ. લેવી જોઈએ.

(સલ્ફર, ગ્રેફાઈટીસ ને બાદ કરતાં) આ.આ. ચામડીના દર્દો માટે પણ ઘણી સારી દવા સાબિત થઈ છે. ચામડી સુકાઈ જાય, ખરબચડી થઈ જાય, કાળી થતી અથવા સફેદ થઈ જતી ચામડી માટે, ચામડીમાં થયેલા ફેરફારોમાં થતી બળતરા, અસહ્ય

(અનુસંધાન પૃ. ૭૬૬ પર)

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



શ્રીમતી જયાબહેન વજુભાઈ શાહ

[રેલવે ઓફિસર શ્રી ત્રિભુવનદાસ શાહ તથા લક્ષ્મીબહેનના પાંચ સંતાનોમાં દ્વિતીય ક્રમે ૧-૧૦-૧૯૨૨ ભાવનગરમાં જન્મ, પૉલિટિક્સ અને ઇકનોમિક્સ સાથે એમ.એ., ૧૯૪૫માં સ્વાતંત્ર્યસંગ્રામમાં અગ્રેસર અને ગાંધીમાર્ગે ચાલનાર શ્રી વજુભાઈ શાહ સાથે લગ્ન. ૧૯૪૯ અને ૧૯૫૨માં સૌરાષ્ટ્ર અસેમ્બ્લિમાં ચૂંટાયાં, શિક્ષણ અને સમાજકલ્યાણના ડેપ્યુટિ મિનિસ્ટર બન્યાં, ૧૯૫૭થી ૧૯૭૦ સુધી પાર્લમેન્ટનાં સભ્ય રહ્યાં. પાર્લમેન્ટની એસ્ટિમેટ કમિટી અને પબ્લિક એકાઉન્ટ કમિટીનાં સભ્ય તરીકે કામગીરી બજાવી. ગુજરાતનાં રચનાત્મક કાર્યોમાં આજીવન ઓતપ્રોત, જાગ્રત, દેશપ્રેમી નાગરિક જયાબહેન શાહ આજે પણ અનેકવિધ સાંસ્કારિક સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ સાથે જોડાયેલાં છે.]

પ્ર. જાહેરજીવનની શરૂઆત ક્યારથી થઈ, એની પ્રેરણા કોણે આપી ?

ઉ. વિદ્યાર્થી-અવસ્થાથી રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર, અસ્પૃશ્યતા-નિવારણ, સામાજિક કુરિવાજો સામે લોકજાગ્રતિ જેવાં કાર્યોમાં રસ લેતી હતી. આઝાદીની લડતનાં નાનામોટાં સભાસરઘસોમાં ભાગ લેતી હતી. એ સમયનું વાતાવરણ જ એવું હતું કે દેશસેવા અને દેશની આઝાદીનાં કાર્યોમાં જોડાવાનો ભીતરમાંથી જ પોકાર ઊઠે.

પ્ર. વજુભાઈનો પરિચય ક્યાં અને ક્યારે થયો ?

ઉ. ૧૯૩૯માં ભાવનગરમાં ભણતી હતી ત્યારે એમનો પરિચય થયો. વજુભાઈ હિન્દીપ્રચાર, કોમી એકતા, દારૂનિષેધ, ખાદી-ગ્રામોદ્યોગ, હરિજનો અને પછાત વર્ગના ઉત્કર્ષ માટે ગાંધીજીએ પ્રબોધેલા માર્ગે સતત પ્રયત્નશીલ હતા. મને એ બધામાં રસ. અમારાં ધ્યેય, વિચારસરણી, કાર્યપદ્ધતિ સમાન હતાં, તેથી અન્યોન્યની નિકટ આવતાં ગયાં.

વજુભાઈનું આખું કુટુંબ સ્વાતંત્ર્ય-આંદોલનમાં સક્રિય હતું અને જેલવાસી બનેલું. ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ વખતે તેમના પિતાનું ઘર લડવૈયાઓની છાવણી બનેલું. પોલીસોએ એ મકાન જપ્ત કરેલું અને એમના કુટુંબને ભાડાના મકાનમાં રહેવા જવું પડ્યું હતું.

વજુભાઈએ સંકલ્પ કરેલો કે જીવનભર હું દેશની સેવા કરીશ, અંગત સ્વાર્થ માટે હું કમાઈશ નહિ. જીજાનથી એ દેશના કામમાં લાગેલા. અને મને એ આદર્શ માટે આદર જાગ્યો.

પ્ર. પહેલેથી એમને કોઈ મોહ કે અંગત સુખસગવડની ખેવના નહિ ?

ઉ. જૈન કુટુંબમાં એમનો જન્મ, નાનપણમાં ઉપાશ્રયમાં જતા, સાધુમહાત્માઓની ઘેરી અસર નીચે એમને દીક્ષા લેવાની ભાવના જાગેલી. પછી ગાંધીજીની અસર નીચે આવ્યા. ૧૯૩૦માં કોન્ગ્રેસનું લાહોરમાં અધિવેશન ભરાયું, ત્યાં નેતાઓનાં ભાષણો સાંભળ્યાં ને કરાચીમાં એન્જિનીઅરિંગનો અભ્યાસ અધૂરો છોડીને સૌરાષ્ટ્ર આવ્યા.

કાઠિયાવાડના રાજવીઓના જુલમ સામે લડવાનું હોય કે બ્રિટિશશાસન સામે લડવાનું હોય કે લોકોની ચેતનાને ઢંઢોળી, મનોબળ દૃઢ કરવાનું - કોઈ પણ પ્રકારનું રચનાત્મક કાર્ય હોય, વજુભાઈ મોખરે હોય. ગામડે ગામડે, રાતદિવસ જોયા વગર, ખાવાપીવાની પરવા કર્યા વિના એ ફરતા.

પ્ર. આપ બેઉના ધર્મ એક તેથી લગ્નમાં વિરોધ હોય?

ઉ. એ અને હું જૈન હતાં એ તો એક અકસ્માત હતો. હા, એક જ સંપ્રદાયના મૂળ સંસ્કાર હોવાથી અમારી જીવનશૈલી એકસરખી હતી, પણ એ તો આડફાયદો હતો.

એ જૈન ન હોત તોય અમારાં લગ્નને વાંધો ન આવત. અમારાં બેઉનાં કુટુંબ સુધારાવાદી હતાં, અમારાં જીવનનો હેતુ સમાન હતો, અમને બેઉને ગાંધીજીના સિદ્ધાંતોમાં શ્રદ્ધા હતી, તેથી અમારાં લગ્નને આવકાર મળ્યો.

પ્ર. આપ બેઉનું કાર્યક્ષેત્ર એક હતું, તો કોઈવાર મતભેદ, તનાવ, સંઘર્ષ અનુભવાતો હતો?

ઉ. અમારા અંગત જીવનમાં કદી મતભેદ નહોતો પડ્યો. નાની કોઈ વાત હોય તોય અમે નિખાલસતાથી ચર્ચા કરતાં. એમના વિચારો મારી પર લાદવા કદી પ્રયત્ન નથી કર્યો. સહજીવનમાં મારું શોષણ નથી થયું, તેથી તો મારા વ્યક્તિત્વનો સ્વતંત્ર વિકાસ થયો છે.

એમનામાં સૂક્ષ્મ સંવેદનશીલતા, વિચારોની સ્પષ્ટતા અને વર્તનની ઉદારતા હતી. એમણે મને હંમેશાં પ્રોત્સાહિત કરી છે. એ મારા માર્ગદર્શક હતા, રાહબર હતા, મારાથી આગળ હતા.

પ્ર. આપનાથી આગળ એટલે કયા અર્થમાં - ઉંમરમાં,

વિચારોમાં કે કાર્યમાં?

ઉ. વયમાં એ મારાથી બાર વર્ષ મોટા હતા. ચિંતનશીલ અને આંતરિક જાગ્રતિ ધરાવતા હતા. પરિણામે એ રાજકીય ક્ષેત્રે હતા છતાં તદ્દન નિસ્વાર્થી, નિરાભિમાની અને સેવાભાવી હતા. સિદ્ધાન્તોમાં ક્યાંય બાંધછોડ નહિ. ગાંધીજીએ જે સચ્ચાઈ, પ્રામાણિકતા, નિષ્ઠા પ્રબોધેલી તેનું ઘરમાં કે બહાર સંપૂર્ણ પાલન કરતા. પ્રકૃતિએ સાત્ત્વિક અને સરળ તથા પ્રેમાળ.

એ માંદા હોય ને મારે ક્યાંય જવાનું હોય તો કહે, મારી પાસે રોકાવાની જરૂર નથી, તમારે કામ માટે જ્યાં જવાનું હોય ત્યાં જજો. મારા કામને એ એમનું કામ ગણતા. કાયમ એમણે મને પ્રેરણા અને હૂંફ આપ્યાં છે.

પ્ર. લગ્ન પછી ઘર અને સંતાનોની જવાબદારી સાથે આપ રાજકારણમાં અને જાહેર ક્ષેત્રે આટલાં સક્રિય રહ્યાં તો એકના લીધે બીજાને વેઠવું પડ્યું હોય એવું...

ઉ. ના, કદીય એવું નથી થયું. સદ્ભાગ્યે મારાં સાસુ-સસરા-નણંદ બધાનો બહુ સારો સહકાર હતો. ઘરમાં તેઓ હોય તેથી સંતાનોના ઉછેરમાં ક્યાંય વાંધો નથી આવ્યો.

મારો દીકરો અક્ષય ન્યૂક્લિઅર ફિઝિક્સમાં વિજ્ઞાની. અમેરિકા સેટલ થયો છે.

દીકરી અમિતા પીએચ.ડી., એલ.એલ.બી. છે, એ ગુજરાત ડેવલપમેન્ટ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં સર્વિસ કરે છે. બેઉ પુરુષાર્થી છે. સ્વપ્રયત્ને આગળ વધે છે.

પ્ર. આપની પાર્લમેન્ટની કામગિરી વિશે કંઈક કહેશો?

ઉ. ખેડૂતોના, હરિજનોના અને બીજા સ્થાનિક પ્રશ્નોની ખૂબ સારી રીતે રજૂઆત કરી એનો સફળ ઉકેલ લાવી શકી છું. પાર્લમેન્ટમાં ખાદી ફોરમ શરૂ કરાવ્યું, સૌરાષ્ટ્રને બ્રોડગેજ રેલવે મળી એમાં મારો વિનમ્ર પ્રયત્ન.

મારા મતવિસ્તારમાં હું લોકપ્રિય હતી, હું એમના એકધારા સંપર્કમાં રહેતી, એમના પ્રશ્નોને સાંભળતી-સમજતી. તેમણે મને હોંશથી ચૂંટીને મોકલી હતી. મારો મતવિસ્તાર કાયમ એક જ રહ્યો છે. મને જાકારો નથી મળ્યો. પરંતુ ૧૯૮૦માં ઇન્દિરા કોન્ગ્રેસનો જુવાળ આવ્યો ને હું ચૂંટાઈ ન શકી. હવે અમે ચૂંટાઈ ન શકીએ.

પ્ર. કેમ ન ચૂંટાઈ શકો?

ઉ. પહેલાંની ચૂંટણી ફેર-તંદુરસ્ત હતી. હવે તો પૈસા, દારૂ, ધર્મ અને જ્ઞાતિના નામે ચૂંટણી લડાય છે. ખોટાં વચનો અપાય છે, જ્યારે હું પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા ન છોડી શકું.

ચૂંટણી વખતે જાહેરસભામાં વાત આડે પાટે લઈ જવાય, લોકોને ભરમાવાય, કોમવાદ ઉશ્કેરાય એવા પ્રશ્નો પૂછવામાં આવે, ત્યારે હું લોકોને ખુશ કરીને મત ઉઘરાવવા જૂઠું બોલતી નહિ, પણ મારી જે માન્યતા, અભિપ્રાય હોય એ જ ઉચ્ચારતી.

રાજકીય લાભ ખાતર મેં બાંધછોડ નથી કરી કે ખોટાં જોડાણો સ્વીકાર્યાં નથી. ઇન્દિરાબહેને મુસ્લિમ લીગ સાથે જોડાણ કર્યું ત્યારે મેં વિરોધ કર્યો હતો કે આપણે બિનસાંપ્રદાયિકતાની વાતો કરીએ છીએ તો ધર્મના નામ પર જોડાણ કેમ?

પ્ર. સત્તાને લીધે પ્રશ્ન ઉકેલવામાં સરળતા રહે ખરી?

ઉ. હા, ફેર પડે જ. કામ ઝટ ઊકલે.

પ્ર. આપની ડિગ્રીનો ફાયદો ખરો?

ઉ. મારા કાર્યમાં, ઠીક છે, અંગ્રેજી ભાષાના હિસાબે થોડી સરળતા રહે, બાકી એનાથી વધારે કામ લાગી હોય એવું મને લાગતું નથી. જીવનમાં મને જે અનુભવ મળ્યા હતા તે ખપ લાગ્યા. એનાથી કોઈ પણ પ્રશ્ન ટોટેલિટિમાં જોઈ શકતી, સમજી શકતી, આખો પર્સ્પેક્ટિવ બદલાઈ જતો.

પ્ર. કારકિર્દી દરમ્યાન દેશવિદેશના પ્રવાસે જવાનું થયું હશે?

ઉ. હા, એસ્ટિમેટ કમિટી અને પબ્લિક એકાઉન્ટ કમિટીના મેમ્બર તરીકે આખા દેશમાં ફરવાનું થયું હતું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની કોન્ફરન્સમાં જિનિવા અને કોમનવેલ્થ પાર્લમેન્ટરી કોન્ફરન્સમાં યુગાન્ડા ગઈ છું. આ સિવાય યુ.એસ.એ., કેનેડા, યુ.કે., ફ્રાન્સ, જર્મની, હોલેન્ડ, ઇટાલી, લેબેનોન, ઇજિપ્ત, કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા વગેરે દેશોનો રાજકીય અને સામાજિક માળખાને સમજવા, પ્રવાસ કર્યો છે.

પ્ર. સત્તાવીશ વર્ષની ઉંમર તો નાની કહેવાય, ત્યારથી આપને વિવિધ હોદ્દાઓ અને મોટી જવાબદારીઓનું વહન કરવાનું આવ્યું તો કદી મૂંઝાયા છો ?

ઉ. મેં ક્યારેય આત્મશ્રદ્ધાનો અભાવ નથી અનુભવ્યો. મૂળથી હું ઉત્સાહી, પડકાર ઝીલી લેનારી. જે જવાબદારી આવે એ સારી રીતે પાર પાડવામાં સમગ્રતાથી લાગી જવામાં મઝા આવતી. વળી, વજુભાઈ કહે, પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી અનુકૂળ શોધી લેવાની એક કળા છે, એ કાયમ મને પ્રોત્સાહિત કરે. અને એ વખતે સરકારી તંત્ર જવાબદારીથી સભાન હતું.

જોકે એ વખતેય વિરોધ થતો હતો, કામ વિલંબમાં પડતું પણ એકંદરે વાતાવરણ ભાવનાશીલ હતું, તેથી ઉકેલ લાવી શકાતો હતો.

દ્વારકા અને બેટદ્વારકાનાં મંદિરોમાં હરિજનોના પ્રવેશમાં અંતરાયો હતા, ત્યારે એક મહિનો છાવણી નાખીને ત્યાં રહી હતી. કેટલાંક તત્ત્વો વિરોધ કરતાં હતાં, તો મગનભાઈ જોશી જેવા રાષ્ટ્રિય ભાવનાવાળા નેતાઓનો ટેકો હતો. એકવાર દ્વારકાબેટથી પાછી આવતી હતી ત્યારે અમારી હોડી પર પથ્થરમારો થયો, મને માથામાં પથ્થર વાગ્યો હતો પણ મેં ડરી

જઈને કે ધીરજ ગુમાવીને મારી વાત અધૂરી છોડી ન હતી.

પ્ર. હિંસક હુમલા સામે પોલીસરક્ષણ માગ્યું ન હતું?

ઉ. એ જમાનામાં પોલીસરક્ષણ માગવાનો વિચાર નહોતો આવતો. પોતાની તાકાત પર ઝૂઝવાની હિંમત આપોઆપ અંદરથી જ પ્રગટતી. સંકલ્પબળના લીધે કોઈ અવરોધ ન લાગતો.

જમીનદારી નાબૂદ થઈ એમાં ગરાસદારો બહારવટે ચડેલા, ધીંગાણાં થતાં, એમાં એમની વચ્ચે જઈ મેં કામ કર્યું છે, રાજકીય જીવનમાં મને કદી ડર નથી લાગ્યો, હું ક્યારેય પાછી નથી પડી, ગામડાંનો મને ટેકો મળ્યો છે.

ભૂદાન માટે રવિશંકર મહારાજ અને બબલભાઈ સાથે પદયાત્રામાં ફરી છું. પંચાયતી રાજ મુવમેન્ટમાં અમને પહેલેથી રસ. ગ્રામસ્વરાજના અમે હિમાયતી. દરેક રોટલો કમાઈ શકે તે માટે દ્રવ્ય-ઉપાર્જનનાં સાધનો હોવાં જોઈએ, જમીન હોવી જોઈએ. એ માટે મેં અને વજુભાઈએ કાયમ પ્રયત્ન કર્યા છે. વિનોબાજીની ભૂદાન-વિચારસરણીમાં અમને ખૂબ શ્રદ્ધા.

પ્ર. વિરોધનો સામનો કરવો પડશે એ ગણતરીથી આપ ક્યારેય ચૂપ રહ્યાં છો?

ઉ. ના, કદી નહિ. રાજકારણમાં હતી ત્યારે કોન્ગ્રેસ 'આઈ' નહિ પણ સંસ્થા કોન્ગ્રેસમાં રહી હતી. રાજકીય જીવન છોડ્યું તે પછીય જાગ્રત નાગરિક તરીકે મારો અભિપ્રાય નિઃસંકોચ, નીડરતાથી દર્શાવ્યો છે.

હું મહિલા રીઝર્વેશનમાં માનતી નથી. આમ તો દેશ આખો વિભાજિત થઈ જાય.

હમણાં ગુજરાતના મુખ્યમંત્રીએ હડતાળને ટેકો આપ્યો એનો મેં વિરોધ કર્યો હતો, સત્તા પર બેઠેલી જવાબદાર વ્યક્તિ ધંધારોજગાર બંધ રખાવે, ફરજ પરની પોલીસોને શિથિલ થવાનું કહે એ ટીકાપાત્ર છે.

પ્ર. રાજકીય જીવન છોડ્યા પછીય આપ રચનાત્મક ક્ષેત્રે કઈ રીતે પ્રવૃત્ત છો?

ઉ. હા, લોકોનો સંપર્ક મેં નથી ગુમાવ્યો. હરિજન કલ્યાણ-કાર્ય, પછાત શોષિત વર્ગના ઉત્કર્ષ માટે હું સક્રિય છું. ગુજરાત રાજ્યના ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની ચેરપર્સન હતી. અત્યારે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટની ચેરપર્સન છું. લોકભારતી વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળમાં છું. ગુજરાત નશાબંધી મંડળ, વ્યસન મુક્તિ મંડળ સાથે સંકળાયેલી છું. સર્વોદય વિચારના પાક્ષિક મુખપત્ર 'સ્વરાજ ધર્મ' સાથે જોડાયેલી છું. આયુર્વેદિક, હોમિયોપથી અને નિસર્ગોપચારનાં સ્વાસ્થ્ય કેન્દ્રો ચલાવીએ છીએ.

પ્ર. આત્મકથા લખવાની યોજના ખરી ?

ઉ. આત્મકથા લખવાનું એક કાળે વિચારતી હતી, પણ અત્યારે મૂડ નથી, લોકો કહે છે પાર્લમેન્ટના અનુભવો લખો. એ લખવાનું મન છે, પણ હું લેખક નથી, મારી જાતને હું નિરીક્ષક માનું છું, મારે કંઈ ખાસ કહેવાનું હોય ત્યારે જ લખું છું.

અમેરિકાના મારા નિજી અનુભવો પર અમેરિકા અને અમેરિકન જીવન પર પુસ્તક લખ્યું, 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો' ગ્રંથનું સંપાદન કર્યું, હમણાં ભગતસિંહ, ચંદ્રશેખર જેવા ક્રાંતિકારી વિશે લેખમાળા 'ફુલછાબ'માં લખું છું.

પ્ર. પહેરવેશમાં આપની આ સાદાઈ પહેલેથી?

ઉ. હા, પહેલેથી સાદાઈ હતી, વજુભાઈના ગયા પછી કપાળનો ચાંલ્લો એમ જ ભૂંસાઈ ગયો, મેં સભાનપણે ભૂંસ્યો નથી. જે બહેનો પતિના ગયા પછી ચાંલ્લો કરે છે એમાં મને કશું અયોગ્ય નથી લાગતું. એમના મૃત્યુ પછી શોક પાળીને હું ઘરમાં બેઠી ન હતી. જૂજ દિવસોમાં લોકહિતના પ્રશ્ને બહાર નીકળી હતી. અમારાં જીવન એવી રીતે ઘડાયેલાં હતાં કે લોકાચાર, સામાજિક વ્યવહાર, રીતરિવાજ ગૌણ બની જાય.

પ્ર. આપને કોઈ પુરસ્કાર મળ્યો છે?

ઉ. હા. મોરારજી દેસાઈ પુરસ્કાર મળ્યો છે. ગાંધીજીના રસ્તે ચાલનારાને આ પુરસ્કાર મળે છે, મને મળેલી રકમ મેં મોરારજીનાં કાર્યોમાં વાપરી છે. બાકી હું સહજતાથી જીવી છું, એમાં પુરસ્કારને સ્થાન નથી, પુરસ્કારમાં હું માનતી નથી.

પ્ર. આપને જીવનથી સંતોષ?

ઉ. એકદમ સંતોષ. અનુકૂળ જીવનસાથી મળ્યા, દેશ માટે કંઈ કરવાની તમન્ના હતી એ પાર પડી. મારા જીવનમાં જે કંઈ મળ્યું છે એ સાહજિકતાથી આવ્યું છે, અને મારાં હૃદયમન છલકાઈ ગયાં છે. □

'કુમાર'ના ચયનગ્રંથો

સંપુટ-૨નું પ્રકાશન

'કુમાર'ના ચયનલેખોનો સંપુટ-૨ (વાર્તા, કાવ્યો, જીવનચરિત્ર) જે નવેમ્બરની આખરે પ્રકટ થવાનો હતો તે હવે સંજોગવશાત્ ફેબ્રુઆરી ૧૯૯૮ની આખરે પ્રકટ થશે અને સહુ આંગોતરા ગ્રાહકોને ત્યારે રવાના થશે. આ વિલંબ બદલ અમે ક્ષમાપ્રાર્થી છીએ. સહુ આગોતરા ગ્રાહકોને આની નોંધ લેવા વિનંતી છે.

સંસારનાં સ્થાપત્યો (૬)

ચીનની દીવાલ


— હેમન્ત વાળા —

ચીનની દીવાલ એ ચંદ્ર પરથી નરી આંખે દેખાતું માનવીનું એકમાત્ર સર્જન છે. ચીનની સૌથી વધુ પ્રાચીન, ઉલ્લેખનીય, વિશાળ તથા સારી સ્થિતિમાં જળવાયેલી આ ઇમારત છે. પર્વતોની ઊંચાઈ, ખીણની ગહેરાઈ તથા નદીની પહોળાઈ માપતી આ દીવાલ વિશાળ મેદાનોમાં પણ પ્રસરેલી છે. ચીનના પો હાઈના ગલ્ફથી ચાઈ-યુ-કુઆન તરફ પૂર્વથી પશ્ચિમ જતી આ દીવાલના બાંધકામમાં કેટલું શ્રમિકદળ જરૂરી બન્યું હશે તે કલ્પનાનો વિષય છે. તે વખતના માત્ર માનવી તથા પશુના બળ પર આધાર રાખતા આવા વિશાળ બાંધકામ માટે કોઈ મહાયુદ્ધમાં જોઈએ તેટલી સામગ્રી, સાધનો તથા માનવીઓ ફાળવાયાં હશે. આજ દિન સુધી આવા વિસ્તૃત બાંધકામ માટે ચીનની દીવાલનો ઉલ્લેખ અવશ્ય થાય છે. સ્થાપત્યની પરિભાષાના સંદર્ભમાં તેનું કોઈ યોગદાન કે તેમાં તેવી કોઈ ઉલ્લેખનીય બાબત ન હોવા છતાં તેની ગણના વિશ્વની અજાયબ ઇમારતોમાં થાય છે.

ચીનની દીવાલનો વાયવ્ય શાખાનો કેટલોક ભાગ આશરે ૨૪૦૦ વર્ષ પુરાણો છે. તે સમયે તથા ત્યાર બાદના આશરે ૧૦૦ વર્ષના ગાળામાં આ દીવાલ તૂટક તૂટક શાખાઓમાં બનાવાઈ હતી. પશ્ચિમના આક્રમણખોરો સામે સંપૂર્ણ રક્ષણ મેળવવા ઈ.પૂ. ૨૧૪માં ચીનના પ્રથમ સમ્રાટ શીહ હુઆન-તીએ આ બધી શાખાઓ જોડી વિશાળ દીવાલ બનાવી જેમાં સંરક્ષણ-અવલોકન માટેના મિનારા પણ ઉમેરાયા. આ મિનારાઓનો ઉપયોગ દિવસે ધુમાડાથી તથા રાત્રે અગ્નિથી સંદેશાઓની આપલે માટે પણ કરાતો. ચીનની દીવાલમાં સમયાંતરે ઉમેરા તથા સમારકામ થતાં રહ્યાં હતાં, પરંતુ સન ૧૩૬૮માં તેનું સંપૂર્ણ સમારકામ હાથ ધરાયું હતું જેનાથી તેની મજબૂતાઈ વધી હતી. તે વખતે જરૂરિયાત પ્રમાણે તેમાં ઇંટોની કમાનના ટેકા તથા કેટલાક વધુ મિનારા પણ ઉમેરાયા હતા.

ચીનની દીવાલની બધી જ શાખાઓ મેળવતાં તેની કુલ લંબાઈ ૬૪૦૦ કિ.મી. જેટલી થાય છે; પણ તેની મુખ્ય ધરી ૩૨૧૯ કિ.મી. લાંબી છે. આશરે ૬ થી ૯ મીટર ઊંચી આ દીવાલ ઉપરથી ૪.૫૦ મીટર તથા નીચેથી ૭.૬૦ મીટર જાડી છે. ચીનના પ્રાચીન સ્થાપત્યમાં માટી, ઇંટો તથા લાકડાનો ઉપયોગ મહત્તમ જોવા મળે છે, અને ચીનની દીવાલના બાંધકામમાં પણ માટી એ મુખ્ય સામગ્રી છે. એમ જણાય છે કે તેની મૂળ રચના માટીના વિશાળ પાળા તરીકેની જ હતી, જેના પર પાછળથી પથ્થર તથા ઇંટોનું જડતર કામ થયું. આ દીવાલમાં જરૂરિયાત પ્રમાણે આશરે ૧૨ મીટર ઊંચા મિનારા તથા નદી ઓળંગતા પુલો બનાવાયા છે, જેની રચનામાં પથ્થરનો છૂટથી ઉપયોગ કરાયો છે.

સર્પાકારે જમીન પર વીંટળાયેલી આ ઇમારત એક રીતે માનવીને માનવીથી અલગ પાડતી દીવાલ તથા અન્ય સંદર્ભમાં એકબીજાને જોડતી કડી છે. સ્થાપત્યના મહત્ત્વ સાથે સાથે તેનું રાજકીય તથા સામાજિક મહત્ત્વ પણ ઊંચું છે. એક જમાનામાં તે ચીનના અધિકાર તથા નિયંત્રણના પ્રતીક સમી હતી. બેલુરના ચેન્નોકેશવ મંદિરને જોતાં જે પ્રકારનો આનંદ મળે તેવો આનંદ કદાચ આ દીવાલ જોવાથી ન મળે પણ તેથી કંઈ સ્થાપત્યમાં તેનું મહત્ત્વ ઘટી જતું નથી. □



આવો, શીખીએ અંગ્રેજી (૫)

ધનુભાઈ મહેતા

કર્તા અને પુરુષ

ગયા પાઠમાં આપણે વાક્ય વિષે થોડું શીખ્યા. કર્તા અને ક્રિયાપદ વિના વાક્ય બને નહિ એ વાત હવે મનમાં બરાબર ઠસી ગઈ હશે. તો હવે પહેલા આપણે કર્તા વિષે સમજીએ. કર્તાને ગુજરાતીમાં ઉદ્દેશ્ય અથવા ક્રિયાનાથ પણ કહેવાય. કર્તાને અંગ્રેજીમાં 'The Subject-સબ્જેક્ટ' કેહવાય. કર્તા કોણ બની શકે? ક્રિયાનો કરનાર તે કર્તા અથવા ક્રિયા કરે તે કર્તા. વાક્યમાં ક્રિયા કોણ કરે? (૧) બોલનાર (૨) સાંભળનાર (૩) બોલનાર અને સાંભળનાર સિવાય કોઈ ત્રીજું. બોલનાર તે પહેલો પુરુષ એકવચન એટલે કે અંગ્રેજીમાં First-ફર્સ્ટ-પહેલો Person-પર્સન-પુરુષ (વ્યક્તિના અર્થમાં) સાંભળનાર તે બીજો પુરુષ Second-સેકન્ડ Person અને બોલનાર કે સાંભળનાર સિવાય કોઈ ત્રીજું તે ત્રીજો પુરુષ Third-થર્ડ Person. આ પહેલો, બીજો કે ત્રીજો પુરુષ એક હોય તો તે એકવચન Singular-સિન્ગ્યુલર અને એક કરતા વધારે હોય તો બહુવચન Plural-પ્લૂરલ. આ ત્રણે માટે જે શબ્દો વપરાય તેને પુરુષવાચક સર્વનામ એટલે કે Personal-પર્સનલ-પુરુષવાચક - Pronoun-પ્રોનાઉન-સર્વનામ કહેવાય. તે નીચે પ્રમાણે છે :

પુરુષ	એકવચન	બહુવચન
Person	Singular	Plural
પહેલો	I-આઈ-હું	We-વી-અમે
બીજો	you-તું - Thou	You-યુ-તમે
ત્રીજો	He-હી-તે (નર)	They-ધે-તેઓ
	She-શી-તે (નારી)	
	It-ઈટ-તે (નાન્યતર)	

ધ્યાનમાં લેજો કે ગુજરાતીમાં ત્રીજી પુરુષ એકવચનમાં આપણે નર, નારી કે નાન્યતર જાતિ માટે 'તે' જ વાપરીએ છીએ પણ અનુક્રમે અંગ્રેજીમાં તેને માટે 'He', 'She' અને 'It' વપરાય છે.

મહાન અંગ્રેજી કવિનાટ્યકાર શેક્સ્પિયરે તેના 'હેમ્લેટ' નાટકમાં 'હેમ્લેટ'ના મોંમાં તેની પ્રેમિકા ઓફેલિઆ પ્રત્યે આવેશયુક્ત ઘૃણાનો ભાવ વ્યક્ત કરતાં જે શબ્દો વાપર્યા છે તેમાં 'get thee to a nunnery.' 'તું સાધ્વીઓના મઠમાં જા.' (સાધ્વીઓનો મઠ એ જમાનામાં ખૂબ હીન ગણાતો) તેમાં 'thee-ધી-તું' 'thou-ધાઉ'નું જ રૂપ છે. વળી, નોકર માટે પણ સર્વનામ તરીકે 'thou' વપરાય છે. દા.ત. 'Oh Robert, thou art very stupid.' (stupid-સ્ટુપિડ-મૂર્ખ) 'અરે રોબર્ટ, તું કેવો મૂર્ખ છે!' ઉપરના વાક્યમાં 'art-આર્ટ-છે-છો'ના અર્થમાં વપરાયું છે તે શું છે તે આગળ આપણે 'to be'-ટુ બી-ક્રિયાપદનાં રૂપ શીખવાના છીએ ત્યાં સમજીશું.

આગળ આપણે એક વાત શીખી ગયા છીએ કે અંગ્રેજી ભાષા અત્યંત તમીજવાળી ભાષા છે. તોછડી ભાષા નથી એટલે બીજા પુરુષ એકવચનમાં પણ સામાન્ય રીતે 'તું' વપરાતું નથી. પણ માનાર્થે 'you' (તમે) જ વપરાય છે. પણ જેને માટે અત્યંત 'ભક્તિભાવ', 'માન', 'ઘૃણા' કે 'ક્ષુદ્રતા', 'ઠપકો' વગેરેનો ભાવ બતાવવો હોય તેને માટે 'thou' વપરાય છે; જેમ કે 'હે ભગવાન, તું અત્યંત દયાળુ છે.' 'Oh! God, thou art really merciful' ('Oh-ઓ-અરે' 'Merciful-મર્સિફુલ-દયાળુ') 'હે મા, તું કેટલી પ્રેમાળ છે!' 'Oh! Mother thou art so loving!' ('so-સો-ઘણી' 'loving-લવિંગ-પ્રેમાળ.')

પહેલો પુરુષ અને બીજો પુરુષ તમને ઝટ ગળે ઊતરી જશે પણ ત્રીજા પુરુષને સમજવો પડશે. કારણ કે તેમાં કથન કે વિધાનનો પ્રારંભ પાંચ પ્રકારનાં નામોમાંના કોઈ એક નામ કે નામોથી થતો હશે પણ પછી તે જ નામ કે નામોના સંદર્ભે જે તે નામ કે નામો માટે વપરાવા-યોગ્ય સર્વનામથી થશે. એટલે કે 'તે' કે 'તેઓ' વપરાયું હશે. હવે જુઓ પહેલા પુરુષ અને બીજા પુરુષ એકવચન અને બહુવચનમાં અનુક્રમે 'I, We, thou કે you' વપરાશે. પણ ત્રીજા પુરુષમાં જુઓ. 'પંખી ઊડે છે' આ વાક્યમાં 'પંખી' કર્તા છે અને તે ઊડવાની ક્રિયા કરે છે. તો હવે પૂછો, 'કોણ ઊડે છે?'. બોલનાર ઊડે છે? 'ના'. સાંભળનાર ઊડે છે? 'ના' - તો આ 'બોલનાર' અને 'સાંભળનાર' સિવાય કોઈક ત્રીજું એટલે કે 'પંખી' ઊડે છે. માટે તે ત્રીજો પુરુષ કહેવાય. 'પંખી' એક છે માટે એકવચન એટલે કે 'પંખી' એ ત્રીજો પુરુષ એક વચન થયું, પણ 'પંખીઓ ઊડે છે', એમ કહીએ તો ત્રીજો પુરુષ બહુવચન થાય. હવે તપાસો : (૧) રમા વાંચે છે. (૨) મનોજ રમે છે. (૩) આગગાડી પાટા પર દોડે છે. (૪) બાળકો રમે છે. 'રમા', 'મનોજ', 'આગગાડી' એ ત્રણે ત્રીજો પુરુષ એકવચન છે જ્યારે 'બાળકો' ત્રીજો પુરુષ બહુવચન છે. 'રમા'ના અનુસંધાનમાં આગળ વાક્ય આવે ત્યારે પછી ફરી 'રમા' પદ ન વપરાતાં તેને સ્થાને સર્વનામ તરીકે 'તે' આવે. 'તે' પણ ત્રીજો પુરુષ એકવચન કહેવાય. 'નામ'ને બદલે જે શબ્દ વાપરીએ તે

'સર્વનામ'. તો આપણે શીખ્યા કે 'હું - અમે' 'તું-તમે' 'તે-તેઓ' - આ બધાં પુરુષવાચક સર્વનામો છે અને આપણે 'કર્તા' વિષે જે કાંઈ શીખ્યા તેનો સાર એ કે કોઈ પણ પ્રકારનું નામ કે તેને બદલે વપરાયેલ સર્વનામ 'કર્તા'ના સ્થાને આવી શકે. તો આમ 'કર્તા' કોણ બની શકે તે આપણે જોયું.

વાક્યનું બીજું અગત્યનું અંગ તે 'ક્રિયાપદ.' ક્રિયાપદને અંગ્રેજીમાં 'verb-વર્બ' કહેવામાં આવે છે. જે શબ્દ કોઈ ક્રિયા થતી દર્શાવે તે 'ક્રિયાપદ.' જેમ કે 'જવું' 'બોલવું' 'કરવું' 'હોવું' 'થવું' વગેરે અનુક્રમે 'જવાની' 'બોલવાની' 'કરવાની' 'હોવાની' અથવા તો 'થવાની' ક્રિયા દર્શાવે છે. તો 'જવું' 'બોલવું' વગેરે મૂળ ક્રિયાપદો છે. તેને અંગ્રેજીમાં The infinitive-ધ ઇન્ફિનિટિવ-ક્રિયાપદનું મૂળરૂપ કહેવામાં આવે છે. સંસ્કૃતમાં તેને 'ધાતુ' કહે છે. જેમ અંગ્રેજીમાં કોઈ પણ જાતિવાચક નામ 'a' કે 'an' આર્ટિકલ વગર ન હોય તે જ રીતે અંગ્રેજીમાં ક્રિયાપદનું મૂળ રૂપ 'To' વગર ન હોય. એટલે જવું = To go, બોલવું = To speak. એ પ્રમાણે આ 'To' ક્રિયાપદના મૂળ રૂપની આગળ વપરાયું હોય ત્યારે તેનો કોઈ અર્થ થતો નથી. 'ક્રિયા' કોણ કરે તે સમજવા વિષે પુરુષવાચક સર્વનામ શીખ્યા તો હવે 'ક્રિયા' ક્યારે થાય તે સમજવા માટે 'કાળ' સમજવા પડશે. 'કાળ' એટલે 'Tense'-ટેન્સ. મૂળ કાળ ત્રણ છે. (૧) સાદો વર્તમાન કાળ 'Simple Present Tense.' ('Simple-સિમ્પલ-સાદો' 'Present-પ્રેઝન્ટ-વર્તમાન', 'Tense-ટેન્સ-કાળ') (૨) સાદો ભૂતકાળ Simple Past Tense, ('Past-ભૂત') (૩) Simple Future Tense, ('Future-ફ્યૂચર-ભવિષ્ય.') આ દરેક મૂળ કાળના ચાલુ અને પૂર્ણ એમ બે-બે પેટા વિભાગ થઈને કુલ કાળ નવ થાય છે. પણ પ્રથમ ત્રણ સાદા કાળ વિષે બરાબર શીખી લઈએ.

(૧) સાદો વર્તમાન કાળ - The Simple Present Tense. વર્તમાનમાં રોજ, કોઈ કોઈ વાર-sometimes-સમટાઇમ્સ, અવારનવાર-Often-ઓફન રોજ-daily-ડેઇલી, Everyday-એવ્રિડે અથવા always-ઓલવેઝ થતી કે ન થતી ક્રિયા જે વાક્યમાં દર્શાવવામાં આવી હોય તેને સાદા વર્તમાન કાળનું વાક્ય કહેવાય. જે વાક્યમાં અમુક 'ક્રિયા' થતી દર્શાવવામાં આવી હોય તે 'હકાર વાક્ય' અને 'ન થતી' દર્શાવવામાં આવી હોય તે 'નકાર.' હકારવાક્ય એટલે The affirmative-અફર્મેટિવ સેન્ટન્સ અને નકારવાચક એટલે The negative-નેગટિવ સેન્ટન્સ.

'ક્રિયાપદ' વિષે આગળ શીખીએ તે પહેલાં 'To be' અને 'To have' ક્રિયાપદને સમજી લઈએ. આ બન્ને ક્રિયાપદો ખૂબ અગત્યનાં છે. કારણ કે આગળ ઉપર આપણે જે કાંઈ શીખવાના છીએ તે માટે તેના વિના ચાલે તેમ નથી. આ બંને ક્રિયાપદો અંગ્રેજીશિક્ષણની પાયાની ઇંટરૂપ છે. આટલી પ્રાસ્તાવિક ભૂમિકા તેના મહત્ત્વનો ખ્યાલ આપવા માટે બસ થશે. 'હોવું-થવું' અને 'પાસે હોવું એટલે કે માલિકીનું હોવું કે કબજામાં હોવું' એ ભાવ બતાવવા માટે અનુક્રમે બે ક્રિયાપદો છે : 'To be' અને 'To have'. આ બન્ને ક્રિયાપદો સ્વતંત્ર ક્રિયાપદ રૂપે તેમજ સહાયકારક ક્રિયાપદ રૂપે એમ બે રીતે કામ કરે છે. સહાયકારક ક્રિયાપદ એટલે બીજા કોઈ પણ ક્રિયાપદને સહાય કરનાર ક્રિયાપદ. અંગ્રેજીમાં તેને 'Auxiliary-ઑગ્ઝિલિઅરિ' ક્રિયાપદ કહે છે.

'હોવું' અથવા 'થવું' એટલે કે 'To be'ના ત્રણે પુરુષ અને ત્રણે કાળનાં રૂપ નીચે પ્રમાણે થાય છે :

પુરુષ	એકવચન	બહુવચન
૧લો	હું છું-I am	અમે છીએ-We are
૨જો	તું છે-You are, Thou art	તમે છો-You are
૩જો	તે છે (નર) He is તે છે (નારી) She is તે છે (નાન્યતર) It is	તેઓ છે-They are

હવે તમને ઠીક પ્રમાણમાં ગુજરાતી શબ્દ માટેના પર્યાય આવડી ગયા હશે. તેના ઉપર પ્રમાણેના 'To be'ના વર્તમાન કાળના રૂપના આધારે તમે હવે ટૂંકાં ટૂંકાં ગુજરાતી વાક્યોનું અંગ્રેજી કરી શકશો. જેમ કે -

૧. હું શિક્ષક છું. I am a teacher. (ટીચર-શિક્ષક)

૨. અમે વિદ્યાર્થીઓ છીએ. - We are pupils. (pupil-પ્યૂપિલ-વિદ્યાર્થી)

૩. તમે મારા મિત્ર છો. You are my friend. (friend-ફ્રેન્ડ-મિત્ર)

૪. કાનજી નોકર છે. Kanji is a servant. (servant-સર્વન્ટ-નોકર)
તે નોકર છે. He is a servant.

૫. રાધા કામવાળી છે. Radha is a maid servant. (મેડ સર્વન્ટ-કામવાળી)

૬. પંખી માળામાં છે. A bird is in a nest. (a bird-બર્ડ-પંખી, nest-નેસ્ટ-માળો)

૭. તે પંખી છે. It is a bird.

૮. છોકરાઓ રમતના મેદાન પર છે. Boys are on the playground (પ્લેગ્રાઉન્ડ-રમતનું મેદાન)

૯. તે છોકરાઓ છે. They are boys.

૧૦. તે રંગબેરંગી પતંગો છે. They are colourful kites. (colour-કલરફુલ-રંગબેરંગી, kite-કાઈટ-પતંગ)

આમ, 'To be'નાં વર્તમાન કાળનાં રૂપ am, are, art અને is થાય છે. 'To be'નાં વર્તમાનકાળનાં રૂપ સમજાઈ ગયાં હશે તો હવે 'To be'નાં ભૂતકાળનાં અને ભવિષ્ય કાળનાં રૂપ તરત જ આવડી જશે. 'To be'નાં ભૂતકાળનાં રૂપ એકવચનમાં 'Was-વૉઝ અને wast-વૉઝ્ટ' થાય છે. 'wast' બીજા પુરુષ એકવચનમાં જ વપરાય છે અને આગળ શીખી ગયા તેમ બીજા પુરુષ એકવચનમાં 'Thou'નો પ્રયોગ થયો હોય ત્યારે જ. અંગ્રેજીમાં Thouનો ભાગ્યે જ ઉપયોગ થાય છે. ભૂતકાળના ત્રણે પુરુષ બહુવચનમાં 'were' (વેર) થાય છે. 'To be'નાં ભવિષ્યકાળનાં રૂપ 'Shall (શેલ) be' તથા 'will (વિલ) be' તથા 'wilt (વિલ્ટ) be' થાય છે. પહેલા પુરુષ એકવચન અને બહુવચનમાં 'shall be', બીજા પુરુષ એકવચમાં Thou વપરાયું હોય ત્યારે 'wilt be' અને બાકી બધે જ 'will be' થાય.

આગળ 'To be'નાં વર્તમાન કાળનાં રૂપ શીખ્યા ત્યારે જે નમૂનાનાં વાક્યો સમજ્યા તેમાંથી ઉદાહરણ રૂપ થોડાંક વાક્યો લઈ 'To be'ના ભૂત અને ભવિષ્ય કાળનાં રૂપ સમજી લઈએ.

હું શિક્ષક હતો (ભૂતકાળ) - I was a teacher.
હું શિક્ષક થઈશ (ભવિષ્યકાળ) - I shall be a teacher.
પંખીઓ માળામાં હતાં. (ભૂતકાળ) - Birds were in a nest.
પંખીઓ માળમાં હશે. (ભવિષ્યકાળ) - Birds will be in a nest.

આ રૂપો બરાબર સમજો અને તમારી પાસે જે શબ્દભંડોળ હોય તેમાંથી 'To be' ક્રિયાપદનાં ક્રિયાપૂરક રૂપો વાપરી શકાય તેવા શબ્દો લઈ તે પરથી 'To be'નાં ત્રણે કાળનાં વાક્યો બનાવજો. તમને મજા આવશે અને વિશ્વાસ જાગશે કે તમે જાતે અંગ્રેજીમાં સમજપૂર્વક ટૂંકાં ટૂંકાં વાક્યો બનાવી શકો છો.

'To be'નાં ત્રણે કાળનાં નકારનાં ટૂંકાં રૂપ નીચે પ્રમાણે છે : 'amn't' 'artn't' 'isn't' 'aren't' 'wasn't' 'weren't' 'shan't be' અને 'won't be'

સ્વતંત્ર ક્રિયાપદ તરીકે એટલે કે મૂળ ક્રિયાપદ તરીકે તેમજ સહાયકારક ક્રિયાપદ તરીકે કામ કરતું 'To have' (હેવ) ક્રિયાપદ પણ 'To be' ક્રિયાપદ જેટલું જ ખપનું છે. તેનો અર્થ છે માલિકીનું હોવું, કબજામાં હોવું, પાસે હોવું (નજીક હોવું નહિ). 'To have' ક્રિયાપદનાં ત્રણે કાળનાં રૂપ આ પ્રમાણે થાય છે :

કાળ	હકારરૂપ	નકારરૂપ
વર્તમાનકાળ	'have' 'hast'	'haven't' 'hastn't'
	'has'	'hasn't'
ભૂતકાળ	'had'	'hadn't'
ભવિષ્ય	'shall have'	'Shall n't'
	'wilt have'	'won't'
	'will have'	

ઉદાહરણ રૂપ થોડાંક વાક્યો જોઈએ. તેના પરથી અહીં આપેલાં 'to have'નાં રૂપોને ત્રણે કાળમાં કેમ દર્શાવાય તેની બરાબર સમજ પડશે.

૧. મારી પાસે પાંચ રૂપિયા છે. (વર્તમાનકાળ)
I have five rupees.
૨. રમા પાસે ગુલાબી ફ્રોક છે. (વર્તમાનકાળ)
Rama has a pink frock.
(pink-પિન્ક-ગુલાબી)
૩. મોરને પીંછાં હોય છે. (વર્તમાનકાળ)
A Peacock has feathers.
(A feather-ફેધર-પીછું)
૪. મારી પાસે એક જૂની ઘડિયાળ હતી. (ભૂતકાળ)
I had an old clock.
૫. રાજાને બે રાણીઓ હતી. (ભૂતકાળ)
A king had two queens
(queeen-ક્વીન-રાણી)
૬. તે વડો પ્રધાન થશે. (ભવિષ્યકાળ)
He will be a Prime minister.
(Prime-પ્રાઈમ-વડો, minister-મિનિસ્ટર-પ્રધાન)

ઘણીવાર હોવું અથવા થવું અને 'પાસે હોવું, કબજામાં હોવું, માલિકીનું હોવું' - એ બંને ક્રિયાપદોના ઉપયોગમાં ભૂલ થાય છે. તે સમજવા માટે 'To be' તથા 'To have'ના પ્રયોગવાળાં થોડાંક વાક્યો ઉદાહરણ રૂપે લઈએ:

૧. આ કૂતરો છે. This is a dog.
૨. કૂતરાને ટૂંકી પૂંછડી હોય છે.
A dog has a short tail.
(short-શૉર્ટ-ટૂંકી, tail-ટેઇલ-પૂંછડી)
૩. આમીર એક રાજકુમાર હતો.
Amir was a prince. (prince-પ્રિન્સ-રાજકુમાર)
૪. તેની પાસે એક મોટો કાફલો હતો.
He had a big caravan. (caravan-કૅરેવાન-કાફલો)
૫. આ મોટો ખંડ છે. This is a big hall.
૬. આજે રવિવાર છે. Today is Sunday.
૭. ગઈકાલે શનિવાર હતો.
Yesterday was Saturday.
(Yesterday-યસ્ટરડે-ગઈકાલ)

૮. આવતીકાલે મંગળવાર થશે.

Tomorrow will be Tuesday.

(Tomorrow-ટુમોરો-આવતીકાલ)

૯. આજે અમારે રજા છે.

Today we have holiday. (holiday-હૉલિડે-રજા)

૧૦. ગઈકાલે અમારે રજા હતી.

Yesterday we had a holiday.

૧૧. આવતીકાલે અમારે રજા હશે.

Tomorrow we shall have a holiday.

આજ્ઞાર્થ વાક્યમાં 'To be' અને 'To have' ક્રિયાપદનો ઉપયોગ મૂળ ક્રિયાપદ રૂપે જ થાય છે તે થોડાંક નમૂનાનાં વાક્યો પરથી સમજાશે.

ભલા બનો.	Be good.
દેશ તેવો વેશ રાખો.	In Rome, be a Roman.
એકાદ કપ કોફી પીઓ.	Have a cup a coffee.
ધીરજ ધરો.	Have patience. (patience-પેશન્સ-ધીરજ)
આળસુ ન બનો.	Don't be idle.
વિરામ ન રાખો.	Don't have a break. (break-બ્રેક-ભંગાણ-વિરામ)

ઉપર આપેલાં વાક્યો જેવાં વાક્યો તમને જાતે બનાવવામાં સરળતા પડે તેટલા માટે 'This-ધિસ-આ', 'That-ધૅટ-પેલું', 'There-ધેર-ત્યાં', 'Here-હિઅર-અહીંયાં' અને 'It' વિષે સમજીએ.

'This' અને 'That' બંને દર્શક સર્વનામો છે. અંગ્રેજીમાં તેને 'The demonstrative-ડેમોન્સ્ટ્રેટિવ pronouns-કહેવામાં આવે છે. 'This'નું બહુવચન 'These' અને 'thatનું બહુવચન those' થાય છે. 'This' નજીકની વ્યક્તિ, પદાર્થ કે સ્થળનો ભાવ દર્શાવે છે તો 'that' દૂરનો. તે બંનેનો વાક્યમાં કેમ પ્રયોગ થાય તેના ઉદાહરણો જોઈએ :

આ ચોપડી છે. (નજીક)	This is a book.
આ ચોપડીઓ છે. (નજીક)	These are books.
પેલું વૃક્ષ છે. (દૂર)	That is a tree.
પેલાં વૃક્ષો છે. (દૂર)	Those are trees.

હવે 'There' અને 'Here' વિષે સમજીએ.

કલા અહીં છે.	Kala is here.
માલા ત્યાં છે.	Mala is there.
આ રહી માલા.	Here is Mala.

પણ અંગ્રેજીમાં 'there'નો એક વિશિષ્ટ પ્રયોગ છે. તેમાં અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર કરતી વખતે 'there'નો અર્થ 'ત્યાં' કરવાનો હોતો નથી. અંગ્રેજી ભાષાની આ એક લાક્ષણિકતા છે. જેમ કે -

There are many stars in the sky. એ અંગ્રેજી વાક્યનું ગુજરાતી કરીએ ત્યારે 'there'નો કોઈ અર્થ કરવાનો નથી; પણ 'આકાશમાં ઘણાં તારાઓ છે' એમ જ ભાષાંતર કરવું પડે. ગુજરાતીમાં 'બાગમાં ઘણાં ફૂલો છે' એ વાક્યને અંગ્રેજીમાં રજૂ કરવું હોય તો 'There are many flowers in the garden' એમ થાય. આ પ્રકારના, 'there'થી શરૂ થતા, અંગ્રેજી વાક્યનું ગુજરાતી કરતાં 'there'ને છોડી દો અને ગુજરાતીનું અંગ્રેજી કરતા વાક્યના પ્રારંભે 'There' વાપરો.

'It-ઇટ-તે' પુરુષવાચક સર્વનામ તરીકે આપણે શીખી ગયા છીએ તેનો પણ આવો જ એક લાક્ષણિક પ્રયોગ અંગ્રેજીમાં છે. સમય, વાર, માસ, ઠંડી, ગરમી, વરસાદ વગેરે વિષે કથન કરીએ ત્યારે 'કર્તા' તરીકે 'It' વપરાય છે. જેમ કે કોઈ પૂછે, 'કેટલા વાગ્યા છે?' - 'What time is it?' - તો જવાબમાં 'ત્રણ વાગ્યા છે.' 'It is three O'clock. - (ઓ'ક્લોક)

સાડા ત્રણ વાગ્યા છે.	It is half-past three.
સવા ત્રણ વાગ્યા છે.	It is a quarter-past three.
પોણા ત્રણ વાગ્યા છે.	It is a quarter to three.
ત્રણ ને પાંચ થઈ છે.	It is fivpast three.
ત્રણમાં પાંચ બાકી છે.	It is five to three.
આજે રવિવાર છે.	It is Sunday today.
ડિસેમ્બર મહિનો છે.	It is December.
આહ્લાદક પ્રભાત હતું.	It was a pleasant morning!
અંધારી રાત હતી.	It was a dark night.
કાલે રજા હશે.	It will be a holiday tomorrow.
વરસાદી દિવસ હતો.	It was a rainy day.
ઉનાળાની ગરમ બપોર હતી.	It was a hot summer noon.
ચોમાસામાં વરસાદ પડે છે.	It rains in the monsoon.

(To rain-રેન-વરસાદ વરસવો (ક્રિયાપદ) Rain-રેન-વરસાદ (નામ) The monsoon-મૉનસૂન-વર્ષાઋતુ)

આમ, આ પાઠમાં આપણે વાક્ય, કર્તા, ક્રિયાપદ To be અને To haveનાં રૂપો તથા This, That, There, Here અને It વિષે શીખ્યા. આ બધી સામગ્રી અને તમારી પાસેની શબ્દમૂડીને આધારે જાતે સરળ નાનાં ટૂંકાં વાક્યો બનાવવાનો મહાવરો રાખશો તો પછી અંગ્રેજી શીખવું તમારે માટે રમતવાત બની જશે.

(ક્રમશઃ)

કુંકાવટી

બાલજાદુગરણી

ભૂમિ શુક્લ

માનવમનની જિજ્ઞાસાનું આકર્ષણ કેન્દ્ર હજારો વરસોથી જાદુ અને જ્યોતિષ બન્યાં છે અને તેથી જાદુની દુનિયા આપણને 'ફેન્ટાસ્ટિક' લાગે છે. બુદ્ધિની પેલે પાર જે કશુંક છે એવું આપણે જાદુગરની માયા જોઈને ઘડી માટે માનીએ છીએ. એ આમ તો બીજું કશું નથી, 'હાથચાલાકી'ના ખેલ છે, એમ કહેતા આપણે ચકાચૌંધ થઈને ઘડી માટે અસ્તિત્વનું ભાન પણ ખોઈ બેસીએ છીએ. તે પણ એક જાદુ જ ગણાય ને ?

'જાદુ એક કલા છે અને મનોરંજન માટે તેનો ઉપયોગ થઈ શકે છે', એમ ઈ.સ. પૂર્વેના ૨૭૦૦ વર્ષના અરસાના 'વેસ્ટકાર' નામના ઈજિપ્તના એક ગ્રંથમાં નોંધાયું છે. એ ગ્રંથમાં જેનો જગતના પ્રથમ જાદુગર તરીકે ઉલ્લેખ છે તે 'હૂડી'થી માંડી અહીં જેની વાત કરવી છે તે બાલ જાદુગરણી કુ. ભૂમિ કૌશિક શુક્લની 'માયા' જોઈ ખરેખર તો કુદરતના જાદુ ઉપર વારી જવાય છે !

અમદાવાદમાં જન્મેલી, મૂળ ઝાલાવાડના પાણશિણા ગામની વતની ભૂમિ, પોતાની છ-સાત વર્ષની ઉંમરે વેકેશનમાં મામાને ઘેર ધ્રાંગધ્રા જતી ત્યારે મદારીના ખેલ જોતી. મદારીના ખેલ જોઈને જાદુગર બનવાની ઇચ્છા જાગી અને પિતા કૌશિક શુક્લ ઉપરાંત એસ.કુમાર, પ્રો. સોએબ, રાજ કોઠારી, કચ્છીકાકા, દેસાણીકાકા વગેરેના માર્ગદર્શનથી જાદુના અસંખ્ય પ્રયોગો હસ્તગત કરતી ગઈ. જાણીતા લાલવાદી મદારી સમજુનાથ પાસેથી પણ તેણે જાણકારી મેળવી છે.

બર્થ ડે પાર્ટી, મેરેજ પાર્ટી તેમજ વિવિધ સંસ્થાના મનોરંજન કાર્યક્રમમાં આજે આત્મવિશ્વાસ અને પ્રયોગોથી સફળતા મેળવનાર ભૂમિએ, ૧૯૯૨માં અમદાવાદ ખાતે બાલ અકાદમી આયોજિત બાલનગરીમાં, પ્રથમ જાહેર શો દ્વારા કારકિર્દી શરૂ કરેલી. અત્યાર સુધીમાં બસ્સોથી વધુ કાર્યક્રમો તે આપી ચૂકી છે.

કેન્ડલ ટુ ફ્લાવર, સર્કલ ટુ સ્કેવર, વૉટર ઑફ ઇન્ડિયા, શૂન્યમાંથી સૃષ્ટિ, સળગતા કાગળ ડબ્બામાં નાખીને કબૂતર કાઢવું, દોરી નાની-મોટી કરવી, કાગળના ટુકડા કરીને તેને આખો બનાવી દેવો, ખાલી પાંજરામાંથી સાપ કાઢવો, એક ડબ્બામાં જાતે જ પુરાઈ જઈને ડબ્બો બંધ કરી પ્રેક્ષકોની વચ્ચેથી નીકળવું, સિગારેટ નાનીમોટી કરવી - એવા તો અસંખ્ય પ્રયોગો દ્વારા દર્શકોને ભૂમિ આશ્ચર્યચકિત



કરતી રહી છે.

ભૂમિએ આંખે પાટા બાંધી, મોં પર કાળું કપડું નાખી કાંકરિયા તળાવ ફરતે સાઇકલ ચલાવવાનો 'ત્રિનેત્ર' નામનો જાદુનો પ્રયોગ કરી સહુને આશ્ચર્યચકિત કર્યા હતા. બાલવાટિકા પાસેની જવાહરલાલ નેહરુની પ્રતિમા પાસેથી તળાવના ગોળ ફરતા રોડ ઉપર, ભરચક ટ્રાફિકની વચ્ચે સડસડાટ સાઇકલ ચલાવતી નાનકડી જાદુગરણી ભૂમિનો અચરજભર્યો આ મોટો ખેલ જોઈ સહુ કોઈ આફરીન પોકારી ઊઠ્યાં હતાં. આ પ્રયોગ દરમિયાન ઠિંગુજી અસરફખાન તેની સાથે રહ્યા હતા. ભૂમિના પિતા કૌશિકભાઈ અને માતા રક્ષાબહેન પુત્રીની આ સિદ્ધિને બિરદાવવાની સાથે તે અભ્યાસમાં વધુ ધ્યાન આપે તેવું ઇચ્છે છે.

- વિનોદ અચાર્ય ('સમય'માંથી)

ખારેકપાક

શિયાળાની ઋતુમાં આપણે ત્યાં પાક ખાવાનો રિવાજ છે. એવો એક શક્તિદાયક અને યાદશક્તિ વધારનાર ખારેકપાક પણ છે.

સામગ્રીમાં ૨૦૦ ગ્રામ ખારેકનો ભૂકો, ૧૦૦ ગ્રામ ટોપરાની છીણ, ૧૦૦ ગ્રામ બદામનો ભૂકો, ૧૦૦ ગ્રામ ખાંડ, ૨૫૦ ગ્રામ દૂધ, જરૂર પૂરતું ઘી અને થોડું કેસર. ખારેકના ભૂકાને ઘીમાં સાંતળ્યા બાદ તેમાં દૂધ નાખવું. જરા ઘટ્ટ થવા આવે એટલે અંદર ખાંડ નાખવી. થોડી વાર બાદ તેમાં બદામ તથા ટોપરાની છીણ નાખવાં. તેમાં કેસર નાખવું. ઘટ્ટ થઈ જાય એટલે થાળીમાં પાથરી, ઠંડું થયે ચાંદીનો વરખ ચોંટાડવો અને ચકતાં પાડી લેવાં. રોજ સવારના એક ચકતું ખાઈને ઉપર મસાલાવાળું દૂધ પી શકાય.

નખની સંભાળ

હાથનાં આંગળાંના નખ બહુ પાતળા અને બરડ રહેતા હોય તો દિવસ દરમિયાન લગભગ ૨૫૦-૩૦૦ ગ્રામ દૂધનું સેવન ચાલુ કરો. ફળના રસમાં ૨ ચમચા જિલેટિન લેવાથી નખ મજબૂત થઈ શકે છે. નખ બરોબર મજબૂત ન થાય ત્યાં સુધી તેને લાંબા ન થવા દેવા. લાંબા નખ તૂટી જવાની સંભાવના છે.

અતીતમાં અવગાહન

રોગ
અને તેનું નિવારણ

— ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી —

બાળક પૂર્વજોની શારીરિક અને માનસિક લાક્ષણિકતાઓથી સજ્જ થઈ દુનિયાની સફરે આવે છે. શરીરના બાંધાથી માંડી દૃષ્ટિના દોષો ને વાળનો રંગ સુધ્ધાં વારસાગત ઊતરી આવે છે. મનની વૃત્તિઓ, વર્તન, બુદ્ધિમત્તા, શારીરિક બળ અને આયુર્મર્યાદા પણ વારસાગત પ્રાપ્ત છે. આ વારસાગત બળો ને નબળાઈઓ બહારના સંજોગોની પ્રબળ અસર નીચે ફેરફાર પામે છે, અરે, બાળકના જન્મ અગાઉથી બાહ્ય સંજોગોની અસર તેના પર શરૂ થાય છે. માતા તંદુરસ્ત હોય અને સારું પોષણ પામી હોય તો બાળક સુદૃઢ અવતરે છે. જો સગર્ભાવસ્થા દરમિયાન માતાને પૂરતું પોષણ ન મળે તો બાળક માંદલું, ઓછા વજનનું અને ટૂંકા આયુષ્યવાળું અવતરે છે. સગર્ભાવસ્થા દરમિયાન માતાને થએલો ચેપી રોગ ગર્ભસ્થ બાળક ઉપર માઠી અસરો ઉપજાવે છે. રોગનાં કારણભૂત સામાજિક કારણો - જેવાં કે ગંદાં અને હવાઉજાસ વિનાનાં ઘર, ગીચ વસતિ, ગરીબાઈ ને અજ્ઞાન એકઠાં મળવાથી બાળકની જિંદગી જોખમમાં મુકાય છે. આ કારણોસર ઓરી, ઉટાંટિયું ને વરાધ જેવા બાળપણના રોગોનું જોખમ પણ વધી જાય છે.

બાળકની જિંદગીનું પહેલું વર્ષ કટોકટીનું લેખાય છે. આ વર્ષ હેમખેમ પસાર કરી તે જિંદગીમાં આગળ વધતાં તેની જિંદગી બાહ્ય સંજોગોને વધારે આધીન બને છે. આમાં એ સ્વસ્થવૃત્તના જેટલા નિયમો પાળે એટલું એનું આરોગ્ય સારું જળવાય છે. પ્રથમ ધ્યાન આપવાનું છે ચોખ્ખા પાણી માટે. શહેરો અને મોટાં ગામોમાં હવે પાણીના નળની વ્યવસ્થા હોવાથી ચોખ્ખા પાણીનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે. ખાવાની બાબતમાં માણસ માત્રે વિવેક વાપરવાનું કહેવાપણું ન હોય. ફેશનેબલ કપડાં અને સિનેમાદિનો મોહ પડતો મૂકી એમાંથી બચતી રકમ દૂધ-શાક પાછળ ખર્ચવાથી મોટા ભાગના રોગો અને અશક્તિમાંથી અવશ્ય મુક્તિ મળે છે. ખાતાં અગાઉ અને મળત્યાગ બાદ સાબુ કે માટી વતી હાથપગ ધોવાનું આચરણમાં મુકાય તો કેટલાયે ચેપી રોગો ને પેટના રોગોમાંથી મુક્તિ મળે એ નિઃસંશય છે. હિંદુઓ માટે હાથપગ ધોવાનો આચારધર્મ એટલે સુધી આદેશાયો છે કે જો પગની પાની કોરી રહી જાય તો ત્યાંથી કળિ પ્રવેશવાનો ભય દર્શાવાયો છે. અત્યારના વૈદક-વિજ્ઞાનની દૃષ્ટિએ આ હકીકત સાચી સમજાય છે. જો મળત્યાગ પછી પુષ્કળ પાણી વતી પગની પાની બરાબર ન ધોવાય તો ખુલ્લામાં ઉઘાડા પગે મળત્યાગ માટે બેસનારાને ચોંટેલી હૂકવર્મ(કૃમિ)ની ઇયળોને પગની પાનીના ચીરાઓમાંથી શરીર-પ્રવેશ સાવ સુલભ બને છે. કળિ એટલે રોગ.

આ સદીની શરૂઆતથી તો આરોગ્ય-પ્રાપ્તિ ને રોગ-નિવારણની દિશામાં માનવીને મહાન વિજય સાંપડ્યો છે. વિજ્ઞાનની એ અજબ સિદ્ધિ છે. ચેપીરોગના અટકાવ માટે શોધાયેલી રસીઓના વપરાશથી કોલેરા, પ્લેગ, બળીઆ, બાળલકવા ડિફ્થેરીઆ, ધનુર્વા ને ક્ષય વગેરે પ્રાણઘાતક રોગો ઉપર અજબ અંકુશ આવ્યો છે. સલ્ફા અને ઍન્ટીબાયોટિક ઔષધિઓના પ્રતાપે બાળકોના ઝાડા, ટાઈફોઈડ, ક્ષય અને જીવાણુઓથી થતા બધા ચેપી રોગોનું જોર ઘટ્યું છે. આ રોગોથી થતાં મરણનું પ્રમાણ અજાયબ રીતે ઓછું થયું છે. ડી.ડી.ટી. પાઉડરના છંટકાવથી મચ્છરોનો નાશ થવાથી મરણોનો રાજા કહેવાતો મલેરિયા હવે નહિવત્ થઈ ગયો છે. પશ્ચિમના દેશોમાં તો ટાઈફોઈડ, મલેરિયા, કોલેરા, બળીઆ વગેરે ભયાનક રોગોને દેશવટો આપવામાં આવ્યો છે. આપણા દેશમાં પણ ચેપી રોગો ઉપર અસરકારક અંકુશ પ્રાપ્ત થયો છે. પરિણામે આપણી આયુ મર્યાદામાં વધારો થયો છે. પશ્ચિમમાં આયુમર્યાદા ૪૦થી વધી ૬૦ થઈ છે જ્યારે આપણા દેશમાં ૨૭થી ૩૨ થઈ છે. આ પરિસ્થિતિમાં માનવીમાત્ર રોગ-નિવારણમાં કેટલો ભાગ ભજવી શકે તે સ્પષ્ટ જાણવું જોઈએ.

પ્રથમ તો રોગ થવાનાં કારણોની જાણકારી હોવી જરૂરી છે, જે જ્ઞાનને અમલી બનાવવાથી રોગના સકંજામાં આવી ન પડાય. આપણે પૈસા, કપડાં ને બીજી કેટલીયે ચીજો જાળવીને સાચવીએ છીએ ને કાળજીથી વાપરીએ છીએ. માત્ર શરીરની બાબતમાં તદ્દન બેદરકાર છીએ. એ માંદું પડે તો વૈદ્ય દાક્તર પાસે જઈ 'સમરાવી' આવી છીએ, જેમ બગડેલાં રેડિયો ને ઘડિયાળ સમરાવી આવીએ છીએ તેમ ! મતલબ કે શરીર પરત્વે આપણે ખૂબ જ બેદરકાર રહીએ છીએ, એટલું જ નહીં પણ આપણે અનેક પ્રજ્ઞાપરાધ કરીકરીને કેટલાયે રોગોના ભોગ બનીએ છીએ. વિવેકી ગણાતા માણસ માટે આ ઓછું શોચનીય છે?

બીજું, રોગની શરૂઆતનાં ચિહ્નોનું જ્ઞાન હોવું જરૂરી છે. કેટલાક ઉગ્ર રોગોનાં શરૂઆતનાં ચિહ્નો એટલાં તો નજીવાં હોય છે કે એ માંદગીને મામૂલી લેખી ધ્યાન આપવામાં ન આવે તો પાછળથી પુષ્કળ પૈસા ખર્ચવા છતાંય પરેશાની અને પસ્તાવો ભોગવવા વખત આવે છે. આવી માંદગીમાં ડિફ્થેરીઆ, ઍપેન્ડિસાઈટિસ, ધનુર્વા,

એક્લેમશિયા, ક્ષય, મેનિનજાઇટિસ અને કૅન્સર વગેરેનો સમાવેશ થાય છે.

ત્રીજું, પોતાની અને સ્વજનની માંદગી દરમિયાન જાળવવાના કેટલાક સાદા અને સરળ નિયમો છે, જે ન જળવાયાથી માંદગીનો ફેલાવો થાય છે તથા સ્વજનો અને ગામલોકો રોગના ભોગ બને છે.

ચોથું, પછાત દેશોનાં દૂષણો આમાં આગળપડતાં ચાર છે : 'ગરીબાઈ, અભણતા, અપૂર્ણ પોષણ ને રોગો. અરે, રોગો કરતાં પણ વધારે ખરાબ એવાં ચાર દૂષણો આ રહ્યાં : અજ્ઞાનતા, વહેમ, ઊંટવૈદુ અને મંત્રજંત્ર, જે રોગોની જડ ઘાલવામાં મોટા ભાગે કારણભૂત બને છે. સ્પુટનિકના આ જમાનામાં જ્યારે રૉકેટ ચંદ્ર ઉપર સફળ રીતે ઊતર્યું છે ત્યારે પણ હજુ આપણે રોગોના કારણરૂપ માન્યતામાંથી ઊંચા નથી આવ્યા એ ઓછું શોચનીય નથી ? ઓરી-અછબડા ને બળીઆના કારણરૂપ હજી આપણે કલ્પિત બળીઆ-બાપજીનાં પૂજા-અર્ચન કરીએ છીએ, ને લાપોટિયાં મટ્યા બાદ એ જ દેવને ગોળની ગાંગડીઓ ચડાવીએ છીએ! હજુ પણ ફળિયાની મધ્યમાં પાણીના કુંડાળામાં લીંબુની ફાડ કે કુલડીના ઉતાર જોવામાં આવે છે. હજુ પણ દુસ્સાધ્ય માંદગી ને માનસિક રોગનું કારણ ભૂતપ્રેતનો વળગાડ સમજી ભૂવાઓના ધંધા ધીકતા રખાય છે. હોળીના અરસામાં બાળકને થઈ આવતો કોઈ પણ પ્રકારનો તાવ ઓરી-અછબડા ને બળીઆના કારણે માની લઈ લોકો બાળરોગીની દવા કરતાં અચકાય છે – એ બીકથી કે રખે આ રોગના દેવ કે માતા દવા કરાવવાથી કોપાયમાન થઈ બાળકને ભરખી જાય ! ખરી રીતે તો રોગ જ રોગીને ભરખી જાય છે. આ રોગો દરમિયાન આપણે બળીઆ-બાપજીના માત્ર કાલાવાલા કરવાનું સ્વીકાર્યું છે. આ માન્યતા આપણામાં એટલી તો જડ ઘાલી બેઠી છે કે ભણેલા ગણેલા લોકો પણ એ વેળા થતા આડ રોગોની દવા માટે આનાકાની કરતા રહી બાળરોગીની પરેશાની, યાતના અને મૃત્યુ તરફ મોં વકાસી જોઈ રહે છે !

અત્યારે શોધાયેલાં અમૂલ્ય ઔષધોના સેવનથી મોટા ભાગના રોગ અને તેમની પરેસાનીમાંથી ઊગરી જવાય છે. તો દરેક નાગરિકે સમજવાની ચોથી બાબત એ છે કે રોગ થવાનાં કારણો હવે અગમ્ય રહ્યાં નથી. મોટા ભાગના રોગો ચેપી હોય છે ને તે થવાનું કારણ રોગ-જીવાણુઓ છે. થોડાક ચેપી રોગો માટે રોગનિવારક રસી તૈયાર થઈ છે, જેને અંગીકાર કરવાથી કેટલાક રોગો (ક્ષય, બળીઆ, ધનુર્વા, ડિફ્થેરીઆ, ઉટાંટિયું, ટાઈફોઈડ)માંથી અવશ્ય મુક્તિ મળે છે. ઓરી-અછબડા ને બળીઆ જેવા રોગો દરમિયાન બાળરોગીની દવા કરાવવાથી રોગીને દુઃખ ઓછું થઈ તેને મૃત્યુમાંથી ઉગારી લેવાય છે.

વિજ્ઞાનની પ્રગતિ સાથે ઔષધિ-વિજ્ઞાનનો અનન્ય વિકાસ સધાયો છે. સલ્ફા અને ઍન્ટિબાયોટિક રામબાણ ઔષધિઓની શોધથી ચેપી રોગો ઉપર અકલ્પ્ય કાબૂ પ્રાપ્ત થયો છે. મોતના મોંમાં ધકેલાએલા રોગીને સહજમાં ઉગારી લેવાય છે, વળી ઔષધિ-વિજ્ઞાન ચોક્કસ પણ બન્યું છે. અગાઉની જેમ તાવ માટે કડવા ઉકાળા ને મરડા માટે જાયફળ ને ખસખસના શીરાનો જમાનો હવે રહ્યો નથી. હવે તો સારવાર થતાં અગાઉ તાવ ને મરડાનો પ્રકાર નક્કી થાય છે. તાવના તો ઘણા પ્રકાર છે, અને મરડાના પણ બે પ્રકાર છે અને એ માટે જુદી જુદી દવાઓ છે. ટાઢ વાઈને આવે એ મેલેરિયા તાવ સમજી લેવાનો નથી. ન્યૂમોનિયા, ટાઇફોઈડ ને બીજા ચેપી રોગોની શરૂઆતમાં પણ ટાઢ વાય છે. એકલાં લક્ષણો પરથી રોગનું નિદાન મુશ્કેલ છે. એક જમાનામાં આંખો, કાન, આંગળાં અને અનુભવના આધારે રોગ પરખાતા હતા, પણ હવે રોગ પારખવા માટે લોહી, ઝાડો, પેશાબ ને ગળફાની સૂક્ષ્મદર્શકયંત્ર નીચે તપાસ તથા શરીરના અંદરના અવયવોની એક્સ-રે પરીક્ષા અનિવાર્ય થઈ પડી છે. આવી રીતે રોગ નિશ્ચિત થયા બાદ એના માટે વિશિષ્ટ ઔષધો વપરાય છે, જે ચોક્કસ રીતે રોગને મટાડે છે.

અમુક રોગ માટે અમુક જ ઔષધ ખાસ પ્રકારે ઉપયોગમાં લેવાય છે. વળી ઉંમર અનુસાર પણ તેની ચોક્કસ માત્રા નિયત સમયે લેવાની હોય છે. ઓછી માત્રામાં ઔષધ લેવાથી રોગજીવાણુઓ અંકુશમાં આવવાને બદલે વકરી જાય છે. આમ હોઈ આજનાં ઔષધો આપમેળે લેવામાં જોખમ સમાયેલું છે. હા, સમજદારીવાળા જ્ઞાનેપ્સુ માણસે રોગ પરત્વે વપરાતાં ઔષધોનાં નામ તો જાણવાં જોઈએ, પણ તેના ઉપયોગના નિર્ણય માટે દાક્તરનાં સલાહસૂચનો સ્વીકારવાનાં છે.

આંતરિક ને બાહ્ય સ્થિતિઓના કારણે પેદા થતી વિકારી અવસ્થા-પરંપરા એ માંદગી છે. માંદગી જીવન સાથે ઘડાએલી છે. જીવનનું એ એક લક્ષણ છે. કોઈ ને કોઈ મુશ્કેલી વચ્ચે જીવન પસાર થતું હોય તો આરોગ્ય નહીં પણ માંદગી એ નિયમ છે. માંદગી સૌ કોઈને સરખી રીતે આવે છે. માંદગી આવવા માટે 'સ્થિર વાતાવરણમાં આવતો પવન ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે એ કોઈ જાણતું નથી' એ બાઈબલનું વાક્ય યથાર્થ રીતે લાગુ પડે છે. જો આ હકીકત સત્ય છે તો પછી તુલસીદાસજીની પેલી શિખામણ યાદ કાં ન રાખવી કે 'આગ, રોગ, દેવું ને શત્રુને આગળ વધવા ન દેવાં.'

રોગ વધતો અટકાવવા બે બાબતો જરૂરી છે : એક તો રોગ ન થાય તે વિષે જાણવું જોઈએ. બીજું, રોગને શરૂમાં જ પકડવો જોઈએ. રોગને સૌપ્રથમ પકડનાર

(અનુસંધાન પૃ. ૭૯૭ પર)

અડકો દડકો

રશિયન લોકવાર્તાનું રૂપાન્તર

નિકીતા ચમાર

શ્રદ્ધા ત્રિવેદી

કીવ નામનું એક શહેર હતું. તેનાથી થોડેક દૂર એક મોટો નાગ રહેતો હતો. તે નાગ બહુ બળવાન હતો. કીવ શહેરના પ્રજાજનોને ખૂબ હેરાન કરતો હતો. લોકો દુઃખી દુઃખી થઈ ગયેલાં. રાજા પણ. તે નાગ એટલો બધો બળવાન હતો કે બધાં ડરતાં ને તેની પજવણી સહન કરતાં. તે વારાફરતી એક કુટુંબની છોકરીને ખેંચી જતો ને ખાઈ જતો. આમ કરતાં કરતાં રાજકુંવરીનો વારો આવ્યો. તે રાજકુંવરીને પકડીને ગુફા ભણી ખેંચી ગયો. નવીનવાઈની વાત બની. રાજકુંવરી ખૂબ સુંદર હતી. નાગને ખૂબ ગમી ગયેલી. તેથી તેણે તેને મારી ન નાખી પણ તેની સાથે લગ્ન કર્યાં.

નાગ રોજ કંઈક ને કંઈક લેવા જતો. કુંવરીને માટે જાતજાતનું લાવતો. પણ જ્યારે જ્યારે એ બહાર જતો ત્યારે પોતાના દરને મોટી શિલાઓ વડે ઢાંકી દેતો, જેથી રાજકુંવરી ભાગી ન શકે કે ન કોઈ બહારથી અંદર જઈ શકે. નાગ બહાર જાય ત્યારે કુંવરી દરમાં ચારેબાજુએ જુએ કે ક્યાંયથી બહાર જવાય એમ છે? પણ ક્યાંય રસ્તો નહોતો. હવે થયેલું એવું કે જ્યારે નાગ રાજકુંવરીને પકડીને અહીં લાવેલો ત્યારે કુંવરી સાથે તેનો પાળેલો નાનો કૂતરો પણ આવેલો. તે પણ કુંવરીની સાથે સાથે ફરે. એમ ફરતાં ફરતાં કુંવરીએ જોયું કે દર પર જે શિલા ઢાંકેલી તેની વચ્ચેથી કૂતરો નીકળી શકે તેટલી જગ્યા છે. આથી કુંવરીને હિંમત આવી. તેણે પોતાના વસ્ત્રમાંથી એક કટકો ફાડ્યો. પછી ખૂણામાં પડેલા કોલસાને પાણી સાથે ઘસ્યો. ને માથાની પીન વડે લખવા માંડ્યું : 'પૂ. બાપુજી તથા બા, મને નાગરાજે મારી નાખી નથી, પણ તેની ગુફામાં પૂરી રાખી છે. તમે છોડાવવા આવજો. રાહ જોઈશ. લિ. તમારી વહાલી દીકરી.' ને પછી તેનો પટ્ટો કરી કૂતરાને ગળે બાંધ્યો, ને ઝટપટ કૂતરાને પેલી જગ્યામાંથી બહાર મોકલ્યો. કૂતરો ગયો ને થોડી જ વારમાં પાછો આવ્યો. કૂતરાને ગળે પટ્ટો બદલાઈ ગયો હતો. કુંવરીએ ઝટપટ પટ્ટો કાઢ્યો. તો તેમાં લખ્યું હતું. 'બેટા, તું જીવતી છે જાણી ખૂબ આનંદ થયો. હવે વાતવાતમાં તું નાગરાજને રાજી કરીને પૂછી લેજે કે તેમનાથી બળવાન કોણ છે? પછી રસ્તો કાઢીશું. સાચવજે. લિ. તારાં માતા-પિતા. રાજકુંવરી તો આ વાંચી ખૂબ ખુશ થઈ ગઈ.

થોડી વારે નાગ આવ્યો. કુંવરી તેની સાથે હવે ખૂબ સારી રીતે વર્તતી. નાગ પણ ખુશ રહેતો. તે વારે વારે નાગના વખાણ પણ કરતી. એક વાર તેણે કહ્યું : 'હે નાગરાજ, મને એમ હતું કે સૌથી બળવાન તો રાજા હોય. પણ તમે મને, રાજા જેવા રાજાની કુંવરીને, પકડી લાવ્યા ને તોય રાજા કશું ન કરી શક્યા. હવે મને ખાતરી થઈ છે કે સૌથી બળવાન તમે જ છો. તમને હરાવે એવું કોઈ આ દુનિયામાં નથી! નાગે આ વાત સાંભળી પણ ન સાંભળ્યા જેવું કર્યું. બે દિવસ ગયા ને વળી કુંવરી નાગના વખાણ કરવા લાગી. આમ બે-ચાર વાર થયું ત્યારે એક વખત નાગ કહે : 'હું ખૂબ બળવાન છું એ સાચું. મારા જેવું બળવાન કોઈ નથી, સિવાય એક જણ.' 'હેં! તમારા જેવું એક જણ વળી છે? એ કોણ?' આશ્ચર્યથી કુંવરીએ પૂછ્યું.

'નિકીતા ચમાર. તે કીવ શહેરમાં જ રહે છે. બસ, બાકી કોઈ મારા જેવું બળવાન નથી.'

કુંવરીએ ધ્યાનથી નામ સાંભળ્યું. પણ કહે : 'અરે, એક ચમાર તમને શું હરાવે? ખરેખર, તમે જ સૌથી વધુ બળવાન છો.' એમ કહી કુંવરીએ પ્રેમથી તેની સામે જોયું.

બીજે દિવસે નાગ જ્યારે તેના નિયમ પ્રમાણે બહાર ગયો ત્યારે તેણે રાજા પર સંદેશો મોકલ્યો કે, 'નાગથી બળવાન નિકીતા ચમાર છે, જે કીવ શહેરમાં રહે છે. તેને મળો ને મને છોડાવો.'

આથી રાજાએ નિકીતા ચમારની શોધ કરવા માંડી. તેની ભાળ મળતાં જ તેઓ જાતે જ તેની પાસે ગયા. જ્યારે રાજા નિકીતા ચમારને ત્યાં પહોંચ્યા ત્યારે નિકીતા ચમાર એક સાથે બાર પશુઓનાં ચામડાં હાથમાં લઈ તેને પીટીને નરમ બનાવી રહ્યો હતો. પણ રાજાને જોયાં કે તે ધ્રૂજી ઊઠ્યો : શું કોઈ ગુનાસર રાજા પકડવા આવ્યા હશે?

તેણે બારેય ચામડાંને હાથ વડે તોડી નાખ્યાં. પણ રાજા કાંઈ તેને શિક્ષા કરવા નહોતા આવ્યા. તેમણે વિનીત સ્વરે કહ્યું : 'શાંત થા નિકીતા, શાંત થા-ભાઈ. તારી શક્તિ તો જોઈ. એકસાથે બાર ચામડાં તું તોડી શકે છે. તું તો મારાથી પણ ખૂબ શક્તિશાળી છે. તો તું તારી આ શક્તિ વડે આપણા શહેરથી થોડેક જ દૂર રહેતા નાગને ન મારી નાખે? હું પ્રજા વતી તને કહેવા આવ્યો છું. નિકીતા ચમાર, તેને તું મારી નાંખ, મારી કુંવરીને છોડાવ ને પ્રજાને રાહત આપ. સૌ તારો આભાર માનશે. અમે તારા ઓશિંગણ રહીશું.' રાજાએ ઘણીયે વિનવણી કરી પણ તે ન માન્યો. નાગ સાથે લડવા તૈયાર ન થયો. રાજાની વિનંતી ન માની તેથી રાણી ગઈ. પણ તેનાં આંસુય નિષ્ફળ નીવડ્યાં.

રાજાએ બીજો માર્ગ વિચાર્યો. તેમણે સેંકડો બાળકો ભેગાં કર્યાં. અને પૂછ્યું : 'તમને પેલા મોટા નાગની બીક લાગે છે?' નાગની વાત સાંભળીને જ કેટલાંક બાળકો રડવા લાગ્યાં. રાજાએ કહ્યું : 'જુઓ, આપણા શહેરમાં નિકીતા ચમાર રહે છે. તમે બધાં તેની પાસે જાઓ. તે નાગથી પણ બળવાન છે. તમે એને વિનંતી કરજો. રડજો. તમારાં આંસુથી એ જરૂર પીગળી જશે. ને પેલા ક્રૂર નાગને મારી નાખશે. પછી તમને મઝા જ મઝા. જાઓ.' રાજાએ મોકલેલા એક માણસ સાથે પેલાં સેંકડો બાળકો નિકીતા ચમારના ઘર આગળ ગયાં. નિકીતા ચમારને રડતાં બાળકો જોઈ દયા આવી. મોટા ક્રૂર નાગની વાતમાત્રથી તેમને કેટલી બધી બીક લાગે છે તેય રડતાં રડતાં કહ્યું. છેવટે રાજાએ કહ્યું હતું તેમ થયું. નિકીતા ચમાર પીગળી ગયો. બાળકોને રડતાં જોઈ તેય રડવા લાગ્યો. એક નાગ આખા શહેરનાં બાળકોને આમ પોતાના નામમાત્રથી ફફડાવે તો તે નાગને મારી જ નાખવો જોઈએ. એ જ એક સારો રસ્તો છે એમ તેને લાગ્યું. તેણે બાળકોને કહ્યું : 'શાંત થાઓ, મારાં વ્હાલાં બાળકો, રડો નહીં. હું જઈશ ને નાગની સાથે લડીશ. તેને મારીશ. બસ, જાઓ હવે તમે તમારે ઘેર જઈ આનંદ કરો.' નિકીતા ચમારની વાત સાંભળી બાળકો ખૂબ ખુશ થઈ ગયાં. રડતાં રડતાં આવ્યાં હતાં ને હસતાં હસતાં ગયાં.

નિકીતા ચમારે નાગ સાથે લઢવાની તૈયારી કરી. આ માટે તેણે ખાસ વૃક્ષોના રેસાનો પોશાક બનાવ્યો. પહેર્યો. ને નાગ પાસે ગયો.

નાગના દર પાસે જઈ તેણે પડકાર ફેંક્યો : 'એય નાગ, બહાર આવ. નહીં તો હું તારું દર વેરવિખેર કરી નાખીશ.' આટલું બોલી તેણે દર પર મૂકેલી શિલા પર એવી તો જોરથી લાત મારી કે આખું દર ધ્રૂજી ઊઠ્યું. નાગ સમજી ગયો કે નિકીતા ચમાર સિવાય આમ કોઈ કરી ન શકે. કુંવરી પણ સમજી ગઈ કે નિકીતા ચમાર આવી ગયો છે. હવે થોડા જ વખતમાં પોતે છૂટશે. પણ તોય તે નાગને વળગી પડી અને કહેવા લાગી : 'અરે, આ કોણ છે? મને ખૂબ બીક લાગે છે?' નાગે કહ્યું : 'ગભરાઈશ નહીં. હું હમણાં એનો હિસાબ પતાવી આવું છું.' પછી મોટેથી કહ્યું : 'હું બહાર મેદાનમાં આવું છું. ધમપછાડા બંધ કર?' ને પછી કુંવરીને આશ્વાસન આપી તે બહારના મોટા મેદાનમાં ગયો. નિકીતા ચમાર તેની રાહ જોતો ઊભો જ હતો. પછી તો બંને વચ્ચે ખૂંખાર યુદ્ધ થયું. બંનેય બળિયા. કોઈ ઝટ હારે નહીં. બહુવાર સુધી બેઉ લઢ્યા. અંતે નાગ થોડો થાક્યો ને ભોંય પર પડ્યો. નિકીતા આ તકની રાહ જ જોતો હતો. તે તેને મારી નાખવાની અણી પર જ હતો ત્યાં જ નાગે કહ્યું : 'બસ કર, નિકીતા ચમાર, બસ કર. તું જીત્યો જ. પણ મને મારી ન નાખ. સાંભળ, દુનિયામાં આપણાથી બળવાન કોઈ નથી. તો એક કામ કરીએ. આ જમીનના બે ભાગ કરીએ ને અડધી અડધી વહેંચી લઈએ.' નિકીતાને દયા આવી. તેણે નાગને મારી ન નાખ્યો. કહ્યું : 'ભલે, એમ કરીએ. પણ એક શરતે. પહેલાં તો તું અમારા રાજાની કુંવરીને છોડી દે. ને બીજું, દૂર રહેવા જતો રહે. મારા કીવ શહેરનાં બાળકોને તારી બીક લાગે છે. તારે ક્યારેય મારાં આ બાળકોને સતાવવાનાં નહીં. બોલ, છે કબૂલ?' નાગે હા પાડી. દરમાં જઈ કુંવરીને બહાર બોલાવી લાવ્યો. દૂર ઊભેલાં લોકો અને રાજા-રાણી કુંવરીને જોઈ ખુશ થઈ ગયાં. કુંવરી દોડીને તેમની પાસે ગઈ. નાગ નિકીતા પાસે આવ્યો. નિકીતાએ કહ્યું : 'જો, આપણે એક રેખા દોરીએ જેથી ભવિષ્યમાં કોઈ ટંટો ન રહે.' નાગે હા પાડી. જમીન

(અનુસંધાન પૃ. ૭૯૫ પર)



કલાવાર્તા



ગ્રામગૃહના બંધ પ્રવેશદ્વારની બાહ્ય શોભા

અરજણ પટેલ

રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરનાર છબીકાર અરજણ પટેલે પોતાની કારકિર્દીનો આરંભ જેસલમેરનાં સ્થળો તેમજ ત્યાંના વાતાવરણની ફોટોગ્રાફીથી કરેલો. ત્યાર બાદ ઇડર અને તારંગાની ટેકરીઓની ફોટોગ્રાફી કરી. આ તબક્કામાં એમણે કોણદાર શિલાના આકારોને કચકડામાં મઢી પોતાનો કસબ દાખવેલો. આ છબીઓમાં તેમણે તેજછાયાની કલાત્મક કરામત કરી બતાવેલી. 'મુંજો કચ્છ' શીર્ષકથી એમણે અમદાવાદની કોન્ટેમ્પરરી આર્ટ ગેલરીમાં રંગીન તસવીરોનું પ્રદર્શન યોજ્યું, જેમાં કચ્છના અંજાર અને બન્ની પ્રદેશનાં માનવપાત્રો, ગ્રામઆવાસો, પહેરવેશ-પરિવેશ આદિને આબેહૂબ રીતે વ્યક્ત કર્યાં છે. આ તસવીરોમાં તેમની સૂઝપૂર્વકની કલાત્મક સંયોજના પણ ધ્યાન ખેંચે છે તે વાતની પ્રતીતિ અહીં રજૂ કરવામાં આવેલી થોડી તસવીરો પરથી થશે. તેઓ તસવીરમાં પાત્રો અને પરિવેશનું સંવિધાન એવું કરે છે કે જાણે તે કોઈ ચિત્રકારની પીંછીએ થયેલું ચિત્ર ન હોય! બન્નીપ્રદેશનાં ભરતગૂંથણ અને ભૂંગાઓને



નીચા દ્વારે ઊંચી પ્રેમગોષ્ઠિ



ઘોડિયામાં હિલોળાતું બાળક

તેઓ લાક્ષણિક રીતે તસવીરમાં ઝડપી લે છે. તો વળી અંજારનાં રબારી ભાઈબહેનોનાં પોષાક-અલંકારોને પણ તેઓ કલાકારની આંખથી કૅમેરામાં કંડારે છે. અહીં એક તસવીરમાં ઘોડિયામાં સૂતેલું બાળક અને તેની ઉપર ઝૂલતું મોતીભરતનું રમકડું કેવું ધ્યાનાકર્ષક બને છે! વળી, એક બીજી તસવીરમાં નીચા બારણા પાસે ઊભેલો યુવાન બહાર રંગબેરંગી વસ્ત્રપરિધાન અને અલંકારધારી પ્રેયસી જોડેની ગોઠડીમાં કેવો ઝડપાયો છે!

અરજણ પટેલે મલ્ટિપલ એક્સ્પોઝર દ્વારા યા સમ્મિલિત દૃશ્યકલ્પનો દ્વારા તથા ઓવરલૅપની ટેક્નીક દ્વારા એક ફોટામાં અન્ય ફોટાઓના વિશિષ્ટ ભાગોને રજૂ કરી એક અલૌકિક સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. એમણે ચતુષ્કોણીય ભૌમિતિક આકારને તથા તેની સાથે ચીતરેલા રંગીન આકારોને અમૂર્ત સ્વરૂપમાં દર્શાવી અમૂર્ત છબીકલાનો પણ સુંદર નમૂનો પૂરો પાડ્યો છે. તેમની છબીકલા સૌંદર્યલક્ષિતા અને દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. જાણીતા કલાકાર જ્યોતિ ભટ્ટ તેમના વિશે કહે છે : 'આપણી સંસ્કૃતિ બહુ ઝડપથી ભુલાવા-ભૂંસાવા તથા બદલાવા લાગી છે. એનું નામોનિશાન



'કૃપા નજર તો કરો' - મલ્ટિપલ એક્સપોઝર અને સમ્મિલિત દૃશ્યકલ્પનો પરિચય કરાવતી છબી

પણ જતું રહે તે પૂર્વે તેનું શક્ય તેટલું બધું દૃશ્ય-શ્રાવ્ય દસ્તાવેજીકરણ કરી લેવું તે અત્યંત આવશ્યક, મહત્ત્વનું અને અગ્રિમતા માગી લેતું કામ છે. અરજણભાઈ જેવા યુવા છબીકારોનું આ દિશા તરફ ધ્યાન દોરાયું એ ઊજળું ઓહાણ છે.'

આવા કલાકાર અરજણ પટેલે ૧૯૮૬માં ચિત્રકલામાં જી.ડી.એ. અને ૧૯૮૭માં એ.ટી.ડી.ની ઉપાધિઓ પ્રાપ્ત કરી છે. ૧૯૮૬માં તેમને વિમેન સોસાયટી ચેકોસ્લોવિયા-જાપાનનું ઇનામ મળ્યું હતું. મુંબઈના 'અપના ઉત્સવ'માં ૧૯૮૯માં પણ તેમને છબીકલાનું પારિતોષિક પ્રાપ્ત થયેલું. અમદાવાદ નગરપાલિકા તરફથી ત્રણ વાર ઇનામો પ્રાપ્ત થયેલાં. ગુજરાત રાજ્યની ફોટોસ્પર્ધામાં ૧૯૯૩માં તેઓ પારિતોષિકપાત્ર ઠરેલા.

- બંસીલાલ દલાલ

અનુસંધાન] અડકો દડકો [પૃ. ૭૯૩થી

ઉપર મોટી રેખા દોરવા માટે નિકીતાએ ભારે અણીદાર લોખંડનો સળિયો તૈયાર કર્યો. ને નાગને ખભે મૂક્યો. પછી કીવ શહેરથી એ રેખા દોરવાની શરૂઆત કરી. જમીનની વહેંચણી એ રીતે પૂરી થઈ. બંને સમુદ્ર સુધી આવ્યા. નાગ કહે : 'ચાલો, આપણું કામ પૂરું થયું.' એટલે નિકીતા કહે : 'હા, જમીનની વહેંચણીનું કામ પૂરું થયું. પણ આ સમુદ્રના પાણીના ભાગનું કામ તો બાકી રહ્યું. કાલ ઊઠીને તું કહે કે દરિયાનું પાણી તને ન લેવા દઉં તો? એટલે આજ ને આજ એનું કામ પણ પતાવી દઈએ.' નાગને હા જ પાડવી પડી. નાગ ને નિકીતા તો દરિયા પર ચાલવા લાગ્યા. ભાગ પાડતાં પાડતાં તેઓ લગભગ મધ્યે પહોંચ્યાં.

નાગ ખૂબ થાકી ગયો હતો. હવે તે એકદમ કિનારે જઈ શકે તેમ પણ નહોતું. તેથી નિકીતાએ લાગ જોઈ નાગ પર પ્રહાર કર્યો. એટલા જોરથી તેના માથા પર માર્યું કે નાગ ડૂબી જ ગયો. થોડી જ વારમાં તે દરિયાના તળિયે પહોંચી ગયો. ત્યાં એક નાનકડો ટેકરો થઈ ગયો.

નાગને મારીને નિકીતા ચમાર પાછો આવ્યો. રાજા અને પ્રજા તેના પર ખૂબ ખુશ થયાં. તેને ઇનામ આપવાનો રાજા અને પ્રજાએ ખૂબ પ્રયત્ન કર્યો. પણ નિકીતા જેનું નામ! તેણે કશું ન લીધું. બાળકોએ વહાલથી તેના ગાલે ચુંબનો કર્યાં. તે ખૂબ પ્રસન્ન થઈ ગયો. ને પાછો પોતાના - ચામડાં નરમ કરવાના-કામે જતો રહ્યો.

□

સાહિત્યસંપર્ક

અરુંધતી રૉયને બુકર પારિતોષિક



આ વર્ષનું બ્રિટનનું ૨૦,૦૦૦ પાઉન્ડનું પ્રતિષ્ઠિત બુકર પારિતોષિક ૩૭ વર્ષનાં દક્ષિણ ભારતીય યુવા લેખિકા અરુંધતી રૉયને એમની પહેલી જ નવલકથા 'ધ ગૉડ ઑફ સ્મૉલ થિંગ્ઝ' માટે અપાયું છે. અત્યાર સુધીમાં આ નવલકથાની ૧૦ લાખ નકલો વેચાઈ ચૂકી છે. બંગાળી પિતા અને સિરિઅન ખ્રિસ્તી માતાનું એ સંતાન. સાવ સામાન્ય આર્થિક પરિસ્થિતિ. દિલ્હીમાં આર્કિટેક્ચરનો અભ્યાસ તો કર્યો, પણ એ વ્યવસાયમાં બહુ ગોઠ્યું નહિ. આથી દિલ્હી છોડી તે ગોવા પહોંચ્યા, જ્યાં કેક બનાવીને ત્યાંના દરિયાકિનારે વેચે અને ઘર ચલાવે. વળી, દિલ્હીમાં 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન અફેર્સ'માં નોકરી મળી ને ત્યાં પહોંચ્યાં. અહીં પણ આર્થિક સંઘર્ષ વેઠવાનો હતો. આ દરમિયાન એમને પ્રદીપ કૃષ્ણેની 'મેસી સાહેબ' નામક ફિલ્મમાં આદિવાસી કન્યાની નાનકડી ભૂમિકા ભજવવાનું બન્યું. ત્યાં તો ઇટલીમાં 'સ્થાપત્યની જાળવણી' વિશે વધુ અભ્યાસ કરવા એમને શિષ્યવૃત્તિ મળી. ઇટલીમાંના નિવાસ દરમિયાન એમને પોતાનામાં રહેલી સર્જકતાનો અણસારો મળ્યો પ્રદીપ પરનાં પત્રલેખનમાં. દિલ્હી પાછા ફર્યાં પછી પ્રદીપ સાથે 'ધ બનિઅન ટ્રી' નામની એક ટી.વી. સીરિઅલ બનાવવી શરૂ કરી, જે પૂરી ના થઈ શકી. દૂરદર્શનની 'સ્ટાર પ્લસ' ચૅનલ માટે એક સીરિઅલની પટકથા લખવાનું ઈજન મળ્યું. પરન્તુ તે લેખન પણ પૂરું ના થયું. વળી, પ્રદીપ સાથે મળીને એક કલાત્મક સીરિઅલ 'ઇલેક્ટ્રિક મુન' બનાવી, પણ તેનેય સફળતા ના મળી. આમ, એક પછી એક નિષ્ફળતા અને તજ્જન્ય નિરાશા વચ્ચે તેમણે કમ્પ્યૂટર પર 'ધ ગૉડ ઑફ સ્મૉલ થિંગ્ઝ'નું લેખન શરૂ કર્યું. હજુ ગયા એપ્રિલમાં ૨૧ પ્રકરણની આ નવલકથા પ્રકટ થઈ અને જાણે એમના નસીબ આડેનું પાંદડું ખસી ગયું. રાતોરાત જાણે કે એમને પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા અને પૈસો વર્યાં! કરોડો રૂપિયા આ નવલકથાએ એમને કમાવી આપ્યા! આ નવલકથાનો વિશ્વની લગભગ ૨૭ ભાષાઓમાં અનુવાદ થયો છે.

આ નવલકથાને બુકર પારિતોષિક માટે પસંદ કરતા પસંદગી-સમિતિના વડા પ્રોફેસર ગિલિઅન બીઅરે કહ્યું કે, 'અરુંધતીનું કથન ભલે સમસ્યાઓથી ખચિત હોય, છતાં વાર્તા સ્પષ્ટરેખ બની છે.' વાર્તાનાયક એસ્થા જોડિયા બહેન રાહેલનો ભાઈ છે. શિશુકાળે અરુંધતીએ ઘરમાં માતાપિતા વચ્ચેના ઝગડા નિહાળેલા તેની તેના બાલચિત્ત પર ઊંડી અસર પડેલી. માબાપનો લગ્નવિચ્છેદ થયો એ આઘાતક ઘટના પણ એમાં ભળી. એ વખતના સ્મૃતિમાં સંઘરાયેલા પ્રસંગો અને ચિત્તમાં કંડારાઈ ગયેલા અનુભવોએ આ નવલકથાના સર્જનમાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે. પણ આ તો આત્મકથાનાં તત્ત્વોની ભેળસેળની વાત થઈ. આખરે તો એ બધું કલારસાયણ રૂપે અવતર્યું છે. એમાં ભારોભાર ભારતીયતા છે, પૂરતી પ્રાદેશિકતા છે. આમ છતાંય એ સ્થળકાળના સીમાડાને અતિક્રમી જતી બાલમાનસની અટપટી, કૌતુકરાગી, કલ્પનશૈલીપ્રધાન કથા છે. આથી એની અપીલ સાર્વત્રિક છે. કથામાં ભૌતિક સમય તો માત્ર કલાકોનો જ છે, પણ મનોવૈજ્ઞાનિક સમય પર વિસ્તરતી કથા ભૂત અને વર્તમાનના પ્રસંગોનું પૅચવર્ક છે યા મોઝેઈક છે. થીગડથાગડ ઘટનાક્રમ પાછળ એક વિશિષ્ટ સંવિધાનસૂત્ર છે. આવી નવલકથાને વૈશ્વિક સ્તરે જે માન્યતા મળી છે તેથી આ ભારતીય લેખિકા અભિનંદનનાં અધિકારી બને છે.

- ધી.પ.

પ્રાપ્ત પ્રકાશનો

સંતવાણી : તત્ત્વ અને તંત્ર : લે. સં. ડૉ. બળવંત જાની. પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, સેક્ટર-૧૧, ગાંધીનગર. પ્રથમ આવૃત્તિ ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠ-૨૩૬, પાકું પૂંઠું, રૂ. ૧૧૦. ભજનવાણી સમજવા, પામવા અને એનાં તત્ત્વ કે તંત્રથી પરિચિત થવા માટેનો ગ્રંથ.

સાહિત્ય એક સિદ્ધાંત : લે કૃષ્ણરાયન, અનુવાદક : શાલિની ટોપીવાળા. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠ : ૪, કાચું પૂંઠું, રૂ. ૪૦. સાહિત્ય પદાર્થને પામવા ઇચ્છતા વિદ્વાનો અને રસિકો સહુને ઉપયોગી બને તેવા કૃષ્ણરાયનના પુસ્તકનો સુવાચ્ય અને સુંદર અનુવાદ. આ પુસ્તકમાં આમ તો પૌર્વાત્ય કાવ્યસાહિત્યના સિદ્ધાંતોની છણાવટ છે. (પ્રકાશક ઉપર મુજબ)

રામનારાયણ વિ. પાઠક : સંપાદકોઃ હીરા રા. પાઠક, યશવંત શુક્લ, ચિમનલાલ ત્રિવેદી, સુરેશ દલાલ. પ્રથમ આવૃત્તિ-૧૯૯૫, ડિમાઈ, પૃષ્ઠ ૬૮૬, પાકું પૂંઠું, રૂ. ૨૫૦. અર્વાચીન ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર સ્વ. રામનારાયણ વિશ્વનાથ પાઠક વિશે વિવિધ સાહિત્યકારો દ્વારા લખાયેલા અભ્યાસપૂર્ણ

લેખોનો ગ્રંથ. (પ્રકા. ઉપર મુજબ)

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., ૧૯૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ દ્વારા વિવિધ પ્રકાશનો, લેખક : સુરેશ દલાલ. **આરસનાં જળ** પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, અર્ધ ડિમાઈ, પૃષ્ઠ ૬૪, કાચું પૂંઠું, રૂ. ૨૫. કાવ્યપ્રક્રિયાની અંતર્ગત વાતોની પુસ્તિકા. **મારી પ્રાર્થનાનાં સ્પંદન** : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, અર્ધ ડિમાઈ, પાકું પૂઠું, રૂ. ૨૫. પ્રાર્થના અને ઈશ્વરનો સંબંધ સમજાવતી પુસ્તિકા **મારી પ્રાર્થનાનું સંગીત** : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, અર્ધ ડિમાઈ, પાકું પૂઠું, રૂ. ૨૫. પ્રાર્થના સાથે ગીત-સંગીતનો નાતો જાળવતી કાવ્યપુસ્તિકા. **મારી પ્રાર્થનાનો સૂર્ય** : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, અર્ધ ડિમાઈ, પાકું પૂંઠું, રૂ. ૨૫. સૂર્યની આરાધનાની પુસ્તિકા. **રાતરાણી** : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, અર્ધ ડિમાઈ, પાકું પૂંઠું, રૂ. ૫૦. રાત અને અંધકાર વિશે સચિત્ર પંક્તિઓની પુસ્તિકા. **મારી પ્રાર્થનાનો ધ્વનિ** : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, અર્ધ ડિમાઈ, પાકું પૂંઠું, રૂ. ૨૫. **શિખર પ્રાર્થનાનું મારી** : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, અર્ધ ડિમાઈ, પાકું પૂંઠું, રૂ. ૨૫. ઈશ્વરનો મહિમા કરતી પુસ્તિકા. **મંગલાષ્ટક** : પ્રથમ આવૃત્તિ. ૧૯૯૭, અર્ધ કાચું પૂંઠું, રૂ. ૨૧. **જય જય શ્રીનાથજી** : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, કાચું પૂંઠું, રૂ. ૭૫. શ્રીનાથજીની છબિઓનું આલ્બમ.

હવાનો રંગ : લે. મનહરલાલ ચોકસી, પ્રકાશક : લાયન્સ ક્લબ ઓફ સરદાર માર્કેટ, સુરત, પ્રથમ આવૃત્તિ ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠ ૨૪૧, કાચું પૂંઠું, રૂ. ૨૦. મુક્તકોનો સંગ્રહ.

આપઘાતનો અવાજ : લે. રમણલાલ નાગર, પ્રકા : મધુસૂદન શાહ, ૧૯૭ સોમવાર પેઠ, દારૂવાલા પુલ પાસે, પુણે - ૪૧૧૦૧૧. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ડિમાઈ, પૃષ્ઠ ૮૦, કાચું પૂઠું, રૂ. ૩૦. અવનવી અને પારંપરિક કાવ્યરચનાઓનો કાવ્યસંગ્રહ.

નલિન પંડ્યા

અનુસંધાન] **અતીતમાં અવગાહન** [પૃ. ૭૯૧થી

તો રોગી જાતે જ છે; દાક્તર તો એની પરખ કરી ચિકિત્સા કરનાર છે. આ માટે વૈદકના પ્રાથમિક જ્ઞાનની જરૂર અવગણી ન શકાય. આપણે ધંધાકીય જ્ઞાનથી પાવરધા બનીએ છીએ, દેશના કાયદાઓથી માહિતગાર રહીએ છીએ, તો પછી સર્વ સાધનોના સાધનરૂપ શરીરને રક્ષનારા જ્ઞાનથી વંચિત કાં રહીએ ? પેલી અંગ્રેજી કહેવામાં – At 30 a man becomes a lawyer, at 40 a doctor, and at 50 a philosopher - કહ્યા પ્રમાણે માંદગી થવાનાં, અટકાવવાનાં અને એમાંથી ઊગરવાનાં કારણો જાણી લઈ આપણે સાચા અર્થમાં 'દાક્તર' કેમ ન બનીએ ? નહિ તો પછી પેલી બીજી કહેવત આપણને લાગુ પડશે કે At forty a man becomes either a physician or a fool. (સળંગ અંક ૪૩૨)

કૌશલકળાનો ખેલ


મોટા ચમત્કારો બતાવવાની સાથેસાથે જાદુગરો ઘણી વાર વચ્ચે વચ્ચે નાના હાથચાલાકીના પ્રયોગો પણ બતાવતા જાય છે. એથી વૈવિધ્ય પણ જળવાય છે અને આવા આડખેલોમાં પ્રેક્ષકોનું ચિત્ત રોકાએલું રહે તેનો લાભ લઈ તે પછીના મોટા ખેલ માટેની પૂર્વતૈયારીઓ પણ એ કરી લેતો જાય છે.


પહેલા ખેલમાં પાનાની એક કેટ લઈ સહજ રીતે ચીપ્યા પછી એમાંથી એકાદ પાનું જુદું કાઢી પ્રેક્ષકો સાથે કંઈ ટોળ કરતાં કરતાં જાણે સહજ રીતે જ મૂકતો હોય તેમ જાદુગર એ પાનાને ઊભું રાખી તેની ઉપર નજીકમાં પડેલો પ્યાલો કે બાટલી કે આવી કોઈ ચીજ ગોઠવી દે છે. (ચિત્ર ૧)

તાસના પાના પર આમ કોઈ ચીજને સમતોલ ટકી રહેલી જોઈ સૌ આશ્ચર્ય પામે છે, પણ તેનું રહસ્ય કેટલું સરળ છે તે નીચેની આકૃતિઓ જોતાં જ સમજાઈ જશે કે તેણે પસંદ કરેલું પાનું અગાઉથી ખાસ તૈયાર કરેલું દોઢું હોય છે. (જુઓ ૨ અને ૩).

આ જ રીતે ક્યારેક તે પાનાની કેટ લઈ હથેળીમાં ઊંધી મૂકે છે. પછી એક છરી લઈ નાટકીય ઢબે તે કેટની વચ્ચેથી પસાર કરી (જુઓ ચિત્ર) પાનાની એક થોકડી જુદી પાડે છે ને તે ઉપાડીને સીધી પ્રેક્ષકો તરફ ધરી પોતે વગર જોયે એ કયું પાનું પ્રેક્ષકો જોઈ રહ્યા છે તે કહી દે છે. બહુ જ આસાન છે આ ખેલ. અક્કલ છરી વાપરવામાં જ છે. ચળકતી છરી જ્યારે કેટ વચ્ચેથી પસાર થાય છે ત્યારે તેના પરના પાનાનું પ્રતિબિંબ એ છરીમાં દેખાય છે. પ્રેક્ષકોને એનો ખ્યાલ જ નથી હોતો. તેઓ જાદુગરના નાટ્યાભિનયમાં જ મુગ્ધ થઈ ગયા હોય છે. આકૃતિ જોતાં આખી યુક્તિ વધુ સ્પષ્ટતાથી સમજાઈ જશે.

(સળંગ અંક ૪૩૨)





જાશું, જઈને કાળની ગરદન ઝુકાવશું...
જ્વાળાઓ ઠારશું અને ફૂલો ખિલાવશું...
મૃગજળને પી જશું અમે ઘોળીને એક દી...
સાગર ઉલેચશું અને મોતી લૂંટાવશું !
- 'શૂન્ય' પાલનપુરી

બકુલ ત્રિપાઠીને રણજિતરામ ચન્દ્રક



જ્યોતીન્દ્ર દવે સર્વોચ્ચ હાસ્યકાર તરીકે સુસ્થાપિત થઈ ચૂક્યા હતા તે વખતે બકુલ ત્રિપાઠીનો સમર્થ હાસ્યકાર થવાની પૂરી સંભાવના સાથે ઉદય થયો એ ગુજરાતી હાસ્યસાહિત્યની સુખદ અને સ્મરણીય ઘટના છે.

બકુલ ત્રિપાઠીનો જન્મ ૨૭મી નવેમ્બર, ૧૯૨૮ના રોજ નડિયાદમાં. જ્ઞાતિએ નાગર. માતાનું નામ સૂર્યબાળા, પિતાનું નામ પદ્મમણિશંકર. તેઓ વ્યવસાયે શિક્ષક. તેમના આ પુત્રને શિક્ષણ અને સાહિત્યના સંસ્કાર ગળથૂથીમાંથી જ મળ્યા. હાસ્યનો વારસો માતાનો. 'આંસુ લૂછીએ બીજાંનાં અને હસતાં રહીએ તો બીજાંને હસતાં રાખી શકીએ.' - આ હતી માતાની જીવનફિલસૂફી - જીવનની અંતિમ ક્ષણ સુધીની.

બકુલ ત્રિપાઠી ૧૯૫૧માં એમ.કોમ. અને ૧૯૫૩માં એલએલ.બી. થયા. ૧૯૫૩માં તેઓ બ્રિટિશ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપનીની રાજસ્થાનની ઑફિસમાં ઝોનલ મેનેજર તરીકે જોડાયા. લોકોને જિંદગીની નશ્વરતાનું ભાન કરાવી વીમો ઉતરાવી લેવા માટે પ્રેરવાને બદલે જીવનને હાસ્યથી છલોછલ ભરી દેવાનો કીમિયો શીખવવાની ભૂમિકાનું ઈશ્વરે બકુલભાઈ માટે નિર્માણ કર્યું હતું. એટલે વીમાકંપનીને 'બાય બાય' કરી તેઓ અમદાવાદની એચ.એલ. કૉલેજ ઑફ કોમર્સમાં અધ્યાપક તરીકે જોડાયા, જ્યાં લાગલાગટ ૩૫½ વર્ષ અધ્યાપનકાર્ય કરી, ૧૯૮૯માં તેઓ નિવૃત્ત થયા.

બકુલભાઈના લેખનનો પ્રારંભ ૧૯૪૬થી. ૧૯૫૧માં એમને 'કુમારચંદ્રક' એનાયત થયો. લેખનની અડધી સદીએ બકુલભાઈ એવા ને એવા અણનમ છે. હજુ એ જ મિજાજ અને એ જ જોસ્સાથી તેઓ લખી રહ્યા છે. સિત્તેરની ઉંમર જીવનની પાનખરની ઉંમર ગણાય, પરંતુ શું જીવનમાં કે શું સાહિત્યમાં સિત્તેરની ઉંમરે બકુલભાઈનો વસંતકાળ ચાલી રહ્યો છે!

પ્રારંભનાં વર્ષોમાં બકુલભાઈ પુસ્તકપ્રકાશન પરત્વે ખાસ્સા ઉદાસીન રહ્યા. ૧૯૫૫માં 'સચરાચરમાં' પ્રગટ થયા પછી બીજું પુસ્તક 'સોમવારની સવારે' ૧૯૬૬માં પ્રસિદ્ધ થયું અને ત્રીજું પુસ્તક ''વૈકુંઠ નથી જાવું' પ્રગટ થયું ૧૯૮૩માં; પણ આ પછી એમણે હાસ્યસાહિત્યના મેદાનમાં ખભા ઊંચા કરી જાણે છૂટા હાથની બૅટિંગ શરૂ કરી દીધી છે. 'દ્રોણાચાર્યનું સિંહાસન' ૧૯૮૫માં પ્રસિદ્ધ થયું તે પછી છેલ્લાં દસ વરસમાં બકુલભાઈનાં દસ પુસ્તકો પ્રસિદ્ધ થયાં : 'ગોવિંદે માંડી ગોઠડી' (૧૯૮૭), 'મન સાથે મૈત્રી' (૧૯૯૦), 'હિંડોળો ઝાકમઝોળ' (૧૯૯૨), 'લગ્નમંગલ-હાસ્યમંગલ' (૧૯૯૪), 'શેક્સપિયરનું શ્રાદ્ધ' (૧૯૯૪), 'અષાઢની સાંજે પ્રિય સખી અને ભજિયાં' (૧૯૯૪), 'મિત્રોનાં ચિત્રો' (૧૯૯૬), 'હૈયું ખોલીને હસીએ' (૧૯૯૭) અને 'બાપુજીની બકરીની બકરીના બકરાનો બકરો' (૧૯૯૭).

બકુલ ત્રિપાઠીનું મોટા ભાગનું સર્જન અખબારો અને આકાશવાણીને આભારી છે. ૧૯૫૩માં 'ગુજરાત સમાચાર'માં એમની 'સોમવારની સવારે' કોલમ શરૂ થઈ, જે અદ્યાપિ એવા ને એવા જોમ અને ઉત્સાહથી ચાલુ છે. 'Limca Book of Records'માં ૧૯૯૬માં આ કટારલેખનની નોંધ લેવાઈ છે. 'ગુજરાત સમાચાર'માં જ મંગળવારથી શુક્રવાર સુધીની એમની બીજી કોલમ 'કક્કો અને બારાખડી' (ઠોઠ નિશાળિયો) ૧૯૬૩માં શરૂ થઈ, જે આજેય એવી જ લીલીછમ છે. આ કોલમમાં લેખકે દાખવેલું સ્વરૂપવૈવિધ્ય નોંધપાત્ર છે. દરરોજ લખવાનું હોવા છતાં બકુલભાઈ આ કોલમમાં એકધારી 'લેન્થ' જાળવી શક્યા છે તે એમની સર્ગશક્તિની પ્રતીતિ કરાવે છે. 'જન્મભૂમિ-પ્રવાસી'માં સતત પચીસ વરસ (૧૯૬૭-૧૯૯૨) સુધી બકુલભાઈની કોલમ 'તરંગ અને તુક્કા' ચાલી. આ ત્રણેય કોલમની લેખનતરેહ અને મિજાજ અલગ અલગ. ૧૯૭૨-૭૩માં અને ૧૯૯૭માં આકાશવાણી - અમદાવાદ પરથી દર રવિવારે બકુલભાઈનો કાર્યક્રમ 'ગપસપ' રજૂ થયો. આ કાર્યક્રમની તરેહ વળી સાવ અનોખી. આ કાર્યક્રમમાં લેખન, અભિનય અને દિગ્દર્શનની ત્રિવિધ જવાબદારી બકુલભાઈએ સંભાળેલી.

નાટ્યક્ષેત્રે પણ બકુલભાઈનો જીવંત રસ. અમદાવાદની 'રંગમંડળ' નામની સુપ્રસિદ્ધ નાટ્યસંસ્થા દ્વારા અભિનય ક્ષેત્રે એમણે ઝુકાવેલું. પણ બકુલભાઈને કૉલેજમાં નોકરી મળ્યા પછી એમના પ્રિન્સિપાલને બીક લાગી કે આ માણસ ભણાવે છે કે ભણાવવાનો અભિનય કરે છે એની ખબર નહિ પડે તો કૉલેજનું

શું થશે? આ કારણે એમણે બકુલભાઈને લેખક બનવાની છૂટ આપી, પણ અભિનેતા થવાની મનાઈ ફરમાવી. આને લીધે ગુજરાતી તખ્તાને નુકસાન થયું કે નહિ તેની ખબર નથી, પણ ગુજરાતી સાહિત્યને ઘણો લાભ થયો એ નિ:શંક છે. ૧૯૫૩થી ૧૯૯૪ સુધીમાં બકુલભાઈએ દસબાર એકાંકીઓ લખ્યાં, જે ભજવાયાં પણ ખરાં. પરંતુ નાટ્યક્ષેત્રે એમનું ખરું અર્પણ એમણે આપેલાં સળંગ નાટકો કહેવાય. સાંપ્રત સામાજિક પ્રવાહો પર તીવ્ર કટાક્ષ કરતું, લોકનાટ્ય ભવાઈની શૈલીમાં લખાયેલું ત્રિઅંકી નાટક 'લીલા' નાટ્યક્ષેત્રે બકુલભાઈનું નોંધપાત્ર અર્પણ છે. 'લીલા' ઉપરાંત બકુલભાઈએ બીજાં બે સળંગ નાટકો 'ગણપતગુર્જરી' અને 'રાણીને ગમ્યો તે રાજા' આપ્યાં છે. 'રાણીને ગમ્યો તે રાજા' મોલિયેરની નાટ્યકૃતિ પર આધારિત છે. આ ત્રણેય નાટકોના સફળ પ્રયોગો થયા છે.

સ્થૂળ વ્યવહારજગતમાં 'રાઉન્ડ ઇન ઓલ' (શૂન્ય) કહેવાય એવા બકુલ ત્રિપાઠી. સાહિત્યક્ષેત્રે ઓલ રાઉન્ડર છે. હાસ્યનિબંધો તો એમણે પાર વગરના લખ્યા છે. (દસ-અગિયાર હજાર જેટલાં હાસ્યનિબંધો-નિબંધિકાઓ એમના નામે જમે બોલે છે!) તેમણે નિજી મુદ્રાવાળા લલિત નિબંધો અને હાસ્યકથાઓ પણ આપ્યાં છે; બે કાવ્યસંગ્રહો પ્રેસમાં છે; નવલકથા લખવાની એમની ધમકી ઊભી જ છે! નાટ્યવિવેચન અને હાસ્યતત્ત્વચિંતનના ક્ષેત્રે એમનું મૂલ્યવાન અર્પણ છે. વિદેશના પ્રવાસો દરમિયાન બકુલભાઈએ 'one-man standing comedy'ના વિશિષ્ટ કાર્યક્રમો રજૂ કરેલા. દૂરદર્શનના રાષ્ટ્રિય તેમ જ સ્થાનિક પ્રસારણમાં એમણે મૌલિકતા દાખવી છે. હાસ્યની આંતરરાષ્ટ્રિય પરિષદોમાં એમણે શોધપત્રો રજૂ કર્યાં છે. વૉશિંગ્ટન ડી.સી.ની આંતરરાષ્ટ્રિય પરિષદમાં બકુલભાઈની 'એશિયન હ્યુમર પેનલ'ના ચેરમૅન તરીકે વરણી થઈ હતી. મરાઠી વિનોદી સાહિત્યકાર પુ.લ. દેશપાંડે જેવાનો એકાદ અપવાદ બાદ કરતાં બીજી ભારતીય ભાષાઓ પાસે આવો બહુમુખી પ્રતિભાથી સંપન્ન એવો હાસ્યકાર હોવા અંગે મને પાકી શંકા છે.

હાસ્ય નિષ્પન્ન કરવાનાં તમામ ઓજાર આવા મોટા ગજાના હાસ્યકારને હાથવગાં હોય જ. એમના હાસ્યમાં રહેલી સાહજિકતા પણ હાસ્ય નિષ્પન્ન કરવાની એમની નૈસર્ગિક પ્રતિભાની દ્યોતક છે. પણ મારી દૃષ્ટિએ બકુલભાઈનો ખરો પ્રતિભાવિશેષ હાસ્યનિષ્પત્તિ માટે એમનામાં રહેલો 'ફૉર્સ' છે. હાસ્યનો આવો ને આટલો અસ્ખલિત વેગવંત પ્રવાહ બીજા ગુજરાતી હાસ્યકારોમાં જોવા નથી મળ્યો. એમનામાં હાસ્યનો જાણે બહુકોશી કૂવો છે. આટલો ઉલેચાવા છતાં એ કૂવો હજુ એવો ને એવો જ છલોછલ ભર્યો છે! 'સ્પેન્ટ ફૉર્સ' જેવો શબ્દપ્રયોગ બકુલભાઈ માટે ક્યારેય નહિ થઈ શકે.

અગિયાર જેટલાં પ્રતિષ્ઠિત પારિતોષિકો પ્રાપ્ત કરી ચૂકેલા બકુલ ત્રિપાઠીને ગુજરાતી ભાષાસાહિત્યનું શિરમોર સમું પારિતોષિક 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અર્પણ કરીને 'ગુજરાત સાહિત્યસભા'એ એક સમર્થ હાસ્યકારનું ઉચિત બહુમાન કર્યું છે. - રતિલાલ બોરીસાગર

ફુદીનો

ફુદીનો ભારતમાં સર્વત્ર જોવા મળતી અને બારેમાસ થતી અને સહેલાઈથી ઉછેરી શકાય તેવી તુલસીવર્ગની વનસ્પતિ છે. ખાસ કરીને ભેજવાળી જગ્યાએ આ વનસ્પતિ સહેલાઈથી ઊગી નીકળતી હોય છે. ફુદીનાના નાના છોડ થાય છે. ફુદીનાની એકાદ ડાળખી તમે ભેજવાળી જમીનમાં દબાવી દો તો પણ થોડાક દિવસોમાં એને કૂંપળ ફૂટવા માંડે અને નવો છોડ તૈયાર થવા માંડે છે.

ઔષધી તરીકે વપરાતી આ વનસ્પતિ સહેલાઈથી ગમે ત્યાં ક્યારામાં કે કૂંડામાં વાવી શકાય છે.

ઉત્તર ભારતનાં મોટાં શહેરોમાં જેવાં કે દિલ્હી, લખનઊ, હરિદ્વાર, ચંદીગઢ, બનારસ અને અમૃતસરમાં દરેક ચાર રસ્તા ઉપર ફુદીનાના શરબતવાળાઓની લારીઓ તમને અચૂક જોવા મળશે. શિયાળામાં મોટા ભાગે લોકો ફુદીનાના રસવાળી ચા પીવાનું વધારે પસંદ કરે છે. તો વળી ચટાકેદાર ભોજનરસિયાઓ ભોજનમાં ચટણી તરીકે ફુદીનાનો વિશેષ ઉપયોગ કરે છે.

આમ તો ફુદીનાના બે પ્રકાર બતાવ્યા છે. એક 'સેપરામીન્ટ' અને બીજો 'પિપરમીન્ટ'. આ બંને પ્રકારના ફુદીના હિમાલયના શિમલા અને પશ્ચિમી વિસ્તારોમાં વિશેષ જોવા મળે છે.

ફુદીનામાંથી મળતું તેલ પિપરમીન્ટ બનાવવામાં ખાસ વપરાય છે. એ ઉપરાંત દંતમંજન બનાવવામાં પણ ફુદીનાનો ભરપૂર ઉપયોગ થાય છે. અમેરિકા, જાપાન, ઇંગ્લંડ અને યુરોપમાં ફુદીનામાંથી પિપરમીન્ટ તૈયાર કરવામાં આવે છે. એ ઉપરાંત પણ અન્ય ઘણી બધી રીતે ફુદીનાનો ઉપયોગ થતો હોય છે.

ભારતમાં સર્વત્ર જોવા મળતી આ વનસ્પતિ અમુક મહિના સિવાય બાકીના દિવસોમાં તરોતાજી અને લીલીછમ રહે છે. કીચન ગાર્ડનમાં ફુદીનો વાવવામાં આવે તો એના ઝુંડનાં ઝુંડ ઊગી નીકળે છે. ફુદીનો વાવવા માટે ફુદીનાના જીવંત છોડ, વાડી કે બગીચામાંથી લાવીને કુંડામાં કે જમીન પર ભેજવાળી માટીમાં દબાવી દેવાથી તેમાં નવાં પાન ફૂટે છે.

આ સામાન્ય ગણાતી વનસ્પતિમાં એટલા બધા ઔષધીય ગુણો રહેલા છે કે આજનું તબીબી વિજ્ઞાન અને આયુર્વેદ એમાંથી અનેક જાતની દવા તૈયાર કરે છે. ફુદીનાનાં પાંદડાંમાંથી ખાંસીની દવા તેમજ ટૉનિક (શક્તિવર્ધક દવા) બનાવવામાં આવે છે. આ દવા યકૃત અને દમની બીમારીમાં ખૂબ લાભદાયી પુરવાર થઈ છે.

શીતળ ગુણવાળો હોવાથી ઉનાળાના દિવસોમાં લૂ લાગવાથી પેટના દર્દો, મોઢાનાં ચાંદાં વગેરેમાં ફુદીનાનું શરબત બનાવીને દર્દીને પિવડાવવાથી તરત જ ફાયદો થાય છે.

ચિકિત્સકોના અભિપ્રાય પ્રમાણે એક નિરોગી સ્વસ્થ વ્યક્તિને જેટલું કેલ્સિઅમ, લોહતત્ત્વ, વિટામિન એ, ઇ તેમજ કાર્બોદિત પદાર્થો, પ્રોટીન વગેરે તત્ત્વોની જરૂરિયાત હોય છે તે ઉનાળામાં ઉપલબ્ધ લીલા ફુદીનાની પ્રચૂર માત્રામાં મળી આવે છે. ભોજનમાં ચટણી સ્વરૂપે નિયમિત રીતે લેવાથી તમામ વિટામિનો એકીસાથે આવી જાય છે.

એ ઉપરાંત ફુદીનાનો રસ પીવાથી પાચનક્રિયા વ્યવસ્થિત રહે છે. શ્વાસ સંબંધી તકલીફોમાં ફુદીનાના રસનાં એક-બે ટીપાં નાકમાં ઉમેરવાથી નાક બંધ થવું તેમજ શરદી વગેરેમાં અકસીર ઈલાજ તરીકે કામ આપે છે.

ઉનાળામાં ફુદીનાના રસમાં સાકર ઉમેરી શરબત તરીકે ઉપયોગ કરવાથી તરસ તો છિપાય જ છે, પરંતુ કફ પણ દૂર થાય છે. ફુદીનો અજીર્ણનાશક હોવાથી તે મોંમાં અમી ઉત્પન્ન કરે છે.

ઘણી વાર કોલેરા ફેલાય ત્યારે ફુદીનો અકસીર ઔષધ પુરવાર થાય છે. આ વખતે ફુદીનાનો રસ એક તોલો, અર્ધું લીંબુ, ડુંગળીનો રસ અને સાકર પાણીમાં મેળવી શરબત જેવું બનાવી પીવડાવવાથી ઘણો લાભ થાય છે.

કેટલીક બીમારીઓ માટે ફુદીનાનો નીચે મુજબ ઈલાજ કરવામાં આવે તો ઘણો ફાયદો થાય એમ છે. જેમ કે ભૂખ ન લાગે ત્યારે પતાશામાં ફુદીનાના રસનાં બેત્રણ ટીપાં નાખીને ખાવાથી ભૂખ લાગવા માંડશે. મલેરિયા ઉપર એક એક ચમચી ફુદીનો અને લીંબુનો રસ પીવો. ઊલટી થતી હોય ત્યારે પણ આ રસ ફાયદો આપે છે. મરકીના રોગમાં ફુદીનાના રસનો એક ભાગ, લીંબુનો રસ બે ભાગ, અને એક ભાગ ડુંગળીનો રસ મેળવી દિવસમાં ત્રણચાર વાર લેવો. દાઢ દુઃખતી હોય, મોંમાંથી દુર્ગન્ધ આવતી હોય તો ફુદીનાને ગરમ પાણીમાં ઉકાળીને તે પાણીથી કોગળા કરવા. પેટના દર્દો માટે તો ફુદીનો રામબાણ ઔષધ પુરવાર થયું છે. એ માટે ત્રણ ગ્રામ ફુદીનો, બે ગ્રામ હિંગ અને જીરું, મીઠું, કાળું મરચું મેળવીને હૂંફાળા ગરમ પાણી સાથે લેવું. છાતીમાં કફ જામી ગયો હોય તો અર્ધો અર્ધો તોલો ફુદીનો, તુલસીઆદુના રસમાં એક ચમચી કાળું મરચું અને ચાર પીપર નાખીને પીવાથી કફ સાફ થાય છે અને ખાંસી પણ દૂર થાય છે. આંતરડાનાં કૃમિ થયાં હોય તો એકથી દોઢ તોલો ફુદીનાનો રસ સવારસાંજ લેવો.

ફુદીનો માત્ર ઔષધ નથી. સૌંદર્ય માટે પણ એનો ઉપયોગ થાય છે. ફુદીનાને સૂકવીને નહાવાના પાણીમાં રોજ એક ચમચી નાખી એ પાણીથી નહાવાથી શરીર તરોતાજું રહે છે. એ ઉપરાંત ૨૦૦ ગ્રામ ફુદીનાના રસમાં શુદ્ધ પેટ્રોલિઅમ જેલી મેળવીને તેની પેસ્ટ અઠવાડિયામાં બે વખત ૫ મિનિટ સુધી ચહેરા ઉપર લગાડો. એનાથી ચહેરાનો રંગ ઊઘડશે અને ચામડી ચમકદાર બનશે. એ ઉપરાંત ચહેરાના સૌંદર્ય માટે, મુખ પરના ખીલ વગેરે ઉપર રાત્રે સૂતાં પહેલાં ફુદીનાનો સ્વરસ ચોપડી સવારે ધોઈ નાખવાથી ખીલ દૂર થાય છે. મુખ પરની ત્વચા કોમળ અને તેજસ્વી થાય છે. ફુદીનાના રસમાં મધ મેળવીને પીવાથી શ્વાસ, કાસ અને ક્ષયરોગમાં ફાયદો થાય છે.

એ ઉપરાંત સ્ત્રીરોગમાં ફુદીનો ખૂબ સારી અસર ઉપજાવે છે. ખાસ કરીને માસિક ધર્મ વખતે કમરના દુઃખાવામાં પેટમાં શૂળો ભોંકાય તેવી પીડા થતી હોય, રજઃસ્રાવ બિલકુલ આવતું ન હોય ત્યારે આ ફુદીનો તેમાં અમૃતતુલ્ય કાર્ય કરે છે.

વીંછીના ડંખનો સોજો ચડી જાય છે. આ વખતે ફુદીનાના પાનની લુગદી બનાવી ડંખના સ્થાને લગાડવાથી પીડા દૂર થાય છે. શિયાળામાં-ચોમાસામાં આદુ તથા ફુદીનાનો બબ્બે ચમચી રસ સવારે ચોખ્ખા મધ સાથે પીવાથી કફ અને વાયુ પ્રકૃતિવાળાને ખાસ ફાયદો થાય છે. આમ, ફુદીનો સસ્તી, સરળ, સુલભ અને ઉપયોગી પુરવાર થયેલી આંગણાની ઔષધી છે. આ નિર્દોષ અને આડઅસર વિનાની ઔષધીનો ઉપયોગ યોગ્ય રીતે સૌએ કરવો જોઈએ.

('શ્રી'માંથી ટૂંકાવીને)

એકુપંક્ચર ચિકિત્સા

અંકુપંક્ચર ચિકિત્સા એટલે શરીરમાં સોય નાખીને ઈલાજ કરવો. સોય-ચિકિત્સા-બિંદુઓ પર જ નાખવામાં આવે છે. માનવ-શરીર ઉપર લગભગ ૪૦૦ ચિકિત્સાબિંદુઓ નિશ્ચિત કરવામાં આવેલાં છે. આ બિંદુઓ આંતરિક અંગો - યકૃત, પિત્તાશય, હૃદય, નાનું આંતરડું, બરોળ, પેટ, ફેફસાં, મોટું આંતરડું, મૂત્રપિંડ અને મૂત્રાશયની શક્તિધારાઓ ઉપરાંત બીજી પણ શક્તિધારાઓ પર આધારિત છે. ઉદાહરણ તરીકે પેટની શક્તિધારા ચહેરા પર, આંખોની બરાબર નીચેથી શરૂ થઈને છાતી, પેટ, પેઢુ, જાંઘ, ઘૂંટણ અને પગમાં થઈને પગના અંગૂઠાની પાસેની મોટી આંગળીના નખ સુધી જાય છે. આ શક્તિધારા પર કુલ ૪૫ ચિકિત્સાબિંદુઓ છે.

શરીરની સ્વભાવિક ક્રિયાશીલતા અને સ્વાસ્થ્ય માટે આંતરિક અંગો અને તેમની શક્તિધારાઓમાં પ્રાણ અથવા જીવનશક્તિ અથવા ઊર્જાનો પ્રવાહ હંમેશાં સ્વાભાવિક અવસ્થામાં રહેવો જોઈએ. ઊર્જા વધી જવી અથવા ઘટી જવી એ રોગ છે. ઊર્જાનું સમતોલ રહેવું, વધી જવું અથવા ઘટી જવું નાડી દ્વારા પરખાય છે. એકુપંક્ચર ચિકિત્સામાં નાડી-પરીક્ષણ સૌથી મહત્ત્વપૂર્ણ છે. એનાથી શરીરની ઊર્જાની ફક્ત વાસ્તવિક સ્થિતિ જ નહિ પરંતુ રોગની સ્થિતિ અને પ્રકૃતિ તેનાં કારણો તથા ભાવિ સ્વરૂપના જ્ઞાનની સાથે સાથે ઉપરોક્ત ચિકિત્સા-બિંદુઓનો પણ ખ્યાલ આવી જાય છે. આ

ઉપરાંત શારીરિક પરીક્ષણ, પૂછતાછ અને રહેણી-કરણીની જાણકારી વગેરેની મદદ પણ લેવામાં આવે છે.

ચિકિત્સા-બિંદુઓ પર નિશ્ચિત ઊંડાણ સુધી સોય ઉતારીને વિશિષ્ટ પદ્ધતિ દ્વારા સોય લગાડીને વધારાની ઊર્જા ઓછી કરીને અથવા ઘટેલી ઊર્જાને વધારીને સમતોલ અવસ્થામાં લઈ આવવાથી રોગનું નિવારણ થાય છે.

રોગ બાહ્ય અથવા આંતરિક અથવા બંને કારણોસર થાય છે. બાહ્ય કારણોમાં ગરમી, ઠંડી, ભેજ, હવા વગેરેનો અતિરેક અને આંતરિક કારણોમાં ક્રોધ, શોક, ચિંતા, ઈર્ષા, લોભ, નિરાશા વગેરે મનોદ્વેગ આંતરિક અંગો અને એની શક્તિધારાઓ પર પ્રતિકૂળ પ્રભાવ નાખીને ઊર્જાને અસમતોલ કરી દે છે. આ ઉપરાંત આહાર-વિહારની અનિયમિતતા, પ્રતિકૂળ ખાદ્ય અને પ્રવાહી પદાર્થો વગેરે પણ ઊર્જાની સમતોલ અવસ્થાને અસમતોલ બનાવે છે.

આ ચિકિત્સા-પદ્ધતિ મૂળ ચીન દેશમાં વિકસિત અને ત્રણ હજાર વર્ષોથી પણ વધુ સમયથી એ દેશમાં સર્વમાન્ય ચિકિત્સાના રૂપમાં આજે પણ પ્રચલિત છે. (ચીનથી બે હજાર વર્ષ પહેલાં એ કોરિયા અને દોઢ હજાર વર્ષ પહેલાં જાપાન લાવવામાં આવી. યુરોપમાં સૌથી પહેલાં જર્મનીમાં ૧૮૯૦માં પ્રચલિત થઈ. ચીન, કોરિયા અને જાપાનના પ્રવાસી એને પોતાની સાથે અમેરિકાના દેશોમાં લઈ ગયા. નિકસનના રાષ્ટ્રપતિકાળમાં ચીન-અમેરિકાના કૂટનીતિ વિષયક સંબંધોમાં સુધારો થયા બાદ પરસ્પર સંપર્ક વધવાથી આખા વિશ્વનું ધ્યાન આ પદ્ધતિ તરફ આકર્ષાયું અને યુનેસ્કોએ તેને વૈકલ્પિક ચિકિત્સાના રૂપમાં માન્યતા પ્રદાન કરી.)

કેટલાક વિદ્વાનોનો મત છે કે ભારતમાં પણ પ્રાચીનકાળમાં એકુપંક્ચર ચિકિત્સા વિકસિત રૂપમાં વિદ્યમાન હતી. આ મતના સમર્થનમાં સુશ્રુતમાં એકુપંક્ચરના ઉલ્લેખોનો અહેવાલ આપવામાં આવે છે. પરંતુ કેટલીય શતાબ્દીઓથી આપણા દેશના કોઈ પણ ભાગમાં તેના પ્રચારનું કોઈ પ્રમાણ મળતું નથી. સંસ્કૃત અથવા બીજી કોઈ પણ ભારતીય ભાષામાં આ વિષયના કોઈ જ ગ્રંથ ઉપલબ્ધ નથી અને એકુપંક્ચરના કોઈ લુપ્ત ગ્રંથનો ઉલ્લેખ પણ ક્યાંય કરવામાં આવ્યો નથી. સંભવ છે કે બીજી અન્ય વિદ્યાઓની જેમ આ વિદ્યા ભારતમાં લુપ્ત થઈ ગઈ અથવા વિરોધીઓ-વિદેશીઓએ તેને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધી.

વર્તમાનકાળમાં ચીની એકુપંક્ચર ચિકિત્સાને સ્વ. ડૉ. કોટનીસના સાથી-સહયોગી ડૉ. વિનય બસુ (અત્યારે સ્વર્ગસ્થ) ૧૯૩૫-૩૬માં કલકત્તામાં લાવ્યા. પરંતુ ૧૯૧૮ અથવા ૧૯૨૦માં બૅંગલોરના એક પારસી સજ્જન ટોકિયોની 'શાસ્ત્રીય એક્યુપંક્ચર ચિકિત્સા પ્રશિક્ષણ સંસ્થા'માં જ્યાં મેં ૧૯૭૬થી ૧૯૭૮ સુધી અભ્યાસ કર્યો, ગયા હતા. પરંતુ એમનું નામ, સરનામું ઘણા પ્રયત્ન પછી પણ મળ્યું નથી.


- શ્યામૂ સંન્યાસી

ભારતનું હાલ સૌથી જૂનું મંદિર

ભારતનું હાલ હયાત સૌથી જૂનું મંદિર સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના 'ગોપ' નામના ગામમાં આવેલું છે. 'ગોપ' નામવાળાં બે ગામો છે, જે 'ગોપ નાની' અને 'ગોમ મોટી' નામથી ઓળખાય છે. નાની ગોપને 'ઝીણાવાળી ગોપ' પણ કહે છે. યોગાનુયોગ બન્ને ગોપમાં પ્રાચીન મંદિરો છે, જેમાંથી મોટી ગોપના ડુંગર ઉપર 'ગોપનાથ' નામનું મહાદેવનું મંદિર છે અને હાલ પૂજા-અર્ચના પામતું, સંતસાધુથી ઉપયોગમાં આવતું જીવંત મંદિર છે. આ મંદિર ભગવાન શ્રીકૃષ્ણના હાથે નિર્માણ પામ્યાની અનુશ્રુતિ છે, જ્યારે ઝીણાવાળી અથવા નાની ગોપના પાદરમાં જ વસ્તુ નદીના ઉગમસ્થાન ઉપર હાલ હયાત મંદિર તે મંદિર સ્થાપત્યની નજરે ભારતનું પ્રાચીનતમ મંદિર છે.

સામાન્યતઃ 'મંદિર' બૌદ્ધસ્તૂપની પરંપરામાં ઊતરી આવ્યાનું અનુમાન છે, પરંતુ આ બન્ને સ્થાપત્યોમાં આસમાન જમીનનું અંતર છે. બૌદ્ધસ્તૂપ એક નિર્જીવ વસ્તુના સ્મરણ અર્થે ઊભા થયેલા છે, જ્યારે મંદિરના મૂળમાં, માણસે કલ્પેલી, માણસ કરતાં મોટી અને દિવ્ય ચેતનાનું સ્થાપન છે. બૌદ્ધસ્તૂપ જેની ઉપર ઊભા છે તે માણસનો જ એક મૃતઃ અંશ છે, જે ઓછી થયેલી નિમ્ન ચેતનાનું સ્થાન છે, જ્યારે મંદિર માણસની ચેતનાથી વધુ મહાન એવી ચેતનાનું સ્થાન છે. મંદિરમાં ઊંચે રહેલી, શ્રી અરવિંદના શબ્દોમાં કહીએ તો અતિમનસ એવી દિવ્ય ચેતના કેન્દ્રસ્થાને છે, જે મૃતઃ નહિ, મનુષ્યથી પણ વધુ સક્રિય ચેતના છે. વળી, 'મંદિર' એ માત્ર ભાવાભિવ્યક્તિ નથી; પરંતુ ભાવને મૂર્ત રૂપ આપી, ભાવ ઉપજાવવાનો હેતુ પણ તેની પાછળ રહેલો છે.

હાલ તો એટલું જ કે ગુફામંદિરો, અર્ધગુફામંદિરો અને ઈમારતી મંદિરો આ ત્રણ સ્વરૂપમાંથી ઈમારતી મંદિરનો હાલ હયાત એકમાત્ર જૂનો નમૂનો ગોપમંદિર છે. ગોપમંદિર ઘણી



ઊંચી અને વિશાળ વ્યાસપીઠ ઉપર આવેલું છે. આ વ્યાસપીઠ સમચોરસ છે. પૂર્વ દિશા તરફ આ મંદિરનાં પગથિયાં આવેલાં છે, જે મૂળના સમચોરસથી સહેજ આગળ પડતાં છે. વ્યાસપીઠનો મોટો ભાગ ખંડિત હાલતમાં છે, પરંતુ ઉપરનું સમચોરસ ગર્ભગૃહ અને તેની ઉપરનું શિખર હાલ હયાત છે. વ્યાસપીઠનો જે ભાગ હયાત છે તે ઉપરથી અનુમાન થઈ શકે છે કે બહારના ભાગે તે અલંકૃત હશે. આવી રીતે છેક તળથી શિખર સુધી અલંકૃત હોય એવી મહાન કલાકૃતિ અત્યારે તો આ ગોપમંદિર જ છે!

ગોપમંદિર, કોનાર્ક જેટલા મોટા વિસ્તારમાં નહિ હોય પણ રાજપૂત યુગનાં મંદિરોની તુલનામાં એક કાળે વિશાળ, ઊંચું, ભવ્ય અને શિલ્પકલાથી ખચિત અદ્ભુત મંદિર હશે. મંદિરનું ગર્ભગૃહ સમચોરસ છે એટલે એમાં કોઈ એક જ દેવની પ્રતિમા અથવા શિવલિંગ હશે. ગર્ભગૃહ ઉપર દ્વિતલનું છાદ્યશિખર છે, જેમાં નીચલા થરમાં દરેક દિશામાં બે બે અને ઉપલા થરમાં એક એક ચૈત્યબારીનાં સુશોભનો આવેલાં છે. આ સુશોભનો વિશાળ, સપ્રમાણ અને ભારે કલાત્મક છે. દરેક દિશામાં આવી ત્રણ ત્રણ ચૈત્યબારી છે, જેમાં એક કાળે જુદા જુદા દેવોની પ્રતિમાઓ હશે. હાલ ઉત્તર દિશાની ચૈત્યબારીમાં, પોતાનો એક પગ નીચે રાખીને અર્ધપર્યંકાસનમાં બેઠેલી એક દેવીપ્રતિમા અને પશ્ચિમ દિશાની ચૈત્યબારીમાં ગણેશની મૂર્તિ છે.

મંદિરનું ગર્ભગૃહ ચોરસ છે અને તેમાં હાલ બહારથી આવેલી બે પ્રતિમાઓ મૂકવામાં આવી છે. આ મૂર્તિઓ આઠમી સદીની અને વિષ્ણુ તથા સ્કંદની છે. આનાથી વધુ પ્રાચીન સમયની માતૃકા મૂર્તિઓ પણ મંદિરથી થોડે દૂર, વસ્તુ નદીના કાંઠામાં આવેલી છે. વસ્તુ નદીનું આ ઉગમસ્થાન છે અને આ પંથકમાં વસતાં સગર લોકોનો મેળો અહીં ભરાય છે. સગર લોકો પોતાને ગંગાનું અવતરણ કરાવનાર ભગીરથના વંશજ ગણાવે છે અને આ મૂર્તિને ગંગાની માને છે. વસ્તુ નદીની એક સરવાણી જે ભોંયરામાંથી નીકળે છે ત્યાં પણ મૈત્રકકાલીન શિલ્પો પડેલાં છે. ગોપમંદિર આપણું પ્રાચીનતમ મંદિર છે તેમ કલાની બાબતમાં નિઃશંક બેનમૂન છે! - **નરોત્તમ પલાણ**

['નવનીત-સમર્પણ'માંથી ટૂંકાવીને]

મેલેરિયા ઉપચાર : એક નવું સોપાન

સંશોધનોથી જાણવા મળ્યું છે કે જો વ્યક્તિનાં લોહીમાં લોહતત્ત્વની ઊણપ હોય તો તે મેલેરિયાનો સામનો વધારે સારી રીતે કરી શકે છે. મગજને અસર કરતા (સેરિબ્રલ) મેલેરિયા સંબંધમાં કરવામાં આવેલા હાલના એક અભ્યાસથી આ બાબત જાણવા મળી છે.

થાઈલેન્ડમાં મગજના મેલેરિયાના ૧૨૦ દર્દીઓ ઉપર એક પ્રયોગ કરવામાં આવ્યો. આમાંથી કેટલાંક દર્દીઓને ડેસફેરીઓક્સેમાઈન 'બી' (dessferioxamine-B) નામનું ઔષધ આપવામાં આવ્યું. આ ઔષધની એક વિશેષતા એ છે કે, તે લોહીમાંના લોહતત્ત્વ સાથે સંયોજન બનાવીને તેને લોહીમાંથી દૂર કરી દે છે. જે દર્દીઓને આ ઔષધિ આપવામાં આવી તે મેલેરિયાના હુમલામાંથી જલ્દી સાજા થઈ ગયા. આનાથી એવું અનુમાન બાંધી શકાય કે, લોહતત્ત્વ સાથે સંયોજન કરનારા પદાર્થો મેલેરિયાના જીવાણુઓની જૈવિક પ્રક્રિયાઓમાં અવરોધ પેદા કરે છે. એટલે લોહીમાં આવા પદાર્થોની ઉપસ્થિતિમાં મેલેરિયાનાં જીવાણુઓ ઝાઝું જીવી શકતાં નથી.

જ્યારે લોહીમાં લોહતત્ત્વની ઊણપ હોય છે ત્યારે શરીરનું રોગપ્રતિકારક તંત્ર વધારે અસરકારક કામગીરી બજાવે છે. આની સમજૂતી આ પ્રમાણે આપવામાં આવે છે. સંશોધનકર્તાઓએ ઝામ્બિયામાં શાળાનાં ૩૯ જેટલાં બાળકોને ડેસફેરીઓક્સેમાઈન 'બી' ઔષધ આવ્યું. ત્યાર પછી તેમનાં લોહીમાં નાઈટ્રોજન ટ્રાઈ-ઓક્સાઈડની માત્રા માપવામાં આવી. એવું જોવા મળ્યું કે જે બાળકોને ઉપરોક્ત ઔષધ આપવામાં આવેલું તેમનાં લોહીમાં નાઈટ્રોજન ટ્રાઈ-ઓક્સાઈડનું પ્રમાણ અધિક હતું. એ વાત તો અગાઉ જ સાબિત થઈ ચૂકેલી છે કે નાઈટ્રોજન ટ્રાઈ-ઓક્સાઈડની ઉપસ્થિતિમાં આપણા રોગપ્રતિકારક તંત્રના અમુક વધારાના ભાગો સક્રિય બનતા હોય છે. આને ટી.એચ.-૧ પ્રતિરક્ષા કહેવામાં આવે છે અને તે સક્રિય બનતા એવા કોષોનું નિર્માણ કરે છે જે મેલેરિયાનાં જીવાણુઓનો નાશ કરે છે. એવું જણાય છે કે લોહીમાં લોહતત્ત્વની માત્રા જ્યાં સુધી વધારે હોય છે ત્યાં સુધી તે અમુક ઉત્સેચકને કામ કરતાં રોકે છે. જેવું લોહતત્ત્વ ઓછું થાય કે તરત જ આ ઉત્સેચક સક્રિય બને છે. આ ઉત્સેચક નાઈટ્રોજન ટ્રાઈ-ઓક્સાઈડ દ્વારા બને છે.

ઉપરોક્ત સંશોધનને આધારે એવું કહી શકાય કે મેલેરિયાની દવા સાથે ડેસફેરીઓક્સેમાઈન - 'બી' ભેળવીને આપવામાં આવે તો જરૂરી ફાયદો થાય. પરંતુ આ નિષ્કર્ષ એટલો સહજ-સરળ નથી. કેટલાંક વિજ્ઞાનીઓનું મંતવ્ય એવું પણ છે કે શક્તિશાળી ટી.એચ. - ૧ પ્રતિરક્ષકને બેકાબૂ કરી દેવાથી આડઅસરો પણ થઈ શકે છે. આનાથી તાવ અને સોજામાં વધારો થઈ શકે છે. આથી લાભની જગ્યાએ હાનિ થઈ શકે છે. એટલે કોઈ પણ પગલું ભરતાં પહેલાં હજુ વધારે સંશોધનોની એરણે ચકાસવું અનિવાર્ય રહેશે. ('લોકોસ્ટ ફીચર્સ'માંથી)

બાજરી

આઝાદી મળ્યા પહેલાં સૌરાષ્ટ્રમાં મુખ્ય ખોરાક બાજરી જ હતી. બાજરી ઓછા વરસાદમાં પાકે એવું ધાન્ય છે. ચાલીસ વરસ પહેલાં સૌરાષ્ટ્રમાં સિંચાઈનાં સાધનો નહોતાં તેથી સૌરાષ્ટ્રમાં બાજરી

વવાતી હતી. તે પછી સૌરાષ્ટ્રમાં સિંચાઈની સવલત વધી એટલે ઘઉં, કપાસ, સીંગ, લસણ, જીરું, અજમો, અમથુ જીરું વગેરે પાકો મોટા પ્રમાણમાં ઊપજવા લાગ્યા છે. આથી ગામડાંના ખેડૂતો સધ્ધર થયા છે અને તેમનો મુખ્ય ખોરાક બાજરી હતી તેનું સ્થાન દાળ, ભાત, રોટલી, શાક તથા સંભારાએ લીધું છે. આમ, આહારમાં પરિવર્તન આવવાથી બાજરીનો વપરાશ નહિવત્ થઈ ગયો છે.

આપણા આયુર્વેદશાસ્ત્રના મતે બાજરી હૃદયને હિતકારક, શક્તિદાયક, લૂખી, સ્ત્રીઓને જલદી ન પચે તેવી તથા પુરુષત્વનો અને પુષ્ટિ એટલે ચરબીનો ઉતાર કરનારી છે.

કાઠિયાવાડમાં કાઠીઓના ઘોડા બાજરી અને ચણાનું જોગાણ ખાઈને સૌરાષ્ટ્રમાં સર્વત્ર ફરી વળતા હતા. તેના અસવારો કાઠી દરબારો હતા. તેમનો ખોરાક પણ બાજરી અને ભેંશોનું દૂધ જ હતો. તે સમયની બાજરીમાં એવું ખમીર હતું કે તે ખાનારાના શરીરમાં શક્તિનાં મોજાં ઊછળતાં હતાં. તે બાજરી સાથે દૂધ, દહીં, ઘી, છાશ અને માખણનો આહાર કરનારા ખેડૂતો, કાઠીઓ અને એ બાજરી તથા ચણાનું જોગાણ ખાનારા કાઠિયાવાડી ઘોડાનાં શરીર શક્તિથી ભરપૂર હતાં. આવી આ મજબૂત બાજરી ખાનારાં પશુઓ (ઘોડા) તથા મનુષ્યોની પરાક્રમ કથાઓ રચાઈ હતી.

બાજરી જેટલી શક્તિદાયક છે તેટલી જ હૃદયને પણ હિતકારક છે. તેમાં રહેલો પિત્તરૂપી અગ્નિ જઠરાગ્નિને સતેજ કરીને સખત ભૂખ લગાડે છે અને તે વડવાનલ પક્વાશય તથા આમાશયમાં થતી ચિકાશને શોષી લે છે. આમ, પાચનક્રિયા તેજ થવાથી ખોરાક સરળતાથી પચી જાય છે. દૂધ, દહીં, ઘી, છાશ કે માખણ સાથે ખાવામાં આવતી બાજરી ગરમ નથી લાગતી. દૂધ, દહીં વગેરે તેમાં રહેલી વધારાની ગરમીને કાબૂમાં રાખે છે અને દૂધ, દહીં વગેરેમાં રહેલી વધારાની ચિકાશનું બાજરી નિયમન કરે છે. આ પ્રક્રિયાથી આંતરડાંની સંકોચ - વિકાસ ક્રિયા નિયમિત રહે છે. તે ગરમ હોવાથી કફનું તથા સાંધા અને પેટના વાયુનું પાચન કરે છે. આ રીતે એ શરીરને નીરોગી અને બળવાન કરે છે. બળવાન શરીરને બળવાન મન હોય છે.

ડાયબિટીઝ તથા શ્વાસ-કફના રોગીઓને એકલી બાજરી ને દૂધ કે છાશ ખાવાની ભલામણ કરવામાં આવે છે. એકલી બાજરી અને છાશનો ખોરાક લેનારા ખેડૂતો એટલા મજબૂત હોય છે કે સાંજ સુધી સખત ખેતીનું કામ કરવા છતાં પણ થાકતા નથી.

સાડાદસ વરસ અગાઉ હું ગામમાં હતો. તે સમયે આ ગામની એક સોળ વરસની ખેડૂતકન્યાનું શરીર ચરબીને લીધે વધવા માંડ્યું હતું.

આ ખેડૂત મારો મિત્ર છે. એક દિવસ સવારના વખતે તે મને તેના ઘરે લઈ ગયો. તેનાં દાદી તથા પિતાએ છોકરીની ચરબીની વાત કરી. છોકરી પણ ઘરે જ હતી. તેમની ચિંતા જોઈને મેં તેમને 'એકલી બાજરી અને મોળી છાશ ખાય તો છોકરીની ચરબી દૂર થઈ જાય એમ કહ્યું. પછી હસતાં હસતાં ઉમેર્યું કે 'કામ બહુ કપરું છે.'

'હા...હા... ખાશે, કેમ નહિ ખાય?

છોકરી નવી બાજરી તથા છાશ ખાવા માંડી હતી અને તેણે બટાટા, દાળ, ભાત, દૂધ, રોટલી, ઘી વગેરે ચરબી વધારે તેવો ખોરાક લેવાનું બંધ કરી દીધું હતું.

આઠ મહિના ઝડપથી પસાર થઈ ગયા હતા. તે ખેડૂત તરફથી તેની પુત્રીનાં લગ્નમાં હાજરી આપવાનું મને નિમંત્રણ મળ્યું. હું બે દિવસ અગાઉ તેમને ઘરે ગયો. ડોશી અને નેમની પૌત્રી ઘરે હતાં. મને જોઈને ડોશી ખુશ થયાં.

છોકરી શાણી, સુશીલ અને કામગીરી હતી. હવે તેના શરીરમાં ચરબી રહી નહોતી. આગળ જેવી જ સુડોળ અને નમણી લાગતી હતી. મેં તો તેને એકલી છાશબાજરી જ ખાવાનું કહ્યું હતું અને તેણે તે સાથે કઠોર શ્રમ પણ કર્યો હતો, જેના પ્રતાપે તેની ચરબી દૂર થઈ ગઈ હતી. ચરબી અને ડાયબિટીઝના રોગીઓ માટે આ એક ઉત્તમ પ્રયોગ છે.

ઉપર બાજરીના ગુણ આપ્યા છે તે મુજબ તે આપણને ઉપકારક તો છે જ, પરંતુ બાજરો પિત્તલ એટલે ગરમ છે અને ગરમીના મહિનાઓમાં લોકોનાં શરીરમાં પિત્તની વૃદ્ધિ થતી હોય છે તેથી પિત્તનો અને ટાઢિયો તાવ આવે છે, પરંતુ જે લોકો ફક્ત દૂધબાજરીનો ખોરાક લે છે તેમને તેવો ઉપદ્રવ થવાની શક્યતા નથી.

એકલી બાજરી અને ફક્ત દૂધના સેવનથી શ્વાસનો રોગ મટી ગયાના દાખલા છે. કેટલાક શ્વાસકાસના રોગીઓને તે પ્રમાણે ફક્ત દૂધબાજરીનું સેવન કરાવવાથી તેમના રોગમાં સારી એવી રાહત થઈ ગઈ હતી.

બાજરીમાં વિશિષ્ટ પ્રકારનું તેલ હોય છે. સીંગ, તલ, કપાસિયાં વગેરેનાં બીજાં તેલો તથા ઘીથી શરીરમાં ચરબી વધે છે જ્યારે બાજરીમાં રહેલું તેલ આંતરડામાંની ચિકાશ અને ચરબીનું શોષણ કરી લે છે અને આંતરડાં તથા પેટની વૃદ્ધિ થવા દેતું નથી. કદાચ પેટ આંતરડાંની વૃદ્ધિ થઈ હોય તો તેને સપ્રમાણ બનાવી દે છે. તેની સાથે મોળી છાશ લેવાથી તેમાં રહેલો તૂરો રસ પણ ચરબીનું શોષણ કરીને તેને બહાર કાઢી નાખે છે. છાશમાં રહેલું માખણ બાજરીની ગરમીથી આંતરડાંનું રક્ષણ કરે છે અને તેમાં જરૂરી ભેજ જાળવી રાખે છે. બાજરી ગરમ હોવાથી તે વાયુ, કફ અને શ્વાસના રોગનો નાશ કરે છે.

બાજરી બળવાન, પૌષ્ટિક અને સુપાચ્ય ખોરાક છે. તેનું સેવન કરવાથી જૂના રોગો મટે છે, શરીર સશક્ત રહે છે અને નવા રોગો થતા નથી.

- વૈદ્ય રમણીકલાલ ઠાકર

('નવનીત-સમર્પણ'માંથી ટૂંકાવીને)

> હદ મેં રહે સો માનવી, બેહદ રહે સો સાધ
> હદ-બેહદ દોનો તજે, તાકા મતા આગાધ
>
> — કબીર

એક મહાન ભારતીય વિજ્ઞાની પાસે પોતાની શોધ માટે 'મ્યુરહેડ ઍન્ડ કંપની'એ તેના પેટન્ટ માટે મોટી રકમ ચૂકવવાની દરખાસ્ત રજૂ કરી ત્યારે તેમણે જણાવ્યું કે 'હું મારા જીવનની કીમતી પળોનો ઉપયોગ માત્ર ધન મેળવવા માટે કરતો નથી.' આમ, તેમણે ભારે લોભામણી દરખાસ્તનો અસ્વીકાર કરી વિજ્ઞાનની શોધનો માનવહિતાર્થે ઉપયોગ થાય તેની ગરિમાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું ! આ વિજ્ઞાની તે જગદીશચંદ્ર બોઝ.

*

કહેવત • 'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ.' સંતાનને ઝંખતી માતા દવાદારૂ કે દોરાધાગા યા જંતરમંતર, તાવીજ ઇત્યાદિનો પ્રયોગ કરે ત્યારે કોઈ ધૂર્તને રવાડે ચડી જાય તો પુત્ર પ્રાપ્ત કરવા જતા પતિ પણ ગુમાવી બેસે તેવું બને. એક ચીજનો લાભ પ્રાપ્ત કરવા જતાં ક્યારેક અન્ય હોય તે પણ ગુમાવવી પડે તેવા અર્થમાં આ કહેવત વપરાય છે.

*

આંતરડાનાં કે મોંનાં ચાંદાં મટાડવાં માટે ચાર-છ ચમચી આમળાનો રસ પીવો ઉપકારક બનશે.

*

ક્રિશ્ચિયન બર્નાર્ડ નામના તબીબે શસ્ત્રક્રિયા દ્વારા માનવહૃદયનું સૌપ્રથમ વાર પ્રત્યારોપણ કર્યું હતું.

*

આજકાલ પ્રક્ષેપાસ્ત્ર માટે વપરાતો શબ્દ missile મૂળ લેટિન ભાષાના missiles ઉપરથી ઊતરી આવ્યો છે. લેટિનમાં તે શબ્દનો અર્થ થાય છે 'ફેંકી શકાય તેવું.'


*

ગરમીને કારણે શાકભાજી કરમાઈ જતાં હોય તો તેને જરી મીઠાનાં પાણીમાં થોડીવાર પલાળી રાખી કાઢી લો. તે એકદમ તાજાં અને કડક બની જશે.

*

માંદા માણસને મનુષ્યનું લોહી આપવાની પહેલવહેલી શરૂઆત બ્રિટને કરી હતી.

જાદૂઈ ત્રિકોણ



ઉપરની આકૃતિમાં ૧ થી ૧૦ સુધીની સંખ્યાઓને ચાર મોટા ત્રિકોણમાં એવી રીતે ગોઠવવામાં આવી છે કે મોટા ત્રિકોણમાંની ચાર સંખ્યાઓનો સરવાળો ૨૫ આવે છે. ઉપરાંત નીચે જણાવેલ રીત પ્રમાણે પણ ચાર સંખ્યાઓનો સરવાળો ૨૫ આવે છે.

ચાર મોટા ત્રિકોણમાંની

૮	૭	૨	૬
૧	૫	૯	૫
૬	૩	૪	૪
૧૦	૧૦	૧૦	૧૦
૨૫	૨૫	૨૫	૨૫

અન્ય રીતે

૬	૫	૪
૨	૧	૮
૧૦	૧૦	૧૦
૭	૯	૩
૨૫	૨૫	૨૫

- માધવજી દેવળીઆ

ઈ.સ. ૧૭૩૭ની ૧૧મી ઑક્ટોબરના રોજ ભારતમાં સહુથી વધુ ભયંકર ધરતીકંપ થયો હતો, અને તેમાં લગભગ ત્રણ લાખ માણસો માર્યા ગયાનો અંદાજ હતો.

*

સૂફી સંત હઝરત જુન્નૈદ બગદાદીને તેમના એક શિષ્યે ૫૦૦ સોના-મહોરો ભરેલી એક થેલી આપી. સંતે પૂછ્યું, 'તારી પાસે બીજા વધારે પૈસા છે ?'

જી, હા.' જવાબ મળ્યો.

'હજી વધારે પૈસા પ્રાપ્ત કરવાની ઇચ્છા તને છે ?'

'જી, હા.'

'તો તો પછી આ થેલી તુંજ રાખી લે. મારા કરતાં તારી જરૂરિયાત વધારે છે; જ્યારે મને તો કશાની ઇચ્છા નથી.'

*



કલાકણિકા • આ પોર્ટલૅન્ડ વાઝ, જેની ઊંચાઈ ૨૫ સે.મી. છે તેને આ આધુનિક નામ ૧૮મી સદીમાં મળેલું. પોર્ટલૅન્ડનાં ડચેસે ૧૭૮૫માં તે સર વિલિયમ હેમિલ્ટન પાસેથી મેળવ્યું હતું.